# હું ડાયો પંડ્યો

(જીવનચરિત્ર)

શ્રી સતીશ પંડિત
ગાંધીનગર

**RELIABLE PUBLISHING HOUSE**
Ahmedabad

# હું ડાયો પંડ્યો (જીવનચરિત્ર)

**પ્રકાશક : RELIABLE PUBLISHING HOUSE**
A-302, Tridev Complex,
Near Pavapuri Bus Stand, Ghatlodia,
Ahmedabad-380061, Gujarat (India)
**Tel :** 07964506032, Mo. : 09228163237
**Email :** uniquebookhouse@yahoo.com

**કોપીરાઈટ** : ©સતીશ પંડિત

**ISBN** : 978-93-85930-31-7

**પ્રથમ આવૃત્તિ :** 2020

**કિંમત** : **રૂ.** 500.00

**ટાઈપ સેટિંગ :** સંતરામ ગ્રાફીક્સ (મો.) 9426456976

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1 | હું ડાયો પંડ્યો | 1 |
| 2 | મારા વડવાઓ | 5 |
| 3 | મારાં મા-બાપ | 9 |
| 4 | મારું બાળપણ | 15 |
| 5 | મારી વિકૃતિઓનો વિકાસ | 21 |
| 6 | મારી કિશોરાવસ્થા | 28 |
| 7 | અમારો સમાજ | 41 |
| 8 | ભાઈની સાથે | 46 |
| 9 | વળતી યાત્રા | 57 |
| 10 | રૂપિયાની ભૂખ | 67 |
| 11 | મારી ધાર્મિક મીમાંસા | 70 |
| 12 | યક્ષ પ્રશ્નો | 77 |
| 13 | અને એ ચાલી ગઈ | 90 |
| 14 | અને એ આવી ગઈ | 96 |
| 15 | મારા મોટાભાઈ | 102 |
| 16 | મારી બેન | 114 |
| 17 | હું એકલો થઈ ગયો | 123 |
| 18 | હર હર મહાદેવ | 127 |
| 19 | મારો ભત્રીજો | 136 |
| 20 | વૃદ્ધત્વની લાચારી | 140 |
| 21 | તિમિરની ગર્તા | 148 |


• • •

# અર્પણ

હું પંડીત સતીશ કુમાર છોટાલાલ સોમનાથ જીવરામ, મારા પૂર્વજ જે કાર્યકુશળ, તેજસ્વી, જ્ઞાની, શિવભક્ત, તંદુરસ્ત, સ્વાભિમાની, રસીકજન, લાગણીશીલ, હોંશીલા, સાહસિક, ઋજુહૃદયી, બોલકા, માયાળુ છતાં વાસ્તવિકતાના પ્રહારોથી પછડાયેલા, સ્ખલીત મનોભાવોમાં અટવાયેલા અને અંતે તિમિરમાં વિલિન થયેલા, મારા સત્યનિષ્ઠ, સિદ્ધાંતવાદી પિતાશ્રીના સગા કાકા વડીલ વર્યશ્રી 'ડાહ્યાલાલ જીવરામ પંડ્યા' ના ચરણોમાં તેમનુંજ જીવન ચરિત્ર અર્પણ કરું છું !

# પ્રસ્તાવના



"હું ડાયો પંડ્યો" એક જીવનચરિત્ર છે. તેના નાયકશ્રી ડાયો પંડ્યો લેખકના પિતાશ્રીના સગા કાકા છે. સાંભળેલી વાતો અને તેમાં કલ્પના ઉમેરી જીવનચરિત્ર લખ્યું છે, તેમ નિવેદનમાં લેખકે જણાવ્યું છે.

નાયકના ઉછેરમાં તેમનાં મા-બાપની નિષ્ક્રિયતા તેમના બાળમાનસ ઉપર કેવી અસર કરે છે તેનું ચિત્રણ સરસ થયેલું છે. મોટાભાઈની વિચારધારા સાથે એમના વિચારોનો મેળ ખાતો નથી. બેનના સ્વાભાવિક પ્રતિભાવો અને વર્તનથી નિરાશા મળે છે. લગ્ન આતુર કિશોરનાં લગ્ન ના ગોઠવાતાં નાસીપાસ થાય છે. કુટુંબીજનો તરફથી પૂરતું ધ્યાન, વહાલ, માર્ગદર્શન ન મળતાં વિકૃતિઓ પેદા થાય છે. તેનું હૃદયસ્પર્શી આલેખન થયું છે. વિકૃતિઓમાંથી બદનામી ઉપજે છે. લગ્નવિહિન જીવવાનું બને છે. આ અવસ્થામાં તેઓશ્રી એક છોકરી તરફ આકર્ષાય છે. જેની સાથે લગ્ન સંભવ નથી. પછી બધી નિષ્ફળતાઓ, બદનામીનું મૂળ નાણાંખેચ ગણી નાણાં કમાવાની ભૂખ ઉઘડી. તેમાં રમમાણ થયેલા નાયકે ધન તો મેળવ્યું પણ અપેક્ષિત માનસન્માન ન મળ્યા અને સ્ખલન થતું ગયું. મા-બાપ ઉંમર થતા જતાં રહ્યાં, ભાઈ-ભાભી-ભત્રીજાં દૂર હતાં અને બેન-ભાણીયાં તેમના સંસારમાં રત થયાં. નાયકને વૃદ્ધત્વ આંબ્યું ત્યારે સામે રહ્યા કપીલેશ્વર મહાદેવ અને આધેડ પ્રેમિકા તેના વસ્તાર સાથે ! ના પત્ની, ના બાળકો, ના સંબંધીઓ ! બધાં અરમાનો બળીને ખાખ થઈ ગયાં. ઉત્સાહ, આવડત, જ્ઞાન બધું શૂન્યમાં પરિણમ્યું. નિરાધાર, લાચાર, એકલવાયુ, વૃદ્ધત્વ અને આધેડ પ્રેમિકા અને તેના વસ્તારની લાગણીહીન ચાકરી ! અને આ પંડ્યાકુળનો તેજસ્વી સિતારો અંધકારમાં વિલિન થઈ ગયો ! ત્યારે લેખકની ઉંમર માંડ દસેક વર્ષની હશે.

લેખકની કલમે પુસ્તકમાં નાયકની મનોદશા, ધાર્મિક, નૈતિક મનોમંથન (પ્રકરણ ૧૧ અને ૧૨) વાસ્તવિકતા સામેનો નાયકનો મનોસંઘર્ષ, વિચલન, સ્ખલન અને અધઃપતન સરસ રીતે આલેખાયું છે. નાયકનાં સંબંધીઓનાં પાત્રો, સફળ રીતે શબ્દચિત્રોથી ક્રમશઃ રજુ થતાં રહેલ છે.

એકંદરે પુસ્તક વાંચવાલાયક, માણવાલાયક બન્યું છે. આ જીવનચરિત્રમાંથી વાચકને, સમાજને બોધ પણ મલે છે. વ્યક્તિ મહાન નથી, સંજોગો તેને મહાન બનાવે છે. ગમે તેવું પ્રબળ વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિને પણ જો અવળા સંજોગો, વાતાવરણનો સામનો કરવાનો થાય તો આમ-આદમી સ્ખલિત થઈ, પતિત થઈ, તિમિર ગર્તામાં સરી પડશે જ ! અને સંજોગો એ ઈશ્વર નિર્મિત છે, તેમાં વ્યક્તિદોષ ગણવો કે નહીં તે અંગેનું તારણ મતિ અનુસાર વાચક-વાચકે જુદું જુદું હોઈ શકે ! મહાભારતનો સર્વશક્તિમાન, સર્વશ્રેષ્ઠ ધનુર્ધર 'કર્ણ' પણ આમ જ પતનને વરેલો ને ! સંજોગાનુસાર, સ્વમતિ અનુસાર માનવમન આગળનો જીવનપથ કંડારી આગળ વધે છે. કાં તો સ્વર્ગનો પ્રકાશપુંજ ને કાં તો તિમિર-અંધકાર !

આખું જીવનચરિત્ર હૃદયસ્પર્શી બને છે. બે એક પ્રકરણના ચિંતન ભારને બાદ કરતાં પુસ્તક રસમય બન્યું છે. સાદી, સરળ, આડંબર વિનાની શૈલી એ લેખકની આગવી ઓળખ હોય તેમ જણાય છે.

લેખક હજુ પણ વધુ ગુજરાતી સાહિત્ય પ્રદાન કરી શકે તે માટે પ્રભુ તેમને સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ આપે એવી ખેવના !

• • •

# લેખકના અન્ય પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| ૧. | 'પ્રેમ તો છે જ' | વાર્તા સંગ્રહ | પ્રકાશિત |
| ૨. | 'જીવન સંઘર્ષ' | નવલકથા | પ્રકાશિત |
| ૩. | 'મારી વાર્તાઓ' | વાર્તા સંગ્રહ | પ્રકાશિત |
| ૪. | 'ચહેરો ' | કાવ્યસંગ્રહ | પ્રકાશિત |
| ૫. | 'ભ્રમણ' | વાર્તા સંગ્રહ | પ્રકાશિત |
| ૬. | 'પોપટલાલના પત્રો' | સંપાદન | પ્રકાશિત |
| ૭. | 'હું ડાહ્યો પંડ્યો' | જીવનચરિત્ર | પ્રકાશિત |
| ૮. | 'મહારાજ' | જીવનકથા | લેખન ચાલુ |
| ૯. | 'જ્યોતિષના વણઉકલ્યા પ્રશ્નો' | સંશોધન લેખ | લેખન ચાલુ |
| ૧૦. | 'ગાંધીવિચાર - એક દર્શન | સંશોધન લેખ | લેખન ચાલુ |
| ૧૧. | 'કર્ણ' એક તુલનાત્મક અભ્યાસ | સંશોધન લેખ | |
| ૧૨. | 'કાલીદાસ અને શેક્સપિયરની કૃતિઓ' એક તુલનાત્કમ અભ્યાસ | સંશોધન લેખ | લેખન ચાલુ |
| ૧૩. | 'સરસ્વતી ચંદ્ર ભાગ-૪ જીવનું શિવ પ્રતિ પ્રયાણ' | સંશોધન લેખ | લેખન ચાલુ |
| ૧૪. | 'બાળ સાહિત્ય' એક આકલન | સંશોધન લેખ | લેખન ચાલુ |
| ૧૫. | 'ભારતમાં શું યોગ્ય ?' 'લોકશાહી કે રાજાશાહી' એક ચર્ચા લેખ | સંશોધન લેખ | લેખન ચાલુ |
| ૧૬. | 'મારું ચિંતન' | ચિંતન કણિકાઓ | લેખન ચાલુ |

# લેખકનો પરિચય

ઈ.સ. ૧૯૫૬માં ઉત્તરગુજરાતના વિજાપુર તાલુકાના પામોલ ગામે જન્મેલા એન્જિનિયર, લેખક, કવિશ્રી સતીશ પંડિતે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિજાપુર તાલુકાના કોલવડા (ગેરીતા) ગામે મેળવ્યું. ત્યાર બાદ અમદાવાદની સેન્ટઝેવિયર્સ કોલેજ અને એલ.ડી.એન્જિનિયરીંગ કોલેજમાં અભ્યાસ કરી ઈ.સ. ૧૯૭૮માં બી.ઈ. (સીવીલ)ની સ્નાતક કક્ષાની ડીગ્રી ગુજરાત યુનિવર્સિટીમાંથી મેળવી.

પછી શ્રી સતીશ પંડિતે ગુજરાત સરકારમાં સીવીલ ઇજનેર તરીકે ઈ.સ. ૧૯૭૮ થી ૨૦૧૪ સુધી કાર્યરત રહ્યા.

નિવૃત્તિ બાદ ફરી અભ્યાસ ચાલુ કર્યો અને સને ૨૦૧૬માં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાંથી ગુજરાતી વિષય સાથે એમ.એ.ની અનુસ્નાતક કક્ષાની ડીગ્રી મેળવી. ત્યાર બાદ પી.એચ.ડી. કક્ષાનો અભ્યાસ ચાલુ રાખ્યો અને પ્રવેશ માટે ત્રણેક યુનિવર્સિટીમાં પ્રયત્ન કરી જોયો.

હજું પણ પી.એચ.ડી. પ્રવેશના પ્રયત્નો અને અભ્યાસ ચાલુ છે.

નાનપણથી સાહિત્ય વાચન-લેખનનો શોખ હતો. શિક્ષક કાળ તેમજ નોકરીના સમયગાળા દરમિયાન ખ્યાતનામ સાહિત્યકારો અને એમની કૃતિઓના સંપર્કમાં રહેલા અને નિવૃત્તિ બાદ અથાગ પરિશ્રમ ચાલુ રાખી વાંચન અને લેખનની યાત્રા વેગવંતી બનાવી છે. નવલકથા, વાર્તા, કાવ્યો સંપાદન, જીવનચરિત્ર, ચિંતનલેખો, સંશોધન લેખો - ઉપર એમણે કલમ ચલાવી છે. આમ વિજ્ઞાનના વિષયો અને સાહિત્યના વિષયો એમ બંને ક્ષેત્રે રસ, રૂચી રાખવામાં અને આ ઉંમરે પણ ભારે પરિશ્રમ ઉઠાવી તલસ્પર્શી અભ્યાસ કરવાવાળા આવા બહુધાભિમુખી વ્યક્તિત્વવાળા વ્યક્તિઓ સમાજમાં ભાગ્યે જ જોવા મળતી હોય છે. આ ઉપરાંત શ્રી સતીશ પંડિત સને ૧૯૭૪ થી જ્યોતિષનો તલસ્પર્શી અભ્યાસ પણ આદરેલ છે. જેના જ્ઞાન અને અનુભવથી સમાજના છેવાડાના

માનવીના દુઃખ-દર્દ દુર કરી સૌને હસતા કરવા સદાય પ્રયત્નશીલ રહે છે.

ભક્તિ - પૂજા - આધ્યાત્મિક ચિંતન - વાંચનનો પણ એમને શોખ છે. મહાત્મા ગાંધીના વિચારો, મહાભારતનું પાત્ર કર્ણ, સરસ્વતીચંદ્ર ભાગ-૪, બાળસાહિત્ય, કવિકાલીદાસ અને નાટ્યકાર શેક્સપિયરની કૃતિઓથી પ્રભાવિત થઈ તે તે વિષયો ઉપર સંશોધન લેખો લખવાની કામગીરી હાથ ધરેલ છે.

તેમના છ પુસ્તકો પ્રકાશિત થઈ ચુક્યા છે. આ એમનું સાતમું પુસ્તક, 'હું ડાયો પંડ્યો' શિર્ષક હેઠળ એમના જ એક પૂર્વજના જીવનચરિત્ર સ્વરૂપે પ્રકાશિત થઈ રહ્યું છે. તેમના પુસ્તકો તેમના ગુજરાતી સાહિત્ય અને આધ્યાત્મિક વાંચન, મનન, ચિંતનના પરિપાક રૂપે સાદી, સરળ, આડંબર વિહીન શૈલીમાં કાંઈક જુદા જ સ્વરૂપે રજુ થયેલ છે. જે ગુજરાત સાહિત્યના જ્ઞાન સંચયમાં અમૂલ્ય યોગદાન સ્વરૂપ સાબિત થશે.

• • •

# લેખકનું નિવેદન

આ મારું સાતમું પુસ્તક પ્રકાશિત થાય છે જેમાં ત્રણ વાર્તા સંગ્રહ, એક નવલકથા, એક કાવ્ય સંગ્રહ, એક પત્રોનું સંપાદન પ્રકાશિત થયા અને સાતમું પ્રકાશન 'હું ડાયો પંડ્યો' એક જીવનચરિત્ર સ્વરૂપે પ્રકાશિત થઈ રહેલ છે. એક ચિંતન લેખ સંગ્રહ એક નવલકથા અને સાતેક જેટલા સંશોધન લેખો લખવાનું હાથ ઉપર છે.

હવે તો ૬૫મું વર્ષ બેઠું. શારીરિક અને માનસિક શ્રમ તો લાગે જ ! દોડાદોડી કરવામાં પણ તકલીફ અને આળસ પ્રવેશે તે સ્વાભાવિક છે, પરંતુ વાંચન-લેખન-ચિંતનમાં અદમ્ય રસ હોવાથી માત્ર નિજાનંદ માટે પ્રવૃત્તિ ચાલે જાય છે. સને ૧૯૫૬માં જન્મ્યો. ઈ.સ. ૧૯૭૮માં બી.ઈ. (સિવિલ)ની સ્નાતક કક્ષાની ડીગ્રી મેળવી. ૧૯૭૮થી ૨૦૧૪માં ગુજરાત સરકારમાં સિવિલ ઇજનેર તરીકે સેવાઓ આપી. નિવૃત્તિ પછી ૨૦૧૬માં ગુજરાતી વિષય સાથે એમ.એ.ની અનુસ્નાતક ડીગ્રી મેળવી. પી.એચ.ડીના અભ્યાસ માટે સક્ષમ હોઈ ત્રણ-ચાર યુનિવર્સિટીમાં મથ્યો પણ દાદ ના મલી. જો કે હજુ પ્રયત્નો ચાલુ છે પરંતુ સાથોસાથ કલમના ખોળે માથું મુકી લખવાનું ચાલુ કર્યું. કંઈક નવી શૈલી, નવી વાત સમાજ સામે મૂકવાનું વિચાર્યુ. આમ લખાતું જાય છે.

'હું ડાયો પંડ્યો' પુસ્તકના નાયકશ્રી ડાહ્યાલાલ જીવરામ પંડ્યા મુકામ પોસ્ટ છાલા, તા. જિ. ગાંધીનગરમાં જન્મ્યા, ઉછર્યા, જીવ્યા અને મુઆ. રસોઈયા તરીકે તેમની કર્મભૂમિ વડોદરા-પાદરા હતી.

જોકે હું કદી આ નાયકને રૂબરૂ મળ્યો નથી કે નથી તેમની સાથે કોઈ વાતચીત થઈ. આજે પણ છાલા ગામમાં કપિલેશ્વર મહાદેવ છે. વડોદરામાં ચાંપાનેર દરવાજો છે અને બંને ઠેકાણે આજે પણ અમારા સંબંધીઓ પણ છે. આ પુસ્તકના નાયક સાથે મારે લોહીનો સંબંધ છે. તેઓ શ્રી મારા પિતાશ્રીના સગા કાકા થાય.

એ વખતના સમયમાં અમારા સમાજમાં ભારે કન્યાકાળ હતો અને તેઓશ્રીના લગ્ન ન થઈ શક્યા. તે પોતાના ધંધામાં ખૂબ જ કાર્યકુશળ હતા. તેજસ્વી મુખારવિંદ હતું તેમ સાંભળેલું. ખૂબ જ સારા ચિંતક અને જ્ઞાની હતા, શિવભક્ત હતા. શરીરે

લાંબા - પહોળા - પડછંદ એટલે કે તંદુરસ્ત હતા. ખૂબ જ સ્વાભિમાની રસિકજન પણ કહેવાતા. સૌ તરફ ખૂબ જ લાગણી રાખતા, હોંશીલો સ્વભાવ હતો. સાહસિક પણ એવા જ, પણ સાવ ઋજુ હૃદયના ખૂબ બોલકો સ્વભાવ પણ એમનું મન માયાળું હતું. આવું વ્યક્તિત્વ ધરાવનાર વડીલવર્ય 'શ્રી ડાયા પંડ્યા' વિશે મેં દોડાદોડી કરી, રૂબરૂ ઘણાને મળી, ચર્ચાઓ કરી તેમના જીવનપથ અને જીવનક્રમ વિશેની માહિતી એકઠી કરી. જોકે તેમાં ખૂટતી કડીઓ માટે કલ્પનાનો સહારો તો લેવો જ પડ્યો છે. પરંતુ આ બધી ત્રીસ-પાંત્રીસ વર્ષથી ભેગી કરેલી વિગતોને આધાર ગણી આ જીવનચરિત્ર આલેખવાનું શરૂ કરેલ.

અને હું પણ એવા તારણ ઉપર આવ્યો કે 'ડાયા પંડ્યા'ના પતન માટે સમાજના માણસો, આજુબાજુની વ્યક્તિઓ કે તે પોતે જે માનતા હોય, જાણતા હોય તેનું નિરૂપણ તો અહીં કર્યું છે પણ સાથોસાથ એ વાતની પણ મનમાં ગાંઠ વાળી કે તેમની આખરી અવસ્થાની પરિસ્થિતિ માટે માત્ર ને માત્ર તેમની વિચારસરણી જવાબદાર હતી, નહીં કે કોઈ વ્યક્તિ, કોઈ સમાજ કે જે તે સમયની સામાજિક પરિસ્થિતિ ! વાસ્તવિકતાના પ્રહારોને તે ઋજુ હૃદયી મહાનુભાવ ખમી શક્યા નહીં અને નીતિ-ધર્મ-સંયમના પથ ઉપરથી વિચલિત થયા અને તદનુસાર પરિણામ ભોગવ્યાં ! અને અંતે તિમિરમાં વિલિન થયા.

પણ તેમના વંશજ તરીકે પિતૃ ઋણ અદા કરવાની દૃષ્ટિએ તેમના નામને પ્રકાશમાં લાવવાનો આ મારો નમ્ર સહજ પ્રયાસ માત્ર છે, જેને વાચક વધાવશે. તેમના ચરિત્ર ચિત્રણમાં લખેલી બાબતો કાંતો કોઈની પાસેથી સાંભળેલી, કાંતો કલ્પનાના ઘોડે ચિતરેલી છે. તેમાં હકીકત દોષ હોવાની પુરી સંભાવના રહેલી છે. તો તેવી બાબત કોઈના ધ્યાનમાં આવે તો માફ કરશોજી.

સૌ કોઈ જાણી-અજાણી વ્યક્તિઓએ વર્ષો સુધી ચાલેલા આ મહાયજ્ઞમાં મને સહકાર આપી જરૂરી માહિતી પૂરી પાડી છે. તે સૌનો હું ઋણી છું. પ્રકાશકશ્રી સંજયભાઈ જૈનની મહેનત તો કાબીલેદાદ છે જ.

'હું ડાયો પંડ્યો' જીવનચરિત્રમાં વાચકને પણ અચુક રસ ઉપશે જ !

તા. ૧૮-૪-૨૦૨૦

**રહેઠાણ :** ૨૯, સંકલ્પ રોયલ બંગ્લોઝ,
શાલિન-૧ની સામે, વાવોલ, ગાંધીનગર.
ફોન : ૯૪૨૯૬૩૩૨૩૪, ૯૯૭૪૦૩૦૦૦૮

# 1. હું ડાચો પંડ્યો

મારું નામ ડાહ્યાલાલ જીવરામ પંડ્યા. મને તમે મહાદેવના મંદિરમાં જુઓ છો ને ! આ કપિલેશ્વર મહાદેવનું મંદિર એ જ મારું ઘર. મારાં મા-બાપ, ભાઈ-બેન, પત્ની જે ગણું તે બધું આ મહાદેવ !

હવે તો હું ઘરડો થયો છું. આ બાજુની પરસાળમાં ખાટલો નાખીને પડી રહું છુ. હવે પહેલાં જેવી શક્તિ પણ નથી રહી અને જુસ્સો પણ નથી રહ્યો. હવે આ જિંદગીથી થાકી ગયો છું. લડતાં લડતાં ત્રાસી ગયો છું. આ નાની ઓરડીમાં બેઠેલી બાઈ સામે તમે જોઈ રહ્યા છો ? તે મારી પત્ની નથી. તેની સાથે મારે કોઈ લોહીનો સંબંધ પણ નથી. એકલવાયી જિંદગીનો તે સથવારો છે. અને આ બાળકો પણ મારાં નથી.

કેમ મારી સામે આવી વિચિત્ર નજરે જોઈ રહ્યા છો ? તમે કાંઈક વિચારી રહ્યા હોવ એવું લાગે છે. તમને આ બાઈ સાથે મારે શું સંબંધ છે તે જાણવું છે ? તો સાંભળો તે મારી મિત્ર છે. હા, હું સાઈઠ વર્ષનો વૃદ્ધ છું. અને મારે આ પંચાવન વર્ષની બાઈ મિત્ર છે. માત્ર મારી મિત્ર. મારા સુખ દુઃખની સાથીદાર માત્ર. એથી વિશેષ કાંઈ જ નહીં. એ રાંધે છે અને હું ખાઉં છું. ઘણીવાર એવું લાગે છે કે તે મારી સારી સેવા ઉઠાવે છે પણ માંદગીવેળા, મારી માનવીય ભૂલો વખતે, મારી નાણાંકીય ભીડના વખતમાં જ મને ખબર પડી જાય છે કે તે માત્ર મારી મિત્ર છે અને તેનાથી વધુ કાંઈ નથી. એને નાણાંની જરૂર હતી, બાળકો ઉછેરવાં હતાં અને હું પણ એકલવાયી જિંદગીથી ત્રાસી ગયેલો, ત્યારે આજથી પાંત્રીસેક વર્ષ પહેલાંની આ જુની મિત્રતા બધાયેલી.

મનમાં પ્રશ્ન થતો હશે તમને કે મારાં માબાપ ભાઈ-બહેન, ભાભી-બાળકોનું શું ? એ બધાં વિશે માહિતિ જોઈએ છે ને તમારે ! તો સાંભળો હું જીવરામ મયારામ પંડ્યાનો બીજો દીકરો. અને મારાં માતાનું નામ ઉમિયાગૌરી. મારે મોટાભાઈ હતા, સોમનાથ એમનું નામ અને એક બેન છે, કોદરી બેન એમનું નામ. હું પરણ્યો નથી. મારે પત્ની નથી તેથી બાળકો તો હોય જ ક્યાંથી ? આ બધાં મારાં લોહીનાં સગાં. મારા મોટાભાઈ હવે અહીં નથી રહેતા. એ એમના કુટુંબ સાથે દૂર દૂર જતા રહ્યા છે. અને મારી બેન પણ એના ઘેર. બા-બાપુજીની વાત કરું. હમણાં સુધી તે બંને આ ગામમાં જ રહેતાં હતાં. આજે કોઈ નથી. મોટાભાઈને ગુજરી ગયે પણ ઘણો સમય થયો. અમારા કુટુંબમાં હું વયોવૃદ્ધ છું. મારા મોટાભાઈનાં બાળકો વિશે મને કાંઈ ખાસ માહિતિ નથી. પણ એટલી ખબર છે કે જ્યાં છે ત્યાં સુખી છે અને ભણવા ગણવામાં ઠીક ઠીક આગળ વધ્યાં છે.

હા, આટલાં મારાં સંબંધી આ દુનિયા ઉપર છે અને એ બધાં સાથે મારે લોહીની સગાઈ છે. પણ છેલ્લા ચાલીસ વર્ષથી હું જોતો આવું છું કે આ એક લોહી મારા મનમાં એમના માટે માયા પ્રેરે છે પણ તેમના દિલમાં મારા માટે માયા જેવો કોઈ ભાવ જ નથી. બધાં સ્વાર્થી છે, દુષ્ટ છે, એકલપેટાં છે. એમણે મારી દરકાર નથી લીધી અને હું મારા સાઈઠ વર્ષના જીવન પ્રવાસ પછી મારા ઘરમાં નહીં પરંતુ એક મંદિરમાં સુતો છું. મારી બુમ કોઈક વાર પણ જો કોઈ સાંભળતું હોય તો આ બાઈ સાંભળે છે અને એ મારી મિત્ર છે.

મારી જીવનકથાની ઝલક સાંભળીને તમે ! એકલો એકલો જીવીને હવે હું ત્રાસી ગયો છું. ઘણાંની વચ્ચે રહીને પણ એકલો એકલો જીવ્યા કરું છું. મારાં સગાંને મારી મિલકત, મારી આવક જોઈતી હતી. મેં એ બધાં ધરાઈ જાય એટલી હદે તેમને આપી દીધી. આજે મારી પાસે કોઈ મિલકત નથી. હવે વૃદ્ધ થયો છું. આવક નથી આવતી ત્યારે મારી કોઈ દરકાર પણ લેતું નથી. હા, બબડતી બબડતી પણ આ બાઈ મને અહીં એક ખૂણામાં બાકી જિંદગીના દિવસો પૂરા કરવા દે છે.

તમે મને મોટા મહાત્મા માનીને મળવા આવ્યા છો ? તો તમે નિરાશ થશો. તમે મને આસ્તિક પૂજારી ગણીને ભક્તિની વાતો સાંભળવા આવ્યા છો

તો પણ તમે નિરાશ થશો. મારું આશ્રય સ્થાન આ એક મંદિર છે, તે તો જોગાનુજોગ છે. હું કોઈ મહાત્મા નથી પણ મારા જ સંબંધીઓથી છેતરાયેલો, તરછોડાયેલો એક દુઃખી માણસ માત્ર છું. હું કોઈ પૂજારી કે ભક્ત પણ નથી. પણ જાતે બ્રાહ્મણ છું અને જ્યારે મહાદેવના મંદિરમાં રહું છું તો ઘડી બે ઘડી ભગવાનનું નામ પણ લઈ લઉં છું અને ભગવાન પાસે માગું છું કે હવે કોઈ જનમમાં આ સગાં મને ના મળે.

ભાઈ, આ દુનિયામાં કોણ કોનું સગું છે ? બધે માત્ર સ્વાર્થ છે. આ જગતમાં સ્વાર્થ વિહીન કોઈ પ્રવૃત્તિ જ નથી. મા-બાપ, ભાઈ-બહેન, પત્ની આ બધાં સંબંધીઓનો પ્રેમ નિસ્વાર્થ હોય છે એવી લોક વાયકા સાંભળી છે, મારી સાઈઠ વર્ષની જિંદગીમાં ક્યાંય જોયું નથી. મારા બાપા તો ભગવાનના માણસ હતા. દુનિયાના કાવા-દાવા સમજવાની એમનામાં શક્તિ જ નહોતી. ઘરમાં શું ચાલે છે એનીય એમને ખબર નહીં. ખેતી - ગામના ચોકમાં ભેગા થતા મિત્રો અને લાંબી મુસાફરીઓ આ એમનું કામ. કોઈ મશ્કરી કરે તો પણ હસી લેવાનું અને કોઈ છણકો કરે તો પણ હસી નાખવાનું. કોઈ વખાણ કરે તો પણ મિત્ર અને નિંદા કરે તો પણ મિત્ર. કોઈ કહે કે જીવરામ આમ કરી નાખીએ, તો કોઈ પણ દલીલ વગર તૈયાર. પછી તેમાં નફો થશે કે નુકસાન, કેવી રીતે કામ પૂરું થશે, તે કામમાં સામા વાળાનો શું સ્વાર્થ છે, તે કશું જ વિચારવાનું નહીં. આ માણસને ઘરમાં શું ચાલે છે તેની કાંઈ ખબર જ નહીં રાખવાની. મારી બા ઘણી માયાળુ, થોડીક ઉડાઉ, અડધી ભોળી અને થોડીક ઘેલી. જે મલે તેની ભાઈબંધી, તેની ચિંતા કરે, તેની સગવડો સાચવવા તૈયાર થઈ જાય, તેની ઇચ્છા પૂરી કરવા પોતાનો સ્વાર્થ પણ બાજુ ઊપર મૂકી દે અને સામા વાળાની મરજી ફળીભૂત કરવા પાણીની માફક પૈસા વાપરે, આવી ભોળી. તેને ખબર ન પડે કોઈ છેતરી જાય તોયે ! અને અમારા જ કેટલાક સંબંધીઓએ એના આ વધુ પડતા ઉમદા લક્ષણોનો દુરૂપયોગ કર્યો છે. એની ઘેલછાનો તેમણે તેમના સ્વાર્થમાં જ ઉપયોગ કર્યો છે અને ઉપરથી મારી બાને ગાંડી ગણી કાઢી છે. મારી બા એ મારું ધ્યાન નથી રાખ્યું કારણ કે એણે બીજાનું વધારે ધ્યાન રાખ્યું.

આ મારાં મા-બાપની વાત થઈ. હવે મારી બેનની વાત કરું. આટલી સ્વાર્થી છોકરી મેં કોઈનાય ઘરમાં જોઈ નથી. હું એનો નાનો ભાઈ છું. મોટાભાઈ

તો પોતાનું કુટુંબ સંભાળીને દૂર દૂર બેસી ગયા અને દરેક બેનને પોતાનો ભાઈ નજીક હોય તો ગમે, તેમ વિચારીને મેં ગણ્યું કે મારી બેનનો હું ભાઈ એની નજીક છું. તેથી એને કાંઈ મુશ્કેલી ન પડવી જોઈએ. મારી મિલકત અને મારી આવક એને આપવા માંડ્યો. પણ જેમ અગ્નિમાં ઘી હોમતા જઈએ અને અગ્નિની ભૂખ વધુને વધુ ઊઘડતી જાય અને તેની ઝેરી જવાળાઓ ઘીના વાસણને જ વીંટળાઈ વળે તેમ મારી બેન, બનેવી અને ભાણિયાંએ એમના તરફની મારી કુણી લાગણીનો પૂરો દુરૂપયોગ કરી, મારી મિલકત અને આવક માથે લુંટ ચલાવી અને હું આપતો જ રહ્યો, આપતો જ રહ્યો. તમને નવાઈ લાગશે, એમાંથી કોઈને મારી વૃદ્ધાવસ્થામાં સંભાળ લેવાનું આજે સુઝતું નથી. આ મારાં લોહીનાં સગાં. મારા મોટાભાઈ પહેલેથી ઠંડા સ્વભાવના. મારાં સગાંની પરિસ્થિતિ જોઈ અને આ જવાળાઓમાં પોતાની જાતને કે પત્ની - બાળકોને ઉતારવા નહોતા માંગતા. એ એમનો માળો લઈને બીજા વૃક્ષ ઊપર ઊડી ગયા. મારે તો પત્ની જ નહોતી. કોને લઈને હું જાઉં ? મારે તો આ સ્વાર્થી બહેન અને ભોળાં મા-બાપ છોડીને ક્યાં જવાનું ?

હા મારા પુર - બહાર યૌવનમાં જ્યારે મારી એકલતા મને કોરી ખાતી હતી અને મારાં જ સંબંધીઓએ કાંતો મારું શોષણ શરૂ કર્યું અથવા મારી દરકાર લેવાનું છોડી દીધું અને મને મારી હાલત ઉપર છોડી દીધો ત્યારે આ બાઈ સાથે મારે મિત્રતા થયેલી. મારી એ પરમ મિત્ર છે કારણ કે તેણે તેનો સ્વાર્થ કર્યો છે, પણ મને છેતર્યો નથી. મારું શોષણ કર્યું નથી, મને તરછોડ્યો નથી. મારાં સંબંધીઓના કરતાં હું બાઈને ઘણી સારી ગણું છું.

અને આ ભગવાનની ઓરડી તરફ તમે જુઓ છો ? એ મારા ચાલીસ વર્ષના ક્રુર ઈતિહાસનો સાક્ષી છે. એને પણ હું ઘણું કરગર્યો છું. પણ આ પત્થરના કાન સુધી મારી દર્દ ચીસો પહોંચી શકી નથી. અથવા એણે પણ મારા સંબંધીઓનો પક્ષ લઈને મને સાથ નહીં આપવાનો મક્કમ નિર્ધાર કર્યો હશે.

• • •

# 2. મારા વડવાઓ

હું પંડ્યા કૂળનું ફરજંદ છું. ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ મારી જ્ઞાતિ છે. અને ધર્મે હું હિન્દુ છું. હાલમાં હું અત્યારે છાલા ગામના કપિલેશ્વર મહાદેવના એક ખૂણામાં બેઠો છું. મારા પિતાશ્રી જીવરામ પંડ્યા અહીં મજરા ગામથી આવેલા અને મજરા ગામ આવ્યા પહેલાં તેઓ પામોલ ગામે રહેતા હતા. પામોલ ગામમાં અમારી ચાર - પાંચ પેઢી રહેલી. મારાથી પાંચમી આગલી પેઢીના વડવા પામોલ આવેલા એવો ઈતિહાસ છે. પામોલ આવ્યા પહેલાં અમારા વડવાઓ ક્યાં હતા તે વિશે માહિતિ નથી. પરંતુ અમે મૂળ મેવાડ પ્રદેશના. રાજસ્થાનનો મેવાડ પ્રદેશ એ અમારું મૂળ વતન. અમારો ધંધો કથા-વાર્તા, યજમાનવૃત્તિ અને રસોઈનો હતો. ત્યાં પાણીનો દુકાળ તો હતો જ અને અમારા કેટલાક યજમાનો એ રાજસ્થાન માંથી ગુજરાતમાં સ્થળાંતર કરેલું. અમે તો યજમાનોના આશ્રિતો ગણાઈએ. તેથી તેમની સાથે અમારા વડવાઓએ પણ રાજસ્થાનમાંથી ગુજરાતમાં સ્થળાંતર કર્યું. આમ રાજસ્થાનના મેવાડ પ્રદેશના ત્રણ વેદોનું જ્ઞાન ધરાવનાર અમે હિન્દુ બ્રાહ્મણ હોવાથી અમે ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ કહેવાયા.

આવાં કેટલાંક સ્થળાંતર કર્યા બાદ અમે પામોલા નામના ગામમાં સ્થિર થયેલા, જ્યાં આંજણા પટેલોની વસ્તી હતી. તે પામોલા ગામના કેટલાક અમારા યજમાનોએ વળી એકવાર સ્થળાંતર કર્યું અને એમની સાથે વિજાપુર ગામથી પાંચ કિ.મી. દૂર આવેલા એક ગામમાં સ્થિર થયા. ત્યાં તેમણે વિકાસ કર્યો. યજમાનો અને બ્રાહ્મણો બંનેનાં કુટુંબો વિકાસ પામતાં ગયાં. તે ગામનું નામ મૂળ ગામ પામોલા ઉપરથી પામોલ રાખ્યું.

સાથે આવેલા કેટલાક બ્રાહ્મણોમાં એક બ્રહ્મદેવ વડીલ હતા, બહેચરદાસ. સ્વભાવે જુસ્સાદાર, બોલકા, ફડાકેદાર અને તેજસ્વી તથા તીવ્ર બુદ્ધિ શક્તિવાળા એ અમારા વડવા હતા. તેમના પુત્ર હરિદાસ પણ પામોલમાં જ ઉછર્યા અને યજમાન વૃત્તિ સંભાળી. હરિદાસના પુત્ર મયારામ પણ પામોલમાં જ રહ્યા. મયારામના બે પુત્રો થયા. જીવરામ અને રણછોડદાસ. રણછોડદાસના પુત્ર નરભેરામ જેમના વારસોમાં માત્ર ત્રણ દીકરીઓ છે અને તેમનાં વિધવા પત્ની મેનાં હાલમાં પામોલ મુકામે છે. હું જીવરામ પંડ્યાનો બીજો પુત્ર.

જીવરામ પંડ્યાના વારસામાં એક મકાન અને ખેતરો પામોલ ગામમાં હતાં. રણછોડદાસના ભાગમાં પણ એટલી જ મિલકત આવી. પરંતુ મયારામના સાળા એટલે કે જીવરામ પંડ્યાના મામા, જે મજરા ગામમાં સારી મિલકત ધરાવતા હતા, તેમને કાંઈ સંતાન હતું નહીં. અને એમની એવી ઇચ્છા હતી કે આ બંને ભાણિયા, એટલે કે જીવરામ અને રણછોડદાસ, તેમાંથી ગમે તે એક મજરા આવે અને એમના પછી એમની મિલકત સંભાળે અને સાચવે તથા એમની વૃદ્ધાવસ્થામાં આશરારૂપ બને. આ અંગે તેમણે પામોલ આવી પોતાની દરખાસ્ત મૂકી. હવે આ બંને ભાઈઓમાં જીવરામ પંડ્યાનું લગ્ન છાલામાં પંડ્યા કૂળમાં થયેલું અને તેથી તેમનાં પત્નીની એવી ગણતરી ખરી કે મજરા જવાય તો સારું. જેથી એમના પિયરની હુંફ મળે અને કૌટુંબિક ખટપટોમાં ન ફાવી શકતાં કાંઈક તંગ પણ થયેલાં. તેથી જ સ્તો પોતાની પામોલ ખાતેની તમામ મિલકત ખૂબ જ સસ્તા ભાવે પોતાના ભાઈ ને આપી દઈને એમણે પામોલ ગામ છોડ્યું અને મજરા ગામમાં આવી વસ્યાં.

આ જીવરામ પંડ્યાનાં પત્ની એટલે કે મારાં બા વીગેરે પાંચ ભાઈ બેનો હતાં. બધાં છાલામાં રહેતાં તેથી જીવરામ પંડ્યા થોડોક સમય મજરા ગામે રહ્યા પણ પછી તેમણે મજરા પણ છોડ્યું. અને છાલા આવીને વસ્યા. ત્યાં સુધીમાં અમો બે ભાઈઓ અને એક બેનનો આ કુટુંબમાં ઉમેરો થઈ ચુકેલો. છાલા ગામમાં અમારા પિતાશ્રી જીવરામ પંડ્યા તેમનાં સાસરિયાં વચ્ચે રહેવા લાગ્યા.

ખૂબ બાહોશ જીવ હતો એ. ત્રીસ - ચાલીસ ગાઉનો પંથ તેઓ થોભ્યા વગર કલાકોની ગણતરીમાં કાપી નાખતા. ખેતીમાં સારી ફાવટ હતી. રસોઈ યજમાન વૃત્તિ ફાવે પણ તે દિશામાં ખાસ રસ નહીં. તેઓ શારીરિક રીતે ખૂબ

મજબૂત હતા. પણ પેટની બીમારી ખરી. સ્વભાવે ખૂબ ભોળા. સમાજમાં પ્રતિષ્ઠા માટે મરી ફીટે. મોટું મિત્રમંડળ ધરાવતા અને મિત્રોમાં પ્રિય પણ ખરા. ત્રણ દિવસ સુધી કોઈ પણ કારણ સિવાય આખીય જ્ઞાતિનું બ્રહ્મભોજન કરાવનાર એ એક જ માણસ હતો. એ રીતેનું એમણે બહુમાન મેળવેલું. કોઈનાય ખરાબમાં એ કદી નહીં ઊભા રહેતા. સામાન્ય ગપાટા મારવાની ટેવ ખરી પરંતુ કોઈની નિંદા, કુથલી કે ખટપટોથી તેઓ હંમેશાં દૂર રહેતા. ભગવાન અને જ્ઞાતિ તરફ એમને ખૂબ જ શ્રદ્ધા. વિવેકી અને વડીલોના આજ્ઞાંકિત તરીકે એમની ગણતરી થતી. ખટપટ તેઓ સમજી શકતા પણ નહીં. પામોલની તેની મિલકત તેમના આ ભોળપણના કારણે જ તેમના ભાઈને તેમણે સસ્તામાં વેચી દીધી. તેમના ઘરમાં જ કેટલાક સંબંધીઓ જે ખટપટ રમતા તેનો તેમને ખ્યાલ નહોતો આવતો. જોકે મૂળ વાત તો એ હતી કે તેઓ તેમની સાસરીમાં આવીને વસેલા તેથી કે ગમે તે કારણ હોય, તેમના ઘરમાં તેમનાં પત્ની એટલે કે અમારાં માતૃશ્રી ઉમિયાગૌરી નો જ એક્કો ખરો થતો. અને લાંબા ગાળે એવું બન્યું કે અમારા પિતાશ્રી એમની મસ્તીમાં જ મસ્ત રહેવા લાગ્યા અને અમારાં માતૃશ્રીએ ફાવ્યું તેમ ઘર ચલાવ્યું. અમારાં માતૃશ્રીને એમના પિયરપક્ષની હુંફ અને બુધ્ધી બંને મળ્યાં.

અમારા કુટુંબમાં આ પહેલાં જે સ્થળાંતર થયેલ તેનું કારણ યજમાનો અથવા સ્થળની ભૌગોલિક પરિસ્થિતિ હતી. પરંતુ જીવરામ પંડ્યાનું પામોલ થી મજરા થઈને છાલામાં થયેલું સ્થળાંતર જોગાનું જોગ સાસરી પક્ષ તરફના પ્રમાણરૂપ બન્યું અને ત્યાંથી અમારા કુટુંબની અંદર એક બળવાખોર જૂથ ઉભું થયું. ચાણ્યક્ય નીતિ શાસ્ત્રમાં લખાયું છે કે પિતરાઈ ભાઈઓ જેવો આ દુનિયામાં આપણો બીજો કોઈ મોટો દુશ્મન નથી અને મામા-ફોઈ કે માસીના છોકરાઓ જેવો બીજો કોઈ મોટો મિત્ર નથી. પરંતુ અમારા વતન ફેરને કારણે હવે અમારું વતન પામોલથી છાલા થયું તેથી પામોલમાં વસતા અમારા પિતરાઈ સાથેનો અમારો સામાજિક નાતો નહીવત રહ્યો. તેથી અમારે મોટાભાગે અમારા માસી, મામા, ફોઈના દીકરાઓ જોડે જ રહેવાનું થયું અને અમારા પ્રસંગ અવસરો વખતે અમારે એમને અમારા કુટુંબની માફક જ સાચવવાના રહ્યા અને તેથી તેઓ માતૃપક્ષના સંબંધીઓ હોવા છતાં કૌટુંબીક ભાઈઓ જેવા એટલે કે પિતરાઈભાઈઓના સમકક્ષ સમાજીક દૃષ્ટિએ ગણાયા અને તેથી જ તેમની વૃત્તિ-પ્રવૃત્તિઓ તે જ સારી રીતે વિસ્તરવા

લાગી. જીવરામ પંડ્યાના ભોળપણને આ ખ્યાલ ક્યાંથી આવે ? અને પછી નવો ઇતિહાસ સર્જાયો.

આ પરિસ્થિતિમાં જેઓ ઘરનું ધ્યાન રાખતાં હતાં તે ઉમિયા ગૌરી હાલમાં તેમના પિયરમાં હતાં. તેથી તેમની આજુબાજુ તેમતાં જ સંબંધી હતાં. અને આગળ જણાવ્યું તેમ તેઓ માનવ ઘેલાં હતાં. ખૂબ જ માયાળું હતાં. થોડાંક ઊડાઉ તો ખરાં જ, ભોળપણ પણ પૂરેપૂરું. જે ઘેર આવ્યુ તેને પોતાનું ગણ્યું, તેની તરફ માયાળુ વર્તન દાખવ્યું. તે પોતાનું જ માણસ છે તેમ ગણી તેની સલાહો સાંભળી, માની. દરેકને મદદરૂપ થવા તત્પરતા બતાવી અને આ જ સ્વભાવનો લાભ તેમનાં જ સંબંધીઓ એ પૂરેપૂરો ઊઠાવ્યો.

એ સમયમાં કન્યાકાળ હતો. મોટા છોકરાને એટલે કે અમારા મોટાભાઈ સોમનાથને પામોલ ગામે પરણાવ્યા. અને મારી બેનને છાલા ગામમાં જ પરણાવી. પરંતુ એમના એ સંબંધીઓએ એ બંને સંબંધો બંધાવી પોતાના પક્ષે પૂરો લાભ ઊઠાવ્યો. એમનો સ્વાર્થ પૂરો થતાં જ તેમનાં વચનો હવામાં ઊડી ગયાં. તેમનો પ્રેમ ઘટી ગયો. તેમની સુફિયાણી સલાહો બંધ થઈ ગઈ. જીવરામ પંડ્યાની મિલકતો અને પુત્રી હવે ઠેકાણે થઈ ગઈ હતી. અને હું અને તેમનો બીજો પુત્ર આ કન્યાકાળમાં પરણી ન શક્યો કારણ કે હવે એ સ્વાર્થીઓ એમનો સ્વાર્થ કરીને એમના રસ્તે પડી ગયા હતા. અને બીજો કોઈ કુટુંબી હતો નહીં કે જેની સામાજિક હુંફ રહે. આમ મારા જીવનમાં મારાં મા-બાપના ભોળપણને લીધે મેં પહેલી સજા એ ભોગવી કે આજે સાઈઠ વર્ષે હું કુંવારો રહ્યો.

• • •

# 3. મારાં મા-બાપ

વડીલઃ- 'અરે ! સાંભળો છો. આ ભાઈ આવ્યા છે. ચા મૂકજો'

શ્રોતાઃ- 'નારે વડીલ, હું કાંઈ મહેમાન થોડો છું ? અને મારે હજુ જમવાનું બાકી છે. આખો દિવસ કંટાળેલો તેથી થયું કે લાવ મહાદેવનાં દર્શન કરી આવું. અને એમ વિચારી આ બાજુ નીકળી આવ્યો. તમને જોયા અને ઘડીક બેઠો છું. રહેવા દો ચા નથી પીવી.'

વડીલ :- 'અરે એવું હોય ? તમ તમારે ચા મૂકી દો.'

બાઈ :- 'હા, અહીંયાં દૂધનાં કેન ભેગાં કરી રાખ્યાં છે. તે તમે કહો અને હું ચાની કીટલીઓ ઉતાર્યા કરું.' આમ બબડાટ કરતી કરતી એ બાઈ એ પ્રાયમસ સળગાવવાનું શરૂ કર્યું.

થોડીકવાર વડીલ એ બાઈ તરફ જોઈ રહ્યા અને પછી વળીને એમણે મારી સામે જોયું. જાણે મારા ચહેરા ઉપરના ભાવ ન વંચાતા હોય અને એમણે જાણે કાંઈ જ બન્યું નથી એમ એમની કથની આગળ ચલાવી.

હે વાચક ! આપણે ફરી એકવાર વડીલના સ્વમુખે એમની કથની સાંભળવા એમની સન્મુખ બેસીએ.

• • •

ભાઈ આ છે મારા જીવનની વાસ્તવિકતા ! તમો મારી પાસે આવ્યા છો, મારા તરફ સહાનુભૂતિથી જુઓ છો, મારું દુઃખ સાંભળવાનો સમય ફાળવો છો. અને હું તમને મારા હક્કપૂર્વકની ચા નહીં પીવડાવી શકું. પરંતુ આ બાઈએ મારા ઉપર દયા ખાઈને કીટલીમાંનું ઉકાળેલું ગળ્યુ પાણી તમારી સામે મૂકાયેલું

હું જોઈશ. મારા સાઈઠ વર્ષના જીવનની આ છે ફલશ્રુતિ. મારા જીવનની આ છે વિકાસ ગાથા અથવા કરૂણતા !

મારું આ જીવન આ ક્ષીણ દેહથી હવે કેટલું જીવવાનું બાકી છે તેની ખબર નથી. પણ આ ક્ષીણ દેહ આજથી સાંઈઠ વર્ષ પહેલાં પેદા થયેલો જ્યારે મારા પિતાશ્રીએ પામોલ છોડી મજરા ગામે વસવાનો નિર્ધાર કરેલો તે ગાળામાં મારો જન્મ થયેલો. હું મારા પિતાનું સૌથી નાનું સંતાન હતો. મારા મોટાભાઈ અને એક બેન મારા કરતાં મોટાં. પામોલથી મજરા અને મજરાથી છાલાના સ્થળાંતરો દરમિયાન મારી ઉંમર એટલી નાની હતી કે મને કાંઈ જ યાદ નથી. મારા થોડાક સમજણ વાળા બાળપણની શરૂઆત છાલામાં થઈ.

મારા જીવનમાં સમજમાં આવતાં વેંત મને જો કોઈ વ્યક્તિ તરફ તીવ્ર ભાવ જાગૃત થયો હતો તો તે મારા પિતાશ્રી તરફ અને તેથી જ તેમની આકૃતિ સ્વભાવ અને વર્તનો ને મેં મારા બાળપણમાં ખૂબ સંભાળપૂર્વક નિહાળવા સમજવા પ્રયત્ન કર્યો છે. મારા પિતાશ્રી શરીરે થોડાક ઊંચા હતા. વાળ કોરા, કપાળ મોટું અને બેઠા ઘાટનું, આંખો મોટી, નાક લાંબુ પણ ચપટું, ગાલ ચોપટ અને ચહેરો સહેજ લાંબો, દાઢી સાંકડી અને ગરદન મોટી, ખભા પહોળા, છાતી પ્રમાણમાં સાંકડી, પીઠ વિશાળ, પગ લાંબા અને હાથ પણ લાંબા, પ્રમાણમાં હાથ અને પગ પાતળા, ચહેરો તેજસ્વી. મોટી આંખોથી દૂર દૂર અગમ્યમાં કાંઈક જોતા હોય તેમ કલાકો સુધી બેસી રહેતા મેં એમને જોયા છે. તેમના કપાળમાં ઊંડી કરચલીઓ ઘણીવાર કલાકો સુધી રહેતી. ઊંડી સમજશક્તિ અને ઊંડું ચિંતન કરવાની ટેવ એમને હશે તેવું મને એમના આવા વર્તનથી લાગતું. તેઓ હસતા ત્યારે તેમના ચહેરાની આ ગંભીરતા તુરત જ ઢંકાઈ જતી. તેઓ ઘરમાં ખૂબ ઓછું રહેતા. અને જે થોડો સમય રહેતા તે દરમિયાન આ મારાં બા સાથે કોઈને કોઈ ચર્ચામાં ડૂબેલા રહેતા. જો કે એ ચર્ચામાં એમને ભાગે હકારમાં માથું હલાવવાનું અને આ મારાં માતૃશ્રીને સાંભળ્યા કરવાનું રહેતું. એ એનાં પિયરીયાં અને એમની સલાહો વિશે જ વાતો કર્યા કરતી અને બાપુજીના મગજમાં તેની દલીલો ઠાંસી ઠાંસીને ભર્યા કરતી અને બાપુજી થોડીક વાર બેસીને કંટાળે એટલે હાથમાં લાકડી અને માથે ફાળિયું બાંધી ઘર બહાર નીકળી જાય.

આ મારું ઘર છાલા ગામમાં પંડ્યા વાસમાં આવેલું. હાલ તો તે મકાન પણ વેંચાઈ ગયું છે. તે ઘરમાં મારું શુષ્ક બાળપણ વીત્યું છે. મારી બા અને બાપુજી કાંઈક એવી ગંભીર સમસ્યાઓ રોજ રોજ એકબીજાની સામે રજુ કરતાં અને તેના ઉપાયો વિશે કલાકો સુધી ચર્ચતાં. અને મારું નાનું મગજ આ વાતો સમજી શકતું નહીં. અને તેથી આવી ગંભીર ચર્ચાઓ ચાલતી ત્યારે મારી તીવ્ર ઈચ્છા હોવા છતાં હું મારાં માતાપિતા પાસે જતો નહીં. પરંતુ ઘરની બહાર નીકળી જતો અને હું સાંજ સુધી ઘેર ના આવું તો મારી કોઈ ખબર પણ કાઢતું નહીં. મારાં મા-બાપને હું ક્યાં ફરું છું, શું વિચારું છું, મારી શું ઈચ્છાઓ છે, મારે કેવી લાગણીઓ છે તે અંગે કશી પરવા જ નહોતી. અને હું ઘરની બહાર ફરવાનું શીખી ગયો. બે ત્રણ વાર જમવા આવતો. ઘણીવાર બા પાસે માંગતો પણ ત્યાંથી કાંઈક વિચિત્ર જવાબો મળતા, અથવા રસોઈ તૈયાર જ ન હોય. મારા ઘરમાં સૌ સૌની રીતે વિચારતું અને વર્તતું. જાણે આ કુટુંબ કે ઘર નહોતું પણ ધર્મશાળા હતી. હું ઘણીવાર ફાવે તેવી કાચીપાકી રસોઈ જાતે કરી નાખતો અને ખાઈ લેતો. જો કે મારા યૌવન કાળમાં હું સારો રસોઈયો બની શક્યો તેનાં બીજ બાળપણમાં આ રીતે વવાયેલાં.

મને નથી સાંભરતું કે મારા બાપાએ મારા માથે હાથ ફેરવીને પૂછ્યું હોય કે ભાઈ તું મોટો થઈને શું બનીશ ? અથવા તો મારા જીવન વિશે નથી એમણે કાંઈ સોનેરી સ્વપ્નો જોયેલાં અને મારી બાને એક ઘેલછા ખરી કે મારા ડાયાને પરણાવું. પણ એ વિશેના એના પ્રયત્નો અને વિચારો એના સંબંધીઓની સલાહો મુજબના હતા. અને તેથી જ સ્તો એ ઘેલછા વાંઝણી રહી. મારી બા પણ એના વિચારો અને વિચિત્ર પ્રક્રિયાઓ અને પિયરીયામાં એટલી વ્યસ્ત હતી કે તેના માટે જાણે અમારા કુટુંબ-ઘરના બીજા સભ્યો માટે કાંઈ ફરજ  જ નહોતી. એણે કદી કોઈની સાથે લાગણીપૂર્વકનો વહેવાર નથી રાખ્યો.

આમ મા-બાપનો લાગણી વિહીન વહેવાર મારા નાના બાળમાનસ ઉપર વિચિત્ર અસરો ઉપજાવી ગયો. મનોવિજ્ઞાન એમ કહે છે કે જ્યારે માણસને ઘરમાંથી પ્રેમ, લાગણી અને સંસ્કારોનું સિંચન ન મલે ત્યારે તે કાંતો ભક્ત કે મહાત્મા બને છે અથવા પોતાના વાતાવરણમાંથી તે મેળવવા પ્રયત્ન કરે છે અને હું જ્યારે મારાં મા-બાપ તરફથી આ બાબતોમાં વંચિત રહ્યો ત્યારે મેં મારી

નજર મારાં ભાઈ-બેન તરફથી દોડાવી તેમના વચ્ચેથી પ્રેમ અને આદર્શો મેલવવા પ્રયત્ન શરૂ કર્યો. હું એમને તો ખૂબ સારી રીતે સમજતો હતો જ. પરંતુ તેઓ મને પણ સમજે, મને હુંફ આપે, મારી લાગણીઓ માટે માન પૂર્વક સહાનુભૂતિપૂર્વક વિચારે અને જુએ એવી મારી આકાંક્ષા હતી. અને હું મારી બેન અને ભાઈની પાછળ ઘસડાવા લાગ્યો.

આજે મને ઘણીવાર પ્રશ્ન થાય છે કે એ મારી કેવી મૂર્ખાઈ હતી ?

મોટા મોટા મહાત્માઓ કહી ગયા છે કે કોઈ કોઈનું નથી. એ સત્ય સમજવા જેટલી તે સમયે મારી ઉંમર નહોતી. પરંતુ તેનો અનુભવ મને થતો હતો. મારા બાળપણની આ એક મોટી દેન હતી. હું મારા નિત્યક્રમને નોંધતો ગયો અને મારા મિત્રમંડળમાં તે વિષયોની ચર્ચાઓ કરીને તેને સરખાવતો ગયો અને એ સરખામણીમાં હું મારી જાતને ઉણી ઉતરતી નોંધતો ગયો. મને મારા જીવન વિકાસ માટે, મારાં સ્નેહીઓ માટે અસંતોષ પેદા થવા લાગ્યો. ખૂબ નાનો હતો એ વખતે હું તેથી એ વિશિષ્ટ અને સુક્ષ્મ લાગણીના તંતુઓ અને વિચારોના પરિવર્તનને નહોતો સમજી શકતો. માત્ર એટલું વિચારતો થયેલો કે મારાં મા-બાપ મારું પૂરતું ધ્યાન નથી રાખતાં.

મારા મિત્રો મને કહેતા કે તેમની માતાઓ સવારે એમને લાડથી ઊઠાડતી અને તે બધા ઊઠીને એમની માતાઓને પગે લાગતા. મા ઊઠીને ઘસીને દાતણ કરાવતી અને ખોળામાં બેસાડી મોં ધોતી અને સાડલાના છેડા વતી એમનાં મોં લૂછતી. પછી બે હાથે ઊચકી લઈને લાડભર્યા શબ્દો સાથે મીઠી મીઠી ચૂમીઓ ભરતી. ખોળામાં થોડી વાર સુવડાવી થપથપાવતી અને જાણે અચાનક કાંઈક યાદ આવી ગયું હોય તેમ તેમના બાળકને ઊપાડીને ઘરમાં લઈ જતી પછી તાંસળામાં દૂધ ભરીને આપતી અને એ બાળકો તાંસળું ભરીને દૂધ ઊભે ઊભે પી જતાં અને દૂધ પીતાં એમના નાના હોઠો વચ્ચેથી દૂધનાં કેટલાં ટીપાં એમના ગળા અને દાઢી ઊપર સરકી આવતાં. પોતાનો લાલ દૂધ પી રહે એટલે વળી સાડલા વતી દાઢી, મોં, હોઠ અને ગળું સાફ કરી પીઠ થાબડી હળવી રીતે ચુમી લઈને રમવા મોકલતી અને પોતે ઘરકામમાં વળી જતી.

મને મારી બા એ ઊઠાડ્યો હોય તેવું મને સાંભરતું નથી. જ્યારે જ્યારે મારી આંખ ખૂલી છે અને હું ગાઢ નિંદરમાંથી જાગી પાસુ મરડી ચત્તો પાટ થયો

છું ત્યારે મેં મારી બાને મારા બાપુજીને કાંઈક ઊપદેશ આપતી સાંભળી છે. અથવા ઘરમાં તેનાં કોઈ સંબંધીઓ સાથે વિચિત્ર વાર્તાલાપોમાં તલ્લીન અવસ્થામાં જોઈ છે. અને આમ જાગૃત અવસ્થામાં ચત્તો પાટ થઈને હું વીસ પચ્ચીસ મિનિટ પડ્યો રહું તો પણ મારી બા એ હું જાગ્યો છું તેની નોંધ લીધી નથી કે મારી પાસે આવવાની તસ્દી લીધી નથી. અને હું થાકીને મારી બાની આવવાની આશા છોડી દઈને પથારી છોડતો. ઊઠીને અડધો ઊંઘમાં, અટવાતા પગે અને લથડાતી ચાલે ઘરમાં પ્રવેશતો. ત્યાં સુધી પણ કોઈ મારી હાજરી નોંધતું પણ નહીં. પાણીના માટલામાં મોટો લોટો ડબોળી હાથે પાણી કાઢી લઈ, બહાર ઓટલા ઊપર આવી મોં ધોઈ નાખતો, કોગળા કરી નાખતો, આંખો સાફ કરી દેતો અને મારા પહેરણને સહેજ ઊંચું કરી મોં ઊપર છંટાયેલું પાણી લુછી કાઢતો. ઘરમાં નાનું ચાટલું એક ખૂણામાં પડી રહેતું. તેમાં નજર કરતો ત્યારે માલૂમ પડતું કે મારી આંખો બરાબર સાફ નહોતી થતી. તેમાં પિયાવાના કણા ચોંટેલા જણાતા. મારા આવા ગંદા સ્વરૂપને વધુ વખત નહોતો જોઈ શકતો અને એ ચાટલાના નાનકડા ટૂકડાને એની જગાએ મૂકી ચૂલા તરફ જતો જો. ઢાંકી રાખેલી ઠંડી ચા હોય તો ગટગટાવી જતો અને ન હોય તો આગલા દિવસનો ઠંડો રોટલો બટક બટક પેટમાં નાખી દેતો અને હું ઘરની બહાર નીકળી જતો.

મારા મિત્રો ત્યાં સુધીમાં સ્નાન કરી, સ્વચ્છ કપડાં પહેરી, સરસ રીતે માથું ઓળાવી રમતા જોતો. અને પછી મારી સામે હું એક નજર નાખી લેતો. એક ભારે નિસાસો પડતો. મને ઘણા મિત્રો ફરિયાદ કરતા કે હું ગંદો રહું છું. મારા મોંમાંથી વાસ આવે છે. હું એમની સાથે રમવાને લાયક નથી. અને હું તેમના અણગમાને ગણકાર્યા વગર તેમની પાછળ પાછળ ફર્યા કરતો હતો. રમતાં રમતાં હું મારા ઘર તરફ નજર કરી લેતો. ત્યાં મારી બેન મારી બાને ઘરકામમાં મદદ કરતી દેખાતી અને મારા મોટાભાઈ ઘરના એક ખૂણામાં સૂનમૂન બેસી રહેલા દેખાતા. મારી બા કાંઈક ને કાંઈક બૂમાબૂમ કરતી જ હોય ! મારા બાપા પણ કાંતો ઘરબહાર નીકળી ગયા હોય અથવા ઘરના આંગણામાં ખાટલો ઢાળી મારી બાની બિનજરૂરી દોડાદોડને એકીટશે જોઈ રહ્યા હોય.

અને આ બધામાં મારી ગેરહાજરીની જાણે કોઈને ચિંતા જ નહોતી. હું ઊઠયો કે નહીં, મેં દાતણ કર્યું કે કેમ ? મેં દૂધ પીધું કે નહીં, મેં સ્નાન કર્યું,

સ્વચ્છ થયો, સ્વચ્છ કપડાં પહેર્યાં, માથું ઓળાવ્યું કે કેમ ? આ બધાં વિષયોની ચિંતા કરવાનો જાણે કોઈની પાસે સમય જ નહોતો. હું દોડાદોડ - બૂમાબૂમ કરતી મારી બાને એકીટશે જોઈ રહેતો. મારા બાપુજીના શૂન્યમનસ્ક વર્તનને દયામણી આંખે તાકી રહેતો. મારા ભાઈની ઠંડી હાજરીથી હું અકળાઈ રહેતો. અને મારી બેનની ઘરકામ પ્રવૃત્તિ જોઈને મને તેના આ પરિશ્રમી બાળપણ માટે મનમાંને મનમાં દયા ઊપજતી.

અને વળી હું મારા મિત્રોની દોડ સાથે જોડાઈ જતો. હું એ ઉંમરે બીજું કરી પણ શું શકું ? અને આ મારો વર્ષો સુધીનો સવારનો નિત્યક્રમ રહ્યો. જેની ફલશ્રુતિ રૂપે હું મારો વિકાસ મારી રીતે કરવા તત્પર બનતો ગયો. અને સાઈઠ વર્ષે ઘરબાર વગરનો થઈને અંતે મંદિરમાં વૃદ્ધાવસ્થા ગુજારું છું.

• • •

# 4. મારું બાળપણ

જ્યારે મારી હાજરીની ઘરમાં કોઈ નોંધ રાખનાર નથી એની મને ખાત્રી તથા પ્રતીતિ થઈ ગઈ ત્યારે હું મારા મિત્રોના કેટલાક ક્ષેત્રોમાં નીડર હોવાનો દાવો કરતો થયો. હું ઘેર નથી એ વિશે કોઈ નોંધ માત્ર નહોતું લેતું તેથી મારી ગેરહાજરી માટે ચિંતા થવાનો તો પ્રશ્ન જ  નહોતો રહેતો અને મને બૂમ મારીને બોલાવવાની તો જાણે કોને નવરાશ જ હતી ! તેથી મારી જાતને હું દૂર દૂર સુધી અને લાંબાગાળા સુધી ઘરની બહાર ખેંચી જવા લલચાયો. મારા મિત્રમંડળનાં મા-બાપો ના મોંએથી મેં મારી જાત માટે 'રખડેલ' નું બિરુદ ખૂબ નાનપણમાં હાંસલ કરી લીધેલું.

હું સવારે ઊઠીને ઘરની બહાર નીકળી જતો. અમે કેટલાક મિત્રો રખડતા રખડતા ગામની બહાર નીકળી જતા. એક તળાવને કિનારે જઈને બેસતા. વડલાઓ ઉપર ચડતા અને તોફાન કરતા. એ વડલાઓ અને તળાવની નજીક જ શૌચાદિ ક્રિયાઓ પતાવી દેતા. કપડાં કાઢીને તળાવના પાણીમાં ઊંચી ટેકરીએથી ભુસકા મારી ધુબાકા બોલાવતા. કલાકો વીતી જતા. અમારી આ મસ્તીમાં તો તડકો ચડતો, સમય પસાર થતો જતો. પેટમાં પણ ભૂખ કકડીને લાગતી ત્યાં સુધીમાં તો મારા મિત્રોમાંથી કોઈને કોઈનાં મા-બાપ હાથમાં ડંડેરો લઈ તેને બોલાવવા આવી જતાં. અમને બધાંને હાંકીને ગામમાં લાવતાં. અમારા માટે ચિત્ર વિચિત્ર શબ્દો બોલતાં. પછી પોતાના પુત્રને લઈ તેમના ઘર તરફ વળી જતાં. અમે બાકી રહેલા મિત્રો હળવે હળવે હરાયા ઢોરની માફક ગામમાં એક ચક્કર મારી લેતા. અને છેવટે છૂટા પડી સૌ સૌના ઘર તરફ વળતાં. હું પણ ડોલતી ચાલે મનમાં ખાસ પ્રકારની રાઈ ભરીને ઘર તરફ વળતો.

બધા જ મિત્રોનાં માં-બાપ કાંતો સામે લેવા આવતાં અથવા ગામમાં શોધ-ખોળ કરતાં અથવા ઘેર પહોંચે ત્યારે મેથીપાક આપતાં અને તેના ભવિષ્યની ચિંતા કરતાં કરતાં ભારેખમ શબ્દોમાં તેને ઠપકો આપતાં. પછી સાથે લઈ જઈને જમાડતાં. પણ મને યાદ નથી આવતું કે મારાં મા-બાપ મને લેવા આવ્યાં હોય અથવા મારી શોધખોળ કરી હોય. મારા બધા જ મિત્રો પોતાના ઘર તરફ વળી જાય પછી સૌથી છેલ્લો ઘેર પહોંચવામાં બંદાનો નંબર હોય ! પણ ઘરે પહોંચ્યા પછી પણ મને સાંભરતું નથી કે મને કોઈએ એમ પૂછ્યું હોય કે હું ક્યાં ગયો હતો કે કેમ મોડું થયું ? ઘરનાં બારણાં ખુલ્લાં જ હોય. ઘરમાં આવી જવાનું અને રસોડામાં કોઈ ખાતું હોય તો જોડે બેસીને ખાઈ લેવાનું અથવા કબાટમાં ખાવાનું ઢાંકી રાખ્યું હોય તે જાતે લઈ ખાઈ લેવાનું. હું ઘરમાં આવીને મેં ખાઈ લીધું તો પણ કોઈને તેની પરવા નથી.

આ મારો નિત્ય ક્રમ વર્ષો સુધી ચાલ્યો. મારાં મા-બાપના આ વર્તને મારી હિંમત ઓર વધારી દીધી. હવે મને મારાં મા-બાપ, બાઈ, બહેને કોઈ ડર નહોતો લાગતો. મને કોઈ વઢતું નહીં તેથી મારા મિત્રો આગળ હું છાતી ફુલાવીને તે માટે ગૌરવ લેતો. હું ગમે તેવાં સાહસો કરવા પ્રેરાતો. દૂર દૂર સુધી રખડવા જવામાં હવે મને ક્ષોભ નહોતો થતો. હું કલાકો સુધી ઊંચા ઝાડની ઉપર ચડીને બેસી રહેવાનો આનંદ માણતો. હું મારા ગામના તળાવના પાણીમાં કલાકો સુધી પડી રહેતો. હું ગરમ રસ્તાની લૂ છેડતી ધૂળમાં ઉઘાડા પગે કલાકો સુધી ચાલ્યા કરતો. હું ઝાડની ડાળીઓ ઉપર કુદકા મારવામાં પીછેહઠ નહીં કરતો.

કારણ કે મને ખબર હતી કે મને કોઈ મારા આવા સાહસો માટે વઢવાનું નથી.

બપોરે જમીને બાળકો પોતાના ઘરમાં સૂઈ જતાં, કેટલાંક પાઠશાળામાં જતાં, કોઈ બાળકો એમનાં મા-બાપ સાથે ખેતરો માં જતાં, કેટલાંક બાળકોની ઈચ્છા હોવા છતાં તેમનાં મા-બાપ બપોરે તેમને બહાર ન નીકળવા દેતાં પણ આ બંદાને એવી કોઈ રોકટોક હતી નહીં. અને હું ખાઈને વળી ફરી એકવાર ઘરની બહાર નીકળી જતો. પછી ગામમાં શેરીએ-શેરીએ ફરતો અને મારા મિત્રોને આ બંધનો તોડીને બહાર રમવા આવવા લલચાવતો. તેમાં ઘણા ફસાતા અને તેમનાં મા-બાપની નજર ચુકાવી બહાર આવતા. પરંતુ તેમાંથી ઘણા તેમના

આ સાહસની પૂર્ણ ફલશ્રુતિ મેળવે તે પહેલાં તેમનાં મા-બાપના હાથે ઝડપાઈ જતા, શિક્ષા ભોગવતા અને વળી જેલમાં પૂરાઈ જતા. મને પણ આ રસાકસીમાં બે ત્રણ અપશબ્દો સાંભળવા મળતા. પણ હું તો રીઢો થઈ ગયેલો તેથી તેની મારા ઉપર કાંઈ જ અસર પડતી નહીં. જો એકાદ બે સાથીદાર મળી જાય તો તેમને લઈને નહીંતર એકલો હું ત્યાંથી પાઠશાળા તરફ નીકળતો. રસ્તામાં આવતાં આમલીના વૃક્ષો ઊપર ઢેખાળા નાખી અથવા ઊપર ચઢીને થોડાક કાતરા પાડતા અને કાતરાનાં ખિસ્સાં ભરી પાઠશાળાના પ્રાંગણમાં કૂદી પડતા. જો બે ત્રણ જણ હોઈએ તો કબડ્ડીનો ખેલ શરૂ કરતા અથવા ઋતુ પ્રમાણેની રમત જેવી કે ગીલ્લી દંડા, ભમરડા, લખોટીઓ, પકડદાવ, સંતાકૂકડી જેવી રમતો રમવાની શરૂ કરતા. વચ્ચે વચ્ચે પાઠશાળાની રૂમની પાછળ બારીઓ નીચે સંતાઈ જઈને એ રૂમમાં ગોંધાઈ રહેલા અમારા કેટલાક મિત્રોને બાલાવવા આગળથી નક્કી કર્યા મુજબ મોંએથી સીસોટીઓ વગાડતા. પાઠશાળાના શિક્ષક અમારાં આવાં તોફાનોથી ત્રાસી જતા અને ઘણી વાર ડંડો લઈને બહાર આવતા. પાઠશાળામાં ભણ્યો નથી પરંતુ માસ્તરના હાથનો ડંડો આવાં તોફાનોને કારણે ઘણી વાર ચાખ્યો છે. અમારા માસ્તર અને અમારી વચ્ચેની આ ધમાચકડીનો લાભ અમારા પાઠશાળામાં પૂરાયેલા મિત્રો પૂરી રીતે ઊઠાવતા અને છટકીને બહાર અમારી ટોળીમાં ભળી જતા. તેમાંથી ઘણા બહાર નીકળતાં નીકળતાં માસ્તરના હાથે ઝડપાઈ જતા અને ડંડાનો મેથીપાક ખાતા. પરંતુ બહાર હેમખેમ નીકળી ગયેલા ઘણા મિત્રોની ગેરહાજરી ત્યાર બાદ પણ માસ્તરના ધ્યાનમાં આવી જતી તો નિશાળ છૂટે પછી ઘેર જતાં માસ્તર દરેકનાં મા-બાપને તેમના પુત્રો માટે ફરિયાદ કરતા જતા. જેથી અમો રખડીને સાંજે ઘેર જતા ત્યારે મારા મોટાભાગના મિત્રોને એમનાં મા-બાપ મારતાં. ધીરે ધીરે આ મિત્રો પણ ટેવાતા ગયા અને માસ્તરનો ડંડો અને મા-બાપનો માર હવે તેમના ઊપર ઝાઝી અસર નહોતાં કરતાં. તેનો તેમને હવે ડર પણ નહોતો લાગતો. જો માસ્તરના હાથે પકડાઈ જવાય તો પીઠ ફેરવીને બરડા ઉપર ડંડાનો માર ઝીલવા તૈયાર થઈ જતા અને છટકી ગયા તો માર ખાવાની તૈયારી સાથે જ ઘર તરફ અંતે પ્રયાણ કરતા. જાણે આ માર ખાવાનો કાર્યક્રમ પણ નિયમિત બની ગયેલો અને આમ મારું મિત્રમંડળ મોટું થવા લાગ્યું.

મારા ઘેર તો મને કોઈ બોલતું પણ નહીં તેથી માર ખાવાની વાત તો

બાજુ ઉપર રહી કોઈ મારી ફરિયાદ કરવા ઘેર જતું તો મારી ફરિયાદ સાંભળવાની પણ ક્યાં કોઈને નવરાશ હતી ? અને તેથી હું મારા મિત્રમંડળમાં માનનીય ગણાવા લાગ્યો. મારા મિત્રોને મારી આ પરિસ્થિતિ માટે ઈર્ષ્યા થવા લાગી અને મારી તરફ બધા માનની દૃષ્ટિથી જોવા લાગ્યા. આમ ધીરે ધીરે હું ગંદો ગોબરો રખડેલ છોકરો, મારા મિત્રમંડળનો નેતા બની ગયો. એક વેળા મારે મારા મિત્રો પાછળ ફરવું પડતું, હવે મારા મિત્રો મારી પાછળ ફરવા લાગ્યા.

પાઠશાળામાંથી છટકીને આવેલા અને ગામમાં શેરીએ શેરીએ રખડીને ભેગા કરેલા એ મારા મિત્રમંડળ સાથે પછી હું ફરવા નીકળતો. અમે ગામની બહાર ખેતરોમાં ફરવા જતા. લોકો ખેતરોમાં કામ કરતાં અમે જોતા ત્યારે અમને નવાઈ લાગતી. આ લોકો શા માટે આવી કાળી મજૂરી કરતા હશે તે અમારા માટે વિકટ અને મુંઝવણ વાળો પ્રશ્ન બની જતો. ગામમાં એક છેડે બાવા આવ્યા હોય અને ધૂણી ધખાવીને બેઠા હોય તો ત્યાં અમે પહોંચી જતા અને અમારાં તોફાનો શરૂ કરતા. જેથી એ બાપજી કંટાળી જતા અને તેમનું ત્રિશૂળ ઉગામી અમને કાઢી મૂકતા. ગામને છેવાડે કોઈ બાપજી હાથી લઈને આવ્યા હોય તો હાથીને અમે અડપલાં કરવા જતા અને તેના મહાવતના મોઢાની ચિત્ર વિચિત્ર ગાળો અથવા મારપીટ પ્રસાદી રૂપે લેતા. ગામને છેડે વડલાને છાંયડે બકરાં ઘેટાં બેસાડીને રબારી આડો પડ્યો હોય ત્યારે એકાદ બે બકરીઓ ખેંચી લાવી તેમના આંચળોમાંથી દૂધ દોહી લેવાની ચેષ્ટા કરતા. ગામના છેવાડે માંડ થાકીને સુતેલાં કૂતરાંને ઉઠાડી એકબીજાની તરફ ઉશ્કેરી તેમની દોડાદોડની મજા માણતા. ખરા તાપમાં કોઈનું ગાડું જતું આવતું હોય તો તેમાં ચઢી બેસતા અને પછી હાંકનાર નો માર ખાઈને નીચે ઉતરી જતા. અમારા ગામના કુંભારનાં રખડતાં ગધેડાંના કાન પકડી, ખેંચી લાવતા અને તેમના ઉપર સવારી કરી તેમને દોડાવતા. કોઈ એકલદોકલ સ્ત્રી કે પુરુષ પસાર થતો હોય તો તેની પાછળ વિના કારણે કિકિયારી કરી મૂકતા. તળાવના પાણીમાં પડેલી ભેંસોને દૂરથી છૂટા પત્થરો મારતા અને અમારી આવી અનેક ચેષ્ટાઓમાં અમારા ઘણા કલાકો રમત રમતમાં વીતી જતા.

ત્યાંથી અમે ખેતરો તરફ વળતા. તળાવની પાસેની વાડીમાં ઘુસી જતા અને ઋતુ પ્રમાણે વાવેલ વસ્તુઓ જેવી કે કાકડી, ચીભડાં વીગેરે ઉઠાવી લાવતા.

ઘણી વાર તો તેમાં બિનજરૂરી નુકસાન કરતા. તેના રખેવાળની બૂમાબૂમથી અમે ટેવાઈ ગયેલા. તેના ગલોલામાંથી છૂટતા પત્થરોને અમે આબાદ રીતે ચુકાવી દેતા અને ઘડીના છઠ્ઠા ભાગમાં ત્યાંથી એટલી સિફ્ત પૂર્વક છુમંતર થઈ જતા. અમે પકડાઈ જતા પણ નહીં. અમારા બહોળા મિત્રમંડળમાંથી કોઈ પકડાઈ જતું તો તેનું આવી બનતું. અમે ખેતરોની વાડોમાં આડેધડ છીંડો પાડીને ખેતરોમાં ઘુસી જતા અને ઘણું બધું ઉગેલું ચૂંટી કાઢતા. એમાં અમને કાંઈ વિશેષ લાભ ન થતો પણ એ મસ્તીમાં  અમને આનંદ આવતો. કાચાં ફળ, શાકભાજી હોય તો અમે બટક બટક ખાઈ જતા, વરિયાળીનાં ઝુમખાં હોય તો ગજવાં ભરી લેતા. ઘઉં કે બાજરીના દાણા થયા હોય તો ડુંડવાં તોડી લેતા અને એક ઠેકાણે બેસી પોંખ પાડીને ખાતા. કઠોળની સીંગો હોય તો પહેરણ કાઢીને બાંધી લેતા. અને પછી તેની મિજબાની માટે એક વૃક્ષ નક્કી કરતા તેના ઉપર ચડી દરેક ડાળી ઉપર જગાઓ મેળવી લેતા અને ત્યાં અમારી મિજબાની થતી.

અમારી આ લાંબી યાત્રામાં બેત્રણ કૂતરાં અને એકાદ ગધેડું સાથે રાખતા. ગીલ્લી - દંડો, ભમરડા કે લખોટીઓ તો સાથે હોય જ. સહેજ નવરાશ મલી નથી કે તુરત જ તે બધી પ્રવૃત્તિઓ શરૂ કરવાની. કેરીની મોસમમાં રખેવાળોની નજર ચૂકાવીને કેરીઓ પાડવી એ અમારે મન રમતવાત હતી. ઘરેથી મીઠું મરચું બાંધી જ જતા અને પછી તેની મિજબાની શરૂ ! ચરામાં ઘુસી જતા અને બોરની મિજબાની પણ કરી આવતા. આવી ભારે મિજબાનીઓ થતી ત્યારે કોઈને ઘેર જઈને ખાવાની ભૂખ રહેતી નહીં. ઘણા મિત્રો તેમનાં મા - બાપના ગુસ્સાને ડામવા પોતાના પહેરણમાં શાકભાજી ભરી લેતા. ઘણા મિત્રો નજીકમાં ખેતર હોય તો ઘાસકાપીને તેનો ભારો ઘેર વળતાં આવતાં માથે લઈ લેતા. કોઈ લાગણીશીલ મિત્રો આ મિજબાનીમાં ભાગે આવેલ લ્હાણીનો થોડોક ભાગ પોતાનાં ભાઈ-બેન માટે બચાવીને ઘેર લઈ જતા.

પણ આપણે તો ફક્કડ માણસ પહેલેથી ! ખાધું તે ખરું બાકી ઘેર સાથે કાંઈ લાવવામાં માનતા જ નહીં. અને આપણને કોઈ વઢતું નહીં તેથી શાકભાજી કે ઘાસ

ચારો લઈ જવા મન લલચાતું નહીં. ઘણા મિત્રો રસ્તામાં ગોખતા કે ઘરે જઈને મા-બાપને કેમ જવાબ આપીશું ? આપણે તો એવી કોઈ પળોજણ હતી નહીં.

આમને આમ વર્ષો વીતી ગયાં અને બાળપણ પૂરું થયું. ના કાંઈ અભ્યાસ કર્યો કે ના કાંઈ હુન્નર ઉદ્યોગ કે ખેતી શીખવા પ્રયત્ન કર્યો. એ વખતે ખ્યાલ નહોતો કે આ રખડપટ્ટીનું પરિણામ સાઈઠ વર્ષે મંદિરમાં વૃધ્ધાવસ્થા ગુજારવા સુધીનું આવશે.

• • •

# 5. મારી વિકૃતિઓનો વિકાસ

ભાઈ, તમે ચા પી લીધી. હવે આપણે આપણી વાર્તા આગળ વધારીએ.

મારા બાળપણની કેટલીક વિગતો આપણે જોઈ. એક વાર અમે કેટલાક મિત્રો ખેતરોમાં રખડવા નીકળેલા. મારા હાથમાં તુવેરના છોડની મોટી સોટી હતી અને હું મારી શેરીના કાળિયા કૂતરાને હાંકતો હતો અને તે મારી આગળને આગળ દોડ્યા કરતો હતો. હું પણ તેની પાછળને પાછળ દોડતો હતો. મારા મિત્રો મારી પાછળ પાછળ દોડતા આવતા હતા. થોડુંક દોડ્યા પછી હું થાક્યો. નજીકમાં જ આવતા મોટા ઝાડના છાંયડા નીચે હું ઊભો રહ્યો. મારા બધા મિત્રો મને પહોંચી ગયા એટલે અમે ઝાડના મીઠા છાંયડા નીચે ગોળાકારે બેસી ગયા. બધા થાકયા હતા તેથી સૌ લાંબા પગ કરીને પેડીઓ પંપાળતા હતા. થોડી વારમાં મારો કાળિયો કૂતરો પણ પાછો આવી અમારાથી થોડેક છેટે આવીને હાંફતો હાંફતો બેસી ગયો. મેં મારી સોટી બાજુમાં મૂકી.

'પંડ્યા, આજે તો હું તને લહેજત કરાવડાવું.' મારા મિત્રમંડળમાંનો મારો જુનો અને ગાઢ મિત્ર બોલ્યો.

આ મિત્ર અમારા મિત્રમંડળમાં સૌથી વડીલ હતા અને દરેક વખતે અમારા કાર્યક્રમોમાં નવીનતા ઉમેરવાનું માન ભોગવતા. આ વખતની એમની આ વાત તેથી જ મને કાંઈ નવીનતા કે આશ્ચર્ય પ્રેરનારી ન લાગી. અમારા મંડળના એ વૃદ્ધોત્તમ અદાકાર હતા. અમારા ફરવા જવાના રસ્તાઓ કે મોજ માણવાના કિમિયાઓ એમના શેતાની મગજમાંથી જ સ્ફુરતા હતા. આ વખતે પણ તેઓશ્રી કાંઈક નવીન વિચાર લાવ્યા હશે અને હમણાં અમલમાં મૂકશે અને આખા મંડળને મજા આવશે તેવી મેં ધારણા રાખેલી અને તેથી મેં તેમને આગળ વધવાની મુક સંમતિ આપી.

મારો એ મિત્ર તુરત જ ઊભો થયો. ફાટેલા લેંઘાના ખીસ્સામાંથી એક ચીજ કાઢી. અને પોતાના મોંમાં મૂકી. પછી બંડીના ખિસ્સા માંથી દીવાસળી કાઢી. ત્યાર બાદ બાજુના ખેતરની વાડમાં જઈને કાંઈક શોધવા માંડ્યો અને થોડીક જ વારમાં દીવાસળીના તૂટેલા ખોખાનો એક ભાગ લઈ આવ્યો. તેના ઉપર તેની જીવતી દીવાસળી ઘસી અને સળગાવી અને તેના મોંમાં મૂકેલી બીડી તેણે સળગાવી. અદાથી દીવાસળી હોલવી નાખી અને ફેંકી દીધી. અને દીવાસળીના ખોખાનો ટૂકડો વાડના એક ખૂણામાં મૂકી આવ્યો. પછી પહેલી અને બીજી આંગળી વચ્ચે બીડીને દબાવી અને અંગુઠો અને પહેલી આંગળી વચ્ચેનો પોલો ભાગ મોં આગળ રાખી તેણે કશ ખેંચ્યો. એક ઝટકાથી હાથ મોં તરફથી નીચે લીધો. ઊંચે જોયું અને ધીરે ધીરે મોંમાંથી ધૂમાડો કાઢવા લાગ્યો. ધૂમાડાની સેરો આકાશમાં ઊંચે ચડવા લાગી. અમારું આખુંય મિત્રમંડળ અવાચક થઈ ગયું. અને આ અમારા બાળમિત્રની વિશિષ્ટ ચેષ્ટાને તાકી તાકીને શૂન્યમનસ્ક બની જોઈ રહ્યું. મારા એ વડીલ મિત્રે આમને આમ ત્રણ ચારવાર કશ ખેચ્યા અને પછી મારા તરફ વળ્યો.

'લે પંડ્યા, તું પણ મજા માણ'

મને આ બીડી પીવાથી કેવી લાગશે અથવા શું થશે તેની તો કાંઈ ખબર હતી જ નહીં. પણ એ મિત્રએ જે અદાથી બીડી પીધી, કશ ખેંચ્યા અને ધૂમાડો કાઢ્યો અને અમને બધાને અવાચક કરી દીધા તેનાથી હું ખૂબ પ્રભાવિત બની ગયેલો. આવો જ પ્રભાવ બીજા મિત્રો ઊપર પ્રસરાવવા મેં પણ એવી જ પ્રક્રિયાનું અનુકરણ કરવા નિર્ધાર કર્યો, અને એ મિત્રના હાથમાંથી બીડી મારા હાથમાં પકડી.

બીડીને પહેલી અને બીજી આંગળીઓ વચ્ચે દબાવવા જતાં હું એકવાર દાઝી ગયો. બીડી મારા હાથમાંથી છટકીને નીચે ધૂળમાં પડી. મેં એને હળવેકથી ફરી ઊપાડી. એને ફરી મારી બે આંગળીઓ વચ્ચે દબાવી અને પહેલી આંગળી અને અંગુઠો તેની પકડમાં રાખી પોલાણ કરી આખોય હસ્તવલય મારા મોં સુધી લાવ્યો. ત્યાં જ બીડીની બળી ગયેલી રાખ ખરીને મારા લેંઘા ઊપર ખરી પડી. હું તુરત જ ઊભો થઈ ગયો. પણ ત્યાં સુધીમાં મારા લેંઘાનું થોડુંક કાપડ બળી

ગયું હતું. નાના ચંદ્રાવા જેવડું કાણું પડી ગયું હતું. હું થોડોક ગભરાયો. સ્હેજ અટક્યો પણ હવે તો બીડીનો કશ લીધા વગર બીડી પાછી આપી દઉં તો તો આટલા બધા મિત્રો વચ્ચે આબરૂ જાય. તેથી લેંઘા ઊપર થયેલ આ થોડાક નુકસાનને અવગણીને ઊભા ઊભા જ અનોખી અદામાં આવી જઈને બીડીમાંથી ઊંડો કશ ખેંચ્યો. પરંતુ જેવો ધૂમાડો મારા ગળામાં ગયો તેવી જ મને જોરથી ખાંસી આવી. મારા હાથમાંથી બીડી નીચે પડી ગઈ. મારી આંખોમાંથી પાણી આવી ગયું. મારી છાતી બળવા લાગી. મારા મોં માં મને વિચિત્ર પ્રકારની ચીકાશ લાગવા લાગી. થોડી વારમાં મારી આંખ લાલ થઈ ગઈ. માંડ માંડ મારી ઉધરસ હેઠી બેઠી અને હું મારા મિત્રો સામે આંખ ન મિલાવી શક્યો.

મારા એ વડીલ મિત્ર એ આવીને મારો ખભો થાબડ્યો.

"શાબાશ, પંડ્યા, શાબાશ ! શું ઊંડો કશ લીધો છે ? આજે પહેલી વખત બીડી મોં માં અડાડી એટલે એવું લાગે, પછીથી તું ટેવાઈ જઈશ. પણ યાર ! તારી બીડી પીવાની અદા આપણને ગમી ગઈ."

બીજા બધા મિત્રોએ વડીલ મિત્રની વાતને જાણે મુક સંમતિ આપી હોય એમ બધા મારી આજુબાજુ વીંટળાઈ વળ્યા અને મારી તરફ માનની દૃષ્ટિથી જોવા લાગ્યા.

અને ત્યાર પછીના દિવસોમાં બીજા બધા પ્રોગ્રામો માં ફેરફાર થતો પણ આ બીડીના કશ ખેંચવાનો અમારો પ્રોગ્રામ નિયમિત બની ગયો. પ્રથમ બેત્રણ દિવસ સુધી અમારા એ વડીલ મિત્ર એક બીડી અને એક દિવાસળી નિયમિત લેતા આવતા અને નક્કી કરેલી જગાએ ખેતરની વાડમાં સંતાડેલા દીવાસળીના ખોખાના ટૂકડા વડે તેને સળગાવતા અને બધા મિત્રો વારાફરતી એક એક કશ ખેંચતા અને તેનો લ્હાવો લેતા. પણ એક દિવસે એ વડીલ મિત્રએ નવી દરખાસ્ત મૂકી,

'આપણે બધા વારાફરતી દરરોજ એક એક બીડી અને એક એક દીવાસળી લાવીએ. દરરોજ હું આ બધું લાવું અને મજા તમે બધા લ્યો તે ઠીક નથી લાગતું.'

બધા મિત્રોએ ઘણી ચર્ચા વિચારણા કરી અને છેવટે એમની આ દરખાસ્ત મંજુર રાખી. બધાએ જ્યારે આ દરખાસ્ત મંજુર રાખી ત્યારે જ્યારે દીવાસળીની એક સળી લાવવાનું મારા ભાગમાં આવશે ત્યારે મને કાંઈ મુંઝવણ ન દેખાઈ

પરંતુ બીડી ક્યાંથી લવાશે તે ચિંતા મારા મનમાં ઘર કરી ગઈ. તેથી જ નજીકના દિવસોમાં મારો વારો આવવાનો નહોતો છતાં એક બીડીની શોધ મેં શરૂ કરી.

અમારા ગામમાં બે દૂકાનો એ વેળા હતી. એક દૂકાન ઊપર વોરા કાકા બેસતા. બધું જ એમની દૂકાનમાં મળે. તેઓ બીડીઓ પણ રાખતા. હું એકવાર એમની દૂકાન પાસે લપાઈને ઊભો રહ્યો. એક ભાઈ આવ્યા. પૈસો આપીને પાંચ બીડીઓ લઈ ગયા. પ્રથમ તો વિચાર કર્યો કે વોરા કાકાને જઈને બધી વાત કરી દઉં અને આજે મારો વારો છે એટલે એક બીડી આપો એમ જણાવું અને પાંચ વારા પુરા થશે એટલે તેમને એક પૈસો આપવાનો વાયદો કરીશ. મારા ઘરની મોટાભાગની વસ્તુઓની ખરીદી આ દુકાનેથી થતી હતી તેનો મને ખ્યાલ હતો. અને તેથી બીડીને માટે પણ મારા પગ આ દુકાન તરફ વળેલા. પરંતુ પછી વિચાર આવ્યો કે પાંચ ફેરા પછી પૈસો આપવાનો આવશે તો હું ક્યાંથી લાવીને આપીશ ? તો વોરા કાકાને એમ જ જણાવી દઉં કે એ પૈસો અમારા ખાતામાં લખી લે. પરંતુ પછી વિચાર આવ્યો કે મોટાભાઈ અથવા બાપુજી જ્યારે અહીં પૈસા આપવા આવે અને હિસાબમાં બીડીઓનો એક પૈસો પણ લખાયેલો હોય ત્યારે તેનો શો ખુલાસો કરવો ? અને ધારો કે વોરા કાકા તો દરરોજ બાપુજીને મળે છે. અને તેમને જણાવી દે કે હું અહીંથી બીડી લઈ ગયો છું. તો ? જો કે આજ સુધી તો બા કે બાપુજી એ કોઈ દિવસ ઠપકો પણ આપ્યો નથી પણ એ તો માત્ર રખડપટ્ટી સુધીની જ પરવાનગી કહેવાય. આવા બીડીના વ્યસનની લત વિશે જાણે તો બોલે તો ખરા જ. તો કરવું શું ?

હું આમ વિચારતો હતો એટલી વારમાં જ વોરાકાકા એમની દુકાનની ગાદી ઉપરથી ઊઠીને બહાર આવ્યા. બાજુમાં મને લપાયેલો જોઈને તેમણે મારો કાન પકડ્યો.

'રખડેલ, અહીં શું કરે છે ?'

હું સહેજ ગભરાયો પણ તુરત જ સ્વસ્થ થઈને મેં જવાબ દીધો 'હું તો કાકા, અહીં રમતો હતો.'

તેમણે મારો કાન છોડી દીધો. પછી હળવું હસ્યા. પછી મારા માથે હાથ ફેરવ્યો.

'ડાહ્યા, તું ગાદી ઉપર બેસજે. હું પેશાબ કરીને આવું છું. જો જે હોં

નાસી ના જતો અને કોઈ ઘરાક આવે તો બેસાડજે.' આમ કહીને વોરાકાકા તો ઓઠું શોધવા નીકળી પડ્યા.

હું દુકાનમાં પેઠો. ગાદી ઉપર બેઠો. બાજુમાં જ ઘોડા ઉપર ગોઠવેલ બીડીઓ તરફ જોયું. બીડી લેવા હાથ લંબાવ્યો. ત્યાંજ એક માજી દુકાન આગળ આવીને ઊભાં રહ્યાં.

'અલ્યા ડાહ્યા, તું દુકાન ઉપર ક્યારથી બેસતો થયો ?'

'ના બા, હું તો ઘડીક માટે જ બેઠો છું. વોરાકાકા બહાર ગયા છે તે આવે છે.'

'તે વોરા ને તારા શિવાય દુકાન ઉપર બેસાડવા બીજો કોઈ ન મલ્યો ? સારું  લે આ પૈસો અને પેલી બીડીઓ આપ.'

અને મેં બીડીઓનું બંડલ હાથમાં લીધું તેમાં પાંચ બીડીઓ કાઢી અને માજીને આપી. ત્યાં તો સામેથી વોરા કાકા દેખાયા. માજીની પુંઠ વળી અને મેં ઝડપથી છઠ્ઠી બીડી કાઢીને આસ્તે રહીને લેંઘાના ખિસ્સામાં સરકાવી દીધી. અને બીડીનું બંડલ તેના ઠેકાણે મૂકી દીધું. ત્યાં તો વોરાકાકા આવી ગયા.

'અલ્યા, ડાહ્યા, મારી ગેરહાજરીમાં શું વેપલો કુટ્યો ?' વોરા કાકાએ આવતાં વેંત જ પ્રશ્ન કર્યો.

અને હું ઈમાનદારીનો પીર એક હાથ ઊંચો કરી વોરા કાકાને પૈસો બતાવવા લાગ્યો.

'આ એક પૈસાની છ બીડીઓ આપી છે. આ એક પૈસો લ્યો.'

'અલ્યા એક બીડી વધારે આપી. ઘડીક બહાર જઈએ એટલે ધંધામાં ખોટ જ જાય. મેં તને નહોતું કહ્યું કે ઘરાકને ઊભું રાખજે.'

હું કંઈ પણ બોલ્યા વગર ચુપચાપ ઊભો રહ્યો. મારી છાતી ધડક ધડક થતી હતી. અત્યારે મારી બધી બહાદુરી મીણની માફક ઓગળી રહી હતી. મને એમ લાગતું હતું કે હું ત્યાં વધુ વખત રહીશ તો જરૂર પકડાઈ જઈશ. પણ હવે આનો નિકાલ કેમ લાવવો ?

'કાકા, એ માજી પાસેથી એક બીડી પાછી લઈ આવું ?' મેં દરખાસ્ત મુકી

'ના રે, તું તારે જા. એ તો અહીં ફરીથી આવશે એટલે એક બીડી ઓછી

આપીશ.' વોરા કાકાએ કેસ માંડવાળ કર્યો. પરંતુ મને મારાં સાતે વહાણ ડૂબતાં લાગ્યાં. મને નક્કી લાગ્યું કે હવે આપણે નહીં બચી શકીએ. છતાં મિત્રોને મળવાનો ટાઈમ થઈ ગયેલો તેથી આગળ ઉપર જોયું જશે એમ માની ત્યાંથી દોટ મારીને મિત્રમંડળમાં આવી ગયો.

આવતાં વેંત જ મેં જાહેરાત કરી કે આજે હું બધાને બીડી પીવડાવીશ. ભલે વારો ગમે તેનો હોય, આજે જે બીડી લાવ્યો હશે તેનો ઉપયોગ કાલે કરીશું. અને બીડીની લહેજત બધાંયે માણી. મેં પણ એક કશ લીધો. અને ધૂમાડો કાઢ્યો પણ મને એ ધુમાડામાં એ માજી અને વોરાકાકા કાંઈક મસલત કરતાં દેખાયાં અને મને બીડીનો બીજો કશ ખેંચવાની મજા ન આવી.

સાંજે માંડે જ્યારે હું ઘેર આવ્યો ત્યારે વોરાકાકા મારા ઘરે મારા બાપા પાસે ખાટલા ઉપર જ બેઠેલા જોયા. અને મારા મોતિયા મરી ગયા મને લાગ્યું કે નક્કી વોરાકાકાએ બીડી વાળી વાત અહીં કહી દીધી હશે. હું ડરતો ડરતો દબાતો દબાતો ઘરમાં દાખલ થવા ગયો. પણ ત્યાં તો વોરાકાકાએ મારો હાથ પકડ્યો અને એમની તરફ ખેચ્યો અને મને તેમની તથા બાપાની વચ્ચે ખાટલા ઉપર બેસાડી દીધો. અને મને શાબાશી આપી. પછી બાપાને કહેવા લાગ્યા,

'જીવરામ, છોકરો હોંશિયાર છે. આજે તો તેને મેં ંમારી આખી દુકાન સોંપી હતી. અને મારી ગેરહાજરીમાં એણે એક પૈસાનો વેપાર પણ કર્યો.'

વોરા કાકા બોલ્યે જતા હતા અને મારી છાતીની ધમણ ઊંચી થઈને પછડાતી હતી. હું સાચે જ ગભરાઈ ગયો હતો. ત્યાં જ વોરા કાકાએ ઘટસ્ફોટ કર્યો અને મને હાશ વળી.

'ડાહ્યા, પેલી ડોસલીને મેં ફરી આવી એટલે કહ્યું પણ માની જ નહીં ઉપરથી મને જુઠો પાડવા માંડી. કહે છે કે ભાઈ હું તો માત્ર પાંચ જ બીડીઓ લઈ ગઈ છું. પેલો છોકરો ખોટું બોલતો હશે. પણ તું જીવરામનો છોકરો કદી ખોટું બોલે ? આ ડોસલી જ જુઠ્ઠી, બીજું શું ?'

એટલી વારમાં અમારી શેરીમાં રહેતા પટેલ અમારા ઘર તરફ વળ્યા. એમનો છોકરો અમારા મિત્રમંડળનો સભ્ય હતો. એમણે તો આવીને શરૂ જ કરી દીધું.

'ડાયા તમે બધા ભાઈબંધો ભેગા થઈને આવાં જ નખરાં કરો છો ને ! જીવરામ આ તમારો ને અમારો બધાય ભેગા થઈને બીડીઓ પીવે છે.'

મારી હાલત તો વાઢ્યો હોય તો લોહી ન નીકળે તેવી થઈ ગઈ. વોરા કાકાએ મારી સામે જોયું અને પછી પટેલ સામે જોયું. થોડીક જ વારમાં વોરા કાકા પણ વાત કળી ગયા. એમની પાસે જ હું બેઠો હતો. એમણે મને બોચીમાંથી પકડ્યો,

'નક્કી, ડાયા, છઠ્ઠી બીડી તું લઈ ગયો હોવો જોઈએ'

'જીવરામ, છોકરાને ખખડાવો. મેં તો મારા વાળાને થોડોક મેથીપાક ચખાડ્યો અને એય ઓરડામાં પૂરી દીધો. એની મા ઊભી થઈને પટકાય તો પણ આજે તો ખાવા જ નથી આપવું. આ ઉંમર તો કાંઈ બીડીઓ પીવાની છે ?' પટેલ રોષમાં ને રોષમાં બોલ્યે જતા હતા.

મારા બાપા ને તો જાણે આ વોરાકાકાની કે પટેલની વાતની કાંઈ અસર જ નહોતી થતી.

'સાલાઓનાં ચામડાં ઊતરડી નાખવાં માગે છે.' વોરા કાકાએ પણ પટેલની વાતમાં ટાપશી પૂરી.

'અરે ભાઈ, આ છોકરાં કોઈ સમજે છે ? મોટાં થઈને બધું સમજશે એટલે થોડું કાંઈ આવું કરવાનાં છે ?' મારા બાપાએ એમની ગરમી ઉપર ઠંડુ પાણી ઢોળ્યું અને ઊભા થઈને ઘરમાં ગયા.

હું પણ થોડી વાર તો ખાટલામાં વોરા કાકા અને પટેલ કાકા વચ્ચે બેસી રહ્યો. પણ પછી હું પણ ત્યાંથી પલાયન થઈ ગયો. પણ બીડી પીવાની વાત જાણ્યા છતાં મારા બાપાએ મને કાંઈ ન કહ્યું તેથી મને તે વાતનો ડર જતો રહ્યો. પછી તો દૂધમાંથી, ખોળ, ખાતર માંથી કે બજારમાંથી ચીજ - વસ્તુ ખરીદવા જાઉં તેમાંથી હું પૈ - પૈસો કાઢી લેતો અને બીડીઓ ખરીદીને પીવાનું મારા માટે રોજનું બની ગયું.

આ ભયંકર વ્યસન વર્ષો સુધી મને વળગેલું રહ્યું. જ્યારે મને વૃદ્ધાવસ્થા વળી અને છાતીનાં પાંસળા ભેગાં થઈ જાય એટલી હદે ઉધરસ ચઢવા માંડી ત્યારે મેં ના છૂટકે બીડી છોડી દીધી. આમ મને બીડી વળગી અને છૂટી.

• • •

# 6. 'મારી કિશોરાવસ્થા'

હવે હું ખાસ્સો મોટો થવા માંડ્યો હતો. મારી તોફાનો કરવાની મહેચ્છાઓ પણ વધુને વધુ મોટી થવા માંડી હતી. અને મારા મિત્રમંડળના સાથીઓ માટે મારી આ મહેચ્છાઓ સંતોષવી હવે શક્ય નહોતી. તેથી મારી ઉંમર કરતાં મોટા મિત્રો મેળવવા મેં પ્રયત્ન શરૂ કર્યો અને આ શોધખોળ કરવા માટે હું એકલો એકલો ગામમાં ખરા બપોરે રખડવા લાગ્યો.

એક ઓટલા ઉપર મારા કરતાં મોટી ઉંમરના કેટલાક છોકરા ટોળું વળીને બેઠા હતા. એ વખતે નાણાંના ચલણમાં પાઈ, પૈસો અને આનો હતા. ગમેતે સિક્કો બે બાજુ ધરાવતો એક બાજુ રાણીની છાપ અને બીજી બાજુ સિક્કાની કિંમત છાપેલી હતી. એ ટોળામાંનો એક છોકરો સિક્કાને એક આંગળી અને અંગુઠા વડે ઘુમાવતો અને પછી તેના ઉપર હથેલી દાબી દેતો. કેટલાક બીજા છોકરા પોતાના ખિસ્સામાંથી સિક્કા કાઢી નીચે મુકતા. ત્યાર-બાદ એ છોકરો પોતાની હથેળી ઉઠાવી લેતો અને તાળીઓ પાડતો અને પછી નીચે મુકેલા સિક્કાઓની વહેંચણી થતી. પ્રથમ નજરે મને આ વાતની ખબર પડી નહીં પરંતુ ત્યાં બે કલાક ગાળ્યા પછી મને ખ્યાલ આવ્યો કે આ તો વાઘ - કાંટાની રમત હતી અને તેમાં નાણાંની હાર - જીત થતી હતી. મારા ખિસ્સામાં બીડીઓ લાવવા એક પૈસો રાખી મુકેલો. નવા દાવમાં મેં મારા ખિસ્સામાંથી પૈસો કાઢી રમતમાં મુક્યો.

ટોળામાં બેઠેલા છોકરા ઘડીકવાર મારી સામે જોઈ રહ્યા.

'અલ્યા આ તો સોમાનો નાનો ભાઈ છે.'

'આપણે શું ? એણે પૈસો મુક્યો એટલે બસ.'

'પણ હારશે તો ?'

'મારી પાસે આ એક જ પૈસો છે.' મેં દયામણે મોંએ એ નવા મિત્રોને મારી હકીકત - પરિસ્થિતિ કહી દીધી.

'અલ્યા, આ ટેવ સારી નથી.'

'પણ તમે બધાય રમો છો ને !' મેં સામે મક્કમ થઈ પ્રત્યુત્તર આપ્યો. 'હારીશ તો આગળ નહીં રમું.' અને હું એ ટોળાના એક છેડે હથેળી નીચે ઉઘડનારા વાઘ કે કાંટા તરફ નજર રાખીને બેસી ગયો.

પેલા છોકરાએ હથેળી ઊપાડી લીધી. રાણીની છાપ ઉઘડી. મેં પૈસો રાણીની છાપ માટે જ મુકેલો. અને મને એક પૈસામાંથી કુલ ચાર પૈસા પાછા મલ્યા. મને આ રમત ગમી ગઈ. મને થયું કે અડધો કલાક રમી નાખીશ તો એક મહીના સુધી બીડીઓના પૈસા ભેગા કરવાનો વિકટ પ્રશ્ન ઊકલી જશે.

અને નવા દાવમાં મેં ચારેય સિક્કા મૂકી દીધા. દાવ ચાલુ થયો. પેલા છોકરાએ સિક્કાને ફેરવ્યો, ઘુમાવ્યો અને નીચે નાખ્યો. સિક્કો ગોળ ગોળ ઘૂમવા માંડ્યો. મેં જાહેર કર્યું કે મારા ચાર પૈસા કાંટા ઉપર અને એણે હથેળી દાબી. થોડી વાર સુધી બધા મિત્રો વિચાર કરી કરી સિક્કા મૂકવા માંડ્યા. પછી હથેળી ઊપાડી લેવાતાં મેં જોયું કે ઉપર રાણીની છાપ હતી. અને મારા ચારેય પૈસા હું હારી ગયો.

તે દિવસથી મને રાણી તરફ નફરત જાગી ગઈ. હું વીલા મોંએ ઓટલાનાં પગથિયાં ઊતરીને ઘર તરફ ચાલ્યો.

પરંતુ ચાર પૈસાની ખોટ મને સાલવા લાગી. હિંમત કરીને ઘરમાંથી એક આનો મેળવ્યો. અને તેને એક દુકાન ઊપર વટાવ્યો. તેમાંથી ચાર પૈસા મેળવ્યા અને નક્કી કર્યું કે આ ચાર પૈસાની મદદથી આગલા દિવસે જે ચાર પૈસા હાર્યો છું તે પાછા મેળવવા. પણ તે દિવસની રમતમાં વળી બીજા ચાર પૈસા મૂકીને આવ્યો. આમને આમ હું હારેલા પૈસા મેળવવા પ્રયત્ન કરતો ગયો અને વધુને વધુ પૈસા હારતો ગયો.

પણ આ રમતમાં મારે બીડીઓ માટે જે પૈસા જોઈતા હતા તેના કરતાં વધુ પૈસા મેળવવા પ્રયત્ન કરવો પડતો અને તેને માટે હું ઘરમાં ચોરી કરવા

લાગ્યો. બાપાના ખિસ્સામાંથી, ભાઈના લેંઘામાંથી કે બાના ડબ્બામાંથી ચપોચપ પૈસા ઉપડવા લાગ્યા અને આમ એકાએક નાણાંની ઉચાપતથી ઘરમાં હોબાળો મચી ગયો. બા મોટાભાઈ અને બાપા - બધાં જ બુમો પાડવા લાગ્યાં અને એક દિવસે બાના ડબ્બામાંથી પૈસા કાઢતાં મને મારી નાની બેન જોઈ ગઈ. હું પકડાઈ ગયો.

મને મારી બેને બાવડેથી પકડેલો અને બહાર પરસાળમાં બધાની વચ્ચે લાવવામાં આવ્યો. મારા બાપા મારી સામે જોઈ જ રહ્યા અને હું તેમની સામે જોઈ રહ્યો. મને ખૂબ ડર લાગવા લાગ્યો. મને થતું હતું કે હમણાં બીજા મિત્રોની માફક મારે પણ બાપાના હાથનો સખ્ત માર ખાવો પડશે. એટલી વારમાં મારી બા પણ આવી. મારી નાની બેને આખીય વાત ફરીથી મારી બાને કહી સંભળાવી. બીજા બે ત્રણ સંબંધીઓ પણ આવી પહોંચ્યા અને દરેક માણસના આગમન સાથે મારી નાની બેન એ વાત વધુ એકવાર બધાને વિગતે કહી સંભળાવવા લાગી.

પણ મારા પિતાજીએ મોં માંથી એક અક્ષર ન કાઢ્યો. મને થતું હતું કે મને કેવી શિક્ષા થશે ?

'જીવરામ, આ છોકરાને હવે કાંઈક ધંધે વળગાડો' એક મિત્ર સંબંધીએ સલાહ આપી.

'એને હવે જવાબદારીમાં જોતરવો પડશે.' મારી બા એ પણ એ વાતને ટેકો પૂરાવ્યો.

'સોમા, આ વખતે રાંધવા જાઓ એટલે ડાયા ને પણ સાથે લઈ જજો' મારા બાપાએ હુકમનામું જાહેર કર્યું. પછી મારી તરફ વળ્યા 'ભાઈ, તારે પૈસા જોઈએ તો મારી પાસેથી લઈ જજે પણ આવું ફરીથી ના કરતો.'

'સારું' કહી મેં મારું માથું નીચે નમાવ્યું. પછી જાણે કાંઈજ બન્યું ન હોય તેમ મારા પિતાજીએ પગમાં જોડા પહેર્યાં અને ઘરની બહાર નીકળી ગયા. મારી બા મારી પાસે બેઠી અને મારા ચહેરા ઉપર એણે હાથ ફેરવ્યો.

ઘણા વરસે મેં માનો આવો પ્રેમાળ હાથ મારા ચહેરા ઉપર ફરતો અનુભવ્યો. અને તે પછી કદીય નથી અનુભવ્યો.

'મારા લાલને હવે પરણાવી દઉં.' આવું કાંઈક મારી બા બબડી અને પછી ઉઠીને ઘરમાં કામે વળગી. મોટાભાઈ ખેતરમાં જવા નીકળ્યા અને બેન ક્યાંક સખીઓ સાથે છૂમંતર થઈ ગઈ.

અને હું ખાટલા ઊપર એકલો અટુલો બેસી રહ્યો. મારા મનમાં અનેક વિચારો આવવા લાગ્યા. હવે રાંધવા જવું પડશે. ચુલાની સખ્ત ગરમી વચ્ચે કામ કરવું પડશે. મોટાં મોટાં તપેલાં ઊંચા નીચાં કરવાં પડશે. મોટા થાળ ભરીને પડેલા ચુરમામાંથી લાડવા વાળવા પડશે. લાંબા તાવેતા વડે દાળ, શાક હલાવવાં પડશે. મેં મારી જાતને તે કામો કરતી કલ્પી લીધી. મેં નાનકડું પોતિયું વીંટ્યું છે અને ડિલ ઊઘાડું છે. પરસેવાથી જનોઈ કાળી પડી ગઈ છે અને કપાળમાંથી પરસેવાના રેલા ઉતરે છે અને હું બે ત્રણ ચુલાઓની ગરમી વચ્ચે કામ કરું છું. ત્યારે બાજુમાં બાંધેલા ચાદરાના છાંયડે કેટલાક વડીલો બેસીને બીડીઓ ફુંકે છે. મને પણ બીડી ચેતાવવાની તલપ લાગે છે. પણ વડીલો સામે કેવી રીતે પીવાય ? તેથી વિચારું છું કે આ બધું મૂકીને થોડી વાર બહાર જઈ આવું. આમ વિચારીને હાથ મોં ધોવા વળુ છું. ત્યાં વડીલોની હાક વાગે છે, હુકમ વછૂટે છે અને મારે પાછા વળવું પડે છે. અને હું આમાં જબરજસ્ત રીતે ફસાયો હોઉં તેવો અનુભવ કરું છું.

મને રસોઈ કરવા જવું પડશે ત્યારે તો આમ બનશે એમ વિચારી લીધું. પરંતુ મારી બા પણ મને કાંઈક કહીને ગયેલી. તે મને પરણાવી દેવા માગે છે. મારે પરણવાનું થશે. મારા મોટાભાઈનાં લગન થઈ ગયાં. એમની સાથે ભાભી અહીં આવેલાં. નાની છોકરીઓને ગામમાં રખડતી તો રોજ જોઉ છું. પણ કોઈક છોકરી સાલ્લો પહેરીને માથે ઓઢીને આપણી પાછળ પાછળ ઘરમાં આવે તે કેવો વિચિત્ર અનુભવ હશે, તેના વિચારે હું ચઢી ગયો.

હું સ્વપ્નોમાં સરી પડ્યો, જે સ્વપ્નો મારાં કદીય પૂરાં ન થયાં.

મેં મારા મનથી નક્કી કર્યું કે મારી વહુ આવશે એટલે એને મારી સાથે કેમ વર્તવું તે હું નક્કી કરી આપીશ. નવું નકોર ધોતિયું હું પહેરીશ. કડકડતી પાટલી વાળીશ અને માથે સફેદ ટોપી સહેજ વાંકી મૂકીશ. નવો ઝભ્ભો પહેરીશ અને એને પણ શોભે એવી નવલી સાડી પહેરાવીશ. ગામમાંથી બહાર નીકળીએ ત્યાં સુધી તો એને માથે ઓઢવું પડશે પણ પછી માથાનો છેડો ઊંચો કરાવડાવી

દઈશ. આગળ આગળ હું નીકળી જઈશ અને ગામને છેડે વડલાના થડના ટેકે હું ઊભો રહીશ. થોડી વારમાં જ મારી વહુ મને પહોંચી જશે. અને અમે શહેરમાં જઈશું. તેને માટે બંગડીઓ અને પાટલા ખરીદી આપીશ. પછી અમે બંને નાટક જોવા જઈશું. પાસે પાસે બેસીને નાટક જોઈશું.

મારી બા એ મને કદી ઊઠાડ્યો નથી. હું મારી વહુને કહીશ કે તે દરરોજ મને કપાળ ઊપર હાથ ફેરવી દરરોજ ઊઠાડે. મારે માટે દાતણ તથા પાણીનો લોટો મારી પાસે લાવીને મૂકે. હું દાતણ કરી લઉ ત્યાં સુધીમાં તે ચા બનાવી દે. અને મારી ચા લઈને મારા ખાટલા પાસે આવે. મારે માટે નહાવા પાણી ગરમ મૂકે અને પાણી કાઢી આપે. બહાર આંગણામાં ડોલ મૂકી આપે. હું નાહી રહું અને ઘરમાં આવું એટલે મારા કપડાં આપે. મારાં કપડાંનાં બટન બરાબર લગાવેલાં છે કે નહીં તેની દરકાર રાખે.

પછી હું પૂજા કરવા બેસીશ. તે ઘી ગરમ કરી લાવશે. અને દિવેટો બનાવી આપશે. હું પૂજા કરી રહીશ એટલી વારમાં તે કપડાં ધોઈ નાખશે. પછી હું તેને મને ભાવતી વાનગીઓ બનાવવાનું કહી ગામમાં જઈશ. મારા મિત્રો પાસે ગપાટા મારી હું ઘરે આવીશ. એટલે મારી વહુ થાળી પીરસશે. હું જમતો હોઈશ ત્યારે તે મને વાયરો વીંઝશે. હું જમી રહીશ અને બહાર જઈ ખાટલામાં આડો પડીશ. મારી વહુ વાસણ ધોઈને મારી પાસે આવશે. અમે બંને એકલાં એકલાં બેસીને ખૂબ ખૂબ વાતો કરીશું.

પછી હું ગામમાં એકલો આંટો લગાવવા નીકળીશ. બે ત્રણ સંબંધીઓના ઘેર જઈને બેસીશ. સાંજે ઘેર આવીશ ત્યારે રસોઈ તૈયાર હશે. હું જમી લઈશ અને પછી મોટાભાઈ અને ભાભી જેમ સુવા જતાં રહે છે તેમ અમે પણ પાછલા ખંડમાં સૂવા જઈશું.

પણ પછી ઘર ચલાવવા પૈસા જોઈશે. અને સિક્કાની રમતમાં તો જીત ને બદલે હાર મળે છે તેથી રસોઈ કરવા જવું પડશે. તેમાં હાર નથી મળતી. તેમાં તો સાંજ પડયે રૂપિયો કમાવવાનો છે. અને ખેતરમાં જઈને પણ ધ્યાન આપવું પડશે. કાંઈક ઉગશે તો વેચીને રૂપિયા લવાશે. બળદોને સાચવવા પડશે, નહીંતર ખેતી શાનાથી કરીશું ? ભેંસોની સાચવણી તો મારી વહુ કરશે, હવેથી ભાઈ સાથે નિયમિત રાંધવા જઈશ. અને બધું શીખી લઈશ. પણ પોતાની જાતે

અલગ જગાએ એકલો રાંધવા જઈશ. કાલથી સવારે દરરોજ ખેતરમાં જઈશ. મજૂરોને આશરે બધુંય છોડ્યું છે, હવે જાતે દેખરેખ રાખવી પડશે. પૈસા હશે તો બાયડી સાથે લીલાલહેર કરાશે. તેથી કમાવું તો પડશે જ !

ખેતરમાં મારે તો દરરોજ વહેલા જવું પડશે. બળદોની જોડી સાથે નીકળીશ અને બપોરે રાંધી ને મારી વહુ ભાત લઈને ખેતરમાં આવશે. અમે બે સાથે બેસીને ખેતરમાં ખાઈશું. વાતો કરતાં કરતાં બધું કામ કરતાં જઈશું. સાંજે તે ઘાસ વાઢી ભારો કરીને માથે ઊંચકીને ઘરે વહેલી આવતી રહેશે. અને હું બાકીનું કામ પતાવીને મોડે ઘેર આવીશ. ખૂબ કામ કરીશું, ખૂબ પૈસા કમાઈશું અને પછી શહેરમાં બંને જણાં ફરવા જઈશું. તેના માટે સરસ સાલ્લો ખરીદી લાવીશું.

આમને આમ બાર મહીના વીતી જશે. આ આવડા મોટા ગામમાં વરસે દા'ડે દસ પંદર લગન તો થતાં જ હોય છે જ અને એ પરણેલાં ને ત્યાં બાર મહીના થતાં થતાં તો છોકરુંય આવે છે. મારે ઘેર પણ છોકરો થશે. દેખાવમાં એની મા જેવો થશે અને તોફાની મારા જેવો. મારાં બા અને બાપા એ નાનકડા છોકરાને રમાડવામાં જ આખો દા'ડો કાઢી નાખશે.

અને હું આમ વિચારોમાં ખોવાયેલો હતો એટલામાં જ મારી બેન દોડતી આવીને પાછળથી મારા ગળે વળગી પડી.

''ભાઈ તમારા લગનનું નક્કી થઈ ગયું. મારી નાની નાની ભાભી આવશે. મને એની જોડે વાતો કરવા દેશોને ?,''

હું હેબતાઈ ગયો. તેની સામે જ જોઈ રહ્યો. પછી હળવેકથી મારા ગળે વળગાડેલા તેના હાથ મેં વછોડ્યા અને હાથ વછૂટતાં તેના હાથમાં પહેરેલી બંગડીઓએ અવાજ કર્યો. મને તેમાં મારી પત્નીની બંગડીઓનો ખનકાર સંભળાયો. હું કાંઈક ગંભીર બની ગયો.

'શું બાઘાની માફક મારી સામે જોઈ રહ્યા છો ? મારી વાત ના માનતા હોવ તો પૂછો જઈને બાને.' અને એણે ઘરમાં બેઠેલી બા તરફ આંગળી કરી.

મેં ઘરમાં નજર કરી. મારી બાના હાથમાં છીંકણીની દાબડી હતી. સામે બે પુરુષો અને એક સ્ત્રી બેઠેલાં હતાં અને હળવે હળવે હસી-મજાક સાથે વાતો

થતી હતી. ઘડીક કાન દઈ રાખ્યા. મારા લગનની જ વાત થતી હતી.

એટલી વારમાં મારી બા એ મારી સામે જોયું અને પછી બૂમ પાડી.

'ડાયા, અહીં આવ. જો આ મામા આવ્યા છે.' અને હું ઊઠીને ઘરમાં ગયો. બાની પાસે નીચે બેસી ગયો.

'જોયોને આ મારો નાનો છે ને કેલૈયા કુંવર જેવો !' આમ હોંશિયાર. હમણાં હમણાં તો રાંધવાયે જાય છે. એની કોઈ વાતની ફરિયાદ નહીં. એની મેળે એનું કામ પતાવી દે. એનો કજિયો નહીં, કંકાશ નહીં' અને આમ મારી બા યે ખાસ્સી વાર સુધી મારાં વખાણ કર્યાં.

મારી બાનાં વાક્યો સાંભળતો ગયો ને મારી જાતને તેની સાથે સરખાવતો ગયો. હું ચોર, બીડી પીવાની લત વાળો, વ્યસની, રખડેલ અને અભણ છોકરો અને મારી બા મારાં કેવાં વખાણ કરે છે ? અને મેં નક્કી કર્યું કે પછીથી એકદમ સુધરી જવું. કોઈ મને જોઈ જાય તો શું કહે ? મારી બા જે બોલે છે તે બધું જુઠ્ઠું પડે. અને મારી બાની પણ શું આબરું રહે ?

પછી તો આડી અવળી ઘણી વાતો થઈ. મારા બાપાને મળવાનું નક્કી થયું. લેવડ દેવડની વાતોયે થઈ. પાંચ હજાર રૂપિયા રોકડા આપવાનું નક્કી થયું. છોકરો પરણશે એટલે એને જુદું આપવાની પણ વાત થઈ.

એ વખતના સમયમાં અમારી જ્ઞાતિમાં કન્યાઓનો કાળ હતો. તેથી છોકરીનો બાપ ગામમાં આવે એટલે ઘણા મુરબ્બીઓ એને ખેંચી જતા પોતાના ઘરે અને પોતાના છોકરા બતાવતા. તેની તમામ શરતો મંજુર રાખતા અને સંબંધ પોતાના ઘરે જ કરવા સમજાવતા.

લગભગ બધી વાતચીત નક્કી થઈ ગઈ. મારા બાપા ઘેર આવે એટલે મળી લેવું બાકી રહ્યું અને મારી બા જાણે આમ મોટી સિદ્ધિ હાંસલ કરી ચૂકી હોય તેમ ખુશ ખુશાલ દેખાતી હતી. અને છોકરીની તો ચિંતા હતી જ નહીં. બે છોકરાઓને પરણાવવાનો ભાર હતો. તેમાં મોટાભાઈનાં લગ્ન તો થઈ ગયાં તેથી મારી ચિંતા એને રહેતી અને તે વાત પણ આજે આમ આટલી સહેલી રીતે પતી જતી જોઈને તે ખુશ થાય તે સ્વભાવિક હતું. હું પણ અંદર અંદરથી ખૂબ

ખુશ થઈ ગયેલો. પછી તો હું ખૂબ શાંત છોકરો હોઉં તેમ હાલ્યા ચાલ્યા વગર તે જગા ઉપર અડધો એક કલાક બેસી રહ્યો. મારી બાએ ચા મૂકી. અમે બધાંએ ચા પીધી અને વળી વાતો ચાલુ થઈ.

એટલી વારમાં તો અમારી બાના પક્ષેના ત્રણ-ચાર સંબંધીઓ આવી ગયેલા. મારી બેન મારા બાપાને બોલાવવા ગયેલી તે પણ બાપાને ખોળી લાવેલી અને મારા ઘરમાં મારા લગનનું નક્કી કરવા ડાયરો જામ્યો. આ ટોળીમાં મને મારી હાજરી અર્થ વગરની હવે લાગવા લાગી. તેથી ત્યાંથી બહાર નીકળ્યો. બીજો કોઈ દિવસ હોત તો ઘરમાંથી બહાર નીકળી એકી દોટે ફળિયા બહાર નીકળી જાત, પણ આજે મેં એવું ન કર્યું. બાજુના ગોખલામાંથી જોડા ઊતાર્યા. હળવેક રહીને પહેર્યાં અને હું ધીરે ધીરે ચાલતો ફળિયા બહાર નીકળ્યો.

ક્યાં જવું તે નક્કી ન કરી શક્યો. હવે મારે રખડેલ નહોતું દેખાવાનું તેથી મિત્રમંડળને શોધવા જવા પગ ન ઊપડ્યા. ઘણીવાર હાર ખાધેલી તેથી સિક્કાની રમત તરફ જવા પણ ન નીકળ્યો. દૂકાનેથી બીડી ખરીદીને પીવાનો વિચાર આવ્યો. પણ કોઈક જોઈ જશે તો આબરૂ જાય અને લગનની વાતમાં વિઘ્ન આવે તે ગણતરીથી બીડી ખરીદવા પણ ન ગયો. અને ક્યાં જવું તેમ વિચારતો વિચારતો હું ધીરે ડગલે આગળ વધવા લાગ્યો.

હું મહાદેવના મંદિર આગળથી પસાર થતો હતો અને વિચાર વમળ તૂટ્યું. ભગવાનનાં દર્શન કરતા જવાની ઇચ્છા થી હું મંદિરમાં પ્રવેશ્યો. મહાદેવના લીંગ ઉપર બે ત્રણ બિલીપત્રો હતાં અને ઉપર કરેણનાં બેત્રણ પીળાં ફૂલ હતાં. સામે પાર્વતિજીનો ફોટો હતો. નાનકડી મૂર્તિને સાડી વીંટાળેલી. ''મારી પત્ની પણ આવી જ દેખાશે.'' એક વિચાર આવી ગયો. તુરતજ આવો વિચાર પાર્વતિજી સામે મંદિરમાં ન શોભે તેમ ગણી મનમાંથી કાઢી નાખ્યો. બે હાથ જોડી શિવ લિંગને નમન કર્યું. લગન હેમખેમ પૂરું થાય તેમ માગ્યું. ખૂબ ધીરગંભીર મોં કરીને હું પાછો વળ્યો. મંદિરની ઓરડીમાંથી બહાર ખુલ્લા વરંડામાં આવ્યો. ઓરડીને ફરતે પ્રદક્ષિણા કરી અને પછી મંદિરના મુખ્ય દરવાજા તરફ બહાર નીકળવા વળ્યો.

ત્યાં કોઈ છોકરીનો ખડખડાટ હસવાનો અવાજ આવ્યો. મેં પાછું વળીને જોયું. એક મારી ઉંમરની છોકરી મારી સામે જોઈને ખડખડાટ હસતી હતી. હું કાંઈ પણ બોલ્યા વગર તેની સામે જોઈને ઊભો રહ્યો. થોડી વારે તેણે પણ હસવાનું બંધ કર્યું. પછી છોભીલી પડી ગઈ, શરમાઈ ગઈ અને બાજુની ઓરડીમાં દોડતી સંતાઈ ગઈ. થોડી વાર હું જોઈ રહ્યો અને મંદિરની બહાર નીકળી ગયો.

એકલો એકલો ગામમાં ફરવા લાગ્યો. પેલા ઓટલા પાસેથી પસાર થયો. ખિસ્સામાં હાથ નાખ્યો. બે પૈસા હતા. પણ હવે લગન કરવાનું છે. રૂપિયા પાંચ હજાર જોઈશે, એ ગણતરીને ધ્યાનમાં લીધી. બે પૈસા ખોવા એ હવે પોસાય તેમ નહોતું. તેથી મન  મક્કમ કરી આગળ વધ્યો.

'અલ્યા પંડ્યા, કેમ આજે નથી રમવું ?' એક મિત્રએ પાછળથી બૂમ મારી. પણ પાછળ જોયા વગર કે કાંઈ બોલ્યા વગર આગળ ને આગળ મક્કમ અને ધીમી ગતિએ પગલાં માંડતો રહ્યો. ગામનો છેડો આવ્યો. હું ખેતરો તરફ વળ્યો. છેક અમારા ખેતર સુધી જઈ આવ્યો. ઊભો પાક લહેરાતો હું જોઈ રહ્યો. કોસથી પાણી કાઢતા મારા બળદોની જોડને હું નિરખી રહ્યો. મારા હાથીને (સાથી) કોસ ખેંચતા ખેંચતા ગીતો લલકારતો હું સાંભળી રહ્યો. થોડુંક ઊભો રહીને હું ઘર તરફ પાછો વળ્યો. ખૂબ ધીમી ગતિએ અને ગંભીર ચહેરે હું ઘરમાં પેઠો.

સુરજ આથમવાની અણી ઊપર હતો. ઘરમાં મારી બા બેઠી હતી. એનો ચહેરો ગમગીન દેખાતો હતો. મારા બાપા ઘરમાં ખાટલો પાથરી બેઠા હતા. બાજુમાં ચાનાં કપ-રકાબી ધોયા વગરનાં પડ્યાં હતાં. કપ રકાબીની સંખ્યા ઉપરથી લાગતું હતું કે આજે ઘણા મહેમાનો ઘેર આવ્યા હશે. બાપા પણ કાંઈ પણ બોલ્યા ચાલ્યા વગર ગંભીર ચહેરે, બે પગ ઊંચા કરી, ઘુંટણો ઉપર બે હાથ ફેલાવીને આંગળાં બાંધી, તેની ઊપર પોતાનું મસ્તક ટેકવી, ખાટલા ઉપર બેઠા હતા. હું ઘરમાં ગયો પણ આ પરિસ્થિતિમાં મારા આગમનની કોઈયે નોંધ ન લીધી. હું બોલ્યા ચાલ્યા વગર બહાર પરસાળમાં આવ્યો અને ઢાળેલ ખાટલાની પાંજઠના એક ખૂણે બેસી ગયો. મને પણ લાગ્યું કે કાંઈક અજુગતું બન્યું છે.

આ અજુગતું શું બન્યું હશે તે જાણવાની મારી ઈંતેજારી વધવા લાગી. આજે બપોરે મારી બાએ મહેમાનો આગળ જે રીતે મારાં વખાણ કરેલાં તેને લીધે

મને મારી બા માટે ખૂબ મમતા જાગેલી. તેથી વિચારતો હતો કે ઘરમાં જઈને બાને પૂછું. હવે તો હું મોટો થયો છું. એમની મુશ્કેલીમાં કાંઈક કામ પણ આવી શકું અને આમ ગણતરી કરી ખાટલામાંથી ઊભો થવા જતો હતો ત્યાં જ મારી બાનો અવાજ સંભળાયો,

'તમારું તે કાંઈ ઠેકાણું છે ? મેં બધું નક્કી કર્યું અને તમે બધું રોળી વાળ્યું.'

'પણ તુંય સમજતી નથી. હાલ ક્યાંથી પાંચ હજાર રૂપિયાની સગવડ કરવી ? અને ડાયો કાંઈ કમાતો પણ નથી. દેવું કરીને પણ ક્યાંથી ભરવું ?'

'એ તો બધું વખત આવે પતી જાત પણ હાથમાં આવેલી કન્યા જતી રહીને.'

મને ધ્રાસકો પડ્યો. નક્કી કાંઈક લગનની વાતમાં જ બગડ્યું છે મેં આગળ સાંભળવા કાન માંડ્યા.

'એમાં તો તારા આ સંબંધીઓનો જ વાંક છે. મેં તારાં બે-ત્રણ સગલાંને પૂછી જોયું કે પૈસાની ગોઠવણ કરી આપો અને કમાઈ કમાઈને ભરી દઈશું.ત્યારે બધાયે વાંકા ફાટ્યા. ડાયલો રખડેલ છે એ કોણ નથી જાણતું ? એ ક્યાંથી કમાવાનો છે ? એનો કમાવાનો કાંઈ ચાળો જ ક્યાં દેખાય છે ? ઘરના ઉઠીને ભરોસો ના કરે તો પારકા તો થોડા ઘરે આપવા આવવાના છે ? અને એમ ભીખ માગવાય થોડું નીકળાશે ? આ તો સાસરીમાં આવીને પડ્યો છું. બધા ફેરવે તેમ ફરવાનું.'

'હા, તમારા કુટુંબીઓ પાસે જઈને લઈ આવો. એ કેટલું બંધાવી આપશે તે હું પણ જોવું ને ?' અને મારી બા તાડૂકી 'મારાં સગાંથી તો તમારું ઘર ચાલે છે. નહીંતર અહીં તમને કે તમારાં છોકરાંને કોણ ઓળખે છે ? મારાં સગાં તમારા ભલા માટે રાત દિવસ એક કરે છે અને તમે એમને દુશ્મન જેવા ગણો છો. મારાં સગાં જ ગાંડાં છે તે તમારી પાછળ ફના થાય છે. જાઓ તમારા છોકરાને પરણાવવાનો હોય તો પરણાવો. એમને બિચારાંને શું ?'

'જો તું એમ અવળું ના લે. મારા કુટુંબીઓનો સાથ તો મેં પહેલેથી છોડી દીધો છે. અને હું કાંઈ તારા સગાંને ગાળો દેતો નથી. પણ મને એમ લાગે છે

કે આ છોકરી તારાં સગાં એમના ઘરેમાં લઈ જવા માગે છે. તેથી ડાયલાની વાતોમાં એ કદી સાથ નહીં આપે.'

'હા, હા. તેમને સાતે પેઢીએ નખોદ જાય છે કે ભાણેજિયાને ભૂલીને છોડી લઈ જશે એમ કે'વુ છે તમારું ?' તમારી જાત જ ઊંધી છે, સવળું કદી વિચાર્યું છે ?''

'તુંય ગાંડી છે. આ દુનિયામાં સ્વાર્થ આગળ કોઈ બેન કે ભાણીયાં નથી રહેતાં. જોયું નહીં, તારી સામે જ તારાં સગાં તારે ઘરેથી મહેમાનને ઉઠાડીને એમના ઘેર લઈ ગયા કે નહીં ?'

'એ તો ડાયલાની વાત જ કરવાનાં.'

'તો ડાયલા ની વાત આપણે ઘેર ન થાત ?'

'તમને દરેક વાતમાં ખાંચા કાઢતાં આવડે છે. મન જ તમારું વહેમીલું છે. રૂપિયા કાઢવા નથી ને છોકરો પરણાવવો છે તે એમતો ક્યાંથી બને ?'

'છોડીનું સાટુ મલી જાય તો ડાયલો પણ પરણે અને પૈસા પણ ન જોઈએ. બોલ, તારાં સગાં એટલું કરશે ?'

'વાહ, તમેય ખરા છો ? એમના છોકરા નથી ? એમના છોકરા મૂકીને તમારા છૈયા સારું એ સાટું આપશે ?'

'તો પછી પૈસાની ગોઠવણ કરવામાં તો એમણે મોં આડું ફેરવ્યું ?'

'ભોગ તમારા'

'હા, ભોગ અમારા જ અને અમારાં છોકરાં ના. કારણ કે અમે અમારું કુટુંબ અને વતન છોડી ને તારી પછવાડે તારા પિયરમાં આવ્યાં.'

'હા, જે કહેવાનું હોય તે કહો, મારા પિયરને અને પિયરિયાંને વગોવો. જાઓ, તમારા ગામમાં જાઓ, કોણે રોકી રાખ્યા છે તમને ? અને ત્યાં જઈને તમારા છોકરાને પરણાવી આવો. ત્યાં તો મારાં સગાં વચ્ચે નહીં આવેને ?'

મારા બાપા એ જોયું કે આ વાત નો અંત નહી આવે તેથી કંટાળીને ઊભા થયા, જોડા પહેર્યા અને ઘરની બહાર નીકળ્યા. ત્યાંતો સામેથી અમારા એક સંબંધી હરખાતા હરખાતા આવ્યા.

'જીવરામ, પેલા મહેમાન હમણાં તમારે ત્યાં આવેલાને એમણે ફલાણાભાઈના ઘેર નક્કી કર્યું અને ગોળ ધાણા પણ વહેચ્યા.' અને પછી ફકફક કરીને બાપાની સામે જોઈને હસવા લાગ્યા. મારા બાપા કાંઈ પણ બોલ્યા વગર ફળિયા બહાર નીકળી ગયા.

હું મારી જાતને ખાટલા સાથે ચોંટી ગયેલી અનુભવવા લાગ્યો. મારું માથું જાણે ધડથી જુદું પડીને ખૂબ ઊંચે ઊંચકાઈ ચક્કર મારવા લાગ્યું. મેં ઊંચેથી નીચે મારા ઘરમાં મારી બાને કલેશ કરતી જોઈ અને મેં મારી આંખો મીંચી દીધી. મારાં તમામ સ્વપ્ન ભાંગીને ભૂક્કો થઈ ગયાં. મારી વહુ મારા ઘરમાં આવી શકી નહી. મારી પાસે રૂપિયા પાંચ હજાર નહોતા. મારી વહુ મારે આંગણેથી પાછી ફરી કારણ કે રખડેલ છું, મારામાં કમાવવાની વૃત્તિ નથી, એવી બહાર છાપ છે અને મને આ બે વાતો જ યાદ રહી.

મારા પગ આપમેળે ઉપડ્યા. ધીરે ધીરે આગળને આગળ ચાલવા લાગ્યા. એ મહાદેવનું મંદિર ફરીથી આવ્યું. હું મંદિરમાં વળ્યો. એ જ શિવલિંગ, બિલિપત્રો, - ફુલ અને પાર્વતિજીની મૂર્તિ ! ક્યાંય કશોજ ફરક નહીં. હું હળવે હળવે ધ્રુસ્કાં લેતો રડવા લાગ્યો. મારી આંખમાંથી આંસુ મંદિરના ગર્ભદ્વારના પગથાર ઉપર પડવા લાગ્યાં. થોડુંક રડ્યો તેથી મન હળવું થયું. પહેરણથી આંખો લુછી અને પાછો વળ્યો. અંધારું થઈ ગયું હતું તેથી જલદી ઘેર પહોંચવાની ઉતાવળ હતી. હજી આંખમાં પાણી હતું, તેથી સ્પષ્ટ દેખાતું ન હોતું. એક હાથે પહેરણથી આંખ સાફ કરતો કરતો બહાર નીકળતો હતો ત્યાંજ મંદિરમાંથી બહાર નીકળતાં જ હું ભટકાઈ પડ્યો.

એજ છોકરી કે જે સાંજે મારી સામે જોઈને ખડખડ હસતી હતી તે. હા, તે જ આ છોકરી. મેં મારી જાતને સંભાળી લીધી. એણે મારી લાલ આંખ જોઈ મારા પહેરણ ઉપર પડેલા આંસુના ડાઘ જોયા. હું નીચે મુંડીએ તેની બે ત્રણ ગાળો સાંભળી લેવાની તૈયારી સાથે ત્યાં ઊભો હતો

'કેમ રડે છે ?'

'ના હું, રડતો નથી.' મે પહેરણથી ફરી એક વાર મારી આંખો સાફ કરી.

'કાંઈ ખોવાઈ ગયું છે ? સાંજે આવેલો ત્યારે તો મોટા મહાત્મા જેટલો ગંભીર લાગતો હતો. અત્યારે ફરીથી આવ્યો. તે કાંઈ ખોવાઈ ગયું છે ? તારાં મા-બાપે ધમકાવ્યો હશે'

હું કાંઈપણ બોલ્યા ચાલ્યા વગર ઊભો રહ્યો.

'સારું, તું જા. સવારે હું મંદિરની ઓરડી સાફ કરતાં જોઈ લઈશ. કાંઈ મલશે તો તને આપી જઈશ. પણ કહે તો ખરો કે શું ખોવાઈ ગયું છે ?'

'મારી વહુ ખોવાઈ ગઈ છે.' એટલું બોલીને પાછળ જોયા વગર હું સડસડાટ મંદિરની બહાર નીકળી ગયો. મને થતું હતું કે હું હમણાં એ છોકરી આગળ રડી પડીશ.

• • •

ભાઈ એ છોકરી તે બીજી કોઈ નહીં પણ આ ઓરડીમાં બેઠેલી ડોશી. બસ, તે દિવસથી અમારી ઓળખાણ થઈ. અને એણે આ જ સુધી મારો સાથ નિભાવ્યો છે. બધાંએ સ્વાર્થ જોયો, મને વગોવ્યો અને પછી તરછોડી દીધો પણ આમને તરછોડ્યો નથી તે તો સાચું જ સાચું !

અને વડીલ થોડુંક થોભ્યા. ખૂબ અંધારું થઈ ગયેલું હું વડીલની વાત સાંભળવામાં એટલો તલ્લીન થઈ ગયેલો કે મને પણ સમયનું ભાન ન રહ્યું.

'તો વડીલ, હું જમી આવું. પછી બેસીએ' એમ કહીને હું મારા સંબંધીને ત્યાં જમવા નીકળ્યો.

• • •

# 7. 'અમારો સમાજ'

બિલાડાં, કૂતરાં, બ્રાહ્મણો, દરજી, સુતાર અને સોની આ છ જાતિઓ માટે એવી કહેવત છે કે તેઓ કદી સંપીને રહી શકતાં નથી. બે બિલાડાં ભેગાં થાય એટલે ઝઘડે જ ઝઘડે કૂતરાંનો સંઘ કાશી સુધી કદી પહોંચે નહીં. એમ જ બ્રાહ્મણો કુસંપ માટે જાણીતા છે.

હજારો વર્ષ પૂર્વે બ્રાહ્મણો વિદ્વાન ગણાતા. શાસ્ત્રો અને વેદોના અભ્યાસીઓ આ જગતને રાહ ચીંધતા. રાજાઓ ન્યાય અને રાજકારણમાં બ્રાહ્મણોની સલાહ લેતા અને આ બ્રાહ્મણો તત્કાલિન સમાજને અનુરૂપ વિદ્યાઓના જ્ઞાનનો પ્રવાહ નવી પેઢી મારફતે સમાજમાં વહેવડાવતા. આ બ્રાહ્મણો અનેક વિષયોનું અધ્યાપન કરતા. નીતીશાસ્ત્ર કે રાજયનીતિની વાત હોય કે વેદ અને ઉપનિષદોનું ગૂઢ રહસ્ય હોય, તત્ત્વ ચિંતનની કંડિકાઓ હોય કે શાસ્ત્રોનું જ્ઞાન હોય, આ બ્રાહ્મણો હંમેશાં આગળ રહેતા. તેમની આ વિદ્યાઓની સુક્ષ્મ અસરો આ જગત ઉપર વેરતા અને માનવ જીવન વહેતું. માત્ર રાજાને જ નહીં પણ પ્રજાને પણ આ અંગે જરૂરી માર્ગદર્શન તથા જીવન નીતિનું જ્ઞાન આપતા. આ બ્રાહ્મણો પોતાની વિદ્યાના બળે રાજા અને પ્રજા એમ બંને ક્ષેત્રે પોતાની પક્કડ રાખતા. ધર્મ અને શાંતિના તેઓ પ્રણેતાઓ ગણાતા. આવા માનવીય અને વિદ્વાન બ્રાહ્મણો સામાન્ય પ્રજા અને માનવ જીવનનું હિત લક્ષ્યમાં રાખી સાધનાઓ અને યજ્ઞો કરતા અને કરાવતા. આવા તપોધન બ્રાહ્મણોને સમાજ ઋષિના માનવાચક શબ્દોથી બોલાવતા.

આમ આ બ્રાહ્મણો પોતાના સમાજની બહાર ખૂબ જ પ્રસંશા મેળવતા. પરંતુ અંદરો અંદર આ બ્રાહ્મણો વચ્ચે સતત સંઘર્ષ રહેતો. એક ઋષિનો શિષ્ય

બીજા ઋષિનો પ્રતિસ્પર્ધી ગણાતો. વિદ્વાન બ્રાહ્મણ પોતાની વિદ્યાનાં રહસ્યો અને નીચોડ બીજા બ્રાહ્મણને શીખવતાં પહેલાં હજાર વાર વિચાર કરતો. આમ વિદ્યાનાં ઉત્તમોત્તમ સર કરેલાં શિખરો જેતે વિદ્વાનના મૃત્યુની સાથે જ ધરાશાયી થઈ જતાં. આ વિદ્વાનો સંપીને પોતાની વિદ્યાની વૃદ્ધિ ન કરી શક્યા. પોતાના પ્રતિસ્પર્ધીની સાથે વાદવિવાદમાં ઉતરી, આત્મશ્લાધામાં રમમાણ રહી, પોતે જ સર્વશ્રેષ્ઠ છે એમ સાબિત કરવામાં તથા પોતાની ભૌગોલિક મર્યાદાઓમાં બીજા વિદ્વાનના વિચારોના પ્રવેશની સામે બંધ બાંધવામાં કે જે તે વિદ્વાનના પ્રવેશી ચૂકેલા વિચાર વમળોને હાંકી કાઢવામાં જ, પોતાની સર્વ શક્તિઓનો ઉપયોગ કરવા લાગ્યા. જેને લીધે વર્ષો જતાં તે વિદ્યા પણ ક્ષીણ થતી ગઈ. નવી પેઢી તેવી વિદ્યાનો વારસો મેળવી ન શકી. તેઓને માનનીય અને પૂજનીય માનનાર રાજા કે પ્રજામાં જાગૃતિ હતી જ ક્યાં કે તેમની આ વિદ્યાક્ષેત્રની ઈજારાશાહીને તોડી શકે ? પણ તેમની આવી આંતરિક અને સામાજીક બે જવાબદારીઓને કારણે, તેમની વચ્ચેના બખેડાઓને લીધે ઘણીવાર ભોક્તા રાજા કે પ્રજા બંને ત્રાસી જતાં તેમના તરફની માનની દૃષ્ટિ નષ્ટ થતી ચાલી.

સામાન્ય રીતે બ્રાહ્મણ શબ્દના ઉચ્ચારણ સાથે તેની એક વિશિષ્ટ મૂર્તિનું આલેખન કરી શકાય. લાંબી જટા હોય, દાઢી રાખી હોય અથવા ઓછામાં ઓછું લાંબી ચોટલી રાખેલ હોય, જેને છેડે કસકસીને ગાંઠ વાળેલી હોય. એનું કપાળ લાંબુ હોય, મોટા ભાગે માથે ટાલ હોય, અને એ વિશાળ કપાળમાં લાંબુ ચંદનનું તિલક કરેલું હોય. તેની આંખો મોટી, કાળી અને ઊંડી ઊતરી ગયેલી છતાં ઊંડાણ વાળી હોય. તેનો ચહેરો તેજસ્વી અને લાંબો તથા ભરાવદાર હોય. તેના ગાલ બેઠેલા હોય.તેનું નાક લાંબું હોય. ચીબુક નીચેથી પાતળી પરંતુ ગાલોને અડકતાં સ્હેજ પહોળી થતી હોય, તેનું મોં બંધ અને તેના હોઠ ચપોચપ બીડેલા હોય. કયાંક જ સ્મિત કરતા તેના દાંત ન દેખાવા જોઈએ. તેની નજર સામે જ હોય અને તેમાં દીર્ઘદ્રષ્ટિ હોવી જોઈએ. તેના સમગ્ર ચહેરાનો રંગ તપેલા તાંબા જેવો હોય. તેની ફરફર થતી શિખાની પરવા કર્યા વગર તે બ્રાહ્મણ એકનિષ્ઠ, નિર્ભય, સત્યશીલ, તેજસ્વી વ્યક્તિત્વવાળો, સહેજ ગુસ્સામાં, છતાં કોમળ હાસ્યવાળો, ધીરગંભીર છતાં રમુજી, તીવ્ર અને સત્ય વચની હોય. તેના ભાલ

પ્રદેશનું તેજ તેની પવિત્રતાની સાક્ષી પૂરતું હોવું જોઈએ. આ બ્રાહ્મણની ગરદન લાંબી અને પેટ ઉંડું ઉતરી ગયેલું. ક્ષીણ છતાં પહોળી છાતી, હાથ પાતળા છતાં લાંબા, પગ મોટા અને લાંબા, કમર પાતળી અને કદમાં ઠીક ઠીક લંબાઈ હોવી જોઈએ. તેનું માથું તેના કપાળના ભાગ કરતાં મોટું અને પાછળથી સ્હેજ નીચું હોવું જોઈએ. તેના ઉઘાડા ડીલ ઉપર લાંબી જનોઈ એ એનું મુખ્ય ચિહ્ન ગણાય. તેના શરીર ઉપર આ જનોઈ એ એકજ આભુષણ શોભે. બાકીનાં આભુષણો રાજસી ગણાતાં હોવાથી અને બ્રાહ્મણને સાત્વિક તરીકેની પ્રતિષ્ઠા મળી હોવાથી, અન્ય આભુષણો તેને માટે વર્જ્ય લેખાય. તેના પોષાકમાં ટુંકી પોતડી, પગમાં ચાખડીઓ, ખભે લાંબો ખેસ અથવા શાલ. બ્રહ્મકુમાર ભલે જલ્દી ગુસ્સે થઈ જાય પણ તેનો ગુસ્સો પણ જનહિત માટેનો હોવો જોઈએ. તે માત્ર નીતિ શાસ્ત્રોનો જાણકાર કે વાંચનાર ન હોવો જોઈએ, પણ તેનો અમલ પ્રથમ તેની જાતથી જ થવો જોઈએ. આ બ્રાહ્મણ કુંવારો - માનનીય ભાષામાં બ્રહ્મચારી અને તિરસ્કૃત ભાષામાં વાંઢો - પણ હોય શકે. અથવા પરિણીત પણ શકય છે. પરંતુ તેનું ગૃહસ્થ જીવન પણ સાદું, સંયમી અને નિષ્કલંક હોવું જોઈએ. બ્રાહ્મણ શબ્દ મૂળ બ્રહ્મ શબ્દ ઉપરથી આવેલ છે. અને બ્રહ્મ એટલે પરમાત્મા. આમ બ્રાહ્મણની પરમાત્મા સાથે નિકટતા હોવી જોઈએ. તદ્અનુસાર બ્રાહ્મણ પૂજા-ભક્તિમાં નિપૂણ હોવો જોઈએ. આ થઈ સામાન્ય સમાજની બ્રાહ્મણ માટેની એક છાપ ! અને પેઢી-દર-પેઢી બ્રાહ્મણ આ તેની છાપથી દૂરને દૂર હટતો ગયો. જેના પરિણામે જે કલ્પિત મૂર્તિ રચીને બ્રાહ્મણને સમાજ વંદન કરતો હતો તે સમાજ તેની નિંદા અને ધૃણા કરવા લાગ્યો. આમ બ્રાહ્મણ સમાજે તેનું વર્ષો જુનું સમાજનું માનનીય સ્થાન પણ ધીરે ધીરે ખોવા માંડયું. જેથી બ્રહ્મ પુત્રોને મળતાં માન સહકાર પણ ઘટતાં ગયાં. જો કે આજેય સમાજ એમ ઘણીવાર બોલતો સંભળાય છે કે, ''જવાદોને ભાઈ, બ્રાહ્મણ નો છોકરો છો.'' પરંતુ તેમાં રહેલી ભાવના કે પૂજ્યતા હવે રહી નથી.

આમ અમારા સમાજે તેનું આખાય માનવ જીવન-રાજા-પ્રજા ઉપરનું પોતાનું વર્ચસ્વ પોતાની રીત-ભાતો માં થતા ફેરફારોને લઈને ખોયું છે. જો કે આપણા સામાન્ય જીવન પ્રવાહે પણ બ્રાહ્મણ પાસે એવીને એવી જ ઉચ્ચ અપેક્ષાઓ

રાખ્યા કરી છે તથા જેતે કલ્પિત મૂર્તિને ધ્યાનમાં લઈને જ તમામ બ્રાહ્મણોને તથા તેની નવી પેઢીઓને મુલ્યાંકનના ત્રાજવામાં મૂકી છે, જે કેટલે અંશે વ્યાજબી ગણાય તે બીજો પ્રશ્ન ગણાય. હાલના તબક્કે એટલું કહી શકાય કે બ્રાહ્મણ સમાજે તેનું મહત્વ તથા વર્ચસ્વ ખોયું છે તે એક હકીકત થઈ.

આમ બ્રાહ્મણ સમાજને બહારથી મળતી મદદ અને માન મર્યાદા ઘટતાં ગયાં અને અંદર તો સંપ જેવું કાંઈ હતું જ નહીં. એક રાજાના દરબારમાં બીજો બ્રાહ્મણ આવે એટલે દરબારી પંડિતની આંખ ફાટી જ જાય. કાંતો શાસ્ત્રાર્થ અને વાદ-વિવાદ થાય, કાં તો રાજકીય ખટપટ ચાલુ થાય. અને એ બે માંથી એકજ બ્રાહ્મણ ટકે. બે જણ સાથે રહીને વિકાસ કરી જ ન શકે. બ્રાહ્મણ જ્ઞાતિમાં આ બ્રાહ્મણત્વના વિશેષ ગુણોએ સારો એવો પગદંડો જમાવ્યો છે. બ્રાહ્મણ દ્વેષી, સ્વાર્થી, લાલચું, અને ક્રોધી હોવાને લીધે તેના સમાજનો વિકાસ થઈ શકયો જ નથી. એક વાણિયો કે પટેલ અધિકારી તેના સમાજના વ્યકિત તરફ સહાનુભૂતિપૂર્વક વર્તશે તથા તેને મદદરૂપ થવા પ્રયત્ન કરશે. પરંતુ બ્રાહ્મણ અધિકારી તેની જ્ઞાતિના વ્યકિતને ઉખેડી નાખવાનો જ પ્રયત્ન કરશે. સમાજમાં એક બ્રાહ્મણ, પોતાના જ્ઞાતિબંધુ અથવા કુટુંબીજન કે પેટના જણ્યા પુત્ર, ભાઈ કે નજીકના સંબંધીના દુશ્મનને સાથ આપશે અને પરોક્ષ રીતે તેનો વિનાશ કે અધઃપતન કરાવવામાં મદદરૂપ થશે. પોતાની જ્ઞાતિના વ્યકિત કે બંધુનો વિકાસ સાંખી લેવાની તેની તૈયારી હોતી જ નથી.

આ અંગે એક લોકકથા એવી છે કે દેવો અને દાનવો વિંધ્યાચળ પર્વતને વલોણા તરીકે રાખીને સમુદ્રનું મંથન કરતા હતા ત્યારે તેમાંથી ઝેર નીકળ્યું. આ ઝેરનો સ્વીકાર કરવા કોઈ તૈયાર ન થયું. આ ઝેરમાં દુનિયાનો સર્વનાશ કરી નાખવાની શક્તિ હતી. તેથી જેના હૈયે દુનિયાનું હિત વસેલું છે તેવા મહાદેવ જ્યારે ઝેર પીતા હતા ત્યારે થોડાંક ટીપાં જમીન ઉપર પડયાં તથા કેટલીક માત્રા જે તે વાસણમાં રહી ગઈ. ભગવાન શંકરની પ્રસાદી રૂપે આ ઝેરની માત્રાને આંગળી ઉપર લગાવી પટેલોએ પોતાની જીભ ઉપર લગાવી તેથી તેમની બોલી કડવી થઈ. વાણિયાએ આ માત્રા તેની દુંટી ઉપર લગાવી, તેથી વાણિયાના પેટમાં ઝેર ગણાય છે. જયારે બ્રાહ્મણે તે માત્રા પ્રસાદી રૂપે તેની આંખે અડકાડી, તેથી તેની આંખમાં ઝેર રહ્યું.

જો કે ઉપરોકત વાર્તા એક લોકવાર્તા છે. અને તેને અને વાસ્તવિકતાને કાંઈ સંબંધ નથી. પરંતુ બ્રાહ્મણોના દ્વેષ પૂર્ણ તથા ઈર્ષ્યાળુ વહેવાર, વર્તનને લક્ષમાં લઈને ઉપરોકત વાર્તામાં તે મુજબનો ઉલ્લેખ કરવામાં આવેલ હશે.

આ બ્રાહ્મણ સમાજનો હું એક સભ્ય છું. અને તેમાં આ લક્ષણોનો મને ખૂબ જાતઅનુભવ થયો છે. ભાઈ, મેં મારી જિંદગીમાં ઘણું ખોયું છે. પરંતુ તે બધું ખોવડાવવામાં મારાં નજીકનાંજ સંબંધીઓએ ભાગ ભજવ્યો છે. મારા કુટુંબનો પુત્ર સહેલાઈથી કન્યા ન મેળવી શકે તે માટે મારા જ નજીકના સંબંધીઓએ પેતરા રચ્યા. મારા સગા ભાઈએ પણ મારી મુશ્કેલીઓ સમજવામાં કે મને મદદ કરવામાં કદી દિલચસ્પી ન લીધી. જો કે તેઓ ખૂબ નાની ઉંમરમાં દેવલોક પામ્યા હતા. પરંતુ તેઓ જીવતા હોત તો પણ મને કેટલા મદદરૂપ થાત તે વિશે મને ઘણી શંકા છે. મારી બેને મારી સાથે લાલચ અને સ્વાર્થના સંબંધો રાખ્યા. તેને મારી મિલકતમાં રસ હતો, મારા વિકાસમાં કે મારા હિતમાં કદીય નહીં. મારા સંબંધીઓએ મને માત્ર બદનામ જ કર્યો છે, મને હુંફ નથી આપી કે નથી મારી મુશ્કેલીઓ માટે મને પૂછયું. પછી સહકાર કે મદદની તો વાત જ કયાં રહી? મારાં મા-બાપ પણ બ્રાહ્મણ સમાજની આ વિશિષ્ટ રીતરસમોમાં એટલાં ભોળવાઈ ગયાં કે છેવટે તે પણ ખૂબ ખૂબ છેતરાઈ ગયાં. જો કે સગા મોટાભાઈ તો ગુજરી ગયા પણ તેમનાં સંતાનોએ પણ મારી કોઈ ભાળ-સંભાળ લીધી નથી. આ છે અમારો ટુંકી દૃષ્ટિનો, કુસંપી અને સ્વાર્થી સમાજ ! જેના પરિણામે આજે સાઈઠ વર્ષે પણ હું મંદિરમાં પુજારી થઈને જીવન વીતાવું છે અને મારા સમાજે મને ઓઢાડેલી બદનામીની ચાદર નીચે કચડાઉં છું.

• • •

# 8. ભાઈની સાથે

વડોદરા અને પાદરામાં અમારા ગામના રસોઈયા ખૂબ વખણાતા. વડોદરાનો ચાંપાનેર દરવાજો એટલે રસોઈઆઓનો અડ્ડો ગણાતો. સવારે ૬ થી ૭ અને સાંજે ૬ થી ૭ ત્યાં શેઠીયાઓની ગાડીઓ આવીને ઉભી રહેતી. 'કયાં ગયા ગોર' ની બુમો પડતી. છેલ્લી ઘડીએ હાંફળા-ફાંફળા થતા મુનીમોની આવન-જાવન થતી. અને બીજે નકકી કરી આવેલા લાલચુ ગોર મહારાજોનો ભાવ વધારી મનાવી લઈ સાથે લઈ જતા. બ્રાહ્મણોની જાત કેટલી બેવફા હોય છે તે મેં ત્યાં જોયેલું. પાંચ રૂપિયા વધુ મલતા હોય તો જુબાનની કિંમત રાખ્યા વગર બીજે ઘેર જવાનું નકકી કરી દેતા અને ધણીનું રસોડું રખડાવતા. તો ઘણા ધુરંધરોને વળી બોલની કિંમત ગણી સેંકડોનું નુકશાન પણ વેઠી લેતા મેં આ જ ચાંપાનેર દરવાજા ઉપર જોયા છે.

મારા મોટાભાઈનાં લગ્ન પામોલ મુકામે થયેલાં. અને તેમનાં સાસરી પક્ષના સંબંધીઓ ખૂબ જબરા ગણાતા. યુધ્ધો કરવાની તો તેમને આદત પડી ગયેલી. શેરી વચ્ચે ઉભા રહી ગાળાગાળી કરવી, મારામારી ગમે તેની વચ્ચે ચાલતી હોય પણ વચ્ચે કુદી પડી બે હાથ લગાવી દેવા, બિનજરૂરી બુમાબુમ કરવી, એ બધું એમના માટે સહજ હતું. આ વિસ્તારમાં તેમની જબરી ધાક. કોઈની તાકાત નથી કે અમારા માળા સામે આંખ ઉંચી કરીને જોઈ શકે અને એવા જબરા કે મોટો લોર્ડ કર્ઝન આવે તો પણ રોકડું પરખાવી દેવાનું !

'તારે કામ કરાવવું હોય તો કરાવ. રૂપિયા આટલા થશે. આટલા પહેલા મેલ અને પછી આગળ વાત.' કામ નક્કી કર્યા પછી પુરુ કરવાનું પણ કૌવત ખરું. અને કામ પુરુ કર્યા પછી પૈસા વસુલ કરતાં પણ આવડે. અને એ પૈસાનો

ભાગ પોતાની મરજી પ્રમાણે કરી આપે. કોઈ વચ્ચે બોલ્યું તો એનું તો આવી જ બન્યું !

એકવાર પૈસા વહેંચવાની બાબતમાં ઝઘડો થઈ ગયો. જે ખાટલા ઉપર બેસીને પૈસાની વહેંચણી થતી હતી. તેના ઉપરથી ફટ દઈને ઉભા થઈ ગયા. અને વાણ ભરેલી ઈસ ખેંચી કાઢી અને ઉભી ઈસ મારી તેના બરડામાંસ્તો ! અને પેલાને કળ વળે તે પહેલાં તો તેને ઉંચકીને પાછળ રોડ ઉપર પડતી બારીમાંથી ઉપલા માળેથી નાખ્યો નીચે રસ્તા ઉપર ! બસ, તે દિવસ પછી એ ભાઈ ત્યાં રસોઈનો ધંધો કરવા ફરીથી નથી આવ્યો.

'તારી ભાગલાની મા મારું, ઉભો રહે તને તારો પોણો ભાગ પકડાવું છું, સાલા.'

આવી જ બરછટ ભાષા અને આવોજ તોફાની સ્વભાવ! કુદરતે તેમને જે મજબૂતી આપેલી અને જે જુસ્સો ધરાવતા તેને લઈને તેમના મિત્રો અને સંબંધીઓ તેમને 'હનુમાન' ના હુલામણા નામથી સંબોધતા. આવા તોફાની બારકસોની વચ્ચે મારા મોટા ભાઈ કામ કરવા આવતા. જોકે મોટાભાઈ તેમના ભત્રીજા જમાઈ થાય તેથી તેમની સાથે તે બધા ખૂબ સલુકાઈભર્યું વર્તન રાખતા. આમ છતાં તેમની ભાષા તો આવી ગુસ્સા વાળીજ!

'સોમાલાલ, કયાં ગયા? ધંધો કરવા આવ્યા છો કે મહાલવા ? પરસેવો પાડો પરસેવો, તો કોક દા'ડો અમારી ભત્રીજી બે પાંદડે થાય.'

આવીને આવી તેમની કઠોર વાણી!

અને મોટાભાઈને જાણે હવે આ બધું કોઠે પડી ગયેલું. આમેય મોટા ભાઈનો સ્વભાવ પહેલેથી નરમ ગણાતો. અદ્દલ અમારા પિતાશ્રી જેવાજ. તે બધુંય સમજે પણ મોંમાંથી અક્ષર નહીં કાઢવાનો. વળી, તે જે કામ કરતા તેનું મહેનતાણું આ લોકો તેમને આપતા નહીં પણ તેમના ભાગની રકમ તેમની પાસે ભેગી કરી રાખતા.

મેં એક વાર ભાઈને પૂછયું.

'મોટાભાઈ, તમારી મહેનતના પૈસા આ લોકો ખાઈ જાય છે?'

'ના, ડાયા. તું નહીં સમજે.' અને ભાઈ મારી પાસે બેસી જતા. 'આ

લોકો ભલે ગમે તેવા તોફાની અને ક્રોધી હશે પણ બેઈમાન તો નથીજ.'

'તો પછી તમારું મહેનતાણું ?' હું પ્રશ્ન દોહરાવતો.'

'ડાહ્યા, નાણાં તેમની પાસે રાખે છે - અલગ કોથળીમાં.'

'તમને કેમ નથી આપતા?' હું ફરી આતુરતાથી પ્રતિપ્રશ્ન કરતો.

'અરે ગાંડા, નામ ડાહ્યો અને વાતો ગાંડા જેવી કરે છે. મારે પૈસાની શી જરૂર છે? વળી, તેમની પાસેથી લઈને મારે સાચવવાના તો ખરાને ! મારા પૈસા એ લોકો સાચવે છે. વળી એની પણ ચિંતા નથી કે પૈસા તેઓ હડપ કરી જશે. અરે ભાઈ, કદાચ મારા પૈસા તેમની પાસેથી ખોવાઈ જશે તો તે તેમના ઘરના મુકી દેશે તેટલી તો મને ખાત્રી છે.'

અને હું મોટાભાઈના ચહેરા ઉપર જોઈ રહેતો. કેવા વિચિત્ર વિચારો! આને ભોળપણ કહેવું કે ગાંડપણ ?

અને આપણે તો તુરત જ ભાઈને સંભળાવી દીધું, 'ભાઈ, આપણે તો મહેનતના પૈસા આપણા હાથમાં જોઈએ. આપણા પૈસા આપણે સાચવીશું.''

'સારું, જેવી તારી મરજી. હું એમને વાત કરીશ.'

અને હું એમની ટીમ સાથે રસોઈ કરવા જવા લાગ્યો. ભાઈના કરતાં હું વધુ હોંશિયાર ગણાવા લાગ્યો. અને હું મારી મજુરી સાંજે ઘેર આવીને તુરત જ લઈ લેતો. શરૂઆતમાં તો વિરોધ પણ થયો.

'અલ્યા ડાયા, કેમ ? રોજ તારે પૈસા શું કરવા છે ? ઘેર જઈને જીવરામને તારો હિસાબ આપી દઈશું. નહીંતર સોમાલાલને પકડાવી દઈશું. અમારે કાંઈ તારા રૂપિયા ખાઈ નથી જવા. તમે છોકરાં પરસેવાની કમાણી વેડફી મારશો.'

પણ આવી પરતંત્રતા - ગુલામી આપણને તો રૂચિ નહીં અને તરત જ સંભળાવી દીધું.

'મહેનત કરવા હું આવું છું, જીવરામ કે સોમાલાલ નહીં. અને રૂપિયા મારા છે તેથી મને આપી દો.'

ભાઈએ પણ આંખથી ઈશારો કર્યો ને પછી તો મારો હિસાબ મને દરરોજ સાંજે મળી જતો. દિવસો પસાર થતા ગયા. કામ ફાવતું ગયું. ઓળખાણો

વધતી ચાલી. હાથમાં રૂપિયા આવતાં જ તેને ઠીક ઠીક રીતે વાપરવાનું પણ ચાલુ કર્યું. નવું નક્કોર ધોતિયું, કસ વાળી બંડી અને માથાનું આંટ વાળુ ફાળીયું લીધું. પગમાં ચમચમ બોલતી મોજડી ખરીદી.

કયાંક કયાંક ખાખી બીડીનો સ્વાદ તો કરેલો. પણ શહેરમાં ધોળી બીડી જોઈ. અને પછી તો ધોળી ખેંચવાનું ચાલુ કર્યું. માળાના નાકે નાટક મંડળી વાળા, ભવાયા-તરગાળા વારંવાર આવતા અને ખેલ કરતા અને આમાં વટને ખાતર કોઈ કોઈ વાર મોટી બોલી પણ બોલી નાખતો. અહા ! એ કેવો રાજશાહી ઠાઠ હતો ? કેવી મજા હતી ! કેટલી બેપરવાહી હતી !

હા ! કોઈક વાર મારી માને હું યાદ કરતો. કજીયાળી પણ ભોળી ! તેને મારા ઉપર ખૂબ ભાવ ! મારી નાની બહેન ને માટે આ વખતે પોલકુ તો નકકી જ લઈ જવું છે. એ ઘેર જઈશ એવી જ વળગી પડશે. અને પેલી મંદિરવાળી...'

ત્યાં મારી સઘળી વિચારધારા અટકી ગઈ. ગંગા માટે શું લઈ જઈશ?

અને મેં એકવાર મોટાભાઈને વાત કરી, 'ભાઈ, ઘણા દિવસ થયા, આપણે ઘર બાજુ જઈ આવીશું ?'

'અરે ગાંડા, અત્યારે તો ઘેર જવાતું હશે? આ તો સીઝન કહેવાય. કમાવાના આ બે ત્રણ માસ તો હોય છે. એવા સમયે તો રાત-દિવસ જોયા વગર લોકો કામ કરે છે અને આપણે ઘેર જઈએ તે કેવું ?'

અને હું જોતો હતો કે મોટાભાઈ આ લોકો સાથે રાત-દિવસ જોયા વગર કામ કરતા હતા. આ લોકો રોજના રૂા.૧૦/- ભાઈને આપતા અને મને રૂા.૭/- આપવાનું ઠરાવ્યું. મેં આનો જાહેરમાં વિરોધ કર્યો ત્યારે વડીલોએ મને ધમકાવીને ચુપ કરી દીધો.

બીજા દિવસનું સવાર થયું. બધા તૈયાર થઈ ગયેલા. પણ બંકા તો આરામથી સુતા હતા.

'અલ્યા ડાયા, કેમ હજુ ઘોરે છે? નથી આવવું આજે કામ ઉપર?'

પણ આપણે તો બંકા બોલે તે બીજા.

'ભાઈ ડાયા, તબિયત તો સારી છે ને !' મોટાભાઈ જાતે મારી પાસે આવ્યા અને મેં ઓઢેલી ચાદર ખસેડીને મને પૂછયું.

મેં એ માણસની આંખોમાં જોયું. કેટલો નિર્દોષ અને ભોળો માણસ છે. આ લોકો શેઠીયા પાસેથી એક રોજના ૫૦ થી ૬૦ રૂપિયા પડાવે છે. કામ અમારે બંનેને જ કરવાનું. તે તો લાંબા પગ કરીને ખાટલે બેસીને હુકમો કર્યા કરે અથવા ઢીંચણે ફાળીયું બાંધી વાતોના તડાકા માર્યા કરે અને બીડીઓ પીધા કરે. અને તેમ છતાં અમને બંનેને માત્ર રૂા.૧૭/- પકડાવીને બાકીની રકમ હજમ કરી જાય. લાલ બુંદી જેવા પછી થાય જ ને! અને છતાં એક હરફ ઉચ્ચાર્યા વગર ભાઈ કેવું ગદ્ધાવૈતરું કર્યા કરે છે!

'મોટાભાઈ, એમને આજ જવાદો. આપણે બીજું કામ આગવું રાખીને કરીશું.'

ભાઈએ મને કાંઈ જવાબ ન દીધો. થોડીવાર મારી સામે જોઈ રહ્યા અને પછી તુરત જ પેલા લોકો સાથે થઈ ગયા, 'ચાલો, આજે ડાયો નહીં આવે.'

અને હું ભાઈની પીઠ તાકતો રહ્યો. પોતાના આર્થિક શોષણનો મેં વિરોધ કર્યો તો ખુદ મારા ભાઈએ જ મને સાથ ન આપ્યો અને પોતાનું શોષણ મુંગે મોંએ થવા દે છે તે જોઈને મને ખૂબ નવાઈ લાગી. મને ભાઈ ઉપર ગુસ્સો પણ આવ્યો. "આ લોકોએ ભાઈને એવી તે શી બુટ્ટી સુંઘાડી છે કે ભાઈ જાણે છે કે તેમનું શોષણ થાય છે. છતાં તેમની પાછળ ગધ્ધા વૈતરું કર્યા કરે છે?"

"ભાઈ મારી સાથે આવે અને અમે બંને ભાઈ આગવું કામ લઈએ તો રોજના રૂા.૨૫/- મળે. પણ ભાઈનો સાથ નથી મલતો. અને રૂા.૧૦/- માં તે તેમની જાત પાડી નાખે છે. ભાઈ, તમને શી રીતે સમજાવું કે તમે ઠગાઓ છો?'

પણ આ તો મારું અરણ્ય રૂદન હતું.

જો કે આ ટીમ એટલી મજબૂત હતી કે તેમની સામે થવાની કોઈ હિંમત પણ કરી શકતું નહીં. વળી તે વડીલો અમને સતત સમજાવતા કે "તમે અમારી સાથે છો તો બે પૈસા રળો છો. નહીંતર તમને વળી કામ કોણ આપે ? અને કામ કરાવીને લોક તમને પૈસા પણ ના આપે. તમે હજુ ક્યાં દુનિયા જોઈ છે ? અમે સાથે હોઈએ એટલે તમારે એવી તો કોઈ ચિંતા નહીંને ! વળી અમારા હાથ નીચે તમને ટ્રેનીંગ પણ મળે છે. અલ્યા, તમને અમે તૈયાર કરીએ છીએ." વગેરે વગેરે.

આ લોકો એવાજ ટીખળી અને તોફાની પણ હતા. એકવાર રસોઈ કરવા ગયા. રસોઈમાં દુધપાક-પુરીનું જમણ. રસોઈ થયા બાદ ઘરધણી આવ્યા અને સાથે નાની તપેલી લેતા આવ્યા. તપેલીમાં દુધપાક કાઢયો અને છાબડામાં થોડી પુરીઓ લીધી અને પેલા બે જણ સામે ધરીને બોલ્યા, ''લ્યો, ગોર મહારાજ, તપેલી ભરીને દુધપાક છે ને છાબડું ભરીને પુરીઓ છે. તમતમારે ધરાઈને જમો. તમો બંને બ્રાહ્મણો જમી રહો પછી અમને સમાચાર મોકલાવો તેથી અમારી પંગત પડે.'' અને આમ કહીને ઘરધણી તો ગયા. ઘણીવાર થઈ પણ કોઈ સમાચાર આવ્યા નહીં તેથી ઘરધણી ફરી રસોડામાં ગયા. અને જે દશ્ય જોયું તે જોઈને હેબકાઈ જ ગયા. બધીજ પુરીઓ ખલાસ અને દુધપાકનું ટીપુંય નહીં. સાથે સાથે બે બ્રાહ્મણપુત્રો માંથી ય કોઈ નહી.

શેઠ સીધા ચાંપાનેર દરવાજે આવ્યા. નીચેથી જ બુમ મારી. પણ કોઈ બોલ્યું નહીં. ઉપર આવીને ઓરડીમાં જોયું તો બંને જણા ઓરડી વચ્ચોવચ્ચ આરામથી ઉંઘે. બંનેને ઢંઢોળ્યા.

'અરે બાપજી, તમે અહીં સુતા છો ને અમારી ત્યાં લાજ જાય છે.'

'પણ થયુ છે શું?' બંને આંખો ચોળતા ચોળતા બેઠા થયા.

'અરે ભાઈ' સા'બ, અમારો બધો દુધપાક અને પુરીઓ કુતરાં ચાટી ગયાં. તમારે જતાં જતાં અમને બુમ તો પાડતા જવું' તું.'

આ સાંભળી બંને જણ ખડખડાટ હસવા માંડયા અને શેઠ વારાફરતી બંનેના ચહેરા જોઈ રહ્યા.

'શેઠજી, કુતરાં નથી ચાટી ગયાં. બધું અમે બંને જણ ખાઈ ગયા.'

'હેં.....!' શેઠની જીભ નીકળી ગઈ.

'હા. તપેલીમાં દુધપાક આપ્યો ને છાબડામાં ચાર પુરી મુકી અને તમે અમને કહ્યું કે બંને જણા ધરાઈને ખાજો. આવી મશ્કરી કરવાની અમારી?'

'પણ ગોરજી, આખી નાતનું જમણ તમે બેજ જણા ખાઈ ગયા ? ગળે વાત નથી ઉતરતી.'

'તો ફરી રસોઈ કરાવી કાલે જાતે જુઓ.'

'અરે મારા બાપ, કાલની વાત કાલે. પણ આજે મારી જાન ભુખી બેઠી છે. હાલને હાલ ચાલો. ભાઈસા'બ, જે ઝડપથી થાય તે બનાવો. તમે ખાધું તો ભલે ખાધું. બ્રાહ્મણના છોકરાઓએ ખાધું છે ને! એ કયાં ઓછું પુણ્ય છે? પણ તમે આવો.'

અને ફરી એ બે જણા ગયા. અને શીરો-શાક કરીને પાછા આવ્યા.

આટલા તો એ મજબૂત અને હિંમતવાળા હતા.

તેમની સામે થવામાં મોટાભાઈને શાણપણ નહીં લાગતું હોય. તેથી જ તેમની પાછળ પાછળ સસ્તામાં કુટાય છે.

પણ આપણે બંકા એવા નથી.

આમ બધા રસોઈ કરવા નીકળ્યા. અને માળામાં હું એકલો. ત્યાં જ નીચેથી બૂમ પડીસ્તો !

'અલ્યા, માળાના ગોર કયાં ગયા?'

મેં પાછલી બારીએથી ડોકું બહાર કાઢયું.

'ગોર તો રસોઈ કરવા ગયા.'

'અલ્યા ભઈ, મારે એકદમ ઉભું કર્યું છે અને બે ત્રણ દા'ડા થી બીજા કામમાં હતા તેથી અહીં આવી શકાયું નહીં. ને કોઈ નવરું હોય તો હાલોને!

'પણ અહીં કોઈ નથી, કાકા.'

'અલ્યા ભાઈ તમને ફાવતું હોય તો ચાલો.'

'પણ હું એકલો છું.'

'અરે તમે ખાલી મસાલા જ કરજો. બાકી બધી મદદ અમારા માણસો કરશે.'

'ના કાકા, મેં એકલાએ કદી રસોઈનું કામ રાખ્યું નથી. અને તમારો વરો બગડે. બીજે તપાસ કરો.

'અલ્યાભાઈ, જેવું ફાવે તેવું કરજો.'

પણ મેં કાંઈ જવાબ ન આપ્યો. તેથી તે વડીલ ઉપર આવ્યા. અને મને તેમની સાથે આવવા સમજાવવા લાગ્યા અને હું ના પાડતો રહ્યો. પછી તેમણે છેલ્લો પાસો નાખ્યો.

'જાઓ, એક દા'ડાના સો રૂપિયા આપીશ, બસ. હવે તો ચાલો!'

અને બંકો ચારણો, તાવેતો લઈને તૈયાર થઈ ગયો.

સાંજે મોટાભાઈ આવ્યા. મેં વાત કરી અને સો રૂપિયા રોકડા - કલદાર બતાવ્યા. પણ ભાઈએ જાણે મારી વાત સાંભળી જ નથી તેમ ઉઠીને ચાલતા થયા. બીજા દિવસે પણ હું તેમની સાથે ન ગયો. ભાઈ મને બોલાવવા આવ્યા. મેં તેમને ફરી વિનંતી કરી કે આપણે બે ભાઈ અલગ ધંધો કરીએ. પણ મારી વાત તેમણે ન માની અને તે લોકોની પાછળજ ઘસડાયા.

બંકા તો માળામાં આરામ કરે. ત્રણ-ચાર દિવસે એકજ કામ કરવાનું. રૂપિયા હાથમાં આવે એટલે મોજ-મજા કરવાની. અને આમ બંકાને તો જલસા પાણી અને જિંદાબાદ હતાં.

એકવાર મેં પોસ્ટમાં જઈને ઘેર મનીઓર્ડર કર્યું. ત્યારબાદ મારી જાતને જે વસ્તુઓ ગમી તે બધી ખરીદી. મારી નાની બેન માટે પણ ભાત-ભાતની ચીજો ખરીદી. પેલી મંદિરવાળી ગંગા માટે પણ ટીલડીઓથી ભરેલું પટોળું લીધું અને છતાં રૂપિયા વધ્યા. જ્યારે ભાઈને તો રૂપિયા મલતા જ નહીં. તેથી કાંઈ ખરીદવાનું થતું જ નહીં.

એકવાર મેં ભાઈને પૂછયું, 'ભાઈ, તમારી પાસે તો કાંઈ નથી, અને હું શિવજીની દયાથી પાંચ રૂપિયા કમાયો છું. આમ તો તમારાથી નાનો છું છતાં તમને પૂછું છું કે તમારે માટે શું લાવું ?'

ભાઈ મારી સામે જોઈ રહ્યા. અને પછી ધીમેથી બોલ્યા, 'ડાયા, મારી પણ ખાસ્સી રકમ આ લોકો પાસે જમા થઈ છે અને મારે કાંઈ લેવું હોય અને પૈસા માગું તો તે મને ના પાડવાના નથી. વળી જેની સાથે આપણે પરદેશમાં આવ્યા તેને દગો દઈને રુપિયા કમાવાની તારી આ રીત મને પસંદ ન પડી. અને રૂપિયા કમાયા પછી આમ ઉડાડવાની વાત તો મારા ગળે નહીં ઉતરે.'

'ભાઈ, જરૂરી વસ્તુઓ લાવીએ તેમાં પૈસા ઉડાડયા કહેવાય?'

'તારા લગન માટે પાંચ હજાર રૂપિયા ભેગા કરવાનો વિચાર તને નથી આવતો! કે આમ ધોતીયું, ખેસ, મોજડી જેવું ખરીદ ખરીદ કરે છે?'

'ભાઈ, હજુ તો અડધી સીઝન ગઈ છે. બાકીની સીઝન બચાવવાની છે જને !'

'જો ડાહ્યા, કાલ કોણે જોઈ છે? આજની વાત કર. મારે કાંઈજ લેવું નથી. અને મારે પૈસાની એવી ભુખ પણ નથી અને જરૂર પણ નથી. વળી જેની આંગળી પકડીને આટલે આવ્યા હોઈએ તેને રૂપિયાની લાલચમાં આવીને આમ છેહ પણ ન દેવાય, સમજ્યો? છતાં તને ગમે તે તું કર. તારા રસ્તામાં હું આડો નહીં આવું. બાકી મને તો આ ઠીક લાગતું નથી.'

'તમને તેમની સાથે માત્ર દસ રૂપિયામાં રાત-દિવસ કુટાવાનું ઠીક લાગે છે ? જુઓ તો ખરા! તમારું શરીર કેટલું લેવાઈ ગયું છે ? અને તમે જેટલા રૂપિયા એક અઠવાડિયે કમાઓ છો તેનાથી વધું રૂપિયા મને એક દિવસમાં મળે છે. હું એકલો પડું છુ તો મારી સાથે આવોને ! આપણે બે ભાઈ સાથે મળીને ધંધો કરીએ. બંનેને ફાયદો છે.'

'મને એવો ફાયદો નથી જોઈતો. એવા ફાયદા તને મુબારક.'

અને આમ ભાઈ મારી વાત સાથે કદી સહમત ન થયા. અને તે કુટાતા રહ્યા.

સીઝન પુરી થઈ. હિસાબ-કિતાબ પુરા થયા. મેં પણ સરવાળો માંડયો. આશરે બારસો રૂપિયા જેટલું હું કમાયો. ચારસો ઘેર મોકલેલા. ચારસોની વસ્તુઓ ખરીદીને મોજ માણી. અને ચારસો ખીસ્સામાં હતા. ભાઈનો હિસાબ થયો તો ભાઈના ખાતામાં પણ ચારસો જમા થયેલા. આપણી તો છાતી ગજ ગજ ફુલતી. પહેલી વાર ભાઈ સાથે વડોદરા-પાદરા ધંધો કરવા નીકળ્યા અને ભાઈના કરતાં ત્રણ ગણું કમાયો. છેને આપણી ધંધાની અને કમાવાની આવડત ! અને તે પણ કોઈની ગુલામી વગર અને ઓછામાં ઓછી મહેનતે !

ભાઈની તબિયત હમણાં ત્રણ-ચાર દિવસથી બરાબર રહેતી નહીં. કયાંક તાવ આવી જતો તો કયાંક ઝાડા થઈ જતા. તેથી બધાએ નક્કી કર્યુ કે જેમ બને તેમ જલ્દી ઘર ભેગા થઈ જવું. નહીંતર ચોમાસુ બેસી જશે તો ભાઈને રસ્તામાં ભારે તકલીફ પડશે. જો કે અષાઢ માસમાં પણ ધંધો તો ચાલે પણ વૈશાખ-જેઠ જેવો ધમધોકાર ધંધો નહીં. અષાઢમાં તો કયાંક રડયા-ખડયા પ્રસંગ હોય અને કામ મળી જાય. ઘણા બ્રાહ્મણો અષાઢનાં કામ પતાવવા ત્યાં રોકાઈ પણ ગયા. પણ અમે તો ભાઈની આવી તબિયતને લીધે નીકળી જવાનો નિર્ણલ લીધો.

આવતી કાલે સવારે તો નીકળવું છે પણ આજેય હજી ભાઈ તેમના ભાગના રૂા.૪૦૦/- માંગતા નથી ને પેલા લોકો તેમનો ભાગ આપતા પણ નથી. તેથી મને ખરેખર ગુસ્સો ચઢી ગયો.

"ભાઈ, સબંધી હોય તે બરાબર અને સંબંધીની મરજાદા જાળવીએ તેય ખરું પણ ધંધામાં તો ચોખવટ સારી. તમારા પૈસા તો માંગી લો !"

"અલ્યા ડાયા મારે રસ્તામાં પૈસા શું કરવા છે ? રસ્તામાં સાચવવા તો ખરા ! એના કરતાં ઘેર જઈને માંગી લઈશું. સાથે સાથે તો ઘેર જવાનું છે !"

અમે બંને ભાઈ આમ વાતચીત કરતા હતા ત્યાંજ વડીલ કાંઈક ખોખું લઈને રૂમમાં આવ્યા.

"સોમાલાલ, તમારા ભાગના રૂ. ૪૦૦માંથી આ લાવ્યા છીએ તે જુઓ અને સાંભળો, તમે રહ્યા અમારા ભત્રીજા જમાઈ તેથી તમારું રહેવા જમવાનું તથા બીજો ખર્ચો બધો અમારા માથે અને આવતા જતાનું ભાડુંય નથી લેવાનું, સમજ્યા ! ભાઈ, ભત્રીજી પરણાવીને બેઠા છીએ, ક્યાં જઈએ ?"

હું પણ પાસે જ બેઠેલો. મેં ખોખામાં જોયું તો તેમાં સોનાના દાગીના હતા. તે વખતના જમાનામાં વીસ રૂપિયે તોલો સોનું મલે. રૂ. ૪૦૦ નું વીસ તોલા પુરૂ સોનું એ ડબ્બીમાં હતું. ભાઈએ તે જોયું અને વડીલને પાછું આપ્યું.

'રસ્તામાં મારે કયાં સાચવવાનું, તમારી પાસે રાખો. ઘેર જઈને તમારાં ભત્રીજીને આપજો. હું કયાં આ જવાબદારી સાચવું ?' અને ભાઈએ ડબી વડીલના હાથમાં પાછી આપી દીધી. અને હું ભાઈના ભોળપણ ઉપર હસતો જ રહ્યો.

બીજા દિવસે અમે અમદાવાદ આવવા ગાડી પકડી. નડીઆદ આવ્યું અને ડબામાં બુમાબુમ થઈ. કોઈનું ખિસ્સું કપાયું તો કોઈનું પાકીટ ગયું. કોઈની બરણી ઉપડી ગઈ તો કોઈની શૂટકેસ ગુમ! હું હમણાંજ વડોદરાના બજારમાંથી નવું પાકીટ લાવેલો. અને તેમાં રૂા.૪૦૦/- વધેલા મુકેલા. મેં હળવેકથી બંડીમાં હાથ ઘાલ્યો. તો પાકીટ ગૂમ! મેં પણ બૂમ પાડી. પણ એમ કાંઈ ચોર હાથમાં આવે !

જેવી રીતે ખાલી હાથે વડોદરા-પાદરા જવા નીકળેલો તેવોજ ખાલી હાથે હું પાછો આવી રહ્યો હતો. શું થાય ! વિધિના લેખ ! મેં બાજુમાં ઓશીંગણ કરીને સુતેલા વડીલને ભાઈની ડબી બાબતે પૂછયું. તો તેમણે ધોતીયાની પાટલી

બતાવી. વાહ! મને ભાઈની વાત સાચી લાગી. મિલકત સાચવવાનું કામ તો વડીલો જ નિભાવી શકે, છોકરાંનું ગજું નહીં. હશે, જે થયું તે ખરું. પાછળથી પસ્તાવાથી શું લાભ!

આમ મારી મોટાભાઈ સાથેની વડોદરા-પાદરાની ધંધા માટેની પહેલી મુસાફરી પુરી થઈ.

• • •

# 9. વળતી યાત્રા

ભાઈની સાથે અમદાવાદ ઉતર્યા. પણ હવે મને કાંઈ સુઝતું નહોતું. ઘેર જઈને બા ને શું જવાબ આપીશ ? બાપાને શું મોઢું બતાવીશ ? ભાઈબંધ-દોસ્તારોને શું કહીશ ? ગામ વાળા મને પૂછશે કે ભાઈ, વડોદરા જઈ શું કમાણી કરી ? ત્યારે મારે તો મોંઢું સંતાડવાનું થશે. અને પેલી છોકરી પણ આંખો નચાવતી કહેશે.

‘ગયા હતા ને પરદેશ, કમાવા. શું કમાઈને લાવ્યા ? તમારું મોં કહે છે કે તમે કમાઈને કાંઈ લાવો?’ અને આવા ટોણા-મેણાના હું શું જવાબ આપીશ? આમ વિચારતો વિચારતો હું અમારા બધા સંબંધીઓની પાછળ પાછળ ચાલ્યા કરતો હતો.

હું સહેજ વિચારોમાંથી જાગ્યો. અને જરાક ઝડપ વધારી. મોટાભાઈને પાછળથી ખભે હાથ મુકી પકડયા. ભાઈ પણ ઉભા રહ્યા. અને પાછળ વળી મારી તરફ જોયું. આંખથી ઈશારો કર્યો કે શું વાત છે ?

‘કઈ બાજુ આપણે ચાલ ચાલ કરીએ છીએ ?’

‘મને ખબર નથી. આ બધા જાય એમની પાછળ પાછળ જવાનું.’ અને મોટાભાઈએ વળી નીચી મુંડીએ ચાલવા માંડયું.

‘પણ પુછી તો જુઓ કે આપણે કઈ બાજુ નીકળ્યા છીએ ?’ મેં સહેજ ઉંચા અવાજે મોટાભાઈની પાછળ દોડતા દોડતા વાત કરી.

એ બધું એક વડીલ કયારનાય જોતા હતા. તે મારી પાસે આવ્યા.

‘અલ્યા ડાયા, કેમ એમનો જીવ ખાય છે ?’

'કોઈ કાંઈ બોલતું નથી, કે આપણે કઈ બાજુ નીકળ્યા છીએ. કાંઈ વાત તો કરો.'

મેં ઉંચા અવાજે પ્રતિપ્રશ્ન કર્યો.

તેથી સૌથી આગળ ચાલતા વડીલ ઉભા રહી ગયા ને વળીને પાછળ જોયું, અને બોલ્યા.

'તમોને બધાંને સાબરમતીની જેલમાં પુરવા લઈ જાઉં છું. આવવું હોય તો પાછળ પાછળ આવો.' એમ બોલીને પાછું ચાલવાનું શરૂ કર્યું.

બસ, અમારા ભાઈના સંબંધીઓની આજ મોટી ખાસિયત ! વાત ગમે તેવી હોય કદી સીધો જવાબ ન મળે. ગમે તેટલો જરૂરી પ્રશ્ન હોય પણ વચ્ચે બોલ્યા એટલે એમનો પિત્તો ગયો જ સમજો.આ એમનો રોફ, એમનો જુસ્સો, એમનો બંડખોર અને ક્રોધી સ્વભાવ જ એમને વિનાશના પક્ષે લઈ ગયો. સાત સાત ભાઈ વચ્ચે બે જ છોકરાં ને એમાંય એક જ દિકરો. શું વિધિના લેખ !

'પણ વડીલ, સાબરમતી જેલમાં જતા હોય તો તેનીય વાત તો કરો. અમારે ન આવવાનું હોય તો અમે ન આવીએ, અને બીજે કયાંક જઈએ.'

'અલ્યા ભાઈ, તારે આવવું હોય સાથે તો આવ નહીંતર પાછો વળ. માથું શું ખાય છે?'

બીજા વડીલે ચાલતાં ચાલતાં જ કંટાળો વ્યકત કર્યો.

'પણ કયાં આવવાનું છે તે વાતનો ફોડ તો પડવો જોઈએ ને !' મેં વળી વધારે સ્પષ્ટતા માંગી.

'અલ્યા ભાઈ, આ ફલાણા ભાઈનાં દીકરી અને જમાઈ અહીં રહે છે તે એમના ત્યાં જવાય છે. બધાંને જમવાનું તો છે ! લોજ વાળાને પરખાવીએ એના કરતાં દીકરીના ત્યાં જમીશું ને ભાણાના પૈસા દઈ દઈશું. જેથી જમવાનું ય પતે અને પૈસાએ ઘરમાં રહ્યા કહેવાય. હવે તારે આવવું હોય તો સાથે ચાલ, નહીંતર જા તને ઠીક લાગે તે લોજમાં. ગમે ત્યાં જાય, બે ત્રણ વાગે સ્ટેશન ઉપર આવી જજે. હવે માથુ ના ખાતો.'

હળવેક રહીને આગળ ચાલતા મોટાભાઈનો ખભો પકડી મેં ઉભા રાખ્યા.

'ચાલો ભાઈ,આવવું છે ને મારી સાથે !'

મોટાભાઈ ઘડીક વાર મારી સામે તાકી રહ્યા. પછી જાણે કાંઈક યાદ આવ્યું હોય તેમ બોલ્યા,

'તારે જવું હોય તો જા. મારાથી આ બધાંને છોડીને તારી સાથે નહીં અવાય.'

આટલું બોલી મોટાભાઈ તેમની સાથે નીચી મુંડીએ ચાલવા લાગ્યા.

મને આ બધાંની સાથે જવું ઠીક ન લાગ્યું. પૈસા આપવાના જ છે તો કોઈના ઘેર જઈ તેને  તકલીફમાં કેમ મુકવો ? એના કરતાં લોજ શું ખોટી ? આર્થિક ફાયદો શું ? મને મોટાભાઈની આવી ઘેટા જેવી પાછળ પાછળ જવાની વાત ઉપર ખૂબ ગુસ્સો ચડયો. પણ આ બધાં આગળ શું કરી શકું ? તેમ છતાં મેં મારી જાત માટે મક્કમ નિર્ણય લઈ લીધો કે આ લોકોની સાથે ન જવું. અને હું તેમની પાછળ પાછળ જવાને બદલે ત્યાંથી પાછો વળ્યો.

બંદા બંને બાજુ જોતા જાય અને દુકાનોનાં પાટીયાં વાંચતા જાય. એવામાં જબરી સુગંધી આવી. ભજીયાં તળાતાં હતાં. બીજા ચુલા ઉપર ફાફડા ઉતરતા હતા. અને હું એ લોજમાં ઘુસી ગયો. મજેદાર ચટણી અને તીખાં તમતમતાં મરચાં ઉપર મીઠું ભભરાવેલાં મફતમાં. ઉપરથી ઠંડું પાણી. બંદાને ખાવાની મજા આવી ગઈ. પેટ ભરીને ખાધું. ઓડકાર આવી ગયો. ત્યાંજ નોકર પુછવા આવ્યો.

'સાહેબ, હવે શું લાવું?'

'બસ, બસ. હવે તો પેટમાં જગા નથી.'

'તો સાહેબ આ તમારું બીલ.' આમ બોલી નોકર એક ચબરખી જેવડો કાગળ મુકતો ગયો.

ચબરખી હાથમાં રમાડતો રમાડતો હું દુકાનની બહાર નીકળવા જતો હતો, ત્યાં જ દુકાનના થડે બેઠેલા માણસે ત્રાડ નાખી.

'એ ભાઈ, પૈસા ચુકવતા જાઓ.'

અને મેં ખિસ્સામાં હાથ નાખ્યો. અરે ! પાકીટ તો નડીઆદના સ્ટેશને જ કપાઈ ગયેલું. હવે ? પેટ ભરીને ખાઈ તો લીધું. ખમીસના ખિસ્સામાં થોડું ચાર આની જેટલું પરચુરણ હતું. પણ એ તો ધોળી બીડી આવે તેટલું જ કહેવાય.

બહુ બહુ તો સાથે મસાલેદાર પાન ખવાય. પણ એટલામાં કાંઈ લોજવાળાનું બીલ થોડું ચુકવાય ? પેટ ભરીને ખાધું છે તેથી બીલ પણ મોટું જ થયેલું.

ત્યાંજ મારા મનમાં વિચાર આવી ગયો. અને હું મારા ઈસ્ત્રી કરેલા ધોતીયાની પાટલી અડધેથી પકડી રોફભેર દુકાનના થડા ઉપર પહોંચી ગયો.

'શાના પૈસા માંગો છો, શેઠ?'

'કેમ? આ ભજીયાં અને ફાફડા ખાધા તેના સ્તો !'

'અરે, કોણે ખાધું જ છે તારી લોજમાં ! ઠંડુ પાણી પીધું અને ભજીયાં ઠંડાં હતાં તેથી પાછાં મોકલ્યાં. ફાફડા ખૂબ ખોરા હતા તેથી તેય કયાં ખાધા છે ?'

અને દુકાનદાર એની બેઠક ઉપરથી ઉભો થઈ ગયો. સીધો મારી પાસે આવ્યો. પાછળથી મારી બોચી પકડી.

'અલ્યા એય, તારા જેવા લુખા અહીં સાંજ પડયે સત્તરસો ને સાત આવે છે, સમજયો! ઝટપટ પૈસા કાઢ નહિતર લમણાંની બે લગાવી દઈશ, સમજયો?'

'અરે, અરે, આ તો દાદાગીરી કરે છે. અલ્યા ભાઈ, ગળે કેમ પડે છે?' મેંય મારું ગળું છોડાવતાં છોડાવતાં નાટક કરવાનું શરૂ કર્યું.

'સાલા, પેટ ભરીને ખાધું અને હવે કહે છે કે ભજીયાં ઠંડા હતાં. આ તારો બાપો સામે જ તાવડામાંથી ગરમ ગરમ ગોટા કાઢે છે તે દેખાય છે ? અને કહે છે કે ફાફડા ખોરા છે. સાલા, મારો માલ વગોવે છે. ભાઈઓ, ફાફડા ખોરા લાગે છે ?' અને દુકાનના શેઠે નાસ્તો કરતા લોકો સામે પ્રશ્ન કર્યો.

'સીધો સીધો પૈસા આપે છે કે બે લગાવું ? તેણે એક હાથે મારા ગળા ઉપરની પકડ વધારી અને બીજો હાથ ઉંચો કર્યો.

હવે મારી પાસે કોઈ દલીલ નહોતી અને કોઈ ખાસ તુક્કો પણ નહોતો સુઝતો. વાતાવરણ ગરમ થતું જતું હતું. લૉજમાં જમતા માણસો પણ ઉભા થઈ ગયા હતા. અને દુકાન આગળ રસ્તામાં લોકોનું ટોળું જામી પડયું હતું. અને આવા નાજુક સમયે મને ઝુકી જવાનું ઠીક લાગ્યું.

'ભાઈ, મારી પાસે પૈસા નથી. મારું ખિસ્સું કપાઈ ગયું છે' મેં બે હાથ જોડી દીધા.

'ખિસ્સામાં કાંઈ નહોતું તો પછી દુકાનમાં કેમ પેઠો?' દુકાન માલિક આંખો તગતગાવવા લાગ્યો.

'મને ખૂબ ભૂખ લાગી હતી.'

એવામાં ટોળાને ચીરતા મોટાભાઈ આવતા દેખાયા.

'ડાયા, શું વાત છે ?'

'સાલાએ પેટ ભરીને ખાધું અને પૈસા આપતો નથી. ઉપરથી આડી-અવળી હાંકયે રાખે છે.' દુકાનદારે મારું ગળું છોડી દીધું. અને મોટાભાઈ સાથે વાતે વળગ્યો.

'એની વાત સાચી છે. એની જોડે પૈસા નથી. બોલો, કેટલા પૈસા આપવાના છે ?' આમ કહી મોટાભાઈએ પૈસા આપી દીધા.

'ચાલ ડાયા' કહીને મારી આગળ ચાલવા લાગ્યા. હું પણ શરમનો માર્યો ભાઈની પાછળ પાછળ ચાલવા લાગ્યો. હવે તો લોજ વાળાની દુકાન ઘણી દૂર પાછળ રહી ગઈ હતી. અને ભેગા થયેલા લોકોમાંથી પણ કોઈ આજુબાજુ નહોંતું. તેથી ધીરે ધીરે મારામાં હિંમત આવવા લાગી. મેં હળવેકથી મોટાભાઈને બુમ મારી,

'ભાઈ, તમે કયાંથી આવી ગયા ?'

મોટાભાઈએ ચાલવાનું બંધ કર્યું અને પાછળ વળીને મારી સામે જોયું. હું શરમને લીધે તેમની સાથે આંખ મેળવી ન શકયો.

'હું ન આવ્યો હોત તો તારું શું થાત તે વિચાર્યું ?'

'ભાઈ, ખૂબજ ભૂખ લાગેલી. તેથી ધ્યાન ન રહ્યું કે, ખિસ્સામાં પૈસા નથી.' નીચી મુંડીએ જ મેં જવાબ આપ્યો.

'તને અમારી સાથે જમવા આવવાની ના પાડી હતી ?'

હું કાંઈજ જવાબ આપી શકયો નહીં. થોડીવાર રહીને ભાઈએ આગળ ચાલતાં ચાલતાં જ કહ્યું,

'મને થોડીક વાર રહીને જ ખ્યાલ આવ્યો કે તારા ખિસ્સામાં તો પૈસા નહીં હોય. અને હું જે વિચારતો હતો તેવો જ તમાશો મેં જોયો.'

'ભાઈ, તો તમે જમ્યા નથી.'

'તારો ખેલ જોઈને જ મારું પેટ ભરાઈ ગયું.' ભાઈએ પાછળ જોયા વગર જ ચાલવાનું ચાલુ રાખ્યું.

અમે જઈને સ્ટેશન ઉપર બેઠા. થોડી વાર પછી બધાજ વડીલો પણ આવી પહોંચ્યા. મને થતું હતું કે, હમણાં મોટાભાઈ મારી વાત બધાંને કરશે અને મારું નીચા જોણું થશે. પણ કોઈને કશી જાણ ન થઈ. જાણે કે કાંઈ બન્યું જ નથી તેમ મોટાભાઈ બધાંની વચ્ચે ગયા અને બીજી બધી થતી વાતો સાંભળવા લાગ્યા.

આમ બધું પતી ગયું. સૌ સૌને ઠેકાણે પહોંચી ગયા. હું પણ છાલામાં પાછો આવી ગયો. મને ઘેર પાછો આવેલો જોઈને મારી બા ઘણીજ ખુશ થઈ ગયેલી. આજુબાજુના પાડોશીઓ - સંબંધીઓ પણ મારી ખબર-અંતર પૂછી ગયાં. મેં બા માટે લાવેલી સુગંધીદાર છીંકણીની દાબડી કાઢી અને મને મલવા આવેલાં સૌ વડીલોને આપી. અને બધા મારી ખુશામત કરવા લાગ્યા. મારી હોંશિયારીનાં વખાણ થવા લાગ્યાં. બેન માટે એક ઓઢણી પણ લેતો આવેલો. તે ઓઢણી મલતાંજ મારી બેન તો ગાંડી ગંતર થઈ ગઈ. અને બધાંને વારંવાર ઓઢણી કાઢીને બતાવવા લાગી. મારાં નવાં નવાં કપડાં જોઈને બધાં અંદર અંદર ગુસ-પુસ કરવા લાગ્યાં કે મેં વડોદરામાં સારી કમાણી કરી છે અને કમાણી કરવાની આવડત મારામાં સારી છે. મારા શરીર ઉપરની તેજી અને ટાપટીપ જોઈને કહેવા માંડયાં કે હું શહેરના બાબુસાહેબ જેવો લાગું છું. કોઈ કહેતું કે યુરોપિયન ગોરા જેવો લાગું છું અને આ બધું સાંભળીને મારી બા આનંદના મહાસાગરમાં તરવા લાગી. એ બિચારી કેટલી ભલી અને ભોળી હતી ? એને એના આ રખડેલ દિકરા માટે કેટલું હેત હતું તે વાત આજે હું બધું યાદ કરું છું ત્યારે કલ્પી શકું છું. મારી બા એ બધાંના ગયા પછી મારાં ઓવારણાં લીધાં અને હાથના ટચાકા ફોડયા જેથી મને કોઈની નજર ન લાગે. આજેય આ બધી વાત કરતાં ભાઈ, મને મારી બા સાંભરે છે.

થોડી વાર થઈ હશે,અને મારા બાપા ગામમાંથી આવ્યા.

'ડાયા, આવી ગયો.' કહીને એ તો બહાર પાથરેલા ખાટલામાંજ બેઠા.

'જુઓ, તમે કહેતા હતા ને કે મારો ડાયલો રખડેલ છે, કેટલું કમાઈને લાવ્યો?'

'શું લાવ્યો ?' બાપાએ લાકડી બાજુમાં મુકતાં બાને પૂછયું.

'આ મારા માટે સુગંધીદાર છીંકણીની દાબડી લાવ્યો. અને આ કોદરી માટે કેવી રૂપાળી ઓઢણી ખરીદી લાવ્યો છે. મુઆને આવી ખરીદી કરતાં કયાંથી આવડી ?' કહીને બા મારા માથે હાથ ફેરવવા લાગી.

'રૂપિયા રસ્તામાં ખોઈને આવ્યો છે તે વાત કરી?' આસ્તે રહીને બાપા બોલ્યા.

મને પેટમાં ધ્રાસકો પડયો. બાપાને રસ્તામાં ખોવાયેલા રૂપિયાની વાતની કેવી રીતે ખબર પડી ? અને સામે ચાલીને પૂછુ પણ કયા શબ્દોમાં ? ત્યાં તો બાપાએ જ વાત આગળ ચલાવી.

''ભાઈ ખુશીમાં ને ખુશીમાં ડોલતા ડોલતા ભાઈબંધ-દોસ્તારોને મલતા મલતા ધીંગામસ્તી કરતા કરતા ઘેર આવતા હતા. એમને કયાં ખબર હતી કે મારો બાપો મારા પાછળ પાછળ આવે છે. અને એમના ખિસ્સામાંથી રૂપિયાના બે સિકકા ધૂળમાં પડી ગયા. પણ એનું કયાં એને ભાન હતું? મને તો તરત ખબર પડી ગઈ. તેથી મેં લઈ લીધા. નહીંતર આજે રૂપિયા બેની ઉઠત !'' કહીને બાપાએ કાંસવાળી બંડીના ખિસ્સામાં રૂપિયાના બે સિકકા કાઢયા અને અમને બતાવ્યા.

મેં ખમીસના ખિસ્સામાં હાથ ઘાલ્યો. ભાઈએ છૂટા પડતાં વાપરવા બે રૂપિયા આપેલા તે યાદ આવ્યું. પણ મૂળ વાત ઉપર પડદો પડી ગયો તેથી મારા મનને શાંતિ વળી.

'બસ, છોકરો ઘરમાં આવ્યો એટલે ચાલ્યું એમનું. કેટલા મહીને મારો દીકરો ઘેર આવ્યો ! એના મનમાં તો હરખ હોયજ ને! તે દોડતો દોડતો આવતો હશે ને પૈસા પડી ગયા હશે. એમાં આવું દીવેલીયું મોં કરીને શું બેઠા છો ? એવા ને એવા રહ્યા.' અને મારી બા નો બબડાટ આમ લાંબા સમય સુધી ચાલ્યા કર્યો.

આવો મોકો ખોવું તો હું શાનો ? આસ્તે રહીને હું ઓરડામાં જતો રહ્યો. મારા સામાન સાથે સ્તો! એક ઓઢણી તો બેનને આપી દીધી. બીજી ઓઢણી

પણ લાવેલો. તે ઓઢણી ધીરે રહીને ધોતીયાની પાટલીમાં સંતાડી. અને પોલીશ કરેલા બુટ પહેર્યા. નવા લાવેલા દર્પણમાં જોઈને માથાના વાળ ઓળાવ્યા. પેલો લોટ જેવો દેખાતો પાવડર પણ મોં ઉપર સ્હેજ લગાવ્યો. અત્તરની શીશીમાંથી પુમડું બનાવી કાનમાં ખોસ્યું. અને થોડુંક ખમીસ ઉપર લગાવ્યું અને હળવેક રહીને ઘરની બહાર નીકળી ગયો.

બા અને બાપા તો હજીયે ચર્ચા કર્યા કરતાં હતાં. 'આવું છું હમણાં' કહીને ઘરની બહાર નીકળી ગયો.મેં કહ્યું તેના ઉપર ના કોઈએ ધ્યાન આપ્યું કે હું ગયો તેની ના કોઈએ નોંધ લીધી. બધુંજ પહેલા હતું તેવું ને તેવુંજ !

અને હું સીધો કપીલેશ્વર મહાદેવમાં !

આવીને સીધો મંદિરમાં ગયો. ઘંટારવ કર્યો. ભગવાનના શિવલિંગને નમન કર્યું. મારી આંખો શિવલિંગ તરફ હતી પણ મન ચગડોળે ચઢેલું હતું. ઘણીવાર થઈ પણ કોઈ માણસનો સંચાર મંદિરમાં લાગ્યો નહીં. તેથી ગર્ભમાંથી બહાર નીકળી હું મંદિરના પુજારીની ઓરડી તરફ જવા લાગ્યો. ઓરડીમાં કોઈ દેખાયું નહીં. પણ તેનું બારણું ખુલ્લું હતું. મેં ઓરડીમાં સહેજ બે ડગલાં અંદર જવાની હિંમત કરી તો બાજુના ખૂણામાં પેલી ટુંટિયું વાળીને બેઠેલી.

મને જોઈને 'ફટ' દઈને હસી પડી.

'મેં તમને ગામમાં આવતા જોયા હતા.' કહીને ઉભી થઈ ગઈ.' તમને મંદિરમાં આવતા જોઈને હું સંતાઈ ગઈ.' આમ બોલતાં બોલતાં તે ડોલવા લાગી. પછી મારી પાસે આવીને કહેવા લાગી,

'ઓહોહો, શહેરમાં જઈને તું બહુ બદલાઈ ગયો છે ને !' એમ કહીને મારી આગળ-પાછળ ગોળ ગોળ ફરવા લાગી. તેણે હવે 'તું' થી વાત કરવાનું ચાલુ કર્યું, 'શરીરેય સારું થયું છે ને ઉજળોય દેખાય છે અને શું કપડાંય ઉજળાં ઉજળાં લાગે છે !'

તે મને જાણે તાકી રહી અને બબડતી રહી. 'ઓહો, શું વાળ ઓળાવ્યા છે ? અને ઓહોહો, કેટલું અત્તર મહેંકાય છે ? વાહ રે, જાણે રાજાનો કેલૈયો કુંવર આવ્યો છેને ! રૂપમાં વધારો થઈ ગયો છે. સુધરી ગયો હોં, ડાયા, તું તો શહેરમાં જઈને સાવ બદલાઈ જ ગયો !'

મેં હળવેકથી સંતાડી રાખેલી ઓઢણી કાઢી. અને તેની સામે ધરી.

'જો, તારા માટે લાવ્યો છું.'

'હેં, મારા માટે?' કહીને એણે મારા હાથમાંથી ઓઢણી ઝુંટવી લીધી. પોતાની છાતીએ લગાડી. પોતાનું મોં તેમાં સંતાડી દીધું. તે ખરેખર ખૂબજ ખુશ થઈ ગઈ. મને લાગ્યું કે, મારું વડોદરા ગયેલું સફળ થઈ ગયું. ત્યાંજ એના ચહેરા ઉપરથી નૂર ઉડી ગયું. એણે ઓઢણી મારી સામે પાછી ધરી અને બોલવા લાગી,

'ના રે, મારાથી ન લેવાય. કોઈ પુછે કે કયાંથી લાવી તો શું જવાબ આપું ?'

મેં તેના હાથમાંથી ઓઢણી લઈને તેના માથા ઉપર ઓઢાડી દીધી. અને હળવેકથી પાછળથી તેના ખભા પકડી લીધા.

''ગાંડી, હોઠ સાજા તો ઉત્તર ઝાઝા !

પાર્વતિમાને કોઈ ભક્ત ઓઢાડી ગયેલો તેમ કહી દેવાનું. બાકી કેટલા પ્રેમથી તારે માટે આટલે દૂરથી અને મારી પહેલી કમાઈમાંથી તારા માટે હું ઓઢણી લાવ્યો અને આમ તારાથી પાછી ઠેલાય? મને કેવું લાગે ?''

અને તે શરમાઈ ગઈ. તેણે તેનું મોં મારી તરફ પાછું ફેરવ્યું.

અને હું પણ પછી મારી જાત ઉપર કાબુ રાખી ન શકયો. ત્યાર પછી ના હું કશુંય કહી શકયો કે ન એ કશું બોલી શકી.

થોડી વારે મંદિરના બારણે કાંઈક અણસાર થયો અને અમે છૂટાં પડયાં. હું પણ છોભીલો પડી ગયેલો તેથી દોડતો મંદિર બહાર નીકળી ગયો. અને એ પણ ઓરડીમાં છૂપાઈ ગઈ.

'ભાઈ, એ છોકરી બીજી કોઈ નહીં પણ આ સામે બેઠી છે તે જ - ગંગા. બસ, અમારાં હૈયાં તે દિવસનાં જોડાઈ ગયાં. અમે તે દિવસથી એકબીજાને મનથી વરી ચુકયાં. જે મારો સાથ આજે પણ એણે નિભાવ્યો છે, તે વાત તો મારે કબુલવી જ પડશે.'

• • •

વાચક મિત્ર, હું આ વડીલની વાત રસથી સાંભળતો જતો હતો. મને પણ તેમની જીવનગાથામાં ઓઢણી જેટલો જ રસ પડયો.

'એય, સાંભળો છો ? મને થોડુંક પાણી આપજો.' વડીલે ડોશીમાને ઉદ્દેશીને કહ્યું.

'ત્યારનો ગોગળો તાણો છો અને પછી પાણી માટે હુકમ કરો છો. તે આ બધી શી રામાયણ માંડી છે ?' ડોશી પાણી લઈને આવી. વડીલે પાણી પીને ધોતિયાના છેડા વતી મોં લૂછયું.

'આ આપણી જ રામાયણ છે.' એમ કહીને જુવાનને પણ શરમાવે તેવો ડોશીની સામે વડીલે લ્હેંકો કર્યો. જે જોઈને મને પણ શરમ આવી.

• • •

# 10. રૂપિયાની ભૂખ

ભાઈ, માણસની જિંદગીમાં અમુક બાબતો ખૂબજ જરૂરી છે. જેમકે વૃક્ષ ઉગાડવા માટે માટી, પાણી, ખાતર, બીજ વગેરે જોઈએ જ. ગમે તેવી માટી ન ચાલે પણ છોડને અનુરૂપ માટી જોઈએ. જયારે એને જેટલું જોઈએ તેટલું પાણી આપવું જ પડે. ઓછું કે વધારે પાણી તેના ઉછેરને નુકશાનકારક બનાવે છે. તેથી વહેલું કે મોડું તેમજ ઓછું કે વધારે - પાણી પણ ફાયદો નથી આપતું. પોષણક્ષમ ખાતર વિના ધાર્યો વિકાસ કેવી રીતે થાય ? અને બીજ તો હોવું જરૂરી છે જ. કાંકરામાંથી છોડ થોડો ઉગવાનો છે ? હવે તો છોડને કોરી નાખતાં જંતુઓને મારવાની પણ પળોજણ વધી છે ને! કહેવાનું એટલું જ કે આ બધામાં એક પણ બાબતની ખામી છોડના વિકાસને, તેના અસ્તિત્વને અટકાવી દે છે અથવા તેમાં ધીમી ગતિ લાવી દે છે.

આવાં કેટલાંક તત્વો માણસની જિંદગમાં પણ છે. જે ન મળે, ઓછા મળે, સમયસર ન મળે તો માણસ ને માટે જીવવું દોહ્યલું બની જાય છે. માણસ ઘણીવાર માણસ નથી રહેતો. અને સામાન્ય માનવ જીવન પથ ઉપરથી નીચે ઉતરી પડે છે. ત્યારબાદ તો બીજ ઉપર આધાર રહે છે. પૂર્વના સંસ્કારો અને ખાનદાની હોય તો માણસ મહાન બની જાય છે, નહીંતર વિકૃતિઓથી ખદબદતો પશુ બને છે. માનવ વિકાસનાં આ જરૂરી તત્ત્વોની હું પહેલાં તમને વિગતવાર વાત કરી લઉં.

બાળક જયારે જન્મે છે ત્યારે નથી તેના હાથ પગમાં શક્તિ હોતી કે નથી તેની માનસિક ક્ષમતા. આ બાળક ને જયાં સુવાડો ત્યાં સૂઈ જશે. જયાં હશે ત્યાં જ પેશાબ-ઝાડો કરશે. ભૂખ લાગશે અથવા દર્દ અનુભવશે એટલે રડશે. એને જયાં ઉઠાવીને લઈ જશો ત્યાં જશે. જે આપશો તે ખાશે, જે બતાવશો તે જોઈ

લેશે. જે શીખવાડશો તે બધું કાંઈ પણ વિરોધ વગર તમારા ઉપર પુરો વિશ્વાસ રાખીને શીખી જશે. સત્ય-અસત્યનું ભાન નહીં, નીતિ-અનિતિ ની ઝંઝટ નહીં, લાભ-અલાભની ગણતરી નહીં. એકદમ કોરી સ્લેટ અને એકદમ નિર્દોષ, સ્વચ્છ, સ્વસ્થ માનસ !

આ બાળક ને શું ખવડાવશો ? શું દેખાડશો ? શું શીખવાડશો ? કયાં લઈ જશો ? તેને રડવા દેશો ? તેને પેશાબ કરેલી ભીની પથારીમાં પડી રહેવા દેશો ? તેના મળને ફેંદવા દેશો? તેને ભુખ્યું પડી રહેવા દેશો ? તેની માંદગીમાં તેને રડવા દેશો ? તેને ઉઠાવીને ઉકરડામાં નાખી દેશો ? તેને વાસી, એઠું, કાચું, કોહયેલું ખાવાનું આપશો ? તેને અનૈતિક બાબતો જોવા દેશો ? તેને અસત્ય, ચોરી, પાપ, અધર્મ, ભક્તિ વિહીનતા જેવી બાબતો શીખવાડશો ? તમે તમારા બાળકને આપેલા વચનમાંથી ફરી જશો? તેને દગો કરશો ? તેનું અહિત વિચારશો ? તમારા બાળકને ઢોર માર મારશો ? તેને તરછોડી દેશો ? તેના મનમાં તમારા તરફ નફરત થઈ જાય તેવું કોઈ વર્તન કરશો? તેના પ્રશ્નોના અસત્યપૂર્ણ જવાબો આપશો ? તેને હાથે કરીને અનીતીમાં ઘસડી જશો? બીજા વ્યકિત દ્વારા તમારા બાળકને નુકશાન થતું હોય તો તેવે સમયે એવા વ્યકિતને તમે પ્રોત્સાહન આપશો ? તમારા બાળકના આ ઉગતા સ્વસ્થ માનસ ઉપર તમે ગંદા વિચારો ચડવા દેશો ?

ટુંકમાં બાળકના સ્વસ્થ વિકાસ માટે માતા-પિતાનું બાળક ઉપર સંપૂર્ણ અંગત ધ્યાન હોવું જરૂરી છે. અને મારાં ભોળાં-ભલાં માતા-પિતા આ બાબતમાં ઉણાં ઉતર્યા છે. મારા બાળપણમાં કે મારી જુવાનીમાં મારાં માતા-પિતાએ કે મોટાભાઈએ કે કોઈ વડીલે મારી તરફ ધ્યાન આપ્યું જ નથી. સૌ સૌની મસ્તીમાં મસ્ત રહેતાં અને હું મોટો થતો ગયો. મારો વિકાસ તો થયો. પણ જેમ ઉગાડેલા બીજની આજુબાજુ ઘાસ પણ ઉગે છે તેમ મારા શરીરના વધવા સાથે મારામાં બીજી વિકૃતિઓ પણ આકાર લેતી ગઈ. હોંશિયાર માળીની માફક મારાં માબાપે મારા અઘટિત વિકાસને અટકાવ્યો નહીં કે ઉત્તમ ખેડૂતની માફક આસપાસ ઉગતા બિનજરૂરી ઘાસને હટાવ્યું નહીં અને મારી આજુબાજુ વિકૃતિઓનું એક ઝુંડ પણ વિકાસ પામવા લાગ્યું. જયારે હું વિવક-બુદ્ધિમાં કે સભાનતામાં આવ્યો ત્યારે મને કેટલીક કુટેવો પડી ગયેલી અને મારા સ્વસ્થ માનસ ઉપર અનિચ્છનીય ડાઘા પડી ગયેલા. તથા મારી વિકૃતિઓએ મારામાં ઘર કરી દીધેલું. જયાં મેં

મારી રીતે કયાંક સમાધાન કરી લીધું અથવા તો કયાંક કયાંક હું મજબુર થઈને હાલતની પાછળ ઘસાડાવા માંડયો. અને મારા આવા વીતતા વર્ષોમાં કોઈએ દરકાર નથી લીધી કે હું કેવા માનસિક સંઘર્ષોમાંથી પસાર થાઉં છું ! સૌએ પોતાનો અંગત લાભ અને સ્વાર્થ ધ્યાનમાં રાખ્યો અને હું મારા વિકૃત રસ્તે આગળ વધતો જ ગયો.

બાળકના જીવનમાં જેટલું ઉછેરનું મહત્વ છે તેટલું જ મહત્વ બીજી બાબતો - વાસ્તવિકતાઓનું છે. ઉચ્ચ અભ્યાસની તો વાત બાજુ પર રહી પણ અભ્યાસ જરૂરી છે તેવો વિચાર પણ અમારા મનમાં પડ્યો નથી કે નથી અભ્યાસ તરફ અભિરૂચી કેળવાઈ. કોઈના ત્યાં કથા કહેવા જઈએ, કયાંક વરઘડિયાં પરણાવવાનાં હોય અથવા કોઈના બારમા કે શ્રાદ્ધ વેળા જવાનું થાય, કોઈના નવા મકાનનું વાસ્તુ હોય કે ખાતમુહુર્ત હોય, કોઈના ત્યાં કોઈ ધાર્મિક વિધિ હોય, પછી તે બળેવ હોય કે લક્ષ્મીપૂજન હોય, અમારે ત્યાં જવાનું થાય. અને એ ધાર્મિક ગણો કે આર્થિક પ્રવૃત્તિ માટે જરૂરી ત્રણ ચાર ભાંગ્યા-તૂટ્યા સંસ્કૃતના શ્લોકો કે વાર્તાઓ ગોખી મારવી પડેલી. એ અમારો અભ્યાસ અને એ અમારી ડીગ્રી!

હું જન્મ્યો અને મોટો થતો ગયો. મને જે ગમ્યું તે મેં કર્યું. જે વિચાર આવ્યો તે અમલમાં મૂકયો. જે ઈચ્છા થઈ તે રસ્તો પકડયો. મારો ઉછેર મારી જાતે જ થતો ગયો. પોષણની કોઈ વ્યકિતગત રૂચિ ભળેલી જ નહીં. મને આમને આમ અંતે નાણાં કમાવવામાં રસ પડતો ગયો. મને થતું હતું કે મારી પાસે ધન નથી તેથી જ મારું લગ્ન ગોઠવાતું નથી. હું એવા નિર્ણય ઉપર આવવા લાગ્યો કે નાણાંના અભાવમાં જ સમાજ મારી દુર્વૃત્તિઓની ટીકા કરે છે. મેં એવું કલ્પ્યું કે અઢળક કમાયેલાં નાણાંથી હું મારા તમામ સંબંધીઓને ખરીદી લઈશ. હંમેશાં મારી તરફ ઉદાસીન રહેતા બાપુજીને તથા મારાથી દૂર રહેતા મોટાભાઈને હું મારાં કમાયેલાં નાણાં બતાવી મારી નજીક લાવી શકીશ. નાણાંની ઝાકમઝાળ જોઈને લોકો પોતાની છોકરીઓ માટે માગુ લઈને મારે ઘેર આંટા મારતા થઈ જશે. આજે જે સમાજ મને લુચ્ચો, લફંગો, રખડેલ ગણે છે તે બધા મારા ખિસ્સામાં ખખડતા સિક્કાના રણકાર સાંભળીને મારી ચશમપોશી કરશે.

અને મને રૂપિયાની ભૂખ લાગી.

• • •

# 11. મારી ધાર્મિક મીમાંસા

હે શ્રોતા, આ જીવન એક યુદ્ધ છે. અને સેનાઓ બંને બાજુ ગોઠવાઈ જાય છે. અને આવાં બબ્બે કુરુક્ષેત્રો છે ! એક બાહ્ય અને બીજું આંતરિક. આ યુદ્ધમાં માયાનો પ્રભાવ છે- પ્રશ્નોની વણઝાર છે, ઘડી ઘડીના પરિણામોનો કાફલો છે અને જન્મતાં વેંત જ માનવ કુરુક્ષેત્રમાં હડસેલાઈ જાય છે. અને આ યુદ્ધભૂમિ ઉપર જ છેલ્લો શ્વાસ ખેંચે છે. મૃત્યુ બાદ તેની યુદ્ધ કુશળતાની થોડો સમય ચર્ચા થાય અને વળી આ કુરુક્ષેત્ર યુદ્ધમાં રમમાણ ! પછી તો કોઈ નોંધ પણ નથી લેતું કે એક યોદ્ધો હમણાં અહીં લડતો હતો અને હવે નથી.

બાહ્ય યુદ્ધમાં તો સગાં-સંબંધી-મિત્રો - સ્નેહીઓ - નોકરી - ધંધો અને તેના સંબંધો છે. પણ આંતરયુદ્ધમાં એ વ્યકિત એકલો જ છે. તેનો આત્મા, તેની બુદ્ધિ, તેનું મન, તેની ઈન્દ્રિયો, તેનો સ્વભાવ - આ જ એના પ્રતિપક્ષના સૈનિકો !

આ યુદ્ધના નિયમો એટલે સામાજીક બંધનો, ભાતીગળ રીતરિવાજો, રીતભાત, પ્રણાલિકાઓ, નિયત ફરજો-હકકો અને કેટલાક વર્ષોથી ચાલી આવતી નિયત માની લીધેલી પદ્ધતિઓ, ઉપદેશો, ગુરુવચનો, વડીલોની આજ્ઞાઓ, શાસ્ત્રો એ નકકી કરેલી જીવન પદ્ધતિઓ. ધર્મ, સત્ય, ન્યાય, નીતિ જેવા મહાન ચોકીદારો તમારા ઉપર સતત નજર રાખે. ભગવાનનો ડર, આકાંક્ષાઓની પ્રબળતા, સંબંધી - સ્નેહીઓની માયા, લોભ-લાલચનો પ્રભાવ - અને આવા બધા અનેક પરિબળો વચ્ચે ચાલતું આ ધમાસાણ જીવન યુદ્ધ !

બહેન, માતા, પત્ની, પુત્રી - પિતા, પુત્ર, ભાઈ, પતિ - હું - અને એવી જ અનેકાનેક સમાન વ્યક્તિઓની વચ્ચે હું ! પૈસો, ધર્મ, સ્નેહ, આકાંક્ષાઓ

- વિગેરેની વચ્ચે હું ! હું, નાનો બાળ અભિમન્યુ, અને મારે લડવાનું આ ભવ્ય ભીષ્મો સામે! અને આખીય દુનિયા નિયમો તોડે તો તોડે - મારી સામે અન્યાયથી યુદ્ધે ચડે તો ચડે - મારે તો ભગવાનથી ડરતા રહીને, નિયમો સાચવી સાચવીને જ લડવાનું - અને જીતી બતાવવાનું છે !

હું લપસું તો આખું કુરુક્ષેત્ર ખડખડાટ હસે અને આખી યુદ્ધ ભૂમિ ઉપર-તળે થઈ જાય તો કાંઈ વાંધો નહીં. મને ઘા એ ઘા પડી જાય તો પણ મારે હસતા રહેવાનું, યુદ્ધભૂમિ પણ નહીં છોડવાની અને લડતા પણ રહેવાનું. અને સામા સૈનિકને સ્હેજ ધસરકો થાય તો બધા સૈનિકો એક થઈને મારા ઉપર તૂટી પડે અને યુદ્ધભૂમિના વિકૃત નિયમોનું વાચન કરવા મંડી પડે ! વાહ ! કેવી આ યુદ્ધભૂમિ ! કેવી આ રંગભૂમિ!

આમ તો આ જીવન લીલા જ આભાસ માત્ર છે - કશું જ સત્ય નથી. રંગભૂમિ ઉપર ફરતો મુગટ પેહેરલો રાજા - એ ખરેખર રાજા નથી - એક નટ માત્ર છે. એમ જ આ યુદ્ધભૂમિ ઉપર હું સૈનિક નથી - છતાં સૈનિક છું. આ નિયમોની વણઝાર મેં વાંચી છે, સાંભળી છે, તેનું મનન કરી કરીને, શકય તેટલી યુદ્ધ ભૂમિ ઉપર પાળું છું. કયાંક આ નિયમોથી કંટાળું છું, તેનાં કડવાં-મીઠાં પરિણામો અનુભવું છું અને પેલા થાંભલે લટકતા બિલ્વના ધડની માફક ઘડીક ખડખડ હસું છું, તો કોઈકવાર ધ્રુસકે ધ્રુસકે રડી લઉં છું. પણ આ નિયમો મારા માટે નથી. (હું કોણ?) આ તો યુદ્ધ ભૂમિ ઉપરના સૈનિકના પાત્રો માટે છે. અને હું તો વેશધારી સૈનિક છું. મારે શું ? આ નાટક ચાલે ત્યાં સુધી જ બધું નિભાવવાનું છે ને !

અને તો પછી હું કોણ ? મારા માટે આ વેશ શા માટે ? મને અહીં કોણે મોકલ્યો ? આ વેશ શા માટે ? શા માટે મોકલ્યો છે? મારે અહીંથી વેશ ભજવ્યા પછી કયાં જવાનું છે ? મારે આ નિયમો સાથે કેટલી લેવા-દેવા? આ યુદ્ધના પરિણામ સાથે મારે કેટલી નિસ્બત ? આ પ્રશ્નો કોને પૂછવાના ? શું આ બધું છોડી ને, સૈનિકનો વેશ અધવચ્ચે કાઢી નાખી, પરદા પાછળ જતો રહું ? કે પછી નિયમો બાજુ ઉપર રાખી - જીત એ એકજ નિશાન-એમ ગણી સર્વનાશ માટે મચી પડું? કે પછી આ અનેક દાહોને સહેતાં સહેતાં પણ નિયમોને પકડી રાખીને હાર-જીતની પરવા કર્યા વગર આ યુદ્ધને ચાલુ રાખું ?

લાવ, આ બધાજ પ્રશ્નો પેલા ધર્મનેજ પૂછું!

પણ ધર્મ કોણ છે? કયાં મલે ? તેનું રહેઠાણ કયાં? તે કેવડો છે? તેને ગુરૂપદ આપું તો ખરો પણ તેનામાં ગુરૂપદની ક્ષમતા છે? તે આ બધી વાતોનો અનુભવી છે? તેનો ગુરૂ કોણ ? તેનું કુળ કયું ? તે આ બધું કયાં ભણ્યો? તેનો જન્મ ક્યાં થયો ? તેનાં માતા-પિતા કોણ ? તેનું અસ્તિત્વ કેવું છે ? તેની સલાહ કોઈએ ભૂતકાળમાં માંગી છે ? કેવી સલાહ મલી છે ? તેનાથી તેના શિષ્યો એ શું મેળવ્યું છે? તેનું ભવિષ્ય કેવું છે ?

કહેવાય છે કે, વિશ્વની - બ્રહ્માંડની - આ સકળ જગતની રક્ષા ધર્મ કરે છે. જયાં જયાં કુરુક્ષેત્ર છે - ત્યાં ત્યાં ધર્મક્ષેત્ર પણ છે. અને કુરુક્ષેત્રના યુદ્ધની સમીક્ષા કરવાની સંજયદષ્ટિ પણ ધર્મની જ કૃપા છે. ધર્મ કોઈનો નથી અને કોઈનાથીય વિમુખ નથી. ધર્મની માત્રાથી સંરક્ષણનું પરિમાણ ઊભું થાય છે. ધર્મ એજ ઈશ્વર છે, ધર્મની સાથે સત્ય જોડાય છે, નીતિ અને ન્યાયની વ્યાખ્યાઓ ધર્મની દુંટીમાંથી ઉદ્ભવેલા કમળની પાંખડીઓ માત્ર છે. ધર્મમાં કર્તવ્યનું બીજ છુપાએલું છે. ધર્મ એક હુંફ છે. ધર્મ હજારો હાથોથી રક્ષે છે, અનેક નેત્રોથી જુવે છે, અને મેઘાવી બુદ્ધિથી પ્રભાવે છે. ધર્મ (હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી વિગેરે નહીં) પરમાત્માની છાયા છે, આત્માનો ઐહિક અવાજ છે.

ધર્મ બહાર નથી, અંદર છે. ગુરૂ ઉપદેશ, વડીલોની આજ્ઞા, પત્નીની હઠ, માતાની સેવા, દેશભક્તિ, બાળકની માયા, પૈસાનો મોહ, કીર્તિની આકાંક્ષા - આ બધું બાહ્ય છે. મંદિર, પૂજા, મંત્ર, જાપ, ઉપવાસ, વ્રત, વિગેરે પણ બાહ્ય છે. ધર્મના રહેઠાણ તરફ જતાં રસ્તે આવતી નિશાનીઓ છે. ધર્મ ત્યાંથી આગળ તેના રહેઠાણની અંદર છે. અને તેનું રહેઠાણ એટલે આ નશ્વર, નાજુક, ક્ષુદ્ર, માટીના પીંડ જેવો આપણો માનવ દેહ. માનવદેહમાં છુપાયેલું મન, મનની પેલે પાર તર્કમાં રાચતી બુદ્ધિ, બુદ્ધિથીય આગળ વસતો તેજસ્વી, પ્રકાશપુંજ જેવો, નિરાકાર, નિર્લેપ, તટસ્થ, તદ્દન શુદ્ધ, વિકારહીન આત્મા અને આત્માના મધ્યમાં છુપાયો છે ધર્મ.

કહેવાય છે કે, મનના રહેઠાણ આગળનો દરવાજો ઈન્દ્રિયોનો છે. શુદ્ધ મનના દર્શન માટે ઈન્દ્રિયોનું શુદ્ધિકરણ જરૂરી છે. ઈન્દ્રિયોની અશુદ્ધિ રૂપી દરવાજો તોડી નાખવાથી શુદ્ધ મનનાં દર્શન થાય. અને પછી આગળનો ભોમિયો એ શુદ્ધ

મન ! બુદ્ધિના આગળનો દરવાજો માનસીક અશુદ્ધિઓનો છે. લોભ, મોહ, કામ, ક્રોધ, અહંકાર વિગેરે અશુદ્ધિઓનાં પડળ તોડીને શુદ્ધ બુદ્ધિને જાણી શકાય. અને પછી શુધ્ધ મન અને શુધ્ધ બુદ્ધિ રૂપી બે ભોમિયા લઈને વળી એ ઉંડી ગુફામાં આગળ વધવાનું ! વળી એક દરવાજો તોડવાનો થાય. તપ, વ્રત, ભક્તિ, જપ, જ્ઞાન, કર્મ ના શુદ્ધ સત્યોની મદદથી આત્મા આગળનો દરવાજો તોડી એ પ્રકાશપુંજની અનુભૂતિ કરવાની થાય. અને ત્યાં વળી મનો એકાગ્રતા, મનોમંથન, બુદ્ધિ તર્ક અને આત્મતત્વ જેવા ભોમિયાઓના સહારે તેના મધ્યમાં છૂપાએલા ધર્મ તત્વનું દર્શન કરવાનું થાય.

આ ધર્મ કેવડો ? સકળ બ્રહ્માંડથી મહાન અને ખૂબજ નાના પરમાણુંથીય ખૂબજ નાનો છે. ધર્મની પહોંચમાંથી કોઈ છટકી શકતો નથી. ધર્મ જયાં છે ત્યાં બધું જ સમાઈ જાય છે. હાથી જેટલો મોટો અને કીડી જેટલો સુક્ષ્મ આ ધર્મ આકારહીન સત્વમય છે. ધર્મની ક્ષમતા સમજવી દેવો માટે પણ અઘરી છે. તો હે શ્રોતા ! તું અને હું તો કોણ ? યુધિષ્ઠિર ના રથને એક હાથ જેટલો ઉંચો ચલાવનાર એ ધર્મ તેને વેંત નીચો કરી નાખે છે. રાવણ જેવા બળીયા રાજાનો વિનાશ એ ધર્મથી થાય છે અને એ મહાપાપી રાવણનો મોક્ષ પણ એ ધર્મથી જ થાય છે. દુનિયાની કોઈ તાકાત ધર્મથી મહાન નથી. તેથીજ અર્થ, કામ અને અંતે મોક્ષની કડીમાં ધર્મનું સ્થાન પ્રથમ ગણ્યું છે. ધર્મની વિમુખતા સામે મહાકાલ પણ ટકી શકતા નથી. એ ધર્મની ક્ષમતા છે. ધર્મ એટલે સર્વસ્વ, સર્વકાલ અને સર્વઅનુભવી. ધર્મની દૃષ્ટિ અને શક્તિની બહાર કાંઈજ નથી. ધર્મથી જ વિશ્વ બ્રહ્માંડ-વ્યકિત-મોહ-સત્-બધું જ ટકે છે. ધર્મ સનાતન છે. ધર્મમાં બ્રહ્મની કોઈ કંડિકાનો સમાવેશ ન થતો હોય તેવું કદી બન્યું નથી. ત્યારે મનુષ્ય જીવનકાળની કોઈપણ બાબત કે ક્ષણ ધર્મની બહાર હોય તો તે બનેજ કેમ ?

ધર્મનો ગુરૂ કોણ ? ધર્મનો ગુરૂ પરમાત્મા - અને પરમાત્મા એટલે સાચી સમજ - સાચું કર્તવ્ય, કર્તવ્યનિષ્ઠા, કર્તવ્યસભાનતા. હું મારી જાતને પૂછું - વિચારું - તત્વાર્થ સમજાું અને તે રસ્તે જ જીવન નિભાવું - એટલે એ ધર્મ. એજ પરમાત્માની અનુભૂતિ. ધર્મ એ પરમાત્માનું પ્રતિબિંબ છે. પરમાત્માને જોવા ધર્મરૂપી કાચથી જોવું પડશે. ધર્મનું કૂળ ઋષિકુળ છે. જે આ બધું જોઈ, અનુભવી, સાચું સમજયો - સાચું કર્તવ્ય જાણી શકયો. મન અને બુદ્ધિની ભારે કસરત પછી

તત્વાર્થ ભેદી શકયો અને મક્કમ બની કર્તવ્યનિષ્ઠ બન્યો અને પછી પુરી કર્તવ્ય સભાનતાથી જીવનમાં આગળ વધ્યો એ ઋષિ. અને તેણે વિચાર્યું, કહ્યું કે વર્ત્યો એ ધર્મ. આમ ધર્મનું કુળ ઋષિ કુળ ગણાય. ધર્મ આ બધું આ બ્રહ્માંડમાંજ ભણ્યો છે. સૂર્ય ઉગ્યો અને આથમ્યો. ચંદ્ર પુનમના દિવસે પૂર્ણ ચંદ્ર હતો - ક્ષીણ થતો ગયો અને વળી અમાવાસ્યાનો તીવ્ર અંધકાર! તારાઓ અનેક છતાં ચંદ્ર જેટલું તેજ નથી. સૂર્ય જેવાને પણ ગ્રહણની અસર થાય છે. ભરતીમાં શાંત સમુદ્ર પણ મર્યાદા ચુકી જાય છે. ખળખળ વહેતી સરિતા શાંત સમુદ્રમાં પડી શાંત અને ખારી બની જાય છે. ફુલ ઉગે છે, કરમાય છે. નવપલ્લવિત વૃક્ષોની વણઝાર વળી એકવાર ઠુંઠાંનું વન પણ બની જાય છે. આમ આ બધું ધર્મ બ્રહ્માંડમાંથી જ જોઈ - વિચારીને શીખ્યો - ભણ્યો.

ધર્મનો જન્મ કયાં ? કહેવાય છે જો પૂર્વ જન્મના સંસ્કારો ન હોય તો ભારે વિનાશ પછી જ એ રાખમાંથી ધર્મ જન્મે છે. આમ તો ધર્મ સનાતન છે. તેનો પોતાનો તો ઉદ્ભવ પણ નથી કે વિનાશ પણ નથી. ધર્મ ઘડીક દેખા દે છે અને કયાંક સંતાઈ પણ જતો હોય તેવો આભાસ માત્ર થાય છે. જેમ ગર્ભ ઉપર ઓર ઢંકાઈ જાય છે તેમ ધર્મ ઉપર પડળો ચડી જાય છે અને ધર્મ અધર્મરૂપી પડળોની અંદર આંતરિક વિકાસ સાધી યથા સમયે જન્મ લે છે. જે સમજે છે કે મારા ગર્ભમાં ધર્મનો વિકાસ થઈ રહ્યો છે. અને જે આ બધું દેખાય છે તે અધર્મ રૂપી પડળો છે અને મારે આ પડળોને છેદી, પ્રસવની વેદના વેઠવી છે, તેના ત્યાં જ પ્રસવ પછી ધર્મનો જન્મ થાય છે. જેમકે માતા દેવકીએ એ વેદના ભારે દુઃખો વચ્ચે જેલની અંધારી કોટડીમાં વેઠી એટલે એના ત્યાં ધર્મનો જન્મ થયો.

ધર્મની માતા દુઃખ છે. અને પિતા સાચી સમજ છે. શ્રોતા ! પ્રશ્ન થયો ને તને કે દુઃખ એટલે શું ? આતતાયીઓના ત્રાસથી દુઃખ જન્મે છે. આતતાયી કોણ ? જે ધર્મને નથી સમજતો તે આતતાયી ! જે ધર્મને સમજે તે કોઈને દુઃખ દેતો નથી. પાણીના સરલ પ્રવાહની વચ્ચે આડ મુકવાથી પાણી માર્ગ બદલે છે. તેમજ નિયત પ્રકૃતિની વિરુદ્ધ જવાથી જીવન માર્ગ બદલે છે. અને માર્ગ ફટાતાં અઘટીત પરિણામોની વણઝાર જીવાત્માની પાછળ પડી જાય છે - જ્યાં શાંતિ હણાય છે અને અશાંત મન નો પર્યાય છે ધર્મથી વિમુખતા, એટલે કે દુઃખ. આ દુઃખમાં સાચી સમજ ભળે એટલે જન્મે પૂર્ણ ધર્મ !

ધર્મનું અસ્તિત્વ કેવું ? નિર્મળ, શુદ્ધ, ગંગાજળ જેવું. વિકૃતિઓનો નાશ, જ્ઞાન માટેની રૂચિ, આંતર ક્ષમતામાં વધારો, પ્રભુ પ્રત્યેનો લગાવ, કર્તવ્યનિષ્ઠા વિગેરેનો ઉદ્‌ભવ થાય ત્યારે સમજવું કે અહીં કયાંક ધર્મનું અસ્તિત્વ નિશ્ચિત છે. ધર્મ સાથે જ શાંતિ, સત્ય, ન્યાય, સમૃદ્ધિ, વિકાસ, નીતિ વિગેરે ચાલ્યા આવે છે. રિદ્ધિ અને સિદ્ધિ એ ધર્મની દેન છે. અને આમ ધર્મના અસ્તિત્વની અનુભૂતિ થાય છે. ધર્મ કોઈ વ્યકિત કે પદાર્થ નથી કે તેનો કોઈ નિશ્ચિત આકાર નથી, જેથી તેને નરી આંખે જોઈને કે હાથમાં લઈને બતાવી શકાય કે આ રહ્યો ધર્મ !

ભૂતકાળમાં જયારે માનવમાત્ર ઈન્દ્રિયોથી કયાંક પહોંચવા અશક્ત માલૂમ પડયો, તેના મન સાથે વાસ્તવિકતાઓ માટે જરૂરી સમાધાન થઈ શકયું નહીં, નૈસર્ગિક માયા પ્રભાવને તેની બુદ્ધિ શક્તિ ના તર્કથી મુલવી શકયો નહીં, અને અજાયબ પ્રભાવી આત્મા શક્તિથી પણ પ્રકૃતિ વશ થઈ શકી નહીં ત્યારે હારેલો-થાકેલો માનવ ધર્મના શરણે ગયો અને ધર્મનું પહેલું પગલું શું હતું ખબર છે? વસ્ત્રાહરણ! દ્રૌપદીનાં ચીર ભર્યા દરબારમાં ખેંચાયાં અને ગોપીઓનાં વસ્ત્રો લઈને ધર્મ કંદંબની ડાળોમાં સંતાઈ ગયો. ઈન્દ્રિયો, મન, બુદ્ધિ અને આત્મા બધુંય સમેટાઈ ગયું. 'એક તું અને એક માત્ર હું.' એ ધર્મની પહેલી શિક્ષા. અને પહેલી સલાહ પણ આ રહી એજ :-

॥ સર્વ ધર્માન્ પરિત્યજયેત, મામેકમ્ શરણં વ્રજ :॥

અને પછી માનવને કાંઈ ચિંતા રહી જ નહીં. તેનાથી મળ્યું શું?

॥ અહમ્ ત્વા સર્વ પાપેભ્યો, મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥

અને આ ધર્મનું ભવિષ્ય શું ?

॥ અનન્યાશ્રિતયન્તો મામ્ યો જના : પરિઉપાસતે ।

તેષામ્ નિત્યાભિયુક્તાનામ્ યોગક્ષેમમ્ વહામ્યહમ્ ॥

આ સુર્ય અને ચંદ્ર અસ્ત થઈ જશે, આ બ્રહ્મમાં પ્રલય પ્રસરી જશે તો પ્રસરી જશે પણ ધર્મ ત્યાં ને ત્યાંજ હશે અને એણે આપેલાં વચનો અવશ્ય પાળશે. એણે કહયું છે તેમ પરિત્રાણાય ચ સાધુનામ્ અને વિનાશાય ચ - દ્દષ્કૃતામ્ તેને આવવું જ પડશે. સવાલ છે 'સાધૂ' બની બતાવવાનો. વિચારવાનું

છે કે વ્યકિત દુષ્ટ નથી અને ધર્મ વ્યકિતનો કદી નાશ નહીં કરે. દુષ્કૃત્યોનો જ નાશ કરશે. માટે વ્યકિત નાશની અપેક્ષા ધર્મ તરફ રખાય નહીં.

આ થઈ ધર્મની વ્યાખ્યા - હે શ્રોતા ! ચાલ હવે આપણે આવા ધર્મને આપણા મુંઝવતા પ્રશ્નો પૂછીએ.

• • •

# 12. યક્ષ પ્રશ્નો

હે વાચક ! ડાયો પંડયો પોતે મહાન નહોતા. જીવનમાં એક તણખલાની માફક સંજોગોના વંટોળમાં ઘડીક ઉડી આસમાને પહોંચી, કયાંક પાણીના ધસમસતા ધોધમાં તણાઈને અંતે ફેંકાઈ ગયેલી - વિસ્મૃતિમાં અટવાઈ પડેલી એક વ્યકિત માત્ર છે. પણ તેમનું પતન શા માટે ? તેઓ શું વિચારતા ? તેમની પોતાની સમજ કેવી હતી ? તેમણે કયાં ભૂલો કરી ? આ બધું આ ચરિત્રલેખનમાં દર્શાવવાનો મારો હળવો પ્રયત્ન છે. એ વિદ્વાન હતા,ભક્ત હતા, સત્યને સમજી શકેલા. જીવનના ઉતાર-ચઢાવ જોયેલા અને જીવન વિશે વિચારી પણ શકતા. તેઓએ ભુલોની વણઝાર સર્જી છે. તેમના જીવનમાં સ્ખલન પણ છે. તેમણે આર્થિક, સામાજીક ક્ષેત્રે પોતાની તમામ હિંમત અને તાકાતથી લડાઈ આપી છે. હાર કે જીત તો મામુલી બાબત છે. અને તે હાર્યા છે તે કબૂલ ! પણ તે ડગ્યા નથી. તેઓ-ખુમારી, હિંમત અને સ્વમાનની બેજોડ મિસાલ હતા. તેમના જીવનમાં આવેલા પ્રશ્નો સર્વસામાન્ય વહેવારિક પ્રશ્નો છે. એવા પ્રશ્નોને તેમની નજરે ધર્મ સમક્ષ મુલવવાનો આ પ્રકરણમાં સામાન્ય પ્રયાસ માત્ર કર્યો છે અને આ સત્ય સમજયા  સિવાય તેમનું જીવન નહીં સમજી શકાય. તેથી તેમની જીવનકથામાં મધ્યાંતર લાવીને વચ્ચે રસક્ષય કરીને પણ ધર્મ અને તેમના પ્રશ્નોમાં આપણે થોડોક સમય અટવાયા છીએ. આટલી સ્પષ્ટતા પછી એમની ચાલનારી આગળની જીવન કથા સમજવી સરળ પડશે તથા ગેરસમજનો ભય પણ દૂર થશે.

તો હવે યક્ષ પ્રશ્નો ચાલુ કરીએ.

આ જીવન યુદ્ધ ક્ષેત્રે સેનાઓ અને કુરુક્ષેત્રો આપોઆપ કેમ ગોઠવાઈ જાય છે ? માયાનો પ્રભાવ શું છે ? પરિસ્થિતિને વશ માનવને પરિણામો કેમ ભોગવવાં

પડે છે ? મૃત્યુ બાદ જીવનના યુદ્ધનું મહત્વ શું ? સગાં સંબંધી અને આંતરમનથી યુદ્ધ કેમ ? યુદ્ધમાં આટલા આકરા નિયમો કેમ ? નિયમોમાં છૂટછાટ કેમ નહીં ? લપસું તો અટ્ટહાસ્ય કેમ ? બીજા સૈનિકો કેમ નિયમ નથી સાચવતા ? આ જીવનલીલા નાટક જેવી કેમ ? હું કોણ ? જીવનલીલા, યુદ્ધ, પરિણામ, હાર-જીત, નિયમો વિગેરેનું રહસ્ય શું ? અધવચ્ચે કેમ નાટક બંધ ન કરાય ? મારે તો શાંતિ જોઈએ છે - યુદ્ધ નહીં અને અહીં તો શીખવાય છે કે યુદ્ધ ફરજ છે. તો શું યુદ્ધ ફરજિયાત છે? તો મારી આકાંક્ષા - શાંતિપ્રાપ્તિ - મોક્ષનું શું ?

માનવમાત્ર નો જન્મ વિજ્ઞાનીઓના કહેવા પ્રમાણે ગમે તે હોય, ધર્મની દૃષ્ટિએ વિશિષ્ટ બાબત છે. આ દેહ એ આત્માનું આવરણ છે. આત્મા જુનાં વસ્ત્ર ત્યજીને નવો દેહ ધારણ કરે છે. અને આવા અનેક જન્મોમાં થઈને આત્માને પસાર થવું પડે છે. અને દરેક જન્મ વખતેનાં ખાસ કૃત્યો, ખાસ વિચારો, ખાસ સંજોગોની આછેરી અસર આત્મા સાથે આગળને આગળ તણાઈ આવે છે. આમાં અધુરી આકાંક્ષાઓ, અધુરાં કર્તવ્યો, અધુરી ભક્તિ જોડાય છે. અને તેનાં કર્મોને આધીન રહીને, તેનાં બાકી કર્તવ્યોમાંથી, ખાસ પસંદ કરાયેલી ખાસ બાબતની પૂર્ણ પૂર્તિ માટે જે તે વ્યકિત વિશેષનો ખાસ સ્થળે, ખાસ સમયે, જન્મ થતો હોય છે.

આમ વ્યકિત વિશેષનો ખાસ હેતુ માટે ખાસ સ્થળે અને ખાસ સમયે નિયત જન્મ થતો હોય. ત્યારે તેના માટેનાં અનુરૂપ કુરુક્ષેત્રો અને સેનાઓ તો અગાઉથી ગોઠવાયેલી હોય અને તદ્અનુસાર સ્થળ-સમયની પસંદગી થયેલી હોય છે. મતલબકે આ બધું ગોઠવાયેલું જ છે - અકસ્માત નથી. અને આમ આ વેશ ભજવવા માટે વ્યકિત વિશેષનું વિશિષ્ટ અવતરણ થાય છે. જેમકે મહાભારતમાં ભીષ્મનું પાત્ર ! શાપિત વસુનો મોક્ષ બાકી હતો તેથી ગંગાને પેટે અવતરી, શાંતનૂ પિતાને ત્યાં જન્મ્યા અને ભીષ્મ પ્રતિજ્ઞાથી ઉજ્જવળ બન્યા. અને સમગ્ર કુરુવંશના આદિથી માંડીને અંત સુધી યથેચ્છ જીવન જીવ્યા. આમ જ આપણા સૌનું છે. આમ જન્મ પણ નિશ્ચિત હતો અને કુરુક્ષેત્ર અને સૈન્યો પણ નિશ્ચિત હતાં. જન્મ્યા પછી આ બધું ઉદ્ભવ્યું નથી અને અચાનક-અકસ્માતથી અહીં જન્મ થયો નથી.

ચંડીપાઠમાં નોંધ છે કે, વૈશ્યને તેની પત્ની અને પુત્રોએ બધું પડાવી લઈ વનમાં કાઢી મૂકયો અને રાજાને અંગત માણસોએ શત્રુ સાથે ભળી જઈ હરાવી મારી નાખવા લીધો અને રાજા સંતાઈને ભાગી ગયો. પરંતુ ઋષિ આશ્રમમાં ભેગા થયેલા બંને જણા - વૈશ્ય તે પુત્રો અને પત્ની માટે ચિંતા કરે છે અને રાજા તેના પ્રધાનો - હાથીઓ - તિજોરીની ચિંતા કરે છે. અને આ અંગે ઋષિને પૃચ્છા કરવા જાય છે. જયાં આ માયાવી શક્તિ અંગે રસપ્રદ કહાણી ઋષિજી સમજાવે છે.

જયાં સુર્ય છે ત્યાં ગ્રહણ અવશ્ય છે. જયાં ભરતી છે ત્યાં ઓટ અવશ્ય છે. જયાં નામ છે તેનો નાશ નકકી છે, જયાં ઉન્નતિ છે તેની ઓથે પતન જોડાયેલું છે જ. ખીલતી કળીને ફુલ બની કરમાઈ નીચે પડવાનું છે જ અને વસંત પહેલાં પાનખર હતી અને પાછળ પણ પાનખર આવવાની છે જ. દિવસ પછી રાત્રી નક્કી છે અને પૂનમ પછી અમાવાસ્યા નક્કી છે. આ તો ચગડોળ છે. ચાલ્યા કર્યું છે. હાલ ચાલે છે - અને ભવિષ્યમાં અવિરત ચાલતું રહેશે.

પણ ગ્રહણ માટે, ઓટ માટે, નાશ માટે, પતન માટે, કરમાઈને નીચે પડવા માટે, પાનખર માટે, રાત્રી માટે, અમાવાસ્યા માટે, ચગડોળમાં ઉપરથી નીચે આવવા માટે નિમિત્તની જરૂર છે. ધર્મથી માનવ કંટાળે છે - થાકે છે કેમકે એ તો કાંટાળો, કંટાળાજનક અને દુ:ખદ રસ્તો છે. જે રસ્તેથી પસાર થતી વખતે માયા એનો પ્રભાવ રજુ કરે છે. જેની સામે ડગી જાય અને માયાના પ્રભાવને વશ થઈ જાય તે ચગડોળમાં નીચે ઉતરતો થાય છે અને માયા મતિ, ઈન્દ્રિયો, મન, બુદ્ધિને જકડી લે છે. આત્માના પ્રકાશપુંજ ઉપર પડળો બનાવે છે. આમ ધર્મથી વિમુખતા ઉભી થાય છે. કેમકે ધર્મ તો આત્માના મધ્યમાં છે. તેથી તેનો વિનાશ ચાલુ થાય છે. જે સ્વાભાવિક બાબત છે. નૈસર્ગિક ઘટના છે અને માનવ નિસર્ગની ઉપજ છે. તેથી તે માયાવી પ્રભાવની અસરમાં આવવાનો જ ! અને પતન !

હવે તમારો જન્મ શાપરૂપ હેતુસર હશે તો નિયત સ્વભાવ અને પૂર્વજન્મના સંસ્કારો મુજબ માયાવી પ્રભાવ પ્રબળ રહેશે. જેમાં અટવાતાં ઉચ્ચ જન્મ સ્થળ - સમય - સંજોગો હોવા છતાં માનવ પતન નિશ્ચિત બનશે. અને શાપની નબળી અસરો ભોગવવાની રહેશે. જે પૂર્ણ થતાં વળી આત્મા મુકત બનીને આ

નશ્વર દેહને છોડી દેશે. જો ખાસ હેતુ - ઉત્તમ હેતુ માટે જન્મ હશે તો માયાવી પ્રભાવ સામે તે જીવન યુદ્ધે ચડશે અને એ માયાવી પ્રભાવના કોઠાને તોડી પોતાનો રસ્તો આગળ કરી લેશે અને નિયત કર્મ પૂર્ણ કરશે. પરંતુ તે શુભ-ઉત્તમ-નિયત કર્મ પણ જયાં પૂર્ણ થયું એટલે તુરત જ આત્માને દેહ છોડી દેવો પડશે જ. મતલબ કે કોઈપણ રસ્તે મૃત્યુ નિશ્ચિત છે. કાર્યપૂર્તિ સિવાય મૃત્યુ નથી. ભોગવ્યા વગર મોક્ષ નથી.

પરિસ્થિતિ એ પ્રભુની દેન છે. જન્મ પહેલાં તૈયાર થાય છે અને એક તબકકે જીવાત્માના જન્મ સાથે વ્યકિત વિશેષ સાથે સંકળાય છે. પુણ્યાત્મા સારી પરિસ્થિતિઓથી ઘેરાય છે અથવા વિપરીત પરિસ્થિતિઓનો સામનો કરી નવી અનુકૂળ પરિસ્થિતિ પેદા કરે છે. જયારે પાપાત્મા ને અવળી અવસ્થાઓ ભેટાય છે. અને સારી દેન ભોગવી નથી શકતો. વળી આ જીવાત્મા તેના નિયત સ્વભાવને વશ થઈ તેની આસપાસ ની પરિસ્થિતિમાં પસાર થતાં યથેચ્છ પરંતુ નિયત માર્ગ ગ્રહણ કરે છે. જેમાંથી ઉદ્‌ભવતાં પરિણામો ભોગવી મુકત બને છે. એટલે કે સારા પરિણામો ભોગવી પુણ્યમાંથી મોક્ષ મેળવે છે, અથવા ખરાબ પરિણામો ભોગવી પાપમાંથી મુકત બનવા ના રસ્તે આગળ વધે છે. આમ નિયત પરિસ્થિતિમાં અવતરેલો વ્યકિત વિશેષ નિયત હેતુ પૂર્ણ કરે છે.

આ જીવાત્મા માટેનો જન્મ કે મૃત્યુ એ તો એના લાંબા રસ્તાનો નાનો ટુકડો માત્ર છે. ગીતામાં પણ લખ્યું છે કે, આ પૂર્વે આ જીવ અનેક જન્મો લઈ ચુકયો છે અને હવે પછી અનેકવાર અવતરશે. આમ મૃત્યુ એ તો એક વિસામો છે. જેમ સો કિ.મી. લાંબા રસ્તા ઉપર દરેક એક કિ.મી.ના અંતરે એક પત્થર આવે છે તેમ આ જીવના મહાભ્રમણમાં મૃત્યુ એક કિ.મી. દર્શક પત્થર જેવું છે. અને મૃત્યુ બાદ નવી પરિસ્થિતિ વચ્ચેનું નવું કુરુક્ષેત્ર, નવા હેતુઓ, નવું અવતરણ અને તેમાંનું નવું યુદ્ધ. પણ આ જન્મમાં જે કર્યું તેની સરવાળા-બાદબાકીઓ થવાની. તે અનુસાર નવા જન્મનાં સ્થળ, કાળ, સ્થિતિ નિર્ણિત થશે. આમ ચાલુ યુદ્ધમાં બતાવેલી યુદ્ધકુશળતા નવા જન્મ માટેનાં પરિબળો માટેનું યોગ્ય પરિમાણ - લાયકાત ઉભી કરશે. મૃત્યુ બાદ બધું મટી જવાનું નથી. સાથે છે અને સાથે જ રહેશે.

આ આંતરમન સાથે તો યુદ્ધ કરવું જ પડશે. સ્વભાવગત નબળાઈઓનો

સામનો નહીં કરીએ તો માયાનો પ્રભાવ આપણને દબાવી દેશે. અને આપણું સ્ખલન થશે. જેથી નિર્ણિત હેતુથી વિપરીત બની જીવન જીવાશે અને પુણ્ય ફળોના સંચયમાં બાદબાકી થશે. અને નવા જન્મમાં આના કરતાં પણ વધું લપસણી અને વિપરીત સ્થિતિનો સામનો કરવાનો આવશે. વળી હેતુપૂર્તિ નહીં થતાં મોક્ષની પણ શકયતા કયાંથી ? વળી આંતરમનનું યુદ્ધ નહીં થાય તો શુદ્ધ બુદ્ધિ, શુદ્ધ મન અને આત્માનો પ્રભાવ કયાંથી આવશે ? જેના વગર ધર્મની સમજ, રૂચિ અને ધાર્મિક વર્તન ઉભાં નહીં થાય. અને જયાં ધર્મ નથી ત્યાં શાંતિ નથી. દુઃખનો ઉદ્ભવ થશે અને ધર્મ વિહીન જીવનમાં ભય ઉભો થશે. આમ દિશાવિહીન, ભારે તોફાનો વચ્ચે નાવ આ જીવન સમુદ્રમાં આડી અવળી રખડશે, અથડાશે, ડોલશે. કયાંક નાવ ડૂબી પણ જાય! જે સગાં-સંબંધી છે તે પણ સ્થિતિને અનુરૂપ પૂર્વનિર્ણિત જ છે. માતા-પિતા નિશ્ચિત હતાં અને જન્મ્યા. અને આ જે જીવીએ છીએ ત્યાં મળતું એકેએક પાત્ર પૂર્વનિર્ણિત છે. જેમાં ખાસ હેતુ અને વિષયો સમાયેલા છે. આમ આ બધું મૂળ હેતુની પાદપૂર્તિ માટે જ છે. આ સંબંધી-સગાનું મળવું પણ હેતુપુરઃસર જ છે. જેની સાથે યુદ્ધમાં ઉતરવું પડે તે પણ પૂર્વ નિશ્ચિત અને હેતુપુરઃસર જ છે.

કોઈ અહલ્યા એના ઉદ્ધાર માટે રામને મલે છે. કોઈ રાવણ પોતાના મોક્ષ માટે સીતાને ઉઠાવી જઈ યુદ્ધમાં ઉતરી રામને મલે છે. કોઈ કૈકેયી વનવાસ આપવા રામને મલે છે. કોઈ વાલ્મીકી પ્રખર લવ-કુશ પેદા કરવા સીતાને મલે છે. દ્રોણને અર્જુન મલે છે, દ્રુપદ રાજાનું વેર લેવા ધૃષ્ટદ્યુમ્ન અને કુરુવંશને અંધ ધૃતરાષ્ટ્ર મલે છે. પાંડુને માદ્રી મલે છે, કુંતીપુત્ર કર્ણને રાધા મળે છે. આમ આ બધું જે મલે છે, તે અચાનક નથી મલતું. વ્યક્તિ વિશેષના જન્મ સાથે નિયત થયેલ હેતુની પાદ પૂર્તિ માટે જરૂરી પરિસ્થિતિને અનુરૂપ સગાં-સંબંધીઓમાં માયાનો શંભુમેળો યથા સમયે, યથા સ્થળે, સામે આવીને મલે છે. જરૂર પડયે તેમની સામે યુદ્ધે પણ ચડવું પડશે અને તેમની સામે યુદ્ધે પડવામાં માયાવી પ્રભાવથી અંજાઈ જવું, તેમની સામે લડવામાં ડર રાખવો, તેમની સામેના યુદ્ધમાં બિનજરૂરી વિવેક દર્શાવી અકર્મણ્યતા બતાવવી તે બરાબર નથી. તેમ શ્રીકૃષ્ણે જ ગીતામાં અર્જુનને કહ્યું છે. આવું વિચારવું તે યોગ્ય જ નથી. પંડિતો આવી બાબતોનો શોક કરતા નથી. આવી નબળાઈ ત્યજી, ઉભા થઈ, ક્ષુદ્રતાને વશ

થયા વગર કે બિચારાપણું મનમાં લાવ્યા વગર, પોતાનું કર્મ કર્યે જવાનું છે. હાર કે જીત એટલે કે ફળની ચિંતા નથી કરવાની. મોક્ષનો મોહ નથી રાખવો અને મૃત્યુના ડરથી ડરી નથી જવું. નિષ્કર્મણ્ય થઈને શૂન્યમનસ્ક બનીને બેસી પણ નથી રહેવું. એણે જે સ્થિતિ આપી છે તેમાં મક્કમતાપૂર્વક આગળ વધવાનું છે.

યુદ્ધના નિયમોમાં આકરા કે સહેલા સેવા ભેદ ન પાડી શકાય. નિયમો તો પરાપૂર્વથી ચાલતા આવતા સનાતન નિયમો છે. પણ સ્થિતિ વિકટ કે સહેલી બનતી હોય છે. બાળક જન્મ્યું તેના જન્મ વખતે પ્રસુતિની વેદના થશે તે સ્વભાવગત નિશ્ચિત બાબત જ છે. પરંતુ માતાના  સ્વાસ્થ્ય અને શારીરિક બંધારણને અનુલક્ષીને પ્રસુતિની વેદનામાં વધઘટ કે તેના સમયમાં ઓછું-વત્તું હોઈ શકે. બાકી જન્મ થાય તેમાં પ્રસુતિ વેદના નિશ્ચિત છે. આમ નિયમ સહેલો - અઘરો નથી. સ્થિતિમાં ફેરફાર હોઈ શકે અને આગળ જણાવ્યું તેમ સ્થિતિ પણ હેતુપુરઃસર વિશિષ્ટ વ્યકિત માટે પૂર્વનિર્ણીત જ છે ને! જન્મ્યા પછી માતા-પિતાનો પ્રેમ, માતા-પિતાનું લાલન-પાલન અને ઉછેર, વિદ્યા સંપાદન, મિત્રમંડળ, વાતાવરણ, પત્ની, ધંધો, બાળકો, પોતાના બાળકોનો ઉછેર, સામાજીક-આર્થિક સ્થિતિ, સ્વાસ્થ્ય, મિલકતો, ભાગ્ય, લાભ અને આવું બધું સ્થિતિમાં આવી જાય. જે અગાઉ જણાવ્યું તેમ પૂર્વ નિર્ણીત જ છે, અને જે છે તેમાં યુદ્ધ કરવાનું છે. અને આ યુદ્ધના નિયમો તો સનાતન છે.

તમને સાદગી ગમે છે, પત્નીને ટાપટીપ. તમે વિદ્યા પ્રેમી છો અને બાળકો રખડેલ. તમે નીતિમત્તામાં માનો છો જયારે તમારો બોસ અનિતિનું ધામ છે. તમે આપવામાં માનો છો જયારે તમારું મિત્રમંડળ સ્વાર્થી છે. તમે ધાર્મિક છો, તમારી આસપાસનું વાતાવરણ અધર્મી લાગે છે. તમારે લાટ સાહેબ થઈને ફરવું છે, તમારું અર્થતંત્ર નબળું છે. તમારે મુક્ત વિહરવું છે, તમારો સમાજ રૂઢિચુસ્ત છે. તમારે જે રીતે ઉછરવું છે તે રસ્તે તમારાં માતા-પિતા તમને જવા દેવામાં માનતાં નથી અને તમારે તમારાં બાળકોનો જેવો ઉછેર કરવો છે તે રસ્તે જવા ખુદ તમારાં જ બાળકો તૈયાર નથી. આ અને આવા અનેક પ્રશ્નો સ્થિતિમાંથી ઉદ્ભવશે. તમે માનેલા ધર્મ યુદ્ધના રસ્તે નક્કી થયેલા નિયમો ઉપર ચાલવા જતાં ઘર્ષણ ઉભું થશેજ. જ્યાં ઘર્ષણની માત્રા ઓછી રહેશે તે નિયમ તમને સહેલો લાગશે. જ્યાં પ્રત્યાઘાતી અસર તીવ્રતમ રીતે પ્રબળતા પૂર્વક તમારો સામનો

કરશે ત્યાં તમને તે નિયમ અઘરો લાગશે. મતલબ કે નિયમમાં અઘરાપણું કે સહેલાપણું નથી. પરંતુ પરિસ્થિતિ મુજબ અઘરું - સહેલું જણાશે. અને પરિસ્થિતિ તો પૂર્વ નિર્ણિત - હેતુ પુરઃસરની છે. પછી તો તેની સામે મક્કમતાપૂર્વક લડવું જ રહ્યું. અને હેતુપૂર્તિ તરફ આગળ વધવું રહ્યું. જો આમ ન બન્યું તો વિકૃતિ, વિપરીતપણું, દુઃખ, માયાવી પ્રભાવ અને મોક્ષહીનતામાં ફસાવાનું થશે.

નિયમ સારા માણસ માટે છે. ખરાબ માણસને નિયમો સાથે લેવા-દેવા નથી. અને નિયમભંગ માટેની શિક્ષા ખરાબ માણસ માટે છે. સારા માણસને શિક્ષાની જરૂર નથી. જે ઝેર છે તેનું ટીપું પણ મોત નિપજાવી શકે છે. અને તેના મહાસાગરમાં કુદવાથી પણ મોતથી વધું તો કાંઈ થવાનું જ નથી. પહાડ ઉપરથી ગબડવા પણ નાના પત્થર ઉપરથી જ પગ ખસે છે. પગ નીચેથી પ્રથમ તો નાનો પત્થર જ ખસી જાય છે, પછી છેક તળેટીમાં તો એની મેળે આવી જવાય છે. જયારે સપાટ જમીન ઉપર પણ નાના પત્થરની ઠોકરથીજ ધૂળ ચાટતા થઈ જવાય છે. આમ નિયમને વશ થવું છે તો તેમાં છૂટછાટની અપેક્ષા રાખવી એ બાબત જ અસ્થાને છે. અને એ તો દુધ અને દહીં એ બેમાંય પગ રાખવા વાળી વાત થઈ. જેનો અંત કદી જીતમાં ન જ હોઈ શકે એટલે કે તેને માટે નથી મુક્તિ, નથી મોક્ષ કે નથી હેતુપૂર્તિ ! અને થોડીક છૂટછાટમાંજ છિન્ન ભિન્નતા સમાયેલી છે. મોટું નાવ સમુદ્રમાં ડૂબી જાય છે ત્યારે શરૂઆતમાં નાવમાં નાનું છિદ્ર પડે છે. જે આખીય નાવને તોડી નાખી, ડૂબાડી દે છે. એક ચિનગારીમાંથી મહા અગ્નિ જવાળાઓ પેદા થઈ વિનાશ વેરી દે છે. તેથી નિયમની સાથે છૂટછાટ માંગવી એટલે કે જીવન સાથે મૃત્યુ માંગી લેવું. ધર્મ સાથે અધર્મ માંગી લેવો, સત્ય સાથે અસત્યની માંગણી કરવી. આમ છતાં પરિસ્થિતિને વશ થઈ, પરોપકાર અર્થે નિયમમાં કયાંક જરૂરી અને નછૂટકાની છૂટછાટ ક્ષમ્ય તો નથી જ, પણ સહ્ય છે. ॥ નરો વા કુંજરો વા ॥ કહેવાથી રથ તો તેની ઊંચાઈથી નીચે ખસી જશેજ, પણ તેનો હેતુ શુદ્ધ હશે તો છેક જમીન ઉપર પટકાઈ તૂટી નહીં જાય.

મને જન્મ આપ્યો. નિશ્ચિત હેતુ પુરઃસર સ્થળ, સમય અને સ્થિતિનો ખડકલો મારી આજુબાજુ કર્યો. નિયમોની વણઝારથી આજુબાજુ કિલ્લેબંધી કરી અને પછી યુદ્ધ ચાલુ થયું. હું તો સમર્થ નથી, પણ સ્થિતિ તો સમર્થ છે. હું તો

આ ખેલમાં કાલે નહોતો. આ કુરુક્ષેત્રો તો સદીઓ પુરાણાં છે. આ સૈનિકો, આ યોદ્ધાઓ તો આ કુરુક્ષેત્રને, તેના નિયમોને, આ યુદ્ધકળાને પચાવીને બેઠા છે. અને હું તો નવો સવો છું. આ ક્ષેત્ર માટે કદાચ મને અનુભવ ન પણ હોય ! તેમાં વળી માયાવી પ્રભાવ તો ખરોજ ! મારી નબળાઈઓ, મારી અક્ષમતા, મારી અણઆવડતને કારણે કયાંક હું ભુલો પડું! મારી અસીમ મક્કમતા હોવા છતાં હું ખસી પડું, પીછેહઠ કરું, નિયમોનાં બંધનની સામે કયાંક છેહ દઈ બેસું, કયાંક મારી નિર્બળતાને છતી થતી હું રોકી ન શકું, ત્યારે આ દુનિયા ખડખડાટ હસે છે. અને આ અટ્ટહાસ્ય થી હું ગભરાઉં છું. ત્યારે લાવ, હું વિચારું. "કરતાં જાળ કરોળીયો, ભોંય પડી પછડાય." જે ચડશે તે પડશે, જે શાંત જ પડી રહેશે તેને લપસવાનું નથી, અને અંગ્રેજીમાં કહ્યું છે કે "Low aim is the crime, not the failure." તેથી મારે આવા અટ્ટહાસ્યોથી દુઃખી થયા વગર, આત્મમંથન કરી, ભુલો પકડી, સુધારીને ફરીને ફરીને પ્રયત્નો કરતા રહેવાનું છે, મારા હેતુઓની પૂર્તિ થાય ત્યાં સુધી સ્તો!

મારી સામે રહેતો માણસ કાંઈજ પ્રવૃત્તિ કરતો નથી. છતાં બાપદાદાની મિલકતમાંથી ભરપુર આવક મેળવે છે. અને એશઆરામ થી જીવન જીવે છે. જયારે હું રાત-દિવસ મહેનત કરું છું છતાં મારે બે ટંકનાય સાંસા ! બાજુવાળા ભાઈ નીતિ એટલે શું એ જાણતા જ નથી, છતાં તેમની આવક, તેમની તંદુરસ્તી, તેમનો વિકાસ - અહા ! અને પેલા પાછળવાળા ભાઈને એ ખબર નથી કે ભગવાન કઈ બાજુ છે, મંદિર અને દેવપૂજાથી માઈલો દૂર ભાગે છે, છતાં તેના જીવનમાં કોઈ તકલીફ નથી. અને મારે તો જુઓ, આ દુઃખના ડુંગર ! તો ધર્મ, નીતિ, મહેનત જેવા નિયમો માત્ર મારેજ પાળવાના ? તેમના માટે કોઈ નિયમો જ નથી ? તે બધા નિયમો નથી સાચવતા છતાં કાંઈ નહીં, અને મારે નિયમોમાં સ્હેજ ચુક થાય તો ભારે મુશ્કેલીઓ ! આ મુંઝવણ છે ને ?

તો સાંભળો. તમો અને તે બંને અલગ અલગ વ્યકિત વિશેષો છો. તમારા જન્મ વખતે નકકી કરેલા સ્થળ, સમય અને હેતુ તેના કરતાં સ્વાભાવિક રીતે જુદાં હશે જ. તમારા જન્મ પહેલાં તમારા આત્મા-જીવ સાથે આવેલી - ગણતરી કરીને કાઢેલી પરિમાણીય માત્રા કોઈક ખાસ એવા ઢાંચાની હશે તેથી જ આ સ્થિતિનું નિર્માણ થયું હશે. જે તેના માટે નહીં હોય.

એવું હોય કે તમારે વેઠીને પાપમાંથી મુક્ત થવાનું હશે અને યુદ્ધ કુશળતા બતાવી પુણ્યમાં વધારો કરવાનો હેતુ તમને સોંપાયો હશે. જયારે તેને ભોગવીને પુણ્યમાંથી મુક્તિ મેળવવાની હશે અને નિયમહીન યુદ્ધ કરીને પાપમાં વુદ્ધિ કરાવવાનું લક્ષ્ય નિયત કર્યું હશે. બીજું, જે ઓછું છે તે કુદરત પહેલું ભોગવવા દે છે. આ આખાય જીવનમાં દુઃખ ભોગવ્યું પણ આખા જીવનમાં કુલ વર્ષ કેટલા ? પચાસ, સાઈઠ, સીત્તેર અરે સો વર્ષજ ! જયારે આ આત્મા તો અનેક જન્મોથી અવતરે છે અને અનેક જન્મો સુધી હજુ અવતરશે. તેમાં સો વર્ષ મોટો ગાળો ન ગણાય ! એટલે કે દુઃખ માત્ર સીત્તેર કે સો વર્ષ જ હશે, જે આ જન્મમાં પુરું થશે. જયારે પેલા ભાઈને સીત્તેર વર્ષ જ સુખ હશે. જે આ જન્મમાં તે ભોગવશે. કદાચ એવું બને કે સાઈઠ વર્ષ જ સુખ હોય જે પુરું થતાં પાછલાં દશ વર્ષ ભારે દુઃખ તેને વેઠવું પણ પડે ! જે અંગેના દાખલા આપણે સમાજમાં ઘણા જોયા છે. બીજાું, બેંક બેલેન્સ ઉપર આ બધું આધાર રાખે છે. તેના બેલેન્સમાં છે તેથી બેંકમાં મુકતો નથી છતાં તેના ચેક વટાવી શકે છે. કદાચ તમારા બેલેન્સમાં નહીં હોય તો આપણે જમા કરવાના હેતુની પૂર્તિ કરવાજ જન્મ લીધો હશે! વળી બીજી એવીજ એક વાત વિચારવા જેવી છે. તમે કે હું એક દુકાન ઉપર ગયા. દુકાનદાર જાણે છે કે આપણે સારા પગારદાર છીએ અને દર મહિનાની પહેલી તારીખે આપણને પગાર અવશ્ય મલવાનો છે. તેથી એક ચીજ આપણને ગમી છે અને ખિસ્સામાં પૈસા નથી તો પણ દુકાનદાર આપણી શાખ રાખશે. પરંતુ પહેલી દશ તારીખોમાં આપણે તે નાણાં ન ચુકવીએ અને ત્રણ-ચાર માસ તેને રખડાવી ને વેપારીની રકમ ચુકતે કરીએ તો બીજી વખત તે વેપારી આપણી શાખ રાખશે નહીં. આમ પ્રભુ વેપારી છે. આપણી શાખ રાખીને કદાચ એકાદવાર સુખનો ઓવરડ્રાફટ ફાડી આપે. પણ તેના નિયમો મુજબ સમયસર જમા ન કરાવીએ તો બીજીવાર એવી તક નહીં જ મલે. તથા રોજનું માંડ પેટીયું રળતા માણસને વેપારી કશું જ ઉધાર નહીં આપે. પાવલી આપોને પાવલીનું તેલ લઈ જાઓ. તેવી રીતે પ્રભુપણ પાવલીછાપ (જેના બેંક બેલેન્સમાં કશુંજ નથી) માણસોને જેટલું જમા કરે તેટલું જ અથવા (તો ઘણીવાર જુના હિસાબમાં જમા લઈ લઈને લટકતા મુકીને કે કેટલીક રકમ અનામત રાખી) થોડુંક જ સુખ ભોગવવા આપે છે. અને તે બધું પણ હેતુ પુરઃસર જ હોય છે.

તેથી એવું મનમાં કદી ન લાવવું કે બીજા સૈનિકોને નિયમોનું બંધન નથી. કર્મ અને નિયમોનાં બંધન તો કોઈને છોડતાં નથી. સવાલ છે દૃષ્ટિ અને ધીરજનો !

બાળકને સ્તનપાન કરાવતી માતા પોતાની છાતી ખુલ્લી કરે છે, બાળકના મુખને પોતાની છાતી તરફ ફેરવે છે. કેમકે તેનો હેતુ બાળકને ખવડાવવાનો છે. જયારે તે જ માતા, સ્ત્રી તરીકે બજારમાં ફરતા પોતાની છાતી સાડીના પાલવથી ઢાંકે છે, કોઈ નજર તેની છાતી ઉપર પડે તો તે સાંખવા તૈયાર નથી. કેમકે ત્યાં તેનો હેતુ સ્ત્રીના શીલની રક્ષાનો છે. ગાયને દોહતી સ્ત્રી વાછરડાને દૂર બાંધે છે અને નાનો દંડુકડો પાસે રાખી વાછરડાને દૂરને દૂર રાખે છે. કેમકે ત્યાં તેનો હેતુ ગાયનું દૂધ મેળવવાનો છે. આ જ સ્ત્રી વાછરડાને તૈયાર થયેલા માખણનો લુંદો પ્રેમથી ખવડાવે છે. કેમકે અહીં તેનો આશય વાછરડાના પાલન પોષણનો છે. પોતાના સાથી ઉપર દુશ્મન સૈનિકો હુમલો કરતા હોય ત્યારે વચ્ચે કુદી પડી સાથી સૈનિકને બચાવનાર તે જ સૈનિક દુશ્મન સૈનિકને એકલો જોઈ તેના ઉપર પુરા શુરાતનથી તૂટી પડે છે. આમ વ્યકિત એક જ છે. અને ક્રિયા પણ એક જ છે, છતાં સ્થળ - સમય - સંજોગ અનુસાર હેતુ પુરઃસર, ધર્મ-અધર્મ, કર્તવ્ય-અકર્તવ્યના ત્રાજવે જુદી જુદી દૃષ્ટિએ મુલવાય છે.

આપણા જીવનમાં પણ આવું જ કાંઈક છે. માતાના હુકમોનું પાલન કરવું તેને ધર્મ ગણ્યો, કેમકે ત્યાં હું પુત્ર છું. પત્નીની હઠને સંતોષવી તે ધર્મ છે, કેમકે હું પતિ છું, પણ પત્નીના હુકમોનું પાલન ન થાય. પુત્રીના માથે વહાલથી હાથ ફેરવીને પિતૃહૃદય તૃપ્ત થાય છે, તે પિતા અન્ય સ્ત્રી તરફ કદાચ લોલુપ નજર પણ નાખે, કેમકે ત્યાં તે પુરુષ છે. ગુરૂને નમન કરવું ઘટે કારણકે ત્યાં શિષ્ય છું. પિતાની સેવા ધર્મ છે. ત્યાં પુત્ર બન્યો. અને પુત્રનો ઉછેર કરતાં ઉભી થતી ભાવના પિતાની છે, પણ પુત્રને નમન ન થાય. આમ, જીવનમાં અનેક ક્ષેત્રે અનેક પાત્રોમાં વહેંચાઈ બરાબર નાટક કરવાનું છે.

તે જ રીતે હું તો આ જે છું તે નથી જ નથી. જેમ સાબુના ફીણના અગણિત પરપોટાઓમાં પેલા સૂર્યનાં પણ અગણિત પ્રતિબિંબો દેખાય છે અને તે પરપોટાઓ સામે જોતાં દરેક પરપોટામાંથી સૂર્યના જેવાં જ તીવ્ર કિરણો આપણી આંખ સામે ફેંકાય છે. તે રીતે જ પરમાત્માની આ જીવાકૃતિઓમાં બને છે. દરેકમાં તેનો અંશ અને તેનું પ્રતિબિંબ છે. છતાં કોઈ પરપોટો સૂર્ય નથી

કે તેમાંથી નીકળતું કોઈ કિરણ સુર્યનું અસલ કિરણ નથી જ નથી. તેમજ તમારા માટે પણ માનવાનું. અને એણે મને ખાસ હેતુસર ખાસ સ્થળે, ખાસ સમયે, ખાસ સંજોગો માટે મોકલ્યો છે તે અનુસાર મારે મારો રોલ ભજવવાનો છે. એટલે કે આ જીવન નાટક જેવું નહીં પણ જીવન એક નાટક જ છે.

ખબર પડીને હું કોણ છું? હું આ જે છું તે હું નથી. અને આ જીવનલીલા તો એણે લખેલું નાટક છે. કહેવાય છે કે, રામ પહેલાં રામાયણ લખાઈ ગઈ. તો પછી મારા પહેલાં તો નાટક તૈયાર હોય જ ! આ યુદ્ધ તેણે લડવા માટે જ આપ્યું છે. અને પરિણામ પણ પહેલેથીજ નિશ્ચિત છે. એટલે જ ગીતામાં કૃષ્ણે કહ્યું છે ને કે, આ બધા કૌરવો, અક્ષૌહિણી સેનાઓ, આ કર્ણ, આ ભીષ્મ.- સૌ મારા દ્વારા મરાયેલા જ છે. હે અર્જુન, તારે તો માત્ર દુનિયાને દેખાડવા જ યુદ્ધ કરવાનું છે. અને પરિણામ તો નિશ્ચિત જ છે. માટે તું શોક કર્યા વગર યુદ્ધ કર. કેમકે તું તો એક નિમિત્ત માત્ર છે. જીવન, તેનું યુદ્ધ, તેનું પરિણામ બધું પહેલેથી નક્કી જ છે.

નિયમો હેતુપૂર્તિ માટે જ છે. અને હાર-જીત એ મારે વિચારવા નો વિષય નથી. જીતીશ તો રાજય ભોગવીશ અને હારીશ, મૃત્યુ થશે, તો સ્વર્ગ ભોગવીશ. એટલે કે રાજય કે સ્વર્ગ પણ તેણે નક્કી કરી જ રાખ્યાં છે. પણ શરત એ છે કે, યુદ્ધ કરવું, છેક સુધી યુદ્ધ કરવું. ડર્યા વગર, મક્કમતાપૂર્વક, શોક અને વિચારોમાં અટવાયા સિવાય યુદ્ધ જારી રાખવું. વાદળો ઉમટી પડ્યાં છે, પવન બંધ થયો છે, વાતાવરણમાં ભારે ઉકળાટ છવાયો છે, અને આકાશમાંથી મેઘ બિંદુઓએ અવતરણ ચાલુ કર્યું. પછી તો મુશળધાર વરસાદ ! વરસાદ બંધ રહ્યો, વાદળો અદશ્ય થયાં. વળી શુભ્ર જ્યોત્સ્વલ આકાશનાં દર્શન ! આ છે જીવનલીલા! માનો કે વચ્ચે વાતાવરણ બદલાયું, પવન ફુંકાવા માંડયો. વાદળોના ટુકડે ટુકડા થઈ ગયા અને દિશાવિહીન ભારે પવનના સપાટામાં વાદળોના એ ટુકડા આકાશમાં ચારે બાજુ ફંગોળાયા, આકાશ સ્વચ્છ ન બન્યું કે ન તૃપ્ત થઈ મેઘપ્યાસી ધરતી! આ છે જીવનની વિકૃતિ ! અને ખાંગો થઈને વરસતો વરસાદ ઝીલવા જયારે પૃથ્વીએ ધીરજ ખોઈ ત્યારે તેના શરીર ઉપર ઉંડી ખાઈઓ ખોદાઈ ગઈ. જેમાં પાક, રહેઠાણો બધું છેદાઈ ગયું અને નાશ પામ્યું. આ વાત થઈ પૃથ્વીની નબળાઈની ! ખેલ બંધ થતો જ નથી. ત્રણ કલાકનો શો પુરો થયા

વગર નાટક પુરૂ નહીં થાય. બાળક રડતું હોય તો લઈને બહાર આવવું પડશે. થોડીવારે બાળક શાંત થતાં થિયેટરમાં તો પાછા જવું જ પડશે. ત્યારે આગળના ખેલને પણ નહીં સમજી શકાય. નાનો પત્થરનો ટુકડો નીચે રેતમાં દબાઈ જશે. નીંકમાં તેના ઉપર થઈને પાણી જતું રહેશે. અને પાણીનો પ્રવાહ બંધ થતાં વળી પત્થર કોરોને કોરો! પણ સહેજ મોટો પત્થર પાણીના પ્રવાહ સાથે તણાશે, તેની દિશા સ્થિતિ પણ બદલાઈ જાય, તેને કયાંય ને કયાંય સુધી ગબડતા, અથડાતા, તણાતા તે પ્રવાહમાં વહેવું પડશે. જયારે પ્રવાહ બંધ થશે ત્યારે તેને શોધવું પડશે કે તે કયાં આવ્યો છે. અને તેને કેટલું નુકશાન થયું છે. જયારે મોટી શિલા તેની ઉપર થઈને પાણીને જવા પણ નહીં દે, પોતે ઘસાશે પણ નહીં કે પાણી સાથે તણાશે પણ નહીં. પાણીના મારને સહન કરતાં તે તેના સ્થાન ઉપર ચીપકી રહેશે. અંતે પાણીનો પ્રવાહ જ તેનો પોતાનો માર્ગ બદલશે. આ ત્રણ પ્રકારની જીવન પદ્ધતિઓ થઈ!

આ મહા નાટકને અધવચ્ચે કેવી રીતે બંધ કરી શકાશે? તે વ્યર્થ ને મુર્ખતા ભર્યો, અસફળ અને કૃતઘ્ની, હાંસીપાત્ર અને બાલિશ પ્રયત્ન જ માત્ર ગણાય !

મોક્ષ એટલે મુક્તિ. પાપમાંથી પણ મુક્તિ અને પુણ્યમાંથી પણ મુક્તિ. અને આ હેતુસર જ જન્મ લીધો છે ને ! મુક્તિ મેળવતાં જ શાંતિ મળશે. અતિપાપ તો દુઃખનું કારણ છે જ, પરંતુ અતિપુણ્ય પણ મોહિત અવસ્થા ઉભી થતાં દુઃખનું કારણ માત્ર બને છે. આને માટે જ કુરુક્ષેત્રો અને સૈનિકો, નિયમો અને યુદ્ધો ગોઠવાયાં છે. જે બધાં સાધનોનો યથાર્થ ઉપયોગ કરી મુક્તિ દ્વારા પહોંચવાનું છે. જેમાંથી ઉગશે શાંતિનું શ્વેતફુલ ! હવે વાત રહી અંગત આકાંક્ષાની.તો બે નટ વચ્ચે દુશ્મનાવટ હતી. ભારે ઈર્ષ્યામાંથી ઉદ્ભવી હશે, આ સ્થિતિ. નકકી કરેલું બંને એ કે ઘાટ આવ્યે સામાનું મૃત્યુ નીપજાવવું. અને ખેલ ચાલુ થયો. એક નટ રાજા બનેલો અને બીજા નટના ભાગે ગુનેગારનો રોલ ભજવવાનો આવેલો. વાર્તામાં એમ હતું કે રાજા તલવારથી ગુનેગારનું માથુ ઉતારી લઈને તેને શિક્ષા કરે. આ બંને નટની દુશ્મનાવટનો ખ્યાલ કદાચ નાટકના ડાયરેકટરને નહીં હોય. અને ચાલુ નાટકે રાજા નટે તલવાર ઉગામી સીધી ગુનેગાર નટના માથા ઉપર ઝીંકી. આ દશ્ય નાટકનો ડાયરેકટર પડદા પાછળથી જોઈ

રહેલો. તે ચાલુ નાટકે સ્ટેજ ઉપર આવ્યો અને રાજાનટને તલવાર પકડેલો હાથ તેણે પાછળથી પકડી લીધો. રાજા નટ બુમો પાડતો હતો કે હું તેને નહીં છોડું" ત્યારે ડાયરેકટરે શું જવાબ આપ્યો ખબર છે ? તમારી અંગત બાબત અહીં નાટક ના સ્ટેજ ઉપર નહીં ચાલે. અને પછી તલવાર પકડેલા રાજા નટનો હાથ એકદમ છોડી દીધો. રાજા નટ તો ક્રોધથી ધ્રુજતો હતો તેથી સમતોલ પણું ગુમાવી બેઠો. તેના હાથમાંથી તલવાર છૂટી ગઈ અને તેના પોતાના પગ ઉપર જ પડી. તથા પબ્લીકમાં તેની નામના ખતમ થઈ ગઈ. અને છેલ્લે આ નકામા નટને ડાયરેકટરે જુનો અને હોંશિયાર માણસ હોવા છતાં નટ મંડળીમાંથી દૂર કરવો પડયો. અને હવે તમામ ખેલોમાં ગુનેગાર નટ રાજા બને છે અને નવો ગુનેગાર નટ ગોઠવ્યો છે. દરેક ખેલ પહેલાં ડાયરેકટર નવા રાજા નટને (એટલે કે જુના ગુનેગાર નટને) તેનો ભુતકાળ યાદ કરાવે છે.

આમ જીવન નાટકમાં અંગત આકાંક્ષા હોઈ શકે જ નહીં. આ બધું તેનું આપેલું છે, તેનું સોંપેલું છે, તેનું ચલાવેલું ચાલે છે. નાટક પુરું થતાં આ વસ્ત્રો ઉતારી લેશે અને નવી જગાએ નવો ખેલ! પછી મારી અંગત આકાંક્ષાનું આમાં સ્થાન જ કયાંથી?

હે વાચક! આ ધર્મની મતિ મુજબના ઉત્તરો છે. રસક્ષતિ નિભાવી તે બદલ આભાર. ચાલો હવે વડીલવર્ય ડાહ્યા પંડયાના જીવનની આગળની તાસીર વાંચીએ. પરંતુ આ સ્પષ્ટતાઓના સંદર્ભમાંજ તેને મુલવીએ.

• • •

# 13. અને એ ચાલી ગઈ

હવે તો આ બધું વરસો ! વરસનું બની ગયું. દરેક વખતે સંબંધીઓ સાથે વડોદરા-પાદરા જવાનું, પોતાનો આગવો ધંધો કરવાનો અને પૈસા કમાવવાના. કેટલાક સંબંધીઓ પણ હવે મારી સાથે આવવા લાગ્યા. હું તેમને વધુ પૈસા આપતો. ત્યાં કેટલાક મિત્રો પણ બનાવેલા. તેમનો સાથ પણ લેતો. સીઝન નબળી પડે ત્યારે થોડોક સમય ઘેર આવી જાઉં. અને વળી પાછો ધંધા ઉપર. દર વખતે બિલાડી દૂધ ચાટી જાય નહીં. એમ કાંઈ દરેક વખતની કમાણીવાળું પાકીટ ચોરાઈ પણ ન જાય. પરંતુ ખર્ચો આપણે જલસાથી કરતા. આપણે આપણા માટે કમાઈએ છીએ. તો જાત પાછળ ખર્ચવામાં ખોટું શું? કપડાં-શોખ-સીનેમા-નાટકમાં પાંચ રૂપિયા વાપરીએ તો એમાં શું બગડી ગયું? આવક સારી હતી. તેથી ખર્ચ કરતાંય બચત સારી રહેતી. પહેલાં તો બચત થતી તે બધી બા ને આપવાનું રાખેલું. અહીંથી કમાવા જાઉં ત્યારે બેનની કેટલીય માંગણીઓ હોય. ઘણાં સંબંધીઓ તરફથી પણ ‘આ લેતા આવજો, પૈસા પછી આપી દઈશું’ કહીને માંગણીઓ થતી. દરેકને માટે બધું લાવતો, વટ પાડવા પૈસા જતા કરતો. ગંગા માટે તો લાવવાનું હોયજ !

હા ! કોઈ દિવસ મારા પિતાજી મારી પાસે કશુંજ મંગાવતા નહીં. છતાં દર વખતે તેમને માટે પણ કાંઈને કાંઈ ખરીદીને લઈ જાઉં. ઘેર જઈને આપું તો લઈ પણ લેતા. પણ કદી એમના ચહેરા ઉપર મેં ખુશી જોઈ નથી. બેનને તો તેણે મંગાવેલું બધું લઈ જઈને આપું તો બીજી વખત ‘આ લેતા આવજો’ અને ‘આ તો ન લાવ્યા’ ની માંગણી ચાલુ જ રહે. મોટાભાઈ દરેક મુસાફરીમાં સાથે હોય. પણ તેમને આવું બધું ગમે નહીં. અરે ! ભાભી માટે પણ કાંઈ જ ન લાવે. એક વાર હું મોટાભાઈ માટે સારું ધોતિયું ખરીદી લાવ્યો.

‘ભાઈ, તમો ઘણું કમાઓ છો, પણ તમારે માટે તો કાંઈ ખરીદતા જ નથી. આજે હું તમારે માટે ધોતીયું લાવ્યો છું.લ્યો, એને પહેરો. બાકી આ તમારા સંબંધીઓ તો તમને પૈસા જ નહીં આપે. અને તમે કદી માંગવાના નથી.’’

ભાઈ ઘડીભર મારી સામું જોઈ રહ્યા. પછી ધોતિયું મારી પાસેથી લીધું. તેનું પોત જોયું.

‘ઘણું મોંઘું લાગે છે.’

‘આપણે આપણી જાત માટે શું કામ હલકું ખરીદવું ?’

‘ભાઈ, આપણે રસોઈનો ધંધો, આટલું મોંઘું કાપડ શું કામનું ?’

‘પણ રસોઈ ચોવીસ કલાક તો નથી ને! કયાંક ફરવા જઈએ ત્યારે કામ આવે.’

‘નવરા હોઈએ તો થાકયા પાકયા આરામ કરીએ. ખોટું રખડવાની ટેવ નહીં પાડવી.’

‘લ્યો, કરો વાત ! હરીએ, ફરીએ તો મન આનંદમાં આવે. ઘરમાં પડી રહીએ તો કંટાળી જવાય.’

‘ના ભાઈ, આપણને રખડવાનું ગમતું નથી. આપણે તો આપણી આ ભલી ખાટલી અને ભલો ધંધો.’

‘પણ ધોતીયું તો ગમ્યું ને! રાખી લો. ઘેર જઈને કામમાં આવશે.’

‘ઘેર જઈને ગામડામાં આવો ઠાઠ શોભે ખરો?’

‘ગામડામાં ઠાઠ શોભે નહીં. શહેરમાં હરવા-ફરવામાં માનતા નથી. તો પછી મોજ-મજા, શોખ, ભોગવવાનું ખરું કે નહીં? કે પછી બસ ઘાંચીના બળદીયાની માફક આ વૈતરું જ કર્યા કરવાનું અને જાત ઘસ્યા કરવાની ?’

‘તને ઠીક લાગે તે તું કર. મને મારી રીતે જીવવા દે.’

લે આ ધોતીયું તને સારું શોભશે.’

અને મોટાભાઈએ ધોતીયું ન લીધું તે ન જ લીધું.

સમય વીતતો ગયો. થોડા સમય પછી ભાઈ અને ભાભી તો પામોલ રહેવા ગયાં. એકવાર સીઝન પતાવી વડોદરા થી પાછા આવતાં ભાઈની તબિયત

બગડી. ભાઈના દીકરાની જનોઈ પતાવેલી. બે દીકરીઓ નાની હતી. અને ભાઈનું શરીર વળ્યું નહીં. માંદગી વધતી ચાલી. અને ભર જુવાનીમાં મોટાભાઈ ગુજરી ગયા. ભાભી અને તેમનાં બાળકોને છાલા આવવા કહ્યું પણ તેમનાં પિયર પક્ષનાં સંબંધીઓ - કાકાઓએ તેમને અહીં પાછાં ન આવવા દીધાં.

કોણ જાણે કેમ મોટાભાઈને તથા ભાભીને મારા તરફ અસંતોષ જ હતો. બાનો સ્વભાવ પણ થોડોક ઝઘડાળુ તો ખરોજ. તેથી મારાં ભાભી અને ભત્રીજાં અહીં નહીં જ આવે તે મને ખબર હતી.

મારા લગ્નના અનેક પ્રયત્નો નિષ્ફળ બનતા ગયા. કયાંક પૈસા ના આવે, કયાંક મારી છાપ થી પાછા પડવાનું થતું. કયાંક સાટાની માંગણી થતી, જે હવે શકય નહોતું. કેમકે મારી બેનને તો પરણાવી દીધેલી. મારી બેન પણ હવે તો મોટી થઈ ગયેલી. હવે તે પણ મોટો ભાગ સાસરામાં વીતાવતી, પણ સાસરી છાલા ગામમાં જ હોવાથી દૂર લાગતી નહીં.

વડોદરા-પાદરામાં સીઝન ન હોય ત્યારે ગામમાંજ રહેતો. આપણા રામને ખેતીનું કામ ગમતું નહીં. તેથી માણસો રોકી કામ કરાવતો. કમાતો તેટલું મજુરીમાં ચુકવી દેવાનું થતું. મિત્રોને ભેગા કરી મહેફીલ કરીએ, સગાં-સંબંધીને ભેગા કરી મોજ કરીએ. બાકી શું કમાણા તો કાંઈ નહીં એવું જ. પિતાજીને હું જાતે ખેતીમાં કામ નહોતો કરતો તે ગમતું નહીં. તેથી ઘણી વાર ખેતીનું કામ પિતાજી જાતે જ સંભાળતા. આમ છતાં રસોઈ અને ખેતીમાંથી સારી આવક થતી. વાસણ-કપડાં-ખેતર ઘર વિગેરેમાં આવકનું રોકાણ થતું ચાલ્યું. કોઈ કોઈ વારે બા તથા બાપુજી પામોલ જતાં અને ભાભી તથા બાળકોની દેખભાળ કાઢી આવતાં.

આમ કરતાં કરતાં બેનને ભાણીયાં થયાં. તે તેના સંસારમાં હવે ડૂબી ગઈ. તેનું પણ મારા તરફ ધ્યાન ઘટતું ગયું. હા ! તેની માંગણીઓ ચાલુ રહી. ભાભી અને તેમનાં બાળકોનું તો આ બાજુ ધ્યાન હતું જ નહીં. અમારા મોસાળ પક્ષવાળા પણ હવે મારું ખાસ ધ્યાન રાખતા નહીં અને ઘણીવાર અણગમો કે નફરત બતાવી મને ટાળવાનો પ્રયત્ન કરવા લાગેલા. એક મારી બા ફકત મને કોઈવાર પ્રેમથી બોલાવતી. પિતાજી તો પહેલેથી જ મારાથી અતડા રહેતા.

ભાઈના મૃત્યુથી મને ખૂબ આઘાત લાગેલો. તે શું વિચારતા તે મને છેલ્લી ક્ષણ સુધી ખબર ન પડી. તે ઘણું વિચારતા, ઘણું કામ કરતા, ખૂબજ શાંત સ્વભાવ.

તેમના જેવો આજ્ઞાંકિત માણસ મેં જોયો નથી. વડીલોનાં તેમના તરફ વહાલ અને પ્રેમ પણ એટલાંજ ! હા ! મોટાભાઈને કદી બા વખાણતી નહીં. તેમનું મૌન, સાદગી અને ગદ્ધા વૈતરું કર્યે જવાની ટેવ મને પણ કદી નહીં ગમેલી.

પણ આમને આમ મને એકલું લાગવા માંડયું. હું બીજાઓને મારા પૈસે ખવડાવતો, પીવડાવતો, ફેરવતો, મોજ કરાવતો, અને મારા આ વર્તને જ મને ‘રખડેલ’ અને ‘ઉડાઉ’ નાં બિરૂદ આપ્યાં. આમ મારી ઉંમર, કમાવાની તાકાત અને ધન વધવા છતાં મારી સામાજીક આબરૂ હું ન વધારી શકયો. અને તેને લીધે મને કોઈ કન્યા આપવા તૈયાર થયું નહીં અને આમેય અમારા સમાજમાં કન્યાકાળ તો હતો જ. કયાંક ગોઠવાતું ત્યારે ગોઠવનાર જ કન્યાને બીજે વળાવી દેતો.

હવે મારી ઉંમર વધતાં મારું મન અને શરીર સાથીની ઝંખના કરવા લાગ્યું. મને એમ થવા લાગ્યું કે, મારે પત્ની હોય તો સારું. મારો વંશ વેલો હોવો જોઈએ. મારી કમાણી મારાં સંતાનો ભોગવે. મને મારી પત્નીની જરૂરિયાત હવે લાગવા માંડી અને સમાજમાંથી પત્ની મળતી નહોતી. ગંગાની સામે જોતો ત્યારે અવનવા ભાવો ઉભા થતા. તેને મારા ઘરમાં લાવી બેસાડી દેવાનું મન થતું. છોકરી ભોળી અને મીઠી લાગતી. તેની ગેરહાજરીમાં પણ મારા મન ઉપર તેનું હસતું મુખ અંકાયેલું રહેતું. અને મન વારંવાર તેને ઝંખવા લાગ્યું. તેને માટે વડોદરાથી લાવેલી વસ્તુઓ તેને આપતાં ઘણો આનંદ થતો. તે સ્હેજ મલકી જતી ત્યારે એમ લાગતું કે જાણે સ્વર્ગ મળી ગયું.

એક દિવસ મન મક્કમ કરીને મંદિર તરફ નીકળ્યો. મંદિરનો દરવાજો બંધ લાગ્યો. હળવેક રહીને ખોલ્યો. મન માં નકકી કરેલું કે આજે ગંગાને કહી જ દઉં.

‘ગંગા, મારે તારી જોડે લગ્ન કરવા છે.’

‘હાય બાપ ! આવું બોલાય ? તમે બ્રાહ્મણ અને અમે બાવા.’

‘પણ અમારી બ્રાહ્મણની નાત તો મને પરણાવવા માગતી જ નથી.’

‘એટલે તમારે મારે ગળે પડવાનું ?’

‘ના, મને તું ગમે છે. તું મારી પત્ની તરીકે લાયક છે.’

‘અલ્યા, પણ મારા બાપા પણ એમ માને નહીં ને !’ અમારે પણ નાત-

જાત જેવું હોય કે નહીં ?'

'એમ તો મારાં મા-બાપ કાંઈ તારી સાથેના લગ્નમાં હા ના ભણે.'

'તો પછી ?'

'આપણે બંને અહીંથી જતા રહીએ. વડોદરા-પાદરા બાજુ જઈને લગ્ન કરી લઈશું. અને ત્યાં રહીશું અને સંસાર ચલાવીશું. ધંધો કરીશું, કમાઈશું અને મોજ કરીશુ.' હું એકી શ્વાસે બોલી જઈશ.

'ના ભાઈ સા'બ. મને તો બીક લાગે. હું એમ ગામ છોડીને તારી સાથે ના આવું.'

'કેમ ?'

'તારા જેવા રખડેલને ભરોસે એમ નીકળાતું હશે ?' અને તે હસી પડશે.

અને હું એને જોરથી બરડામાં ધબ્બો મારીશ. અને મારો હાથ દરવાજાના બંધ બારણા સાથે અફળાયો. દરવાજો સહેજ ખુલી ગયો.

મારી નજર સીધી સામે ઓરડી ઉપર પડી. ત્યાં બે પુરુષો અને બેત્રણ સ્ત્રીઓ બેઠેલી હતી. કોઈ દિવસ જોયેલી નહોતી. તેથી માની લીધું કે. પૂજારીને ત્યાં મહેમાન હશે. તેથી નીચું જોઈને મંદિરમાં દર્શન કરવા ગયો. મંદિરના ગર્ભમાં ગંગા ચૂપચાપ ઉભી રહેલી જોઈ.

'કેમ ગંગા અહીં સંતાઈ છે?'

તેણે નાક ઉપર આંગળી મૂકી ચૂપ રહેવા જણાવ્યું. અને વડીલો તરફ આંગળી કરી. પછી કાન દઈને એ બાજુથી આવતા ઝીણા અવાજને સાંભળવા પ્રયત્ન કરવા લાગી. મેં પણ મારા કાન સરવા કર્યા.

'લ્યો મહારાજ ત્યારે પાકું ને! તમારી ગંગાને અમારા દીકરા વેરે પરણાવવા તમે રાજીને !'

મારા માથે તો જાણે વીજળી પડી.

અરેરે ! મારો આ ગામમાં એકનો એક આધાર છીનવાઈ ગયો !

હું કાંઈપણ બોલ્યા વગર મંદિરમાંથી બહાર નીકળી ગયો. સીધો ખેતરમાં ગયો. એકલો એક ઝાડ નીચે બેસી ખૂબ રડયો. પછી કૂવાના થાળામાંથી પાણી

લઈને મોં ધોયું. ઘેર આવીને વડોદરા જવાનું નકકી કર્યું. બીજે દિવસે હું એકલો વડોદરા જવા તૈયાર થયો.

પછી તો હું એક વરસ સુધી ગામમાં પાછો આવ્યો જ નહીં. વડોદરા જાણેલું કે ગંગાનાં લગન થઈ ગયાં.

મારા જીવનની એક માત્ર શીતળ છાયા પણ ચાલી ગઈ.

હવે ગામમાં શા માટે પાછા જવું ? અને જાણે હું ભુલી જ ગયો કે ગામમાં મારું કોઈ સંબંધી છે. હું મારા ધંધામાં મચી પડયો. આ કામના ભારણ વચ્ચે પણ મને એ ખટકો તો રહેતોજ કે એ ચાલી ગઈ !

• • •

# 14. અને એ આવી ગઈ

વડોદરામાં પણ કંટાળ્યો. હવે મને ભાભી અને તેમનાં બાળકો યાદ નહોતાં આવતાં. ના મને મારી બેન અને તેનાં ભાણીયાં યાદ આવતાં. મારાં બા-બાપુજી પણ વિસ્મૃતિમાં ધકેલાઈ ગયાં. પણ ગંગાની યાદે મારો પીછો ન છોડયો. તે પરણી ગઈ હશે. તેની સાસરીમાં તેના પતિ સાથે મોજ કરતી હશે. તે હવે મને શાની યાદ કરે ? મેં આપેલી અનેક ચીજો જોઈને મને હસતી હશે. અને હું તેની યાદ નથી મીટાવી શકતો.

આખો દિવસ તો ધંધામાં કે હરવા-ફરવામાં પૂરો થઈ જતો. પણ રાત વેરણ બનતી. મોડે સુધી ઉંઘ આવતી નહીં. અને ઉઘાડી આંખે ભૂતકાળની ફીલમ જોતો.

એક વાર અમે બંને તળાવના કિનારે મળી ગયેલાં. તે કપડાં ધોતી હતી. હું ભેંસ લઈને પાણી પાવા ગયેલો. એક બાજુ ભેંસને છુટી મુકી હું હળવેકથી તેની પાછળ ગયો. ગંગા એકલી હતી. મેં હાથમાં પાણીની છાલક લઈને તેના ઉપર છાંટી. તે ચમકી ગઈ. તેણે વળીને પાછું જોયું.

'અલ્યા, મારાં કપડાં ભીના કર્યાં ?'

'મારી આપેલી જ ઓઢણી છે ને !' અને મેં બીજી છાલક મારી.

તે પણ ઉભી થઈ ગઈ. ડોલમાં પાણી ભરીને મારા ઉપર છાંટવા દોડી. હું પુંઠ વાળીને દોડયો તો ખરો. પણ મારું ધોતીયું અને પગ ભીના થઈ ગયા.

હું ઉભો રહી ગયો અને તેની સામે નજર મેળવી.

તે હસી પડી.

પછી તો હું તેની પાસે જઈને બેઠો. તે કપડાં ધોતી ગઈ અને હું તેને જોતો રહ્યો.

'શું જુવે છે, ડાયા.'

'તને.'

'કેમ મને કોઈ દિવસ જોઈ નથી?'

'ઘણીવાર જોઈ છે અને અત્યારે પણ જોવું છું, પણ મન ધરાતું નથી.'

'મન તો માંકડા જેવું છે તેમ પેલા કથાવાળા મહારાજ કહેતા નહોતા ?'

અને તે હવે ઉભી થઈને કપડાં તળાવના પાણીમાં નીચોવવા લાગી.

'કથાવાળા મહારાજને આમાં ખબર ન પડે' મેં ગંભીરતાપૂર્વક કહ્યું.

અને તે હસી પડી.

'જો ડાયા. કોઈ જોઈ જશે તો...' તે બોલતાં બોલતાં અટકી ગઈ. થોડીવાર મારી સામે જોઈ રહી. 'હવે આપણે નાનાં નથી રહ્યાં.' કહીને ચપ દેતાંકને ઉભી થઈ ગઈ અને કપડાં ભરેલું ટોકર માથે ગોઠવી દીધું અને ચાલવા લાગી.

હું એને જતી જોઈ જ રહ્યો. આ છોકરી કેટલું બધું સમજે છે ?' મારી ભેંસ પણ પાણી પી રહી હતી. તે તળાવના કિનારેથી દૂર જઈને ઘાસ ચરતી હતી.

હું પણ ભેંસ લઈને પાછો ઘર તરફ વળ્યો.

કેટલી વાતો યાદ કરું ? કેટલાં સંભારણાં ગાઉં ? બસ રાત આખી તેમના નામે જ ચઢી જાય છે !

કયાંક ઘોર ઉંઘમાં ગંગાનાં સ્વપ્ન આવે છે. અને ફડાક કરતી આંખ ઉઘડી જાય છે.

'ગંગા, મને તારો પાલવ પકડવા દેને ?'

'નારે બાપ, કોઈ જોઈ જાય.' કહીને તેણે તેની ઓઢણી સંકેલી લીધી.

'પણ આજે તો તારો પાલવ પકડયે જ છૂટકો.' કહીને હું તેની વધુ નજીક ગયો.

તે પણ ચપળતાથી થોડીક દૂર ખસી ગઈ અને ઓઢણીનો છેડો મારા હાથમાં આવતાં આવતાં રહી ગયો.

હું ઉશ્કેરાયો. મેં મરણીયો પ્રયાસ કર્યો. અને મેં તેની તરફ સીધો કુદકો

જ ભર્યો. મારા પગ નીચે તેની ઓઢણીનો છેડો દબાઈ ગયો. અને મારા કુદકાથી ગભરાયેલી ગંગા ઉભી થઈને દોડવા ગઈ. અને ઓઢણી તેના શરીરથી છૂટી પડીને મારા પગમાં ઢગલો થઈ ગઈ.

તેની છાતીમાં હજુ હમણાં ઉભરેલા પયોધરોને હું જોતો રહ્યો. અને તેણે તેનું મોં તેની બે હથેળીઓમાં સંતાડી દીધું. હું તેની નજીક ગયો. તેના બે હાથને મારી હથેળી થી પકડીને ખેંચ્યા અને...!

'ના, ના આવું તો ન થાય.' તેણે ચીસ નાખી.

હું ગભરાઈ ગયો. મારા હાથમાંથી તેના હાથ છૂટી ગયા અને મારી આંખ ઉઘડી ગઈ.

મોડી રાતે ઉડેલી ઉંઘ તો જેણે અનુભવ્યું હોય તે જાણે ! એક ધોળી સળગાવી. કસ લીધા. મન ગોળ ગોળ ભમવા લાગેલું. અનેક યાદોએ મારો પીછો પકડેલો. હવે ગંગા પારકી બની ગઈ છે. તેને યાદ કરીને પાપમાં ન પડાય, એમ વિચારતો રહ્યો. પણ મન એમ કંઈ માને ?

આમને આમ જાગતાં જાગતાં રાત વિતાવી દીધી. અને આવી અનેક રાતો વીતાવી. મનમાં અશાંતિ જાણે ઘર કરી ગઈ. હવે તો ધંધા ઉપર પણ નફરત થવા લાગી. કામ મળતું તો પણ કામ ઉપર જવાનું મન ન થતું. સાથીદારોને માટે કામ લેવું પડતું અને કામ ઉપર જવું પડતું. વળી પૈસા ખાતર પણ કામ તો કરવું જ પડેને!

આ ગંગા એ તો હદ કરી નાખી. હવે તો દિવસે પણ તેની યાદ પીછો નથી છોડતી. રસોઈ કરતાં કરતાં ગંગા યાદ આવી જતી.

'ડાયા, તું વડોદરા રાંધવા જાય છે. અને બધા કહે છે કે તારી રસોઈ સારી થાય છે. તો કોક' દા'ડો અહીં તો રાંધીને મને જમાડ.'

'લે, હું રાંધું અને તું ખાય તેવાં મારાં ભાગ્ય કયાંથી ?

'તો કાલે હું એકલી છું, ઘેર આવ. તુ તારી રસોઈ કર અને હું ખાઉં.'

બીજા દિવસે બંકા સવારના પહોરમાં ઉપડ્યા મંદિરે.

ગંગા ખરેખર  એકલી હતી.

'લાવ ચાલ, દાળ લાવ. અને શાક સમારી આપ. રોટલીનો લોટ બાંધી લાવ. ચોખા લાવ.'

'વાહરે, બધું હું કરું તો તારે શું કરવાનું ?'

'અમારે તો આમેય ત્યાં ખાલી મસાલા જ કરવાના હોય. બાકી તો આસીસ્ટન્ટ લઈ ગયા હોઈએ તે જ વૈતરું કરે.'

'એટલે અહીં મારે વૈતરું કરવાનું?'

'ના,રે મારી રાણી ! એવું કહેવાય ? તારે તો મને મદદ કરવાની.'

'અને દાળ, ભાત, રોટલી અને શાક બનાવ્યાં.

'લે હવે ખાઈ લે.'

'પીરસીને આપ.' ગંગાએ લટકો કર્યો.

'મારું કામ રાંધવાનું, પીરસવાનું નહીં, સમજી ?' હું પણ અકકડ રહ્યો.

તેણે એક થાળીમાં પીરસ્યું, અને વાડકીમાં દાળ કાઢી, દાળનો સબુકડો લેતાંજ ઉભી થઈ ગઈ.

'આટલી ખારી દાળ બનાવાય ?' અને તેણે રોટલીના ટુકડામાં શાકનું ફીંડવું, ભરાવી મોંમા મુકયું અને બગડી. ''આટલું તીખું શાક ?''

હું તો છોભીલો પડી ગયો. મેં તેની વાડકીમાંથી દાળ આંગળીએ લગાડીને ચાખી અને તેની થાળીમાંથી શાક ખાધું. રસોઈ બરાબર હતી.

'મારું એઠું ખવડાવ્યું ને !' અમે કહીને ગંગા તાલીઓ પાડવા લાગી અને મારી સામે જોઈને હસતી હતી.

મને તેના ઉપર ખૂબ દાઝ ચડી. હું ઉભો થઈ ગયો. ઓરડીનું બારણું વાસી દીધું. પાછા આવી ગંગાને ખભેથી પકડી ઉભી કરી અને..!

'બસ હવે મારા હોઠ પણ એ'ઠા થયા. હવે કાંઈ કહેવું છે ?' અને હું તેની સામે જોઈ રહયો.

'તું વટલાયો.' તે મીઠું મીઠું હસી.

'તું બ્રાહ્મણ મટીને બાવો થયો.' તે હસતી જ રહી.

'ના, જે દિવસે તને પરણું તે દિવસે બાવો કહેવાઉં !'

હું પણ કાંઈક ગંભીર અને કાંઈક રમુજી સ્વરમાં કહેતો ગયો.

'તે પરણી જા, તને કોણ રોકે છે ?'

'એક તારો બાપ અને બીજો મારો બાપ, સમજી'. કહીને મેં તેની ચિબુક ઊંચી કરી.

તે તેનું મોં છોડાવી ઓરડીના બારણા તરફ દોડી. બારણું ખોલી મંદિર તરફ દોડી ગઈ. થોડીવાર રહીને ઓરડીમાં પાછી આવી.

મારી સામે બેઠી. મને ઘડીભર જોઈ રહી.

'ના ડાયા ના. મારે પાપ નથી કરવું?'

'શાનું પાપ ?'

'બ્રાહ્મણના છોકરાને વટલાવવાનું. મને તું ગમે છે પણ તારી સાથે એમ લગન તો ન જ થાય.' અને તે ખૂબ ગંભીર બની ગઈ.

'ગંગા તું મારી સાથે લગન નહીં કરે ?'

'કહ્યું ને એક વાર. ના, ના, ના. એકવાર નહીં પણ હજારવાર ના.' અને તે ઓરડીની બહાર નીકળી ગઈ.

મને એમ હતું કે તે પાછી આવશે. પણ તે પાછી ન આવી. હું પણ કંટાળીને ઓરડીમાંથી બહાર નીકળ્યો. ભુખ્યા પેટે ઘર તરફ વળ્યો. અને બાએ રાંધેલું જે હતું તે ખાધું. કેટલા કિસ્સા યાદ કરું?

એવામાં પિતાજી વડોદરા આવ્યા. હું ઘણા વખતથી ઘેર નહીં ગયેલો, પૈસા પણ નહીં મોકલેલા, વસ્તુઓ પણ હવે ઘેર મોકલતો નહીં. તેથી મારી ખબર કાઢવા જ આવેલા. તે આખો દિવસ મારી સાથે રહ્યા.

'ભાઈ ડાયા, કેમ આમ રઘવાયો રઘવાયો ફરે છે ? તેમને મારી ઉદાસીનતા, દુ:ખનો ખ્યાલ આવી ગયો. કારણ ભલે ખબર ન હોય પણ તેમને મારી બેચેની સ્પર્શી ગઈ.

'ચાલ ભાઈ, ઘેર ચાલ. તારી બા તને ખૂબ યાદ કરે છે.' મારા ખભે તેમણે હાથ મૂકયો.

'ના.' મેં ટુંકો જવાબ વાળેલો.

'કેમ કાંઈ ખોટું લાગ્યું છે? કોઈ કાંઈ બોલ્યું છે ?' તે મારી સામે જોઈ રહ્યા.

મેં માથુ હલાવી ના પાડેલી. હું ગુમસુમ બેસી રહ્યો. થોડીવાર તો તે પણ બેસી રહ્યા.

'ડાયા, સોમો તો આપણને મુકીને ગયો. તેની વહુ અને છોકરાં તેના પિયરમાં ગયાં. તને હું ના પરણાવી શકયો. કોદરી તેનાં ભાણીયાં ભેગી થઈ

ગઈ. આ તારો બાપ તો એકલો પડી ગયો. હવે તું પણ ઘેર નથી આવતો.' અને મારા બાપુજીનો અવાજ ગળગળો થઈ ગયો.

હું ઉઠયો. પેટીમાંથી પૈસા અને વસ્તુઓ કાઢી અને તેમની સામે ધરી.

'તમારે બિચારા થવાની જરૂર નથી. આ બધું તમારા માટે જ કમાઉં છું ને!' મેં નોટો અને વસ્તુઓ તેમના ખોળામાં મુકી

'ભાઈ, મને તારા રૂપિયાની ભૂખ નથી. મારે તો તું હસતો રમતો રહે એટલે બસ. ભલે કોઈ તને ગમે તેવો કહેતું હોય, પણ તારું આ અલ્લડપણું મને ઘણીવાર ગમે છે.' અને તે મારી સામે તાકી રહ્યા.

'બાપા, હું શું કરું ? મને કાંઈજ ગમતું નથી. હવે તો એમ થાય છે કે, આ જીવતર શું કામનું?' અને હું મારી આટલી ઉંમરમાં પહેલી વખત મારા બાપાના ખોળામાં માથું મુકીને રડયો. મારા પિતાજીએ મને રડવા દીધો. થોડીવારે હું શાંત થયો, ઉઠયો, હાથ-મોં ધોયાં. વળી બાપુજી પાસે આવીને બેઠો.

'જો ભાઈ, આમ તો આ જીવતર વખ જેવું જ કહેવાય. તેમાં સુખની આશા રાખવી એટલે મૃગજળ ભરવા જેવું કહેવાય. પણ મનમાં આવું બધું નહીં લાવવું. જન્મ્યા, મોટા થયા એ બધું ઉપરવાળાની કૃપા છે. કહેવતમાં કહ્યું છે ને કે રામ રાખે તેમ રહીએ. જેવી તેની મરજી ! છતાં મનમાં ઉભરા થતા હોય તો એની આગળ જઈને બેસવું. મહાદેવના શિવલીંગને અભિષેક કરી તેની ઉપર માથું ટેકવીએ એટલે બધી ચિંતાઓ ને મુંઝવણો મટી જાય. એટલું યાદ રાખજે, હું તો તારો નામનો બાપ છું, તારો સાચો બાપ એ છે. જે માંગવું હોય તે તેની પાસે માગ. તેના ઘેર કાંઈ ખોટ નથી. કશું તેના ગજા બહાર નથી.' હું શૂન્યમનસ્ક થઈને મારા બાપુજીને સાંભળી રહ્યો.

બીજા દિવસે હું બાપુજી સાથે છાલામાં પાછો આવ્યો. સવારે વહેલો ઉઠી નાહી ધોઈ કપીલેશ્વર મહાદેવમાં અભિષેક કરવા ગયો. પૂજા પતાવી તેના શિવલીંગ ઉપર માથું ટેકવ્યું.

'પ્રભુ, સદાશિવ, મને મારી ગંગા આપો' હું મનમાં બબડયો.

માથું ઉંચુ લઈને જોઉં છું તો મંદિરમાં ગંગા આવીને ઉભેલી.

• • •

# 15. મારા મોટાભાઈ

આમ તો હું વડોદરા-પાદરા રસોઈના ધંધા ઉપર હોઉં અને મોટાભાઈ પણ ધંધા માટે અહીં આવ્યા હોય ત્યારે અમે બંને દરરોજ રાત્રે મળતા. મોટાભાઈ સવારે વહેલા ઊઠી પૂજા-પાઠ કરતા, ઓરડીમાં સાફ-સફાઈ પણ જાતે કરતા. પછી બધા સંબંધીઓ સાથે ચા-શિરામણ લેતા અને ધંધાની વાતો કરતા, જાણતા. બરાબર નવના ટકોરે તો ઓરડીઓમાં રહેતા તમામ સંબંધીઓ - રસોઈયાઓ ધંધા ઉપર જતા રહેતા અને સાથે મોટાભાઈ પણ નીકળી જતા. જો કે ધંધા ઉપર જતા પહેલાં મોટાભાઈ અચુક મારી ઓરડીમાં આવતા અને મને સુતેલો જોઈને પાછા વળી જતા. શરૂઆતમાં મને સૌની સાથે જગાડવા બે-ત્રણ વખત તેમણે પ્રયત્ન કરેલો. પરંતુ હું જાગેલો નહીં, જો જાગી ગયો હોઉં તો તૈયાર થયેલો નહીં અને તૈયાર પણ થઈ ગયો હોઉં તો મેં જ બધા સંબંધીઓના દેખતાં ઘણીવાર સૌની સાથે ધંધો કરવાની ના પાડી દીધેલી, તેથી પછી તેમણે મને જગાડવાનો પ્રયત્ન પડતો મુકેલો અને માત્ર મારી રૂમમાં આવી મને સુતેલો જોઈને જ જતા રહેતા. મને એ સમયે એવું લાગતું કે સંબંધીઓ કહેવડાવતા આ રસોઈયાઓ, જેમની સાથે હું અને મોટાભાઈ અહીં કમાવા આવ્યા છીએ તેઓ માલિક પાસેથી મોટી રકમ નક્કી કરે છે, લે છે પણ ખરા પરંતુ પોતે કાંઈ જ કરતા નથી અને બધું ગધ્ધાવૈતરું અમારી પાસે કરાવે છે. અને મળતરમાં અમને મામૂલી રકમ પકડાવી દે છે. મને એવું લાગ્યું કે તેઓ રીતસરનું અમારું આર્થિક શોષણ કરે છે અને શારીરિક શ્રમમાં થકવી નાખે છે. આ અંગે મેં મોટાભાઈનું ધ્યાન દોરેલ અને વડીલો સાથે પણ મોંઢામોંઢ વાત કરેલી ત્યારે તેઓએ મને ખૂબ જ ઉધ્ધત, ઉડાઉ અને મશ્કરા જવાબ આપેલા.

“અલ્યા ડાયા તું તો ભારે ડાયો થાય છે. હવે તો લાગે છે કે તું દોઢ ડાહ્યો થતો જાય છે. આ તો જીવરામ પંડ્યાની ભલામણને લીધે અને સોમાલાલની શરમે તને ધંધામાં સાથે રાખીએ છીએ અને તું વળી અહીં આવી અમારી સામે જબાન ચલાવે છે ? કેટલામાં રસોડું રાખ્યું અને અને કેમ આટલા આપો છો ને અમે શું કામ કરીએ છીએ અને તમને કામ કરાવીને નીચોવી નાખ્યા અને આવું બધું બોલતાં તને શરમ નથી આવતી ? ગામમાં રખડેલ થઈ ગયેલો અને અવળા પાટે ચઢી ગયેલો તે વાત કોઈનાથી છાની નથી. છતાં મરશે, સગાનો છોકરો કે ભાઈ બે રૂપિયા ભાળે એવી લાગણી અમે રાખીએ અને ધંધામાં સાથે લઈ જઈએ એનો આવો સરપાવ આપવાનો ? એમ કહેને કે ગામમાં ભટકી ખાધું એટલે હાડકાં હરામનાં થઈ ગયાં છે તેથી અહીં કેડ વળતી નથી એટલે આવાં નખરાં સુઝે છે !”

મોટાભાઈ તો આવું બધું ચુપચાપ સાંભળી રહેલા પણ મારાથી સહન ના થયું. આ બધા જુથમાં હતા. બળીયા હતા, ઝઘડાખોર પણ ગણાતા. તેથી હું ચુપ રહ્યો પણ તેમની સાથે ધંધામાં સાથે જવું મને ઠીક ના લાગ્યું. મારું સ્વાભિમાન મને તેમની સાથે જવામાં આડે આવ્યું. મોટાભાઈ મારી પાસે આવ્યા, મારા ખભે હાથ મુક્યો, મારો હાથ ઝાલ્યો અને મને સાથે લઈ જવા મને ખેંચ્યો પણ ખરો. પણ મેં તેમનો હાથ એક ઝાટકો મારી છોડી દીધો. મોટાભાઈ થોડીવાર મારી સામે જોઈ રહ્યા. પછી કશું જ બોલ્યા શિવાય એમના સંબંધીઓ પાછળ જતા રહ્યા. હું મોટાભાઈને જતા જોઈ રહ્યો. વળીને પાછો ઓરડીમાં આવ્યો અને સુઈ ગયો. મને ખૂબ લાગી આવ્યું હું થોડુંક રડ્યો પણ ખરો. પછી આડો પડ્યો અને સૂઈ ગયો.

ભર ઊંઘમાં માળીયાની બારીમાંથી અવાજ સંભળાયો. કોઈ ભાઈ રસોઈયાની શોધમાં આવેલા. તેમને મળ્યો. વાત થઈ અને આમ વડોદરા-પાદરામાં મારા રસોઈયા તરીકેના સ્વતંત્ર ધંધાની શરૂઆત થઈ. તે રાત્રે મેં ભાઈને વાત કરી અને મારી સાથે ધંધામાં જોડાવા કહ્યું પણ તે માનેલા નહીં. હું મોટાભાઈને વધારે કમાણી આપવાનો હતો તોયે તે ના માન્યા અને તેમના સંબંધીઓ સાથે જ ધંધો ચાલુ રાખ્યો. છેવટે મારે તેમની સાથે જતા કેટલાક મજુરો-કારીગરોને વધારે રકમની લાલચ આપી સાથે લેવા પડ્યા અને ધંધો વધતાં બીજું મિત્ર

મંડળ-કારીગરવર્ગ - મજુર વર્ગ ઉભો કરવો પડ્યો. ભગવાન સદાશિવની કૃપાથી મારો સ્વતંત્ર ધંધો વિકસ્યો. ઓછી મહેનતે વધુ કમાણી થવા લાગી અને મન મોજશોખમાં વળ્યું અને શરીરને આરામ પ્રિય થઈ પડ્યો.

આમને આમ ઘણા સમય સુધી ચાલ્યું. પછી તો ટેવ પડી ગઈ. દરરોજ નવ વાગે ઉઠવાનું, દસ વાગ્યા સુધીમાં તૈયાર થઈ ધંધા ઉપર ઉપડી જવાનું. સાંજે ત્રણ ચાર વાગે તો પાછા રૂમ ઉપર આવી જવાનું. સાંજે વડોદરાના બજારમાં ફરવા નીકળી જવાનું. સારી લોજમાં ચટાકેદાર જમવાનું, મનગમતાં કપડાં, અત્તર, બુટ, મોજા ખરીદવાનાં. રૂમાલ, ખેસ, પોતડી, ધોતિયું, ઝભ્ભો, ટોપીની તો પાંચ-પાંચ જોડ ખરીદી. નાટક સીનેમા જોવા પણ નીકળી પડું. સારું ફરસાણ દુકાનમાં દેખાય તો નાસ્તો પણ કરી લેવાનો. આમ હું કમાતો ગયો અને ભોગવતો ગયો. આ બધું જોઈને મોટાભાઈ સાથેની વડીલોની ટોળી મને ઉડાઉ, રખડેલ, મનમોજી, કામચોરનાં બિરૂદ આપવા લાગ્યા. પણ હવે હું તેમને કે તેમની વાતોને ગણકારતો નહીં. પણ ઉંડે ઉંડે મને મોટાભાઈ ઉપર દયા આવતી.

આમ સવારે, બપોરે કે સાંજે તો મોટાભાઈ ને મલવાનું થતું નહીં. પણ રાત્રે હું અચુક તેમને મળવા જતો. પછી મોટાભાઈ સાથે મારી રૂમમાં અમે આવતા. મારી આવક વધતી જતી હતી તેથી પૈસાની ખેંચ લાગતી નહોતી. પહેલા તો એક ઓરડીમાં બે-ત્રણ જણા પડી રહેતા. પણ આવક વધતાં મેં અલગ રૂમ ભાડે રાખેલી. બધા ઘેરથી લાવેલા બિસ્તરા નીચે પાથરી, પથારીમાં સુઈ જતા અથવા ખાટલામાં સૂતા. જ્યારે મેં પલંગ, ગાદલું રજાઈ, ઓશીકું, ચાદર બધું વસાવી લીધેલું એક ખુરશી અને એક ટેબલ પણ લાવેલો. ઘણીવાર મેં મોટાભાઈને કહેલું,

"આ બધાંની સાથે એક ઓરડીમાં પડ્યા રહો છો અને નીચે પથારીમાં સુવો છો એના કરતાં મારી રૂમમાં રહેવા આવી જતા હોવ તો ? અલગ બાથરૂમ, અલગ જાજરૂ, અલગ પાણીનું માટલું, અલગ કબાટ, ત્યાં બધાં ભેગું રહેવાનું તમને કેવી રીતે ફાવે છે ?"

ત્યારે તે મારી સામે જોઈ રહ્યા પછી થોડુંક હસ્યા અને પછી બોલેલા,

"તને ફાવે તેમ તું રહે, હું જેમ રહું છું તે બરાબર છે." અને પછી હું બોલતો રહેતો અને એ સાંભળતા રહેતા. પછી,

"ડાયા, હું હવે જઉં. મને ઉંઘ પણ આવે છે અને મારે તો સવારે વહેલા પણ ઉઠવાનું હોય છે. તો હું હવે જાઉં" એમ કહીને એમની રૂમમાં જતા રહેતા.

આમ રાત્રે અમે બંને ભાઈઓ દરરોજ મળતા. હું મોટાભાઈને ઘણી બાબતોમાં સમજાવતો. કેમ વધું કમાવાય એના અવનવા ધંધાકીય કીમિયા જે હું અજમાવતો તે તેમને જણાવતો અને તેને અનુસરી વધું કમાવાની સલાહ આપતો. જુવાનીમાં શરીર ઘસી નાખીએ તો ઘડપણમાં સાલે-એ વાત તેમના ગળે ઉતારવા મથતો. મોટાભાઈના માથે ભાભી અને ભત્રીજાંની જવાબદારી છે તેથી આવા આર્થિક શોષણ કરતા અને શારીરિક શ્રમ કરાવતા લોકોથી દૂર થવા સમજાવતો. થોડોક મોજશોખ, થોડુંક હરવા-ફરવાનું, થોડુંક અંગત જીવવાની સલાહ આપતો. "શ્રી, સરસ્વતી અને પત્ની તો ગાંઠે બાંધીને જ ફરાય એમ દલીલ કરી પોતાની આવક રોજરોજ માંગી લઈ પોતાની પાસે રાખવા સમજાવતો. નબળી તબિયતમાં, સામાજિક જવાબદારીઓ નિભાવતી વખતે જાત અને કમાણી જ કામમાં આવશે. જેમની પાછળ તૂટી મરો છો તે કોઈ સંબંધી નહી આવે તેવી ચેતવણી પણ આપતો. ભાઈ પહેલો, સંબંધી પછી. આવક પહેલી, સગો બાદમાં. જાત પહેલી પછી ધંધો મોટાભાઈ રોજની જેમ આ બધું શાંતિથી સાંભળતા. સામે કાંઈ જ પ્રત્યુત્તર આપતા નહીં અને સમય થતાં ઉભા થઈને જતા રહેતા. સવારે ફરી એ વડિલો સાથે ધંધા ઉપર ઉપડી જતા. જાણે મારું બોલેલું બધુંય પથ્થર ઉપર પાણી !

એક વખત એનાથી અવળું થયું. દરરોજ મોટાભાઈને મળવા હું જાઉં અને પછી અમે બંને મારી રૂમમાં આવતા જ્યારે આજે મોટાભાઈ થોડાક વહેલા મારી રૂમમાં આવી ગયા. મને પણ નવાઈ લાગી અને થોડી ચિંતા પણ થઈ.

"કેમ મોટાભાઈ, આજે વહેલા વહેલા આ બાજું ? તબિયત તો સારી છે ને ?"

"ડાયા, મને આજે એમ થયું કે લાવ, તારી સાથે, તારા રૂમમાં જ રાત ગાળું. તારી સાથે ધરાઈને વાતો કરવાનું મન થયું છે. એટલે વહેલો અહીં આવતો રહ્યો. રાતે પણ અહીં જ સૂઈ જઈશ. તને વાંધો નથી ને ? વાત રહી તબિયતની, તો સાંભળ, મને પેટમાં ત્રણ ચાર દિવસથી ઝીણું ઝીણું દુખાય છે. અજમો મીઠું સવાર સાંજ ફાકું છું પણ કાંઈ ફેર પડતો નથી. ખાવા ઉપર પણ

મન જતું નથી અને થોડું ઘણું જે ખવાય છે તે પચતું હોય તેમ લાગતું નથી. તેને લઈને જીવ બેચેન રહે છે અને શરીરમાં પણ સુસ્તી જેવું લાગ્યા કરે છે. અત્યારે પણ થોડીક ખીચડી અને છાશ ખાઈને વાળું પતાવ્યું. અને પછી સીધો તારી પાસે આવી ગયો. તું મનમાં મુંઝવણ ના લાવતો. તું તારે પલંગમાં સૂઈ જજે, હું તો પથારી કરીને નીચે જ સૂઈ જઈશ. મને તો હવે પથારીમાં ફાવી ગયું છે. તને પલંગ વગર ઊંઘ નહીં આવે.'' મોટાભાઈ એકી શ્વાસે મારી સામે જોતા જોતા આટલું બધું બોલી ગયા. હું તેમના ચહેરા સામેજ તાકી રહેલો. તે બોલતા બંધ થયા અને હું ભાનમાં આવ્યો હોઉં તેમ બોલ્યો,

''તમે રાતે અહીં રોકાશો તો મને આનંદ થશે. હા ! મને પલંગ વગર નહીં ફાવે.''

મારો જવાબ સાંભળી મોટાભાઈ તેમની ઓરડીમાં જઈ બિસ્તરો લઈ આવ્યા. જમીન ઉપર તેમણે પથારી કરી દીધી. પછી પથારીમાં બેઠા. હું પલંગમાં બેઠો. પાછું મોટાભાઈએ બોલવાનું શરૂ કર્યું.

''ભાઈ ડાયા, દરરોજ તું બોલે છે અને હું સાંભળું છું. આજે હું બોલીશ અને તારે ફક્ત ને ફક્ત સાંભળવાનું છે.

ભાઈ, રસોઈના ધંધામાં મારા કરતાં પણ તારી આવડત, હથોટી સારી છે. તું હોંશિયાર છે. ભગવાન શિવ તરફની તારી શ્રદ્ધા અને ભક્તિ અદ્વિતીય છે. તું ઉંમરના પ્રમાણમાં સારું ચિંતન-મનન કરી શકે છે. તારી વાતનો મર્મ પકડી પાડવાની સુઝ પણ મારા કરતાં વધારે છે. તું દેખાવમાં પણ મારા કરતાં વધારે રૂપાળો અને તેજસ્વી દેખાય જ છે. મારા કરતાં ધંધાનું કે બીજા કોઈ પણ વિષયનું જ્ઞાન તારામાં વધારે છે. મારા કરતાં તારું શરીર સૌષ્ઠવ સારું અને તંદુરસ્ત છે. તું મારા કરતાં વધું સ્વાભિમાની પણ છે, જેને લીધે ઘણીવાર બધાંને તું અભિમાની લાગે છે. તું મારા જેવો કર્મપરાયણ માત્ર નથી પણ ભાવવાહી અને રસિકજન છે. તેથીસ્તો તને બધા મોજીલો કહે છે. તું વધારે પડતો લાગણી શીલ છે. જોને, મારી તું કેટલી બધી ચિંતા કરે છે ? તારા જેવો હોંશીલો અને સાહસિક સ્વભાવ મારો નથી તે સત્ય તું સ્વીકારી લે. વળી પાછો બોલકો છે, જેને લીધે તને બધા ઉદ્ધત ગણે છે. સહૃદયી અને માયાળું છે. એટલે તો તને સ્વતંત્ર ધંધામાં કારીગરો-મજુરો તરત મલી જાય છે. પોતાની જાત માટે અને

પોતાના શોખ પુરા કરવા તું કમાય છે અને પછી તે કમાણી તે રીતે વાપરે છે, તે જોઈને તને બધા રખડેલ, ઉડાઉ કહે છે.

આમાં ભાઈ, તારી શાખ વધતી નથી, ઘટતી જાય છે. કરકસર અને બચત જેવા શબ્દો તને ગમતા જ નથી. લાગણીના ઉભરામાં તું તણાઈ જાય છે. જે અંદરથી ઉભરે તે બહાર બોલીને ઠાલવી દે છે. સમય, વ્યક્તિ, સ્થળનું ભાન તને રહેતું નથી. તું ટુકો સ્વાર્થ અને તરતનો લાભ જુવે છે. દીર્ઘદૃષ્ટિથી વિચારી લાભાલાભનું સરવૈયું માંડતો નથી. આજ તો તું જીવી ગયો, ગઈ કાલે શું હતો અને આવતીકાલે શું થશે તે અંગે તેં જાણે કે વિચારવાનું માંડી વાળ્યું છે. સંયમ, સત્ય, ધીરજ, સહકાર, ઉપકાર, સ્વ ઉપર નિયંત્રણ, પોતાનો નહીં પણ બીજાનો વિચાર કરવાની વૃત્તિ, પરોપકાર, સંબંધોની જાળવણી, સામાજિક બંધનો - જેવી બાબતો વિશે તેં વિચાર્યું હશે પણ તેની ઉપર કમાણીની ભૂખ, નિરાશા, હતાશા, બદનામી સવાર થઈ વિજયી બનતી હશે અને આવું કહેવાતું ઉધ્ધત, ઉડાઉ મોજીલું, સ્વાર્થી વર્તન કરવા તું પ્રેરાતો હશે.

પણ ભાઈ, ભોગવીને મોટા, માનનીય, લોકપ્રિય, સુખ અને શાંત ચિત્તવાળા બનાતું નથી. પોતાની ઇચ્છાઓ, લાભ, આરામ, મોજશોખ, લાગણીઓને હડસેલી બીજાને સાથ આપવો. બીજાં માટે જીવવાથી જ મન શાંત બને છે. શરીર કષ્ટ વેઠશે અને નબળું પડશે તેની દવા થશે પણ મન નબળું પડશે, વિકૃતિઓ વિકસશે, એક વખત પોતાની ખરાબ છાપ ઉભી થઈ જશે તો તેનો કોઈ ઈલાજ નથી. ત્યાં તમારી આવડત, બુદ્ધિ, ધન, શરીરબળ કાંઈ જ કામ નહીં આવે. અરે, ગમે તેટલી પ્રભુભક્તિ કરો તો પણ ખાલી હાથ જ રહેશે. આજે જુવાની છે, કાલે ઘડપણ આવવાનું જ છે. મા-બાપ કેટલું પહોંચશે ? ભાઈ-બેન એમનો સંસાર લઈને બેસશે. ખાલી હાથવાળા, અશક્ત વૃદ્ધને કોઈ નહીં પાલવે. માટે મોટાભાઈની વાત ગળે ઉતાર, થોડો સંયમી થા. તું બુદ્ધિશાળી તો છે જ, શક્તિશાળી પણ છે, આવડતવાળો, સાહસિક, ઉદ્યમી, સુઝબુઝ વાળો છે. લાગણી અને મનના ઘોડાઓને લગામ નાખ, દૂરનું વિચાર. હાલની થોડી ખોટ, લાંબાગાળે મોટો લાભ આપતી હોય તો ખોટ સહન કરી લેવી. હાલનું મૌન, લાંબા ગાળે હંમેશાં લાભ જ આપે ! શું કામ બધે બોલીને બગાડે છે ?''

મોટાભાઈ બોલતા રહ્યા અને હું સાંભળતાં સાંભળતાં ક્યારે ઉંઘી ગયો

તેનું મને જ ભાન ના રહ્યું.

મારી આંખ ઉઘડી ત્યારે મોટાભાઈ જાજરામાંથી બહાર નીકળતા જોયા. ઓશીકાની બાજુમાં પડેલી નવી લીધેલી ખિસ્સા ઘડિયાળમાં જોયું તો સવારના ચાર વાગ્યા હતા.

"કેમ આટલા વહેલા જાગી ગયા છો, ભાઈ ?" મોટાભાઈ સાવ ધીમા ડગલે પથારી પાસે આવ્યા અને ફસડાઈ પડ્યા, ખૂબ ધીમા અવાજે ગણગણ્યા.

"ડાયા, મને ઝાડા થઈ ગયા છે. દસ-બાર વખત ગયો. પરું અને લોહી ઝાડા વાટે પડતું હોય એવું લાગે છે. શરીરમાં ખૂબ અશક્તિ આવી ગઈ છે. હાથ-પગ ચુંટાય છે. આખી રાત ઉંઘી શક્યો નથી."

"જાયફળ પડ્યું છે."

"એ પણ વાટીને પીધું. લીંબુ પાણી પણ લીધું."

"મને ઉઠાડવો હતો ને ?"

"ના રે ભાઈ તારી ઉંઘ શું કામ બગાડવી ?

હું પણ અડધો ઉંઘમાં હતો. તેથી જેવો પલંગમાં આડો પડ્યો એવો ફરીથી ઉંઘી ગયો તે છેક સવારે દસ વાગે ઉઠ્યો. જોયું તો પથારીમાં મોટાભાઈ પડી રહેલા.

"ડાયા, તું ઉઠ્યો ? હું તારી જ રાહ જોતો હતો." મોટાભાઈ ખૂબ ધીમા અવાજે બોલ્યા.

"મારે હવે જલ્દી તૈયાર થઈ જવું પડશે. રસોડું રાખ્યું છે અને ઉઠવામાંય મોડુ થઈ ગયું છે. આજે તો બે હજાર માણસની રસોઈ છે. મોં માગી રકમ આપવા ધણી તૈયાર થયો છે."

"પણ ભાઈ, તું સાંભળ તો ખરો ! મને ઠીક નથી લાગતું. અહીં કોઈ દાક્તરની દવા લઈ આવીએ. પછી મને પામોલ મૂકી જા. મને મૂકીને તું તરત પાછો વળી જજે. ત્યાં તારી ભાભી, બાળકો અને સાસરીયાં છે એટલે ચિંતા નથી. મારાથી એકલા જવાય એવું લાગતું નથી. જો તો ખરો, બેઠા પણ નથી થવાતું કે ઉભા નથી રહેવાતું ત્યાં એકલો દવાખાને પણ કેમનો જાઉં ? ત્યાં વળી પામોલ એકલા પહોંચવાની તો વાત જ થાય એમ નથી. તું ભાઈ, એમ કર આજનું રસોડું બીજાને સોંપી દે."

"પણ ભાઈ, પામોલ જઈને આવું તો ત્રણ દિવસ બગડે. અત્યારે તો સીઝન છે. કમાણીના ટાઈમે ત્રણ દા'ડા ભાગવા પોસાય ? કેટલા રૂપિયા ખોવા પડે ?"

"ભાઈ, પણ મારી સ્થિતિ સામે તો જો ? તું કહેતો હોય તો ત્રણ દા'ડા નાં રસોડાં મારા સંબંધીઓ સાચવી લે એમ એમન કહું."

"પણ એ રસોડાં કરે ને પૈસા મને થોડા મલે ? અને મારા ઘરાક એમના સંપર્કમાં આવે તો ભવિષ્યમાં પણ હું તો લટકતો થઈ જાઉં ને ! હું તમારા જેવો ભોળો નથી કે એમ ફસાઈ જાઉં. તમે તમારી રીતે દવા લઈ આવજો અને ભાભી અને છોકરાં યાદ આવ્યાં હોય તો પામોલ પણ જજો, પણ મારી આશાના રાખતા"

આટલું બોલીને હું તો બાથરૂમમાં નહાવા જતો રહ્યો. બ્રશ, ટોયલેટ, નહાવાનું પતાવી બહાર આવ્યો ત્યારે રૂમમાં મોટાભાઈ પણ નહોતા કે નહોતી એમની પથારી. લાંબુ વિચાર્યા વગર હું ફટાફટ તૈયાર થઈ રસોડે જતો રહ્યો.

રાત્રે રૂમ ઉપર આવ્યો ત્યારે વચ્ચેની ઓરડીમાં રહેતા એક વડીલ સંબંધીએ મને રોક્યો. લાલઘૂમ આંખો કરી, મોટા અવાજે બોલવા લાગ્યા,

"ડાયા, તું તો ભાઈ છે કે સોમાલાલનો પરભવ નો દુશ્મન ?"

હું ઘડીભર ચમક્યો. "કેમ શું થયું મોટાભાઈને ?"

"એમણે મને ગઈ રાતની અને સવારની બધી વાત કરી. તું તો જીવરામ પંડ્યાના ઘરમાં સાવ નફ્ફટ પાક્યો. પામોલથી આવેલો એક મજુર મારી જોડે કામ કરે છે તેને સોમાલાલ સાથે દવાખાને મોકલ્યો, દવા લાવ્યા અને લીધી, પણ તબિયતમાં કાંઈ ફેર પડ્યો નહીં અને એમણે પણ પામોલ જવાની જ રટ લીધી. એટલે ના છૂટકે મજુરની સાથે મોકલી ગાડીમાં પણ બેસાડી આવ્યા અને સગો ભાઈ કમાવાની લ્હાયમાં મરતા ભાઈને હડસેલીને રોકડી કરવા ગયો ! મજા કરવા ગયો હોઈશ તે રખડતો રખડતો હવે રૂમ ઉપર આવવાની નવરાશ મળી હશે. સવારે જોઈને જાય છે કે સગોભાઈ માંદો છે છતાંય આખો દા'ડો ભટક્યા કર્યો ? જા, ભાઈ જા, તારા જેવા ભાઈ કોઈને ના મલજો !"

અને વડીલ એમની ઓરડીમાં જતા રહ્યા અને જોરથી બારણું પણ બંધ કરી દીધું.

મનમાં થોડીવાર ચચર્યું. પણ મોટાભાઈનાં ગઈરાતનાં વાક્યો યાદ આવ્યાં. જોકે મોટાભાઈની ચિંતા તો આખો દિવસ થતી હતી. પણ મોટું રસોડું હતું અને માલીકે હિસાબ કરવામાં અને પૈસા આપવામાં વાર કરી. થોડીક રકઝક પણ થઈ. એટલે ટાઈમ વધારે ગયો. ત્યાં બધું પતાવી, મજુર-કારીગરોનો હિસાબ કરી, લોજમાં જમીને સુરસાગર તળાવના કાંઠે થોડું ફરવા ગયો. આમ અહીં આવતાં મોડું થઈ ગયું અને મનમાં એટલી તો શાંતિ હતી કે સંબંધીઓ મોટાભાઈને ખૂબ સાચવે છે એટલે કાંઈક રસ્તો કાઢશે અને એમ થયું પણ ખરું. "જો કે મોટાભાઈને ઘરે મોકલી દીધા એ ઉત્તમ કર્યું નહીંતર કાલે તો મારે રસોડું ખોવું જ પડત ! એ બધા આકરાભૂત જેવા તો છે જ ! એમના બોલ્યા સામે શું જોવું ? એમના ધંધામાં ભાગ પડાવ્યો છે અને એકલા મોટી રોકડી કરતા હતા એ વાતમાં ખુલ્લા પાડ્યા છે એટલે મારા ઉપર દાઝ તો હોય જ ! આમેય એ શું મારા કામમાં આવ્યા છે કે મારી ઉપર કાંઈ ઉપકાર કરી નાખ્યો છે કે મારે એમનાથી દબાયેલા રહેવું પડે કે ડરવું પડે ?" આમ વિચારતાં વિચારતાં મારી રૂમમાં આવી ગયો. ખૂબ થાક્યો હતો. પલંગમાં પડ્યો એવો સૂઈ ગયો.

બીજા દિવસે પણ રસોડે ગયો. મોડો રૂમ ઉપર આવીને સૂઈ ગયો. ત્રીજા દિવસે નવ વાગે ઉઠ્યો. તૈયાર થતો હતો ત્યાં એક મજુર મારી રૂમમાં આવ્યો. થોડીવાર ઉભો રહ્યો. મેં તેની સામે જોયું. તેનું મોં પડી ગયું હતું.

"કોણ છે, ભાઈ, તું ? શી વાત છે ?"

"તમારા મોટાભાઈ સોમાલાલ કાલે ગુજરી ગયા."

" હેં ?" હું ચમક્યો. મજુર રડતો હતો. હું થોડીવારે સ્વસ્થ થયો.

"ભાઈ, બેસ અહીં. મને માંડીને વાત કર."

"તે દિવસે તમે તો રસોડે જતા રહ્યા. સોમાભાઈ તેમના સંબંધી ના રૂમમાં ગયા. કપડાં બગડી ગયેલાં. તેમને નવડાવી, ચોખ્ખાં કપડાં પહેરાવી દવાખાને ગયા. હું પણ સાથે ગયેલો. દવા લીધી એટલે ઝાડા કાબુમાં તો આવી ગયા પણ મટ્યા નહીં. "મને પામોલ મુકી આવો." એ એક જ વાત બોલતા રહ્યા. છેલ્લે મને જ સાથે ગાડીમાં મોકલ્યો. દવાનો પાવર અમદાવાદ સુધી ચાલ્યો ત્યાંથી ગાડી બદલીને આંબલીઆસણ આવ્યા અને ત્યાંથી ગાડી બદલી

ગેરીતા ઉતર્યા. પણ સોમાલાલને ત્યાં ગાડીના જાજરામાં જ બેસાડી રાખવા પડ્યા. મેં જાજરા બહાર બારણા પાસે ઉભા ઉભા મુસાફરી કરી. ગેરીતા ઉતર્યા ત્યારે બપોરે અઢી વાગેલા. સોમાલાલ બેસી શકતા નહોતા, ત્યાં ચાલી તો શકે જ કેમના ? મારા ખભે ગમે તેમ કરીને બેસાડ્યા અને પામોલ ઘર ભેગા તો કર્યા ! પણ તમારાં ભાભી ખેતરમાં ગયેલાં. તમારા ભત્રીજાએ ખાટલો પાથર્યો. સોમાલાલને ખાટલામાં સુવડાવી તેમની એક બેબીને લઈને ખેતરમાં તમારાં ભાભીને બોલાવવા ગયો અને તમારા ભત્રીજાને એમની પાસે બેસાડ્યો. અમે ખેતરમાંથી પાછા આવ્યા ત્યાં સુધીમાં તો ખાટલો, ગોદડી, કપડાં બધું બગડેલું. તમારાં ભાભી એ મને રોકાઈ જવા કહ્યું. આખી રાત હું જાગતો રહ્યો અને તમારા ભાઈની દેખરેખ રાખતો રહ્યો.

સવારે ઉઠીને બધાંએ જોયું કે સોમાલાલ તો હાલતા-ચાલતા પણ બંધ થઈ ગયેલા. આંખો બંધ કરીને પડી રહેલા. આજુબાજુનાં બધાં સંબંધીઓ ભેગાં થઈ ગયાં. ઘર-ઘરાઉ, દેશી ઉપચાર કરવા માંડ્યાં. તેને લઈને કે ગમે તે કારણે તેમણે આંખ ઉઘાડી, આજુબાજુ નજર ફેરવી બધાંને નમસ્કાર કર્યા પછી બાજુમાં બેઠેલા તેમના દસેક વર્ષના છોકરા માથે હાથ ફેરવ્યો. નાની બેબલીને પાસે બેસાડી, ઘોડીયામાં હીંચતી છોડીને જોવા ઉંચા થવા જતા હતા પણ ઉઠી શકાયું નહીં. પછી મારી સામે જોઈને બોલ્યા, ‘‘ડાયો !’’ પણ વધું બોલી શકાયું નહીં. છેલ્લે ભાભી સામે જોયું એ જોયું. અને એમની આંખો ખુલ્લીને ખુલ્લી જ રહી ગઈ.

બાજુમાં બેઠેલા એક વડીલ સંબંધી નજીક આવ્યા, નાડી પકડી, આંખ પહોળી કરીને જોઈ, છાતી ઉપર હાથ દબાવ્યો પછી માથું ઝુકાવીને બબડ્યા, ‘‘સોમાલાલ જતા રહ્યા.’’

કલાકેક રોકકળ ચાલી. સ્મશાન વિધી પતાવી અને રાત્રે જ હું ગેરીતા આવી ગયો. સવારની ગાડીમાં આંબલીઆસણ અમદાવાદ થઈ વડોદરા ઉતર્યો. સીધો તમારી રૂમમાં આવ્યો છું.’’

હું કશું જ બોલી શક્યો નહીં. શૂન્યમનસ્ક, જડભરત જેવો સ્થિર ઊભો રહી ગયો.

‘ચાલો ત્યારે ડાયાભાઈ, હું જાઉં. બીજાં બધાંને પણ રસોડે જઈ સમાચાર તો આપવા પડશે ને !’’

એટલું બોલી મજુર રૂમની બહાર જતો રહ્યો.

સંદેશ વાહક ના ગયા પછી રસોડે જવાનું માંડી વાળ્યું. પલંગમાં પડ્યો. ઓશીકામાં મોં સંતાડી ખૂબ રડ્યો. પછી કલાકેક પડી રહ્યો. કાંઈક યાદ આવતાં એકદમ પલંગમાં બેઠો થઈ ગયો. નીચે ઉતર્યો અને બાથરૂમમાં સ્નાન કરવા ઘુસી ગયો. બહાર આવ્યો ત્યારે રૂમમાં બે-ત્રણ વડીલ સંબંધીઓ બેઠા હતા. તેમાંથી એક મુરબ્બી બોલ્યા,

“ડાયા, અમે પંદર દિવસનાં રસોડાં બીજાને સોંપી દીધાં. સાંજે ઘેર જવા નીકળીએ છીએ. ધંધા તો કાલે ફરી મળશે પણ સોમાલાલ પાછા નહીં આવે. અમારી દીકરી માથે તો આભ તૂટી પડ્યું ! અમારે તો તરત એ છોડી પાસે જવું પડશે. આટલું તને કહેવા આવ્યા છીએ. તને જે ઠીક લાગે તે કરજે. ચાલો ભાઈઓ, આપણે નીકળીએ. વહેલામાં વહેલી જે મલે એ ગાડી પકડવી છે.”

અને બધા રૂમની બહાર નીકળતા ગયા. બધા મારી સામે જોઈને ‘નમસ્તે’ની મુદ્રા કરતા ગયા.

એમને ગયે માંડ દસ-પંદર મિનિટ થઈ હશે અને મારા હાથ નીચેનો મુખ્ય રસોઈયો આવ્યો, બેઠો.

“ડાહ્યાભાઈ, ભાઈ મુઓ છે અને એ પણ જુવાન જોધ ! તમને મનમાં લાગતું તો હશે જ. ધંધો, રસોડાંની ચિંતા ના કરશો. એ બધું હું સંભાળી લઈશ. તમારે પણ જવું તો પડશે જ ને ! તમતમારે નિરાંતે નીકળો. ભાઈનું કારજપાણી પતાવીને આવજો. અત્યારથી અહીંની બધી ચિંતા મારા માથે” અને એ રડી પડ્યો.

હું પણ તેના ગયા પછી બેગ ભરી, રૂમ વાસી રેલ્વેસ્ટેશન તરફ નીકળ્યો.

પહેલા છાલા ગયો. બા-બાપુજી તથા બેન-બનેવી તો પામોલ જતાં રહેલાં. મહાદેવના મંદિરમાં તો જવાય નહીં, સુતક લાગેને ! અને પામોલની વાટ પકડી.

ત્યાં ગયો તો જોયું કે સૌ કોઈ મારી તરફ ઉદાસીન નજરે જોતાં હતાં. કોઈ કશું કહેતું નહીં પણ કોઈના ચહેરા ઉપર મારી હાજરીથી ઉમળકો પણ ના દેખાયો. જાણે મેં મોટાભાઈની હત્યા કરી હોય, હું ગુનેગાર હોઉં એવી નજરે સૌ મારી સાથે વર્તન કરવા લાગ્યાં.

અરે મારી બા અને બાપુજી તથા સગીબેન પણ મારી સાથે મન મૂકીને ના બોલ્યાં. મને ખૂબ દુઃખ થયું. મારે કોના ખભે માથું મુકીને રડવાનું ? આવું બે-ત્રણ દિવસ સહન કર્યું. પછી મનોમન નક્કી કરી નાખ્યું કે હવે વધારે અહીં નથી રહેવું અને બા પાસે ગયો.

"બા હું આજે જાઉં છું" અને હું રડી પડ્યો.

"ના બેટા, તારે તો પંદર દિવસ રોકાવું પડે. ભાઈના કારજમાં તો હાજર રહેવું જ પડે ને !"

"ના, બા, હું જઈશ તમે બધાં છો ને !"

"પણ બહાર કેવું દેખાય ? લોકો શું કહેશે ?"

"બા, આમેય કોઈ મારા માટે ક્યાં સારું બોલે છે ?" અને હું મારી બેગ લઈને નીકળી ગયો. સીધો વડોદરા આવ્યો. રૂમ ખોલીને પલંગમાં પડ્યો પડ્યો ધરાઈને રડ્યો. મને આજે એવું લાગ્યું કે હું મારા ધંધામાં જાણે સાવ એકલો થઈ ગયો !

તા. ૨૦-૦૪-૨૦૨૦

• • •

# 16. મારી બેન

અમે બે ભાઈ અને એક બેન સૌથી મોટા ભાઈ, વચલો હું અને નાની આ બેન. તે જનમી ત્યારથી જ મને ખૂબ વહાલી. હું એને મારા ખોળામાં રાખતો, બહાર લઈ જતો. એ રડતી તે મને જરાય ગમતું નહીં અને એ હસતી ત્યારે જાણે મને સ્વર્ગ મલી ગયું હોય એવું લાગતું ! એ મોટી થતી ગઈ. કાલી કાલી ભાષામાં બોલતી થઈ. એ હંમેશાં મારી આગળ-પાછળ ફર્યા કરતી. મારી સાથે જ રમતી. પાણી પીવું હોય, ભૂખ લાગી હોય, કાંઈ ફરિયાદ હોય તો મને શોધી કાઢી મને જ કહેતી. જો કે બાપુજી ઘરમાં રહે નહીં, બા એના કામમાં હોય અને મોટાભાઈ કાં તો બાપુજીની સાથે એમના કામમાં મદદ કરવા ખેતરે, બહાર ગયા હોય. આમ ઘરમાં હું એકલો જ હોઉં એટલે બેન મને વળગી પડેલી. એ ઉંઘે એટલો વખત જ મારાથી દૂર રહે.

પછી તો એ ચાલતી થઈ,ઘરની બહાર જતી થઈ. એને પણ બીજી આજુબાજુની એના જેવડી છોકરીઓ સાથે બેનપણાં થતાં ગયાં. તેમ તેમ મારાથી વધારે ને વધારે દૂર થતી ગઈ. પછી તો એ એની રીતે રમતી, ફરતી અને હું મારા મિત્રો સાથે ફરવા માંડ્યો. પરંતુ સવાર-સાંજ-રાત્રે અમે બે જોડેને જોડેજ રહેતાં, ખાતા, ફરતાં, સુતાં. મને મારી બેન તરફ અદમ્ય લાગણી હતી અને બેન પણ મારી લાગણીઓ સમજતી. મારો ચહેરો સ્હેજ પણ ઉદાસ લાગે તો દોડતી મારી પાસે આવી જતી, મને વળગી પડતી, અનેક પ્રશ્નો પૂછી નાખતી અને હું કાંઈ ના બોલું તો રડી પડતી. પછી મારે એને છાની રાખવા મથવું પડતું.

આમને આમ અમે બંને મોટાં થઈ ગયાં. હવે તો બેન સાડલો અને પોલકું પહેરવા માંડેલી અને હું મિત્રો સાથે ગામ આખામાં રખડવા માંડ્યો. મને મનમાંને

મનમાં થવા માંડ્યું કે હું ખૂબ જ કમાઉં. મારી બેન માગે તે લાવી આપું. મોટાભાઈ ઓછાબોલા, ઠરેલ, મહેનતું અને આજ્ઞાંકિત ગણાતા તેમનામાં બાલ સહજ તોફાનો કે દુવૃત્તિઓ એ પ્રવેશ નહીં કરેલો. સતત બાપાના કામમાં મદદ કરતા. બાની કચકચ સામે જવાબ ના આપતા. પોતાને કરવા લાયક લાગે તે કામ મનોમન કર્યે જતા. તેથી બધાં તેમનાં વખાણ કરતાં. હું બહાર ફરતો, મિત્રો બનાવતો રહ્યો. મારી વાહ વાહ થતી પણ ઘરમાં નહીં, એ મારા ચાર-પાંચ જીગરજાન મિત્રોમાં જ ! હા ! દર વખતે બેન મારો પક્ષ લેતી અને બાપા મને બોલતા ત્યારે મારી ઢાલ બનીને સામે દલીલો કરતી. મોટાભાઈ આવા વિવાદો વખતે મૌન રહેતા. કોઈવાર બા મારો પક્ષ લેતી અને બાપાને ખખડાવતી તો કોઈકવાર અકળાઈ જઈને મારી સામે જોઈને, લાંબા હાથ કરી કરીને કકળાટ કર્યા કરતી.

એવામાં મારાં પરાક્રમોના સમાચાર ઘરમાં આવતા થયા અને બાપાનો ક્રોધ ભભૂકી ઉઠ્યો.

"આ છોકરાનું શું કરવું ? એનું શું થશે ? આ છોકરો સાવ રખડેલ પાક્યો. બીડીઓ પીવે, ચોરી કરે, તોફાન કરે, ઘરમાં એનો પગ રહેજ નહીં. આ ઉંમરે ભણવાનું હોય તેને બદલે ભાઈબંધોની ટોળી બનાવી અવળા રવાડે ચડતો જાય છે."

બા પણ અકળાતી અને બાપાની વાતોમાં ટાપશી પુરતી,

"નહીં સુધરે તો ખત્તા ખાશે, બીજું શું ? તમે ગમે તેટલો જીવ બાળશો એનામાં કાંઈ ફરક નહીં પડે. આ મોટો છે જ ને ! એ ભલો ને એનું કામ ભલું ! છે કાંઈ બીજી કાંઈ લપ્પન-છપ્પન ! અને આ નવાબસાહેબનાં પરાક્રમ ગામ આખામાં ગુંજવા માંડ્યાં."

પણ મારી બેન તરત વચ્ચે કૂદી પડતી.

'તમેય શું બાપા, ભાઈના પાછળ પડી ગયા છો ? મોટાભાઈ તો મુંજી છે તે ઘરમાં પડ્યા રહે છે અને નીચી મુંડી કરીને તમારી પાછળ પાછળ ફર્યા કરે છે. એ કાંઈ બહાદુરી કહેવાય ? ના કોઈ ભાઈબંધ, ના કોઈ તોફાન. મારો ભાઈ ડાયો જ સાચો પુરુષ કહેવાય. બધા વચ્ચે રોફથી ઊભો રહે છે. બધા એની

વાત માને છે. એનામાં કાંઈક હશે ત્યારે બધા એની પાછળ તણાતા હશે ને ? એ પણ તમારી જેમ દરરોજ ફટાફટ તૈયાર થઈ મહાદેવના મંદિરે પણ જાય છે. હા ! ભાઈને નવાં નવાં કપડાં પહેરવાનો શોખ છે, થોડોક વરણાગિયો પણ છે, તે કબુલ ! પણ એમાં શું બગડી ગયું ? લોકોને તો ટેવ પડી છે તે ગમે તેમ બોલ્યા કરે. એ બધાં ઈર્ષ્યામાં પણ બોલતાં હોય !''

બાપા બેન સામે જોઈને હસી પડતા. પછી બેનને ખોળામાં લઈને ચુમી લેતા. પછી નીચે ઉતારી, સામી ઉભી રાખીને કહેતા,

''બેટા, લોકોની વાતો સાંભળી તે નથી કહેતો. મારી સગી આંખે એનાં નખરાં. અવળચંડાઈ, ઉધ્ધતાઈ, તોફાનો અને ના કહેવા જેવું ઘણું બધું મેં જોયું છે. તેથી જીવ બળે છે. આમ ને આમ ચાલશે તો આગળ જતાં એનો હાથ પકડનાર કોઈ નહીં હોય ! તું યાદ રાખજે મારી આ વાત ! હું નહીં હોઉં ત્યારે તું જાતે જોઈશ. એટલે બેટા, એ તારું માનતો હોય તો એને સમજાવ ! એ સુધરે. નહીંતર એ તો ક્યાંયનોય નહીં રહે અને અમારું ઘડપણ પણ બગાડશે.''

ત્યારે બેન પ્રત્યુત્તરમાં કાંઈ કહી શકતી નહીં અને બાપા પાસેથી બાને ઘરકામમાં મદદરૂપ થવા ઘરમાં જતી રહેતી.

છતાં બેનના આવા જોશભર્યા બચાવ કાર્યથી મારો તેના ઉપરનો પ્રેમ ખૂબ વધી જતો અને તેના માટે કાંઈ પણ કરી છૂટવાનો નિર્ધાર મારા કોમળ મનમાં અંકાઈ જતો.

એક વખતે હું બહારથી રખડપટ્ટી પતાવી, ભૂખ લાગવાથી ઘરમાં આવ્યો ત્યારે ત્રણ-ચાર મહેમાનો જોયા. તેથી મનોમન ઘરમાં જઈ, રસોડામાં જે પડ્યું હતું તે થોડું ઘણું ખાઈ એક બાજુ બેસી ગયો અને ચાલતી વાતચીત સાંભળતો ગયો.

''લ્યો ત્યારે, જીવરામ, અમે વાત નક્કી ગણીએ ને !'' બેઠેલા એક વડીલ બોલતા હતા.

''ભાઈ, અમારે ગામ-ઠેકાણું કાંઈ નક્કી નથી. અમે પણ મૂળ તો પામોલ ના ! રણછોડમામાને વસ્તાર નહીં. લાંબી પહોળી ખેતીવાડી અને લાંબો પહોળો યજમાનોનો ગરાસ ! મામા ઘરડા થયા એટલે બધું કેમનું સચવાય ? એટલે મારા

બાપાએ મને મજરા મોકલ્યો, મામાના ઘેર મારાં લગન છાલા થયાં. મામાની ખેતી અને યજમાન વૃત્તિ એમની હાજરીમાં આવડે એવી સાચવી પણ મામાએ પરલોકવાસી થયા અને મામી પણ ગયાં. ત્યાં કોઈ રહ્યું નહીં એટલે યજમાનવૃત્તિ અને ખેતી સાચવવા ત્યાં પડી રહેવું ઠીક ના લાગ્યું. વળી અહીંનાં સંબંધીઓનું કહેવું હતું કે છાલા આપણું જૂથનું ગામ છે એટલે મજરાથી અહીં રહેવા આવી ગયા. ત્યાંનાં ખેતર કાઢી અહીં લીધાં. યજમાનવૃત્તિ પણ બીજાને સોંપી દીધી. પછી તો આ વસ્તાર થયો. ખેતી કરીએ, રસોડાં કરીએ. વડોદરા-પાદરા બાજુ પણ કોકવાર ફરી આવીએ. આમને આમ સંસાર નભે જાય છે ! પણ અમે આમ મૂળ પામોલના !''

''હા, ભાઈ હા, અમને આ બધી ક્યાં ખબર નથી ? અને તમારો એક કુટુંબી હજુ પામોલમાં છે જ ને ! ભલે જીવરામ તમે કાંઈ ના કહો, પણ તમારી મિલ્કત, ઘર, ખેતર લઈ લેવા તો તમને મામાનું બહાનું આગળ કરીને પામોલમાંથી તમારા જ કુટુંબીએ તગડ્યા હતા ને ! અને બધું પાણી ના મોલે ખંડી વાળ્યું હતું ને ! અને તમેય પાછા દાનેશ્વરી પાક્યા. તે એ નજીવી રકમ પણ તમે સાચવી રાખી નહીં અને ત્રણ દા'ડા સળંગ ચોર્યાશી કરી આખી નાત બેઠી પલાંઠી ખવડાવેલી. તમારું આ ભોળપણ કહો તો ભોળપણ અને ઉદારતા ગણો તો એમ, પણ એ બધાથી તમારી જે શાખ બંધાઈ અને તમે જે રીતે મામા-મામીની પણ સેવા કરી, એ બધું સાંભળીને જ અમારા પગ આટલે સુધી લાંબા થયા છે.

અને વળી અમારા ગામના જ છો એટલે અમારી ભત્રીજી ગામમાં ને ગામમાં નાખી કહેવાય ને !''

''નાતભાઈ ઓ તમને ઠીક લાગે એમ નક્કી કરો. આ સામે બેઠો તે મારો દિકરો !''

એમ કહીને બાપાએ મોટાભાઈ જે તેમની સામે એક બાજુ બેઠા હતા એમની સામે આંગળી કરી.

''તમારા ચિરંજીવીને તો વડોદરામાં રસોડા ઉપર મલેલા. એમનો શાંત સ્વભાવ, આવડત, આજ્ઞાંકિતતા, મહેનત, નિષ્ઠા, સરળ સ્વભાવ અમે પારખ્યો છે. હવે તમે અને ઉમિયા બે જણાં હા પાડો એટલે ગોળ-ધાણા ખાઈએ અને ચાંલ્લાની વિધી પતાવીએ.''

“જેવી ભોળા શંભુની મરજી” બાપા એટલું જ બોલ્યા.

અને આમ મોટાભાઈનો સંબંધ થયો. પછી લગન જોવડાવ્યું. લગન પણ થઈ ગયાં. ઘરમાં એક સ્ત્રી પાત્ર વધ્યું. હવે તો હું અને ભાઈ કમાવા વડોદરા-પાદરા રસોડે સાથે જતા. બાપા ઘેર ખેતીનું સંભાળતા.

બાર મહીના, બે વરસ વીત્યાં હશે. બેન કોદરીને તો હવે રાજપાટ આવી ગયું. ઘરનું બધું કામ ભાભી કરી લેતાં. બેન તો હવે વાતો કરવામાં, મારાં લગ્ન માટે સપનાં જોવામાં અને ભાભીને સારા દિવસો હતા એટલે ભત્રીજો રમાડવાનાં સપનાં જોવામાં જ દિવસો પસાર કરતી અને ભાભીએ એક દીકરાને જન્મ આપ્યો. બાપા અને બા તો ગાંડાં ગાંડાં થઈ ગયેલાં. બેન તો આખો દિવસ ભત્રીજાને લઈને જ ફર્યા કરતી.

દિવસો જતાં વાર લાગે છે ? આમ તો બેન કોદરી મારાથી નાની પણ એનું હાડ ભારે. અને આમેય કહેવાય છે કે છોકરા કરતાં છોકરી વહેલી મોટી થાય અને વહેલી સમજણી થાય. અને એક દિવસે છાલા ગામમાં થી જ બેન માટે વાત આવી.

“જીવરામ સાંભળો છો ? હાથમાંથી લાડવો પડી જાય એ પહેલાં મોંમાં પધરાવી દો ! ગામનોને ગામનો છોકરો છે. થોડી ઉંમર વધારે ખરી પણ આપણી કોદરી પણ ભારે હાડની જ છેને ! કાલે મોટી થઈ જશે. પછી દીવો લઈને ખોળશો તોયે આવું નહીં જડે. એટલે બહું લાંબુ વિચાર્યા વગર માગુ નાખી દો. એ વધાવી લેવા તૈયાર જ છે.”

“પણ મારા ડાયાનું યે અમારે નહીં વિચારવાનું ?”

“મને ખબર હતી જ કે ઉમિયા કાંક ફંદો નાખશે. પણ એ તો તાંબાનો લોટો છે. ગમે ત્યાં જઈને એના પીળા હાથ કરી દઈશું. પહેલા આ ગોર્યમાનું વિચારો. એક બે દા’ડા વિચારી જુવો. નહીંતર પછી મને કહેતાં નહીં કે હાથમાં આવેલું રતન જતું રહ્યું !”

“પણ મારા ડાયા માટે કોઈ છોડી એમનાં સગાંમાં હોય તો મારી બીજી ચિંતાય ટળે ને !”

“સારું પુછી જોઈશ.” કહીને એ ભાઈ તો રવાના થઈ ગયા.

પણ એ આખી રાત બા અને બાપુજી જાગતાં રહ્યાં. અલક-મલકની ચર્ચા કરતાં રહ્યાં. પણ કોઈ સ્પષ્ટ નિર્ણય ઉપર ના આવી શક્યાં.

વળી બીજા દિવસે એ ભાઈ ફરી અમારા ઘેર આવ્યા. "ડાયા માટે બનતું બધું એ કરી છૂટશે પણ હવે આ વાતમાં આગળ વધો."

"મારા ડાયાની જવાબદારી લેતાં હોય તો મારે પછી કોઈને કાંઈ પૂછવાનું નથી." એમ કહીને મારી બા એ છીંકણી બધી નાકનાં ફોયણામાં નાખી દઈ, આંગળીઓ સાડલાના છેડે લુછી નાખી ટટ્ટાર થઈને બાપા સામે જોઈને બોલ્યાં.

"ઉઠો ત્યારે હવે મોડું નથી કરવું. પણ ડાયાની વાત તો ઉઘાડજો જ, હોં !"

અને આમ મારી બેનની સગાઈ નક્કી થઈ ગઈ. લગન પણ જોવડાવ્યું અને બેન કોદરીને સાસરે વળાવી. આમ તો સાસરું ગામમાં ને ગામમાં જ હતું અને એ દરરોજ ઘેર આવવાની હતી. હું દરરોજ એના ઘર તરફ જવાનો હતો. રોજ મળવાનાં હતાં, છતાં હું એ દિવસે ખૂબ રડેલો. જાણે ઘરમાં હું સાવ એકલો પડી ગયો !

આમને આમ બીજાં બે ત્રણ વરસ નીકળી ગયાં. કોદરીબેનને ત્યાં પણ ભાણાભાઈનો જન્મ થયો. આ બાજુ ભાભી અને બા વચ્ચે દરરોજ ઘરકંકાસ શરૂ થયેલો. "નાનું છોકરું હોય એટલે ઘરનું કાંઈ કામ જ નહીં કરવાનું ?" બાની આ એક જ દલીલ સંભળાતી.

"લાંબાં પહોળાં તારાં સગલાં છે તે મારા ડાયા માટે કોક દા'ડો તો ભલામણ કર !" બાના ઝઘડામાં આ બીજો સુર સંભળાતો.

"છોકરું સાચવું કે કામ કરું ? રોતું છોકરું મેલીને તો કામ નહીં થાય." ભાભી પણ સામે જવાબ આપતાં. "તમારા દીકરાનાં લખ્ખણ આખી નાત જાણતી થઈ ગઈ છે. કોણ પોતાની છોડી હાથે કરીને કૂવામાં નાંખશે ?" ભાભીનો આ જવાબ મારી છાતીમાં શૂળ ઉભો કરતો. પણ હું ચૂપ રહેતો.

ત્યારે મને મારી બેન યાદ આવી જતી. મંદિર વાળી છોકરી યાદ આવી જતી. વડોદરા-પાદરામાં મળેલા રસોઈયા સંબંધીઓ યાદ આવી જતા. "નક્કી, એ બધાએ જ ભેગા થઈને મને ચારેબાજુ વગોવી નાખ્યો લાગે છે !" મારા મનમાં ગાંઠ વળતી ગઈ.

પછી તો ભાભી અને બા વચ્ચે રોજનો કંકાસ થતો. બાપા બધું સાંભળતા પણ કાંઈ બોલતા નહીં. એવામાં પામોલથી બે-ત્રણ સંબંધીઓ-મહેમાન આવેલા. ચા-પાણી કરી બાપા એમને લઈને ખેતર બાજુ ફરવા નીકળ્યા. એમની વચ્ચે શું વાતો થઈ તે વિશે ઘરમાં મને, બા ને કે મોટાભાઈને કાંઈ ખબર ના પડી. પણ ત્રણ ચાર કલાકે પાછા ઘરમાં આવ્યા ત્યારે કોઈ કોઈની સાથે વાતચીત કરતું નહોતું. સૌએ મુંગે મોંએ રોટલા-કઢીનું જમણ ખાધું. જમવાનું પતાવીને બાપા જાણે હુકમ કરતા હોય એમ ભાભી સામે જોઈને બોલ્યા,

"બેટા, તૈયાર થઈ જાઓ. સોમા, તું પણ તૈયાર થા. તમે બંને આ વડીલો સાથે જ પામોલ રહેવા જતાં રહો. આ નાના પુંખડાને સાચવજો." એટલું બોલતાં બોલતાં બાપા રડી પડેલા. બાનું મોં ચઢી ગયેલું પણ રોજના કંકાસથી કંટાળેલી એટલે એણે પણ વિરોધ નહીં કરેલો અને ભાઈ-ભાભી અને ભત્રીજો પામોલ જવા વિદાય થયા.

ભાઈ નીકળતાં મારી પાસે આવ્યા, "ડાયા, બા-બાપુજીને સાચવજે. એમને દુઃખ થાય એવું કાંઈ કરતો નહીં" અને એમનો અવાજ પણ ભારે થઈ ગયેલો. પછી એમણે પુંઠ વાળીને પાછું જોયું નહીં.

ત્યારે મને મનમાં પ્રશ્ન થયેલો કે આ માળો શું મારા લીધે તો નથી પીંખાઈ ગયો ને ?

ત્યાર પછી મારા માટે વિચારનાર હવે તો મારી બેન અને એનાં સાસરીયાં જ માત્ર છે એવો વિચાર બાના મનમાં ઘર કરી ગયો. અને હું પણ એમજ માનતો થયો. તેથી હું અને મારી બા, મારીબેન અને એનાં સાસરીયાંનો પડતો બોલ ઉપાડતાં. તેમની સેવા કરવામાં, એમની મદદમાં ઉભા રહેવામાં અમે સ્હેજ પણ પાછી પાની ના રાખતાં. "દીકરી છે, એને તો આપીએ એટલું ઓછું." એમ કહેતી જાય અને બા કાંઈક ને કાંઈક બેન-ભાણિયો-જમાઈ-વેવાઈ-વેવાણ ના ઘરે મોકલતાં રહેતાં. હું પણ વડોદરાથી આવું ત્યારે બેન-ભાણેજ માટે જે ગમે તે બધું લેતો આવતો. બેનના હાથમાં રોકડ, દાગીનો મુકીને જાણે કૃતકૃત્ય થતો.

આમ બીજાં બે-ત્રણ વરસ વીતી ગયાં. પણ ના તો બેન-જમાઈ કાંઈ સારા સમાચાર લાવતાં કે ના તો એનાં સાસરિયાં મારા માટે ક્યાંય મથતાં હોય

એવું સંભળાતું. આને લઈને બા પણ અકળાતી તો હતી જ. એવામાં કોદરી બેનનાં સાસુ અમારા ઘેર બેસવા આવેલાં. ચા પાણી કર્યાં, એકબીજાના ખબર-અંતર પૂછ્યાં, બીજી આડી અવળી વાતો થઈ. પછી હળવેકથી બાએ વાત ઉપાડી,

"મારી કોદરીનું માગું તમારા ઘેર નાંખવાની વાત લઈને ફલાણાભાઈ આવેલા તેમને મેં તો મોંઢામોઢ કહેલું કે મારા ડાયાની જવાબદારી લે તેને ત્યાં જ મારે તો છોડી આપવાની છે અને એમાં તમે હાજીયો ભણ્યો એટલે વાત આગળ વધારેલી. મોટી વહું તો એના જબરા કાકાઓ વચ્ચે મોટી થયેલી એટલે એને તો અહીંયે ના ગાંઠ્યું. અમારી પણ એને ક્યાં પડી હતી ? પછી એ વળી મારા ડાયાની બાલાશ રાખે અને કોઈને કાંઈ કહે એ વાત જ ખોટી ! પણ તમારું ઘર મારી છોડીએ ઉઘાડું રાખ્યું, ઉજળો વસ્તાર પણ થયો તો હવે આગળ નક્કી થયાં મુજબ મારા ડાયાનું કાંઈક વિચારો."

વેવાણ થોડીવાર નીચું મોં રાખીને ચૂપ રહ્યાં. પણ પછી ઉંચું જોઈને બોલ્યાં,

"મોટી વહુનું ખોદશો નહીં. એના સગાં જબરાં છે પણ છે ખાનદાન ! વાત રહી તમારા ઘર સાથે સંબંધ થયો ત્યારની કબુલાતોની. તો સાંભળો વેવાણ, તમારા રૂપિયામાં જ ખોટ છે. મા તરીકે તમારું વહાલ વચ્ચે નડતું હોય કે ગમે તેમ કાંતો તમે તમારા ડાયાનાં અપલક્ષણ પુરેપુરાં જાણતાં જ નહીં હોવ ! બાકી આ ભવે તો ઠીક આવતા ભવે પણ તમારા નાનાને છોડી વરાવવા આપણી નાતમાં તો કોઈ તૈયાર નહીં થાય. રૂપિયાના ઢગલા કરશો તોયે નહીં અને સાટાં-પેટાંનું ગોઠવશો તોયે બધેથી ધસીને ના જ આવશે. આ તો તમે વાત ઉઘાડી એટલે તમને કેમ અંધારામાં રાખવાં, એ ગણતરીએ તમને પેટછૂટી વાત કરી દઉં છું. મારા દીકરાનો સગો સાળો છે એટલે ઘરમાં તો આવવા દેવો પડે બાકી એના લીધે ગામમાં અને નાતમાં અમારી પણ બેઆની ઓછી થાય છે. એટલામાં, વેવાણ, તમે બધું સમજી જાઓ અને હવે ફરીથી આ વાત મારી આગળ ના ઉઘાડતાં. આપણે વડીલો જીવીએ ત્યાં સુધી એકબીજાનાં હેત-પ્રીત જાળવી રાખીએ એટલે ઘણું થયું."

વેવાણ એકી અવાજે આટલું બધું બોલી ગયાં. પછી અટક્યાં. ''લ્યો, ત્યારે બેસો. હું હવે જાઉં.'' એટલું બોલીને લટ લઈને ઉભાં થઈને પાછળ પણ જોયા વગર એમના ઘર તરફ ચાલતાં થયાં.

એ બધી વાતો જ્યારે મેં જાણી ત્યારે બાના ખોળામાં માથું મુકીને હું અને બા બંને ખૂબ રડેલાં.

''બેટા, આપણા બે જણ સાથે દગો થઈ ગયો.'' બા રડતાં રડતાં બબડતી હતી.

જો કે બીજા દિવસે બેન આવેલી તો મારી સાથે એટલા જ ઉમળકાથી વાતો કરવા મંડી પડેલી. એવી જ હસતી, રમતી, મારી નાની બેન !

• • •

# 17. હું એકલો થઈ ગયો

નાની બેન કોદરીનાં સાસરીયાંની વાત સાંભળીને હું અને બા ખૂબ નિરાશ થઈ ગયેલાં. અમારા એટલે કે મા-દીકરા વચ્ચે આ અંગે ચર્ચા પણ થયેલી.

"બેટા, હવે તો કોઈના હૈયે રામ વસી જાય અને તને છોકરી વરાવે તો જ, બાકી કોઈ આરો-ઓવારો દેખાતો નથી."

"બા, પૈસા ફેંકીએ તો ?"

"એવો ગરજાઉ હોય, લાલચું હોય, આપણા નાતીલાઓની ચઢામણીમાં ના આવી જાય એવો બાહોશ હોય તો જ મેળ પડે."

"નાતમાં ગરીબ-ગરજાઉ ઘર નથી ?"

"પણ નાતમાં તો તારા નામના ડંકા વગાડી દીધા છે ને !"

"છતાં પૂછાવામાં શું જાય છે ?"

અને બા એની આંગળી ના વેઢે નાતમાં એવાં ગરીબ ગરજાઉ ઘર ગણવા માંડી. એનાં સગાં-ઓળખીતાંને એવા ઘરેથી છોડીનું માંગુ નાખવા સમજાવવા મોકલવા માંડી. પણ બધેથી 'નન્નો' જ આવતો.

"બા, નાત બહારથી રૂપિયા ખર્ચી મેળ ના પડે ?"

"તો તો ગામવાળા અને નાતવાળા આપણને છોડે ? નાતબહાર મૂકી દે. ગામબહાર મુકી દે, સમજ્યો ?મારે મારાં સગલાંએ છોડવાં પડે. એટલે એ વાત તો ભૂલથીયે વિચારતો નહીં" અને આમ મારી છેલ્લી આશા ઉપર બા એ ટાઢું પાણી રેડ્યું.

પણ મને મનમાં ગાંઠ વળી ગઈ કે ભાઈ-ભાભી એ કોઈ રસ લીધો નહીં,

બેનનાં સાસરીયાં બોલી ને ફરી ગયાં, બાપા ખૂબ ઢીલા પડ્યા અને હાથમાં ફદીયાં હતાં નહીં એટલે મારા લગનનો મેળ પડ્યો નહીં. મૂળવાતની એક જ વાત ! પૈસા કમાવવા અને પછી ગમે ત્યાંથી મેળ પાડવો.

આમ પૈસા કમાવવાની ધૂન લાગી. વડોદરા-પાદરા મોટાભાઈ સાથે રસોઈના ધંધામાં જતો હતો પણ હવે કમાવાનું ઝનૂન ચડ્યું. વડીલો શોષણ કરતા હતા તેનો ખ્યાલ આવ્યો. વિરોધ કર્યો. મોટાભાઈ સાથે મળીને અલગ ધંધો કરવાનો દાવ ફેંક્યો પણ તેમના સ્વભાવને લઈને મેળના પડ્યો. તો બીજા સંબંધીઓ, મિત્રોનો સાથ લઈને અલગ ધંધો શરૂ કર્યો. કમાયો પણ ખરો, ભોગવ્યું, માણ્યું પણ બચ્યું કાંઈ નહીં. ઉપરથી બદનામીનાં ચાર છોગાં વધારે ઉમેરાયાં. કમાવાની લ્હાયમાં અને આગવા ધંધાને લીધે મોટાભાઈ બીમાર હતા તોયે સેવા-ચાકરી ના કરી શક્યો. તેમને દવાખાના સુધી પણ ના લઈ જઈ શક્યો. તેમને ઘેર-પામોલ જવું હતું, બીમાર હતા તોયે સાથે નહોતો જઈ શક્યો. અને મોટાભાઈ મને અહીં એકલો દુઃખી મુકીને પરધામવાસી થઈ ગયા અને લોકો મારી સામે એવું વર્તન કરવા લાગ્યા કે જાણે મેં જ ભાઈને મારી નાખ્યા છે !

ભાઈ તો ગયા. બાને એ વાતનું ઘણું દુઃખ થયું. હું તો કમાવામાં પડી ગયો. બેન એના સંસારમાં ગળાડૂબ થઈ ગઈ. બાપા કાંતો ભક્તિ કરતા, ભજનમાં જતા કે પછી મહાદેવમાં જઈને બેસી રહેતા. ખેતર બાજુ રોજ આંટો મારી આવતા. પણ ઘરમાં બા એકલી જ રહેતી. મારા લગનની આશા એણે સાવ છોડી દીધી હોય એવું લાગતું હતું. કોઈ જોશી આવતો તો હાથ દેખાડતી, કોઈ ભૂવો મલી જાય તો દાણા જોવડાવતી, કોઈ દેરી કે મંદિરે જતી તો બાધા-આખડીઓ રાખતી. રોજ ભગવાનને કરગરતી, "મારા ડાયાનું ક્યાંક ગોઠવી આપો, તો તારા માથે સોનાનું છત્તર ચડાવીશ." પણ બાનો એક પણ દાવ સફળ ના થયો. બાને એનાં સગાં ઉપર પણ ચીઢ ચડતી ત્યારે એકલી એકલી મનોમન એનાં બધાં પિયરિયાંને બાઝતી. પછી ધરાઈને રડતી. મોટાભાઈ-ભાભી ઉપરથી તો એનું મન ક્યારનુંય ઉઠી ગયેલું. બેનનાં સાસરીયાં તરફ પણ હવે એના મનમાં પહેલા જેવો ભાવ કે ઉમળકો નહોતો.

"એ તો છોડી આલી છે તે લોકલાજે બધું કરવું પડે. કોઈ છોડીને ના કહી જાય એટલે હસતું મોંઢું રાખીએ. બાકી બધાંને ઓળખી લીધાં." આમ બા એકલી એકલી બબડતી.

અને છેલ્લે જાણે બધો વાંક બાપાનોજ હોય તેમ બાપા સામે લાંબા હાથ કરી કરીને જોરજોરથી તાડુકતી.

"આ મારો ધણી જ સાવ નમાલો પાક્યો પછી બીજાને શું કહેવા જવાનું ? ખેતર, મહાદેવ અને ઘર ! ત્રીજે ક્યાંય જાય તો કોઈની જોડે વાત થાય, ચીત થાય, કાંઈ નવા-જુની જાણવા મલે. કોઈને કાંઈ કહેવું નહીં, પૂછવું નહીં. બસ ઘરકુકડીની માફક ફળીયામાં ખાટલો નાખીને પડી રહેવાનું ! ઘરના રોટલા તોડવાના ! સાવ મુંજી મારે માથે ભટકાયો. બાપની જવાબદારી નથી કે પોતાનો વસ્તાર ડાળે વળગાડીએ ? જોઈ આવો, મારા ભાઈ ને ઘેર. બધા છોકરા ને છોડીઓ ડાળે વળગી ગયાં અને તમે જુઓ !"

પણ બાપા જવાબમાં ના કદી ગુસ્સે થતા કે ના એક પણ શબ્દ સામો વાળતા. બા નો કકળાટ ખૂબ વધી જાય તો એક જ વાત કહેતા,

"આપણો રૂપિયો જ બાર આની છે પછી માથાં પછાડે ક્યાં મેળ પડે ?"

"હાસ્તો, બધાંને મારો ડાયો જ દાઢમાં આવી ગયો છે. તે બધાં ભેગાં થઈને એને છુંદી નાખો, એટલે પત્યું." એમ બબડતી બબડતી બા રોવા માંડતી.

અને એક બાજું મોટાભાઈના મૃત્યુનો આઘાત, મારા લગ્નનું ગોઠવવામાં મળતી સરેઆમ નિષ્ફળતા, બેનના સાસરિયાંનો મનમાં માની લીધેલો દગો, બાપાના અવળા જવાબો-આ અને આવું ઘણુંબધું બાના મનમાં ઘર કરતું ગયું અને તબિયત નરમ પડતી ગઈ. મનમાં વધેલ નિરાશાથી ક્રોધ વધતો ગયો. ઝઘડા કરતી થઈ ગઈ. બેફામ વાણી વિલાસ વધતો ચાલ્યો.

અને એક દિવસ બા પણ મને છોડીને જતી રહી. મને પરણાવવાના ઓરતા તેની સળગતી ચેહમાં બળતા, ધુમાડો થઈ આકાશમાં ઉંચે ઉંચે ચઢી જતા હું ફાટેલી આંખે જોઈ રહ્યો.

અને મેં પણ લગનની આશા સાવ છોડી દીધી. બાપા થોડા દા"ડા ઘરમાં રહ્યા પછી ગામતરે નીકળી જતા પામોલ બાજુ પણ કોક કોક વાર આંટો મારી આવતા. ખેતર, મંદિર, ઘર એ એમનો ભ્રમણપથ રહ્યો. દીકરી-ભાણિયાં આવે તો જોડે બેસતા. પણ સામેથી એના ઘર જતા નહીં. જાતે રાંધતા, જમતા, સાફ-સફાઈ પણ જાતે જ કરતા. ઘણીવાર સંઘમાં જાત્રાએ જવા નીકળી પડતા.

“આયખું કાંઈ દોરડું તો નથી કે કાપી નંખાય ! ઉપરવાળો જીવાડે ત્યાં સુધી તો જીવવું જ પડશે ને ! મોટો આગળ થયો અને નાનો એની મસ્તીમાં ફરે છે. છોડી એના ઘેર રાજી છે. એની મા મોટા ગામતરે ઉપડી ગઈ. તો મારો રામ મને જેમ રાખે એમ રહીશ અને જીવાડશે એટલું જીવીશ.” એમ બાપા કહેતા.

એક વખત એમણે ગામમાં, સગાં-સંબંધીઓના ઘેર જઈ જઈને ગોળ વહેંચેલો.

“મારા સોમાનો છોકરો મેટ્રીક પાસ થયો.”

અને બધાં હરખાતાં હરખાતાં મોં મીઠું કરતાં હતાં. તે જોઈને બાપાએ ખૂબ હરખાતા.

મારાં મોસાળિયાં એટલે કે બાપાનાં સાસરીયાં એમનું ખૂબ માન રાખતાં. એમની સૌ કાળજી લેતાં.

સાજા-માંદા વખતે હાજર થઈ જતાં અને સેવા-ચાકરી પણ કરતાં. સારા-ખોટામાં બાપાને અચુક બોલાવતાં અને તેમનો માન-મોભો જળવાય એમ વર્તતાં.

સમયને જતાં કાંઈ વાર લાગે છે ? અને કાળચક્રની ઘટમાળમાં એક દિવસ મારા બાપા જીવરામ માયારામ પંડ્યા, મૂળ વતની ગામ પામોલના, સાસરીમાં છાલા મુકામે, અક્ષર નિવાસી થયા. એ વખતે મારાં ભાભી અને ભત્રીજો અહીં આવેલાં અને કારજવિધી પતાવી ફરી પામોલ જતાં રહેલાં.

હે વાચક, હવે તો ખરેખર હું સાવ એકલો થઈ ગયો ! કોઈક દિવસ બેન-ભાણિયાં આવતાં એટલું માફ !

• • •

# 18. હર હર મહાદેવ

સ્હેજ સમજણમાં આવ્યો ત્યારથી એક લત લાગેલી જોકે કદીયે મારા બાપા મને કે મારા મોટાભાઈને તેડીને કે આંગળી પકડીને મહાદેવના મંદિર લઈ ગયા નથી. પણ તે પોતે દરરોજ, સ્નાનાદીથી પરવારી, અન્ય કામોમાં પરોવાતાં પહેલાં, મહાદેવના મંદિરે અચૂક જતા. એ જોઈને કે પછીની અંતઃસ્ફુરણાથી કે ગમે તે કારણસર મને પણ તૈયાર થઈને રખડવા જતાં પહેલાં મંદિરે જઈ શિવલિંગનાં દર્શન કરવાની ટેવ પડી ગયેલી.

અને એ છાલા ગામના કપિલેશ્વર નામધારી શિવાલયમાં મારા જેવડી એ બાલિકાનાં પણ મને દર્શન થતાં. જે દિવસે શિવલિંગના દર્શન થતાં પણ બાલિકા નજરે ના પડતી તે દિવસે, એ સમયે પણ, મારા કુમળા માનસમાં વિહ્વળતા પેદા થતી અને મારા પગ, મારી નજરો, મારું મન આડુ અવળું, અર્થહીન ભ્રમણ કરતાં અને નાના નાના પગ આખા મંદિરમાં, ચોકમાં, ઓરડી તરફ, પાછળ વાડામાં દોડાદોડી કરવા મંડી પડતા. જાણે એ બાલિકાના દષ્ટોદષ્ટ વગર શિવપૂજા-દર્શન અધુરાં લાગતાં ! મોટાભાગે તો આ વ્યર્થ શ્રમ ફળીભૂત થતો અને મન પ્રફુલ્લિત થઈ જતું. તો કોઈકવાર આ કુમળી આંખો ને ઠંડક ના મળતી. મંદિરમાં કેટલું રોકાવાય ? મંદિરમાં કેટલું આમતેમ ફરાય ? બીજાં બધાં પણ આવતાં-જતાં લોકો મારી આવી ચેષ્ટાઓને જોતાં અને હસતાં અને એ બધું ધ્યાનમાં આવતાં હું નિરાશ વદને, ભારે નિસાસો નાખી મંદિરમાંથી બહાર નીકળી જતો અને એ આખો દિવસ ના તો રમવાનાં ધ્યાન જતું, ના મિત્રો સાથે ગપાટા મારી શકતો કે ના તો તોફાન કરવાની ઇચ્છા થતી. હું આમ આખો દિવસ સુનમુન ફર્યા કરતો. બીજા દિવસે વળી મંદિર જતો, શિવલિંગના દર્શન

પહેલા કરતો અને વળી નજર એને શોધવાનું ચાલુ કરતી. એ દેખાતી એટલે ચહેરો હસું હસું થઈ ઉઠતો. હું એની નજીક જતો અને પૂછતોય ખરો.

"કાલે ક્યાં ગઈ હતી ? નજરે જ ના ચઢી ?"

"મારા દર્શન કરવા આવે છે કે ભગવાનનાં ?" એ પ્રશ્નના ઉત્તરમાં નખરાળું હસતી મારી સામે લટકો કરતી ફેરફુદડી ફરતી અને પછી ઠેંગો બતાવી જતી રહેતી અને હું, નિર્દોષ, ના-સમજ બાળક, એને કુદકા મારતી જતી જોઈ રહેતો.

આ બધું વર્ષો સુધી ચાલ્યું. હવે તો એ બાલિકા મટીને કિશોરી થઈ ગયેલી. હું પણ કિશોર બનતો જતો હતો. મારી ઉંચાઈ, શરીરનો બાંધો, ગળાનો અવાજ, મારી ચાલ, મારી સમજ બધું બદલાતું જતું હતું. એ પણ મને જોઈને શરમાતી, હું મંદિરમાં પ્રવેશું એટલે સંતાઈ જતી અને શિવ-દર્શન પતાવી હું એને શોધવા ફરતો તે બધું એ સંતાઈને જોઈ રહેતી. મારા ચહેરા ઉપર ઉમટી આવતા મનોભાવો, તડપ, ગુસ્સો, જોઈને મરક મરક હસી પડતી અને એ અવાજના સથવારે હું એને પકડી પાડતો. કાંતો તેના બરડામાં ગુબ્બો મારતો, કાંતો એનું બાવડું પકડીને બહાર ખેંચતો, કાંતો એની ચોટલી પકડીને ખેંચતો. અમે બંને જાણે એકબીજાને ધરાઈને જોઈ લેતાં. જાણે એ કિશોરી મારા ચહેરાને એના હૈયામાં ઉતારતી અને હું એના કૌમાર્યસભર નિર્દોષ પણ આકર્ષક લાવણ્યને મન ભરીને પી લેતો હોઉ એમ એના ચહેરાને એકીટશે જોઈ રહેતો. અમારી આ સમાધિગ્રસ્ત અવસ્થામાં એ પહેલી જાગી જતી. "ખસો આઘા, કોઈ જોઈ જશે તો ?" એમ કહી મને ધક્કો મારીને ગભરાયેલી હરણની માફક અને મદોન્મત નયન જોડ ને નચાવતી જતી રહેતી.

હવે તો શિવલિંગના દર્શન પહેલાં જ મનમાં એ બાલિકાનાં દર્શનની તડપ વધવા લાગેલી અને સામાપક્ષે મેં ઘણી વાર સંતાઈને જોયું કે મંદિર આવવાના મારા નિશ્ચિત સમય પહેલે થી જ એ કિશોરી પણ શિવાલયને ફરતે આંટા મારી જતી. અને અન્યોન્ય દર્શનાભિલાષી મળતાં, હસતાં, થોડીક મસ્તી કરતાં અને સંતુષ્ટ થતાં. વળી છૂટાં પડતાં અને એકબીજાને મળવા, વાતો કરવા, સ્પર્શ કરવા, દૃષ્ટોદૃષ્ટ થવા વિહ્વળ હૈયે દિવસ પસાર કરતાં અને બીજા દિવસના સવારની રાહ જોતાં.

હવે તો મને પણ મૂછનો દોરો ફૂટી ગયેલો. અવાજ પણ ઘોઘરો થઈ ગયેલો. ચાલમાં પૌરૂષત્વ ફૂટતું જતું હતું. કિશોરમાંથી હું કુમાર થતો જતો હતો. એ મારી હૃદયસંગિની, મારી પ્રેમિકા, મારી મનભાવિની નવયૌવના, સુકુમાર કન્યા પણ સૌંદર્યસભર, સુડોળ, કમનીય, લાવણ્યમયી, ઉભરીત ઉરોજો વાળી, મલકાતી, લચકાતી, કામણ કરતી કામિની શી લાગતી જતી હતી. હવે એ મારા તરફ ખેંચાતી જતી હોય એવું એના વર્તન, વલણ, મસ્તી, લટકાં, ચાલ, સંવાદો ઉપરથી સ્પષ્ટ થતું જતું હતું અને હું તો એનામાં ગળાડૂબ થઈ જ ગયેલો !

મોટાભાઈનાં લગ્ન થઈ ગયેલાં. બેન પણ એના સાસરે જતી રહેલી.

"હવે મારા ડાયાનો વારો." એમ બા વારંવાર બબડતી અને મારા લગ્ન માટે મથતી. એ પરિસ્થિતિમાં એક આંતરવિધ્ન અને એક બાહ્ય વિધ્ન, એમ બે વિધ્નોએ અમારી પ્રેમસરવાણીને લઈને વહેતી થયેલી નિર્દોષ સરિતા ના વહેણમાં અવરોધ ઉભા કર્યા.

"હવે મારાં લગ્ન થશે. મારી પત્ની આવશે. એને આ બધું નહીં ગમે. કોઈ જોઈ જાય, મારા વિશે ખરું ખોટું બોલવા માંડે અને મારા નામની છાપ બગડે તો બાના પ્રયત્નો અને આશાઓ ઉપર પાણી ફરી વળે. તેથી મારે હવે આ છોકરીથી દૂર રહેવું જોઈએ." આ મારું આંતરયુદ્ધ હતું. જે અમારા મિલનમાં અવરોધ, વિધ્નકર્તા બનતું. પણ એ મનો વ્યાપારો મંદિરમાં પ્રવેશ કરું, શિવ-દર્શન કરું ત્યાં સુધી પુરજોશમાં ચાલતા. પછી મનમાં વિહ્વળતા ઉઠતી, આંખો એના દર્શન માટે તડપતી, નજરો ફાંફે ચડતી અને જેવી એ દેખાતી એટલે એ મહાકાય શિલા સમાન આંતર વિધ્ન, હિમશીલાની જેમ ઝડપથી ઓગળી જતું અને હું એનામાં, ફક્ત એનામાં જ ઓતપ્રોત સમાધિસ્થ, ફક્ત એનામય બની જતો.

બીજું બાહ્ય વિધ્ન ઉભું થયેલું. મોટાભાઈ સાથે રસોઈના ધંધા માટે વડોદરા-પાદરા જવાનું થતું. ધન કમાવા પુરુષ પરદેશ જાય તે સ્વાભાવિક છે અને પુરુષનું એ જ સાર્થક્ય છે. પણ એને લઈને દિવસો સુધી, મહિનાઓ સુધી હું એનાથી દૂર જતો રહેતો. પણ જેવો ગામમાં આવું, બીજા દિવસે વહેલા તૈયાર થઈને મંદિર ઉપડી જાઉં. એને પકડી પાડી, ખેંચીને વાડામાં લઈ જાઉં. એને ધરાઈને આલિંગન આપું,ચુમી લઉં, ત્યારે એની આંખો બેબાકળી થઈ જતી. તે

પણ મને વળગી પડતી. જાણે વેલ વૃક્ષને વળગી ના પડી હોય ! હું છૂટો પડીને એના મુખચંદ્ર ને નિરખી રહેતો અને મારી સામે જોતાં જોતાં એની બંને આંખો રડી પડતી, અવિરત અશ્રુધારા વહેતી જતી. પછી હું એને માટે લાવેલ ભેટ-સોગાદો આપતો. એ બધું જોવામાં એનું મન પરોવાતું.

"આ બધું હું લાવ્યો એ તને ગમ્યું ?" હું હળવેકથી પૂછતો. જવાબમાં એ મીઠું હસી પડતી. પછી એક ચિંટીયો ભરીને હસતી હસતી બધું લઈને જતી રહેતી.

પછી તો દર વખતે વડોદરાથી આવું એટલે બીજા દિવસની સવારે એને મળવાનું બનતું અને પરત ધંધા ઉપરના જઉં ત્યાં સુધી દરરોજ અમે મળતાં. પણ હવે અમને મંદિરનો ચોક, પાછલો વાડો નાનાં પડવા માંડ્યાં. એટલે અમે તળાવના કિનારે મળવાનું ગોઠવતાં પણ ત્યાંયે લોકોની અવરજવર નડતી તેથી ખેતરોમાં દોડી જતાં, ઉંચા પાક વચ્ચે કલાકો સુધી બેસી રહેતાં. એના ખોળામાં માથું મુકી હું પડી રહેતો અને એ મારા ચહેરાને વાળ થકી તેમજ સાડલો, ચુંદડીથી ઢાંકી દેતી અને અમારા ઓષ્ઠ પરસ્પર રસપાન કરતા. હું એના મદમસ્ત પથો ધરોનું મર્દન કરવા પ્રેરાતો અને આવી મસ્તીમાં દિવસો ક્યાં પસાર થઈ જતા તેનું ભાન રહેતું નહીં અને ફરી ધંધાર્થે પરદેશ જવાનું થતું.

મોટાભાઈ-ભાભી પામોલ રહેવા જતાં રહેલાં. બેનનાં સાસરીયાં એ મારા લગ્ન અંગે ગોઠવવાની જવાબદારીમાંથી હાથ પાછો ખેંચી લીધેલો. બાના તમામ પ્રયત્નોનો અંત નિરાશાજનક સમાચારોથી આવતો હતો. હવે તો મેં પણ લગ્નની આશા મોટાભાગે છોડી દીધી જ હતી. કમાણી સારી હતી. પણ સાથીદારની ભૂખ વધતી જતી હતી. રૂપિયા ધરબીને પણ હથેવાળો ગોઠવાતો નહોતો ત્યારે મનોમન પ્રેમિકા જેવી આ કન્યાને જ સાથીદાર બનાવવા મેં મનોરથ ઘડી કાઢ્યો.

"આજે તો એની જોડે પેટ છૂટી વાત કરી જ દઉં." એમ નક્કી કરી મંદિરમાં ગયો. તો મંદિરમાં ઓરડી પાસે ખાટલો ઢાળીને બહારથી આવેલા ત્રણ ચાર મહેમાનો બેઠા હતા. મારી મનોરમાએ નવી સાડી પહેરેલી. એણે મારી તરફ એક તીરછી નજર પણ નાખેલી પણ તરત જ નજર પાછી ખેંચી લઈ નીચું જોઈ ઓરડીમાં જતી રહેલી.

પછી જાણ્યું કે ગંગાના વિવાહ થઈ ગયા. પછી તો એનાં લગ્ન થયાં અને એ સાસરે જતી રહી.

અને હું વડોદરા-પાદરા ધંધે ઉપડી ગયો. મનમાં ઉંડે એને ધરબી દીધી. મન મૂકીને, ગમે તે રસ્તે, કમાણી કરવી એ એક જ ઉદ્દેશ્ય રહ્યો. રાત્રે ઘણીવાર આંખ ઉઘડતી જાય ત્યારે ગંગા નજર સામે આવીને પલાંઠી વાળીને બેસી જતી અને પગના અંગુઠાથી ભોંય ખોતર્યા કરતી. ક્યાંક ક્યાંક નીચું જોતાં જોતાં જ મરક મરક હસ્યા કરતી તો કદીક હીબકે ચડતી અને રડી પડતી. ઘણીવાર ચહેરો ઉંચો કરી મારી સામે ખુન્નસ ભરી આંખે જોઈ રહેતી. મને લાગતું કે હમણાં મને આખોને આખો, કાચેકાચો ખાઈ જશે ! પછી પાછું ગરીબડું મોં કરીને મારી સામે જોઈ રહેતી. અને હું મારા બે હાથ લંબાવી એનો ગરીબડો ચહેરો પકડવા મથતો ત્યાં જ એનો દેહ હવામાં ઓગળી જતો. મારા લંબાયેલા બે હાથ ભોંઠા પડતા અને હું મનોમન રડી પડતો.

"મારી ગંગા ! તું મારા વગર રહી શકે છે ? મને હવે તારા વગર નથી ગાંઠતું." એમ હું સ્વગત બબડતો બબડતો ક્યારે નિદ્રાધીન થઈ જતો તેનું મને ભાન રહેતું નહીં.

અને આવું અનેક રાત્રીઓ દરમિયાન બનેલું. મને ઘેર-છાલા જવાની હવે ઇચ્છા જ થતી નહોતી. એવામાં મોટાભાઈ બીમાર પડ્યા. હું એમની સેવા ના કરી શક્યો. એમની શિખામણો તો મને પહેલેથી જ ગમતી નહોતી. પણ એમની આખરી ઇચ્છા, મારી સાથે પામોલ જવાની એમની લાગણીને પણ હું ના સંતોષી શક્યો.

અને એ અવસાન પામ્યા. ખરખરે જવા ખાતર જઈ આવ્યો. એટલું જ. પાછો ધંધો, કમાણી અને મનને ગમ્યું તે બધું ભોગવવાનું ! મનોપ્રદેશમાં બે વ્યક્તિઓ છવાયેલાં રહેતાં અને બે જણ તરફ લાગણીનો દોર હજું બંધાયેલો હતો. જેટલા દિવસ વડોદરામાં રહું તેટલા દિવસ એટલું જ વિચારતો,

"બેન કોદરીને શું લઈ જાઉં તે ગમશે ? ભાણિયાં માટે શું લઈ જઉં તો બેન ખુશ થાય ?"

"મારી ગંગા જો પિયરમાં આવી હોય તો તો મળી શકાય ? પણ હું

ગામમાં આવ્યો હોઉં ત્યારે તે સાસરે જઈને બેઠી હોય અને હું જેવો ધંધા માટે નીકળું એટલે એને પિયરમાં આવવાનું સુઝે ! આમને આમ મહીનાઓ સુધી એનું મોં જોવાયે મલતું નથી ! છતાં એને ગમતું બધું ખરીદી તો લઉં જ. મલશે ત્યારે ભેગું દઈ દેવાશે.''

''બાપડી બા હજુયે મારા લગનની આશા નથી છોડી શકતી. હજુયે જેનું મોં જોવાનુંયે મન ના થાય એવાંના ઘેર જઈને કલાકો સુધી બેસે છે, મારા લગન માટે ભલામણ કરવા એ બધાંને કરગરે છે અને પછી નન્નો આવે એટલે દરવખતે પોક મુકીને રડે છે.''

''બાપડી ભાભી છોકરાંને કેમ મોટાં કરશે ? મોટાભાઈ ગુજરી ગયા ત્યારે ભત્રીજો માંડ દસ વરસનો હતો અને બે દીકરીઓ તો સાવ નાની, ઘોડીયામાંસ્તો ! એ છોકરાં ઉપર ઘણોય જીવ બળે છે પણ કાંઈક વસ્તુ મોકલાવીએ તો બધાં અવળો અરથ કાઢે ! અને મદદ કરવા જઈએ તો વીંછીના આંકડા જેવો ભાભીનો સ્વભાવ અને એમના સંબંધીઓની તુમાખીને છંછેડવા જેવું થાય ! એટલે લાગણી તો ઉભરાય પણ મન પાછું પડે છે અને પગેય પાછા વળે છે !

એવામાં સમાચાર મલ્યા કે ગંગા રાંડી. બે નાનાં બાળકોને લઈને છાલા મંદિરમાં રહેવા આવી છે. દીકરીના વૈધવ્યનો આઘાત એનાં મા-બાપ સહન ન કરી શક્યાં અને મંદિરની ઓરડીમાં ગંગા એનાં બે નાનાં બાળકો સાથે રહેતી હતી. હું ઘેર જતો ત્યારે ગંગા માટે તથા તેનાં બાળકો માટે કાંઈકને કાંઈક, કપડાં-ખાવાનું લઈ જતો. નીકળતાં ગંગાને ઘર ચલાવવા રોકડ રકમ આપીને જ વડોદરા આવવા નીકળતો. ત્યારે ગંગા મારી સામે જોઈ રહેતી, સાવ ફીક્કુ હસતી અને પછી રડી પડતી. હું પણ ભીની આંખે મંદિરની બહાર નીકળી જતો.

પછી તો બા પણ હૈયે સો મણનો નિસાસો લઈને જતી રહી. બાપા એકલા રહ્યા. હું પણ સીઝન વગર વડોદરા, પાદરા જતો નહીં. અહીં જ આજુબાજુમાં રસોડાં કરવાનું કામ મળતું તો જતો. બાપુજી જોડે બેસું, એમના મનને ટાઢક થાય તેવી વાતો કરું, એમને ખુશ રાખું એવા ઓરતા મનમાં ઉઠતા. જ્યારે જ્યારે બાપાને ગુમસુમ એકલા બેસી રહેલા જોઉં ત્યારે એમની પાસે હું જતો. એમની બાજુમાં બેસતો. એમના ચહેરા સામે જોતો. એ પણ મોં ઉંચું કરી

થોડી વાર મારી સામે તાકી રહેતા. પણ પછી એકદમ મારી બાજુમાંથી ઉભા થઈ જતા અને પગમાં ખાસડાં ઘાલીને ઘરની બહાર નીકળી જતા. જાણે મારી સાથે વાત કરવાનું, મારી સાથે બેસવાનું એ ટાળતા હોય, મારાથી દૂર ભાગવાનું ગોઠવતા હોય એવો મને ભ્રમ થતો રહેતો. જેથી મેં પણ તેમની નજીક જવાના પ્રયત્નો બંધ કર્યા.

વડોદરાથી આવ્યો હોય તેવામાં બેનના ઘરબાજુ જતો. બેન, ભાણિયાં માટે લાવેલાં કપડાં-ખાવાનું આપતો. થોડીવાર બેસતો. હવે તો બેનનાં સાસુ-સસરા પણ નહોતાં રહ્યાં. છતાં બેન જાણે મારાથી અંતર રાખીને જીવવા મથતી હોય એવો મને ભાસ થવા લાગ્યો.

અને છેલ્લે એક જ આશરો રહ્યો. કપિલેશ્વર મહાદેવ અને રાંડેલી ગંગા, એના વસ્તાર સમેત !

વખત વીતતો ગયો. મોટાભાઈ ગયા, બા ગઈ, બાપા પણ એ રસ્તે સિધાવ્યા.

અને મે મારું ઘર ત્યજી દીધું. હું હવે મંદિરમાં, ઓરડીમાં, ગંગા અને એનાં બાળકો જોડે રહેવા લાગ્યો. સવાર-સાંજ મહાદેવની આરતી કરતો. હું વડોદરા ધંધે જાઉં ત્યારે ગંગા પોતે અથવા એનો છોકરો મહાદેવની આરતી કરતાં. ગામમાંથી દાન આવતું. રોજ, વાર-તહેવારે કોઈ પૈસો-બે પૈસા મંદિરમાં મુકતું, સીધાં આવતાં, દાણા આવતા અને હું તો જોડે હતો જ ! એટલે ગંગાને રંડાપો આકરો પડ્યો નહીં અને એનાં બાળકો પણ મોટાં થતાં ગયાં.

હું પણ હવે ઘરડો થતો ગયો. પચાસતો ક્યારનાંયે પુરાં થઈ ગયાં ! હું અને ગંગા એકલાં પડીએ ત્યારે વાત વળગતાં.

"ઘડપણમાં તારા માથે પડ્યો છું."

"આમ જોવા જઈએ તો મારે ને તમારે નહાવા નિચોવાનોય સંબંધ નહીં. છતાંય મારા માટે અને મારાં છોકરાં માટે તમે કાંઈ ઓછું કર્યું છે ?"

"હવે તો ગંગા ઘડપણમાં મારી ચાકરી તારા વગર કોઈ કરે તેમ નથી."

"તે મારુંયે હવે કોણ છે ? એક તમારો સહારો ગણો તો સહારો ને હુંફ ગણો તો હુંફ ! બાકી કોઈ અમારાં ત્રણ જણ સામે જુવે એવું કોઈ દેખાય છે ?"

"પણ લોક આપણા માટે કેવું કહે છે ? તેં તો સાંભળ્યું હશે !"

"એ કહેનારાઓમાંથી કોઈએ તમને છોડી દીધી ? અત્યારે સાઈઠ થવા આવ્યાં. કોઈ સામું જોવા આવે એવું પણ છે ? ગામમાં બુન ખરી, પણ બેન-દીકરી એ તો પારકા ઘરની વસ્તી ! એના ઉપર આપણું કેટલું ચાલે ? મારે માથેથી છત્તર જતું રહ્યું. છોકરાં ઉછેરવાનાં હતાં અને રંડાપો કાઢવો હતો. તમારે મનમેલીને વાત કરવા મનેખ જોઈતું હતું. બેનાય ગાડાં ગબડ્યાં ! લોકના કહેવા સામું જોઈ રહીએ તો થઈ રહ્યું, મારી બાઈ ! ના રહીએ ઘરનાં કે ના રહીએ ઘાટનાં !"

અને હું કશું બોલ્યા વગર ગંગા સામે જોઈ રહેતો. ત્યારે થોડીવારે કામમાંથી ઉંચું જોઈને ગંગા શરમાઈ જતી. પછી આંખનો ઉલાળો કરીને બોલતી.

"હજુંયે મને જોવામાંથી ધરાયા નથી ?"

"ના ગંગા. તારાં દરરોજ સ્ફુરિત થતાં નવાં નવાં રૂપ જોઉં છું."

"ગાંડાં કાઢશો નહીં. નાના હતા અને મંદિરમાં મને જોવા માટે જ "હર હર મહાદેવ" કહેતા કહેતા મંદિરમાં દાખલ થતા ત્યારે જેવી હતી આવી જ હજુ આજેય છું. હા, થોડી ઘરડી થઈ ગઈ છું." એમ કહી ને એ હસી પડતી.

"અને હું ?"

"તમે તો હજી એવાને એવા જ છો !" કહીને ખરેખર ગંગા શરમાઈ જતી અને સાડલાથી એનું મોં ઢાંકી દેતી.

એનાં છોકરાંય મોટાં થઈ ગયાં. મેં હવે વડોદરા જવાનું સંપૂર્ણ બંધ કર્યું. સીઝનમાં લોકલ રસોડાં રાખતો અને જુવાનિયા જોડે રાખી કામ પુરું પાડતો. આખા પંથકમાં મારી રસોઈ વખણાવા લાગી અને ઘરે બેઠાં, પહેલાં જેટલી નહીં પણ જરૂરિયાત જેટલી આવક તો મળી રહેતી અને આ આવક બેન-ભાણિયાંના વહેવાર સાચવવા અને ગંગા સાથેનું ઘર ચલાવવામાં વપરાઈ જતી.

સવાર-સાંજ મહાદેવની પૂજા-આરતી કરવાનાં, ગંગા રાંધે એ ખાઈ લેવાનું, રાત પડ્યે ઉંઘી જવાનું. મારી રસોઈ કરે, મારા કપડાં ધુએ, મારાં વાસણ ઘસે, આરતી પૂજામાં મદદ કરે, મારી સુખ-દુઃખની વાતો, મનના ઉભરા, મનના તરંગો સાંભળે, સાજે-માંદે માથુ દબાવી આપે, પગ દબાવી આપે, ચાલવામાં

એના ખભાનો ટેકો આપે, માલીશ કરી આપે, દવાખાને લઈ જાય, સમયસર દવા-ગોળી આપે. આટલું બધું મારું ધ્યાન રાખે એને - મારી ગંગાને - મેં બદનામી શિવાય બીજું શું આપ્યું ?

છતાં બાઈ ભારે ભારાડી હોં ! એમ કોઈને ગાંઠે નહીં ! કોઈ સામે મોંએ કહેવા આવે ત્યારે એ મોંઢામોંઢ કહી દેતી,

"એણે મારા રંડાપામાં મારાં અને મારાં છોકરાંનાં રખોપાં કર્યાં છે. આ ચામડીનાં જુતિયાં કરીને એને પહેરાવું તોયે ઓછાં છે ! એટલે એ જીવ હશે ત્યાં સુધી એની સેવા ચાકરી તો હું કરવાની, કરવાની ને કરવાની ! એ તો ભોળીયા શંકર જેવો જીવ છે. તમે કોઈએ હાથ ના ઝાલ્યો એટલે મારા સુધી આવ્યો ને ? એને ઠીક લાગ્યું એમ એ જીવ જીવ્યો, તમને કોઈને નડ્યો તો નથી ને ? મારે તો હવે જીવું ત્યાં સુધી બે જણ સાચવવાનાં, એક 'ડાયો પંડ્યો' અને બીજો આ મંદિરમાં બેઠો છે એ કપિલેશ્વર હર હર મહાદેવ."

અને ગંગાનો આવો તડ ને ફડ જવાબ સાંભળીને કહેનાર ત્યાંથી રસ્તો માપતું અને સાંભળનાર બીજું કોઈ પણ ફરી આવી વાત ઉઘાડવાની હિંમત કરતું નહીં.

• • •

# 19. મારો ભત્રીજો

મારા મોટાભાઈનાં લગ્ન થયાં. એમને ત્યાં એક દીકરો અવતરેલો. ત્યારે તો બધાં સાથે છાલામાં જ રહેતાં. તે વખતે ઘરમાં આનંદ છવાઈ ગયેલો. એ નાનકડા ફુલનું કુમળું હસતું મોં જોઈને હું પણ મલકાઈ જતો. પછી તો સમયનાં વહેણ વહેતાં ગયાં. ભાઈ-ભાભી-ભત્રીજો બધાં પામોલ રહેવા જતાં રહ્યાં અને ભત્રીજો મારાથી દૂર થઈ ગયો.

બીજાં પાંચ-સાત વર્ષ પછી, મોટાભાઈ ગુજરી ગયા ત્યારે હું પામોલ ગયેલો, ત્યારે દસેક વર્ષના ભત્રીજાને જોયેલો. એક ભત્રીજી પાંચેક વર્ષની અને બીજી ભત્રીજી તો સાવ નાની, માંડ બે વર્ષની હશે ! મોટાભાઈએ પામોલમાં નવું મકાન બનાવેલું તે પણ તે વખતે જ જોયેલું. સૌની માફક મેં પણ નાના ભત્રીજાના માથે હાથ ફેરવેલો. ત્યારે એ નિર્દોષ નાના બાળકે ઉંચું જોઈ મારા ચહેરા તરફ જોયેલું. મેં એ કુમળી દૃષ્ટિમાં પણ નફરતની આગ છુપાયેલી જોયેલી અને એ જોઈને મારા ભત્રીજા માટે મારા હૈયામાં સ્ફુરેલી લાગણીની સરવાણી અધવચ્ચે અદૃશ્ય થઈ જતી મેં મનોમન અનુભવી. પણ સમય, સંજોગ, સ્થિ અને સ્થળ, કાળ અનુસાર હું ચુપ રહ્યો, મૌન રહ્યો, હસતો રહ્યો અને મનમાં ને મનમાં વિચારતો રહ્યો.

"એ બચ્ચાએ પણ જે સાંભળ્યું હોય એવી ગ્રંથી લઈને ફરે ને ! એને જેવું ચિત્ર દોરીને બતાવ્યું હોય, જેવું કહ્યું હોય એ પ્રમાણે એનું માનસ બંધાયું હશે ! એ છોકરાનો શું વાંક ?"

પછી તો મારો ભત્રીજો એના મામા સાથે એકબે વાર વડોદરા-પાદરા, રસોઈના ધંધા ઉપર શોખ ખાતર, સમય પસાર કરવા કે કાંઈક શીખવાની

ઈચ્છાથી પણ હોય, આવેલો અને મારે એને મળવાનું થયેલું. પણ એ હંમેશાં મારાથી દૂર ભાગતો, મારી તરફ જાણે એના મનમાં કાકા માટે લાગણી જ નહોતી ! એનો એકવડીયો અને સુકલકડી દેહ, વારંવાર શરદી, ઝાડામાં સપડાઈ જતો મારો ભત્રીજો રસોઈના ધંધામાં તો ના જ ચાલે. એ મેં એને પહેલી નજરે જોયેલો ત્યારે જ મનમાં નક્કી કરી લીધેલું. પૂછપરછ કરતાં ખબર પડેલી કે એણે ફાઈનલ પાસ કરી દીધી હતી અને હાઈસ્કૂલમાં ભણતો હતો.

પછી તો ખબર-વાવડ આવ્યા કે ભત્રીજો મેટ્રીક પાસ થઈ ગયો છે અને વડોદરામાં નોકરી પણ વળગી ગયો છે. ''એના મામાને વડોદરા-પાદરામાં રસોઈનો ધંધો એટલે વડોદરામાં નોકરી રાખી હશે, બીજું શું ? હશે, એને સુખી જોઈને આપણે સુખી થવાનું.'' એમ હું વિચારતો રહ્યો.

વિધીની વિચિત્રતા તો જુઓ ! અમારા કુળમાં એક જ  વંશજ નો વેલો ચાલ્યો આવે છે. હું ડાહ્યાલાલ જીવરામ પંડ્યા અને મોટાભાઈ એમ બે ભાઈઓ ખરા, પણ વંશવેલો માત્ર સોમનાથ પંડ્યાનો જ આગળ વધ્યો. મારાં તો લગ્ન જ થયાં નહીં. એ પ્રમાણે જીવરામ મયારામ પંડ્યા અને રણછોડ મયારામ પંડ્યા એમ બે ભાઈ હતા. પરંતુ જીવરામ પંડ્યાના વસ્તારની વેલ જ આગળ ને આગળ પાંગરતી રહી. રણછોડ મયારામ પંડ્યાના એક દીકરા નરભેરામ પંડ્યા અને એમને એક દીકરો થયેલો પણ નાનપણમાં જ પાછો થયો અને ત્રણ દીકરીઓ જ જીવી. આગળ જોઈએ તો મયારામ હરીરામ પંડ્યા અને એમના પિતાશ્રી હરીરામ બહેચરદાસ પંડ્યાના વખતથી વંશવેલો એક જ દીકરાનો આગળ વધતો. જોકે દીકરીઓ, જમાઈ, ભાણિયાંનો વસ્તાર ખરો પણ એ બધી પારકા ઘરની વસ્તી જ ને ! આમ છેલ્લે મોટાભાઈ સોમનાથ પંડ્યા ને ત્યાં પણ એક જ દીકરો અને બે દીકરીઓ.

વિધીની બીજી વક્રતાનાં પણ મને દર્શન થયાં. અગાઉ મેં વાત કરેલી છે કે વડોદરામાં મોટાભાઈના સાસરી પક્ષના સંબંધીઓ રસોઈનો ધંધો કરવા આવતા. તે બધા જબરા, બાહોશ અને થોડાક ઝઘડાળુ પણ ખરા.

અમારા ભાભીના પિતાશ્રી છગનલાલ જોષી, રહેવાસી પામોલ અને એ બધા થઈને કુલ સાત ભાઈઓ. પણ લગ્ન માત્ર છગનલાલ જોષીનાં જ થયેલાં અને એમને પણ એક જ દીકરા મોહનલાલ જોષી અને બીજાં અમારાં ભાભીશ્રી.

જેમના જોર ઉપર, બળ ઉપર, હુંફ ઉપર અને કહોને કે એમના જ કહેવાથી મોટાભાઈ અને ભાભી, ભત્રીજાં સાથે છાલાથી પામોલ ગયેલાં, એમણે બેશક પોતાના તરફથી પુરેપુરી જવાબદારી નિભાવેલી. ભત્રીજીને ઘર કરી આપ્યું અને મોટાભાઈની ગેરહાજરીમાં ભાભી-ભત્રીજા સામે કોઈ જોવાની હિંમત ના કરી શકે. ભાણિયાંની કે ભત્રીજીની તકલીફ વખતે બધા ખડા પગે ઉભા રહી જતા.

પણ છેલ્લે બધા લડતા, ઝઘડતા, વાંઢા સ્વધામ પહોંચી ગયા. રહ્યા માત્ર બે જણ - એક મામો મોહનલાલ છગનલાલ જોષી અને બીજો ભાણો - એટલે કે મારો ભત્રીજો - છોટાલાલ સોમનાથ પંડિત / પંડ્યા. બંને ઢીલા, બંને સીધા, સરળ, પરગજુ, સુસંસ્કારી, શાંત સ્વભાવના ! મામા એ વડોદરાનો ધંધો ચાલુ રાખ્યો અને ભાણાએ એકલી બા અને નાની બે બેનોને સાચવવા વડોદરાની કારકુનની માસિક રૂપિયા ચાલીસની નોકરી છોડી દઈ, બાજુના ગામની હાઈસ્કૂલમાં મહીને વીસ રૂપિયાના પગારની માસ્તરની નોકરી અપનાવી.

ટૂંકમાં જે બળની હુંફે પામોલ ગયેલાં તે ચિત્ર સાવ બદલાઈ ગયેલું. ત્યાં પણ એક જ વંશજ !

અને જ્યાં પોચું દેખાય ત્યાં સૌ પાટું મારે. એ રીતે નાની બે ભત્રીજીઓના અને ભત્રીજાના વિવાહ પ્રસંગો વખતે ભાભીને કોઈની ઓથ નહોતી. ભાભીને કાકા ચુનીલાલ જોષીના બે દીકરા મંગળદાસ જોષી અને સોમેશ્વર જોષી અને ત્રીજા સગા ભાઈ મોહનલાલ જોષી, એમ ત્રણ જણને પૂછવા વારો ! જો કે બીજાં સંબંધીઓ, પાડોશી, એક કુટુંબનું ઘર - એમ બધાં હતાં અને ભાભીનો મળતાવડો સ્વભાવ એટલે સૌ સાથે સારાવટ પણ ખરી ! પણ આંગળીથી નખ વેગળા તે વેગળા જ, એ કહેવત ખોટી નથી. પારકાંને આશરે હોઈએ ત્યારે તે પહેલાં એનું હિત જુવે એ વાત નક્કી.

પહેલા ભત્રીજીનું લગ્ન થયેલું, પછી ભત્રીજાના વિવાહ વખતે નાની બેન કોદરીબેન અને બનેવી તરફથી, ભત્રીજાને તેમજ ભાભીને ખોટું લાગી જાય એવું વર્તન થયેલું, એમ મને પણ સાંભળવા મળેલું. પછી તો ભત્રીજો પણ પરણ્યો. નાની ભત્રીજી પણ પરણાવી અને આમ મોટાભાઈનાં ત્રણે છોકરાં કલોલ શહેરની આજુબાજુનાં ગામડાંમાં પરણ્યાં મોટી દીકરી ઈસંડ ગામે, ભત્રીજો ડાંગરવામાં અને ભત્રીજી રાંધેજા પરણેલાં. આ બધું સાંભળીને મને ખૂબ આનંદ થતો. પણ

હું આ પ્રસંગોમાં સગા કાકા તરીકે કાંઈજ કરી શકેલો નહીં. અરે મને કોઈએ કશું પૂછેલું જ નહીં ને ! અને છેલ્લે છેલ્લે તો ભત્રીજાએ સગા કાકા અને ફોઈ સાથે પણ જાણે કે વહેવાર જ કાપી નાંખ્યો હોય એવું લાગતું હતું.

જોકે જ્યારે જ્યારે હું અને નાનીબેન કોદરી મલતાં ત્યારે ત્યારે હંમેશાં આ છોકરાંની વાત ઉઘડતી અને જીવ બાળતાં ! હવે એ છોકરાને કુટુંબ એટલે મામા અને એમનાં બીજાં સગાં એટલે એમના સાસરીયાં, એટલું જ રહ્યું હતું.

ભત્રીજાને ત્યાં પણ બે-દીકરા છે. એવું સાંભળ્યું છે. પણ કદી એ કે એનો વસ્તાર મને જોવા મળ્યાં નથી. મનમાં ઉમળકો થાય કે બધાંને મળું, નાનાં ફુલડાં ને રમાડું, મારા મોટાભાઈના વસ્તારને આંખ ભરીને નિરખું. પણ એ બધું શક્ય બનતું નહીં, શક્ય બને એવું લાગતું પણ નહોતું.

હવે તો મનેય સિત્તેરની આસપાસ થયાં. હું હવે મંદિરની બહાર પણ નીકળી શકતો નથી. ભોળો સદાશિવ જીવાડે ત્યાં સુધી જીવવું પડશે ને ! થોડું કાંઈ દાંતો તળે જીભ કચરીને જીવ કાઢી નંખાશે ? મનમાં આવા ઉભરા આવ્યા કરે, અભરખા ઉઠ્યા કરે, મન માંકડું આમતેમ ફર્યા કરે. લાગણીઓના જોરે ઘણીવાર ડુમો ભરાઈ જાય, છાતીની ધમણ ઉછળ-કુદ કર્યા ફરે, જીભ અને હોઠ હાલે પણ અવાજ ના કાઢી શકાય, જીવ બળે પણ આંખ ભીની ના કરી શકાય. ઘણુંયે ઇચ્છીએ પણ કશુંય મળવાનું નથી, ભલી આ ખાટલી, ભલો આ ભોળો શંકર અને ભલી આ ચાકરી કરતી બાઈ !

છતાંય, બધું જાણ્યા પછી પણ, મન એ માયા મેલતું નથી અને ભત્રીજા માટે જીવ ખેંચાયે જાય છે.

• • •

# 20. વૃદ્ધત્વની લાચારી

"બા આ ડોસલાને મંદિરમાં શું કામ પડી રહેવા દે છે ?"

ગંગા ના છોકરાને પણ હવે તો મૂછનો દોરો ફુટું ફુટું થતો હતો. તે મારી સામે જોતાં જોતાં એની માને પૂછતો હતો.

"એવું ના બોલ કાળજીભા ! એ સાંભળી જશે."

"સાંભળી જાય તો સાંભળી જાય ! એમાં એનાથી ડરવા જેવું શું છે ? મંદિરમાં આખો દિવસ પડી રહે છે અને ખાટલાનાં વાણ તોડે છે. તું રાંધે છે અને એ પડ્યો પડ્યો પેટ ભરે છે. પાછો તારી સામે જોઈને ઓર્ડર કેવા ફાડે છે ? જાણે તું એની નોકરાણી ના હોય ?

"બેટા, એની નોકરાણી નહીં, હું એની દાસી છું અને એ મારે મન ભગવાન સ્વરૂપે છે. એની ચાકરી કરવી એ મારી ફરજ છે, મારો ધર્મ છે."

"બા, તારી બધી વાતો કબુલ પણ તારી આ વાત મારે ગળે ઉતરી નથી અને મારું મન માનતું પણ નથી. બા, તને ખબર છે ? ગામમાં આ ડોસલા વિશે લોક કેવી વાતો કરે છે ?"

"બેટા, મને બધીય વાતની ખબર છે અને ભલે તને કહેતાં જીભ અચકાતી હોય પણ મને ખબર છે કે લોક એના નામ હારે મારું નામ દઈને મને પણ વગોવે છે. બોલ, વાત ખરીને !"

"હાસ્તો" એ લવરમુછાળો એકદમ જુસ્સાથી બોલી તો ગયો પણ પછી ખમચાયો, અચકાયો, છોભીલો પડી ગયો, નીચું જોઈ ગયો. એની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

"બા, એટલે તો તને હું ક્યારનોય કહું છું કે આ ડોસલાને જ મંદિરમાંથી દૂર કરો ને ! વાતનું મૂળ જ કાપી નાખીએ એટલે પત્યું ! પછી ના કોઈ વાતો કરે કે ના તારી પણ કાંઈ વગોવણી થાય."

"બેટા, એ જીવ નોંધારો છે. એનું આગળ-પાછળ કોઈ નથી. આમ જોઈએ તો આભલામાં તારલા છે એટલાં એનાં સગાંવહાલાં છે પણ એની બાલાશ રાખે, એને સાચવે એની ચાકરી કરે એવું કોઈ નથી. બેટા, એને મંદિરમાંથી જાકારો દઈશું તો એ દુઃખી એકલવાયો જીવ ક્યાં જશે ?"

"તે બા, તેં એ જીવનો ઠેકો લીધો છે ? આટલી વેઠ કરીને અને આટલી બદનામી ઓઢીને પણ હજીય આ ડોસલાને તારે મંદિરમાં રાખવો છે ? તું જોતી નથી કે એ ડોસો પણ તારા ઉપરતો ઠીક પણ અમે બે ભાઈ-બેન ઉપર પણ કેવો રોફ મારે છે ? પડ્યું પડ્યું હજીય સુધર્યું નથી. હજી તો એના મગજમાં બાર ગાલ્લાની રાઈ ભરાઈ હોય એમ બધાં ઉપર ચરબી કાઢે છે."

"બેટા મારી પાસે ચાકરી કરાવવાનો અને તમારા ઉપર ગુસ્સો કરવાનો એ જીવનો હક્ક છે."

"એ કઈ રીતે ?"

તારો બાપ દારૂના રવાડે ચઢી ગયેલો. આમેય પહેલેથી ઘર ઘાસેટીયું. તમે બે જણાં મારા પેટ અવતર્યાં. એ મુઓ ઢીંચીને ચકચુર થઈને રોજ રાત્રે તમને બે ફુલ જેવાં છોકરાંને પણ ઉંચાં કરી કરીને પછાડે. હું મા થઈને જોઈ થોડી રહું ? તમને બચાવવા વચ્ચે પડું એટલે જે હાથમાં આવે તે લઈને મનેય ઝુંડી નાખે. રોજ રાત પડ્યે આપણે ત્રણે જણાં માર ખાઈને અધમુઆં થઈને ભૂખ્યાં તરસ્યાં ઉંઘી જતાં. આવક દારૂમાં જતી. ના તો તમારાં ખોળીયે કે ના તો મારા ડીલે સારું કાપડું પણ ભાળ્યું નથી.

પછી તો તારો બાપ માંદો પડ્યો. દર-દાગીના કે બચતો અને ઘરવખરી બધું વેચાઈ ગયું. છતાં તારો બાપના બચ્યો. દારૂ મુકે તો દવા અસર કરે ને ! અને તારો બાપ ગયો ભાનું ભાત લઈને અધ્ધર !

"આ વહુ જ છપ્પરપગી ઘરમાં એવા શકન લઈને આવી કે ડાકણની માફક મારા છોકરાને પણ ભરખી ગઈ અને માલ-મિલકત બધી ફનાફાતિયા થઈ ગઈ, એ નફામાં." આમ કહેતાં કહેતાં તારી દાદી એ રોજ તાયફા ચાલુ કર્યા.

બેટા, તારી દાદી એ માંડ બાર-પંદર દા'ડા તારા બાપનો શોક રાખ્યો. પણ પછી તો મારા ઉપર અને તમે બે ભાઈ-બહેન ઉપર એ ડોશી જુલમ કરવા માંડી. બીજું બધું તો ઠીક આખા ઘરની વેઠ પણ કરીએ, ફાટેલાં લુગડેય ચલાવી લઈએ, આંગણામાંય પડ્યા રહીએ, એના કડવા ઝેર જેવા બોલ પણ બહેરા કાન કરી ને સાંભળીએ, પણ બેટા, બે ટંક પેટ તો ભાડું માંગે ને ! અને તમો મારાં બે ફુલડાંનેય કટકો રોટલો આપતાંયે એ ડોશલી ટોણા મારતી જાય અને તમને હડસેલાં મારતી જાય.

"તમારો બાપ કાંઈ કમાઈને ઢગલા કરીને નથી મુઓ તે ઘડીએ-પડીએ ભૂખ્યાં થઈ જાઓ એટલે તમારાં ડોઝાં ભરવા અમે રાંધ-રાંધ કરીએ."

અને એક દા'ડો તો ડોશીએ હદ કરી નાખી, "કોણ જાણે કોનાં પાપ પિયરમાં જઈને પેટે વેઢાર્યાં હશે તે આ બે નમૂના અમારા આગળ ધરી દીધા છે ?"

અને બેટા, એ દિવસે મને ખૂબ કાળ ચઢ્યો. તમને બેય જણને આંગળીએ વળગાડી, પહેરેલે કપડે મેં પિયરની વાટ પકડેલી. પિયરમાં પણ મા-બાપ હતાં અને એ પણ આ મંદિરની આ ઓરડીમાં જ રહેતાં.

મારી બધી વાતો સાંભળી. તારો બાપ તો હવે હતો નહીં અને મોટાં આવી અવળચંડાઈ ઉપર ઉતરેલાં. એટલે મને બા દાદાને ફરી સાસરે મોકલી નહીં. તમે બે જણ વસ્તારમાં હતાં એટલે બીજે ક્યાંય પણ મને વળાવાય એમ નહોતી.

મા-બાપ પાસે પણ ક્યાં કોઈ જાગીર-મિલ્કતો, આવક બચત હતી ? આ મંદિર, એની જે મલે તે આવક, એમાં પાંચ જણનું પુરું કરવાનું અને હૈયે લાળા તો ખરા જ ને !

ત્યારે બેટા, આ ડોસલો જુવાન હતો, સારું કમાતો હતો. અને એને મારી ઉપર પહેલેથી લાગણી પણ હતી. એના મનમાં રામ વસ્યા અને મારી સામે એણે જોયું. વરસો વીતતાં ગયાં. તમે પણ ઉછરીને મોટાં થતાં ગયાં. બા દાદાને પણ હાથની ભીડ વધારે નડતી નહીં. જેને જે કહેવું હોય એ કહે, એ જીવ ના લીધે મારાં મા-બાપને હુંફ રહેલી, મારો રંડાપો વીત્યો અને તમે બેય જણાં મોટાં થઈ ગયાં.

"બોલ બેટા, હવે એને હું કેમ કરીને મંદિરની બહાર કાઢી મેલું ? એની ચાકરી ના કરું તો ઉપરવાળાના ઘેર હું ગુનેગાર ના બનું ?"

એ પછી ભાઈ બેને કદી આ ડોસલા વિશે ફરીથી મા સામે વાત ઉઘાડી નથી તો એ પણ ખરું કે એ બે જણાં એ આ જીવના અસ્તિત્વને હૈયે કે મનમાં કદી ના ઉતાર્યું. એ ડોસલાની તમામ સેવા-ચાકરી, ટાંપાં-ટૈયાં, ફક્ત ડોશી જ કરતી. ઘણીવાર એ ડોસો છોકરાંને જોઈને બૂમ મારે તો પણ સાંભળ્યું ના હોય એમ જતાં રહેતાં. માએ બધું સમજાવ્યું તો પણ એ ભાઈ-બેનની આંખોમાં આ ડોસા માટે છૂપી નફરત ડોકાયેલી રહેતી.

અને હે વાચક ! આ બધું મારી વૃધ્ધ આંખોથી અજાણ્યું નહોતું. આંખે ઝાંખપ આવી ગયેલી પરંતુ આ છોકરાંના ચહેરા ઉપર વરતાતી નફરત, ગુસ્સો, અવગણના જોઈ ના શકું એટલો આંધળો પણ નહોતો થઈ ગયેલો. હા ! કાને પણ હવે ઓછું ંસંભળાય છે.

પણ એ ભાઈ-બેન અને એની મા વચ્ચે સતત થતી રહેતી ધુસ-પુસ, અવાજના આરોહ-અવરોહ, રોષ, ગુસ્સો, અકળામણ વગેરે સાંભળી ના શકું એટલો બધો તો બહેરો પણ નહોતો થઈ ગયેલો.

અને આ બધું જોઈને, સાંભળીને મન ભરાઈ આવતું. ખરેખર, એ વાત સાચી લાગતી કે આપણાં એ આપણાં અને પારકાં એ પારકાં ! આ છોકરાં સમેત ગંગાને સાચવવામાં મેં મારી અડધી જુવાની વેડફી મારી. મારી જિંદગીની અડધો અડધ કમાણી આ ત્રણ જીવ પાછળ ખર્ચાઈ છે. હું બેઠો હોઉં ત્યાં સુધી ગામમાં કે નાતમાં કોઈની હિંમત નહોતી ચાલતી કે આ ત્રણ જણ સામે કોઈ આંખ ઉંચી કરે ! પણ હવે નથી મારી આવક, નથી રહ્યો એવો વટ કે નથી હવે એ જુવાની ! ઘડપણ મને આંબી ગયું. હું કામધંધા વગરનો આવક વગરનો, વારંવાર બીમાર પડી જતો. અને મારો જીવડો નાનપણથી પહેરવા -ઓઢવામાં, ખાવા-પીવામાં, બોલવા-ચાલવામાં વરણાગી અને વટવાળો ! ભલે ખોળીયું ઘરડું થયું પણ જીવ તો હજુંય એવોને એવો જ ને ! એવા જ શોખ અને એવો જ વટ ! એમના મન હું પારકો છું પણ મેં તો એ ત્રણેય જણને પોતાના જેવાં જ ગણ્યાં છે ને ! એમના બધા શોખ પુરા કર્યા છે. એમણે માગ્યું તે એમની સામે ધર્યું છે. એમને સતત માનસિક, શારીરિક, આર્થિક, કૌટુંબિક હુંફ પુરી પાડી છે. છતાંય આ ઉંમરે આવું બધું જોવાનું અને આવું સાંભળવાનું ?

ત્યારે પેલું ભજન યાદ આવું જતું.

"કોઈ કોઈનું નથી રે, કોઈ કોઈનું નથી રે !

અને મંદિર તરફ નજર જતી. મનોમન શિવલિંગનાં દર્શન કરતાં કરતાં પાછું મન મર્કટ ઉછળ-કુદ કરવા મંડી પડતું.

"ભોળાનાથનો ભગત છે એટલે આવું બધું ઝેરતો પીવું જ પડે ને ! દેવ-દાનવ સમુદ્રમાં મંથન કરવા મંડ્યા. વાસુકી નાગને દોરડું બનાવ્યુ, કશ્યપ ઉપર પર્વત ગોઠવી, નામને રાશ બનાવી સમુદ્રમંથન શરૂ કરેલું. ત્યારે પહેલું શું નીકળ્યું ? ભયંકર ઝેર ! દેવો એ નાઠા અને દાનવો પણ ભાગ્યા. બ્રહ્મા પણ બી ગયા અને વિષ્ણુ પણ પાછા પડી ગયા. ત્યારે મારો ભોળિયો શંકર એ ઝેર ગટગટાવી ગયેલો. એનો હું ભગત. આ ત્રણેય જીવ ના મનને ટાઢક આપી. સાચવ્યાં, પાળ્યાં, પોષ્યાં. આ સમુદ્રમંથન પંદર-વીસ વર્ષ કર્યું અને પહેલું ઝેર નીકળ્યું. જુઓ આ દેખાય, આ સંભળાય ! એને પી જવા શિવાય મારી પાસે બીજો વિકલ્પ પણ શું છે ? નથી મંદિર છોડી શકવાનો કે નથી એ ત્રણ જીવોને ત્યજી શકવાનો ! આ કંઈ નીલકંઠે વહોરેલું ભવ્ય પરાક્રમ થોડું છે ? આમ ગણો તો એક રીતે જોઈએ, સમજીએ, તો આ બધી મારા વૃદ્ધત્વની લાચારી જ ગણાય ને !

બિચારી ગંગા આ છોકરાંને સમજાવવા ઘણો પ્રયત્ન કરે છે. પણ છોકરાં ના સમજે એમાં એ બિચારી પણ શું કરે ? એનેય આ છોકરાં મારી તરફ આવું વર્તન કરે છે એ ક્યાં ગમે છે ? પણ ઘણી વખત ગંગાયે હવે તો મને ક્યાં છણકા નથી કરતી ? તે દિવસે ગામમાંથી મુખી આવીને મારી પાસે બેઠેલા અને એને મેં ચા મુકવાનું કહેલું ત્યારે કેવું બોલેલી ? પણ એ બિચારી પણ શું કરે ? ખરેખર ઘરમાં ખાંડ-ચા, દૂધ નહીં હોય ! છોકરાં લાવ્યાં નહીં હોય, એ બહાર જઈ શકી નહીં હોય, કે પછી હાથમાં દોકડા પણ હોવા જોઈએને ? મંદિરની આવકમાં શો ભલીવાર છે ? મારી આવક તો બંધ જ થઈ ગઈ છે એમ ગણી લો ને ! છોકરા કે ગંગા ક્યાંક મજુરી ગયાં હોય ને બે પૈસા હાથવગા થયા હોય તો વાત જુદી ! અને છોકરાં કમાણી ઘરમાં આપે તો આપે, નહીંતર પોતાનાં લુગડાં લાવવામાં, મોજ-શોખમાં વાપરી પણ નાંખે ! આવી બધી અકળામણમાં એ બાપડી હોય અને હું વચ્ચે ચાનો હુકમ ચલાવું એટલે બિચારી અકળાઈ હશે અને કંઈક આડુ અવળું બોલાઈ પણ ગયું હોય ! એમાં પાછો બૈરાનો જીવ !"

"પણ, મુખીના દેખતાં એવું બોલવાની શું જરૂર હતી ? મને અંદર બોલાવીને કહ્યું હોત તો ?"

"હાસ્તો, એ તમને બુમ પાડી અંદર બોલાવે એટલે તમે મુખી સાથે ચાલતી વાતો પડતી મુકીને ફટ દઈને ઉભા થઈને ઓરડીમાં જાઓ, એની વાતો સાંભળો, સવાલ-જવાબ કરો અને પછી પાછા વળીને આવીને મુખી સામે મોઢું રાખીને ખાટલે બેસો એટલે એ ખંધો મુખીનો બચ્ચો, મૂછમાં ને મૂછમાં હસે પણ ખરો !

"સાલું, ગામ આખું વાતો કરે છે અને આખા પંથકમાં ચર્ચાતું સાંભળ્યું છે કે આ બામણ ડાયલો અને પેલી મંદિરના મહારાજની છોડી રાંડીને પાછી આવી છે તે ગંગાડી, બેય જણાં ધણી-ધણિયાણીની જેમજ ભેગાં રહે છે, તે એ વાત બહું ગળે ઉતરતી નહોતી, પણ આજે તો નજરોનજર ભાળ્યું હોં !"

"હા, અલ્યા એ વાત તો ખરી. ગંગામાં આવી બધી ઉંડી સમજણ તો મારા કરતાંય વધારે હોં !"

"આમ તો હું સમજણમાં આવ્યો અને મંદિર એકલો જતો થયો ત્યારથી એ મને ગમી ગયેલી એને જવાની ફુટી ત્યારે તો મને એને મળ્યા વગર, એને જોયા વગર, એની સાથે વાતો કર્યા વગર, એને અડપલાં કર્યા વગર ક્યાં ચાલતું હતું ? એ મને ગમી ગયેલી અને હું એને ગમી ગયેલો. આ તો નાત જુદી હતી નહીંતર હથેવાળોય કરી નાંખતી !" અને મારા મને લાખમણનો નિસાસો નાખ્યો.

"પાછું મોટાભાઈનાં લગન થયાં, બેન પરણાવી અને નાતમાં મારુય હવે ક્યાંક ગોઠવાઈ જશે એ અભરખામાં વચ્ચે જીવ વળેલો. પણ ઓરતા અધુરા રહ્યા અને એ ગાળામાં હું પણ વડોદરા-પાદરા ધંધા ઉપર જતો રહેતો અને એનાંય લગન થઈ ગયેલાં. તે સાસરે જતી રહેલી. પણ અમારા બેના દેહ જુદા હતા પણ હૈયાં તો એક જ હતાં ને ! એને હું નહોતો ભુલી શક્યો અને એ મને ક્યાં ભુલી શકેલી ?

અને વિધિની વક્રતા કહો કે લખેલા લેખ કહો, જે માનવું હોય એ માનો, પણ એ પણ સાસરેથી રાંડીને પાછી આવી અને હું અને મારાં બા ઘણું મથ્યાં પણ હું વરઘોડે ના ચઢી શક્યો અને પાછા જીવ ખેંચાયા, મળ્યા અને પ્રેમના તાંતણે બંધાંયા ! પણ આ વખતમાં ફરક હતો. એ રાંડેલી ખરી પણ એની નાતમાં તો બીજી વખત વળાવાય. પણ બે છોકરાં સમેત સ્વીકારવા કોઈ તૈયાર ના થયું. અને એ મંદિરમાં જ રહી. ભર જુવાનીમાં ગંગા ખરેખર રૂપ રૂપનો અંબાર હતી ! આજેય એનાં એ

રૂપ, યૌવન યાદ આવે છે ત્યારે મન હર્યું ભર્યું, લાલાયિત, તૃષ્ણાસભર, લોલુપ અને તડપતું થઈ જાય છે. પણ હવે તે દુઃખી, તરછોડાયેલી, રાંડેલી, બે છોકરાંની મા હતી. એને માણસની અને પૈસાની, ઓથની જરૂર હતી. તો હું પણ રખડેલ સાંઢની જેમ બધે ફરીને, ચરીને, થાકીને, ભૂખ્યો-તરસ્યો, તડપતો ફરી એ જ ખુંટ પાસે આવીને ઉભો રહેલો ને ! અને આમ બે પ્રેમી જીવ તો અમે હતાં પણ એમાં હવે સંજોગોએ પેદા કરેલી ગરજ, લાચારી, મજબુરી, બિન વૈકલ્પિક અવસ્થા ઉભી કરેલી. તેથી સ્તો એ વેલની જેમ મને ચોંટી પડી અને હું એનામય બનતો ગયો.

એનાં મા-બાપની હાજરીમાં જ આ બધું ગોઠવાઈ ગયેલું. એમને આ બધું ગમ્યું હશે કે કેમ તે વિશે મને ખબર નથી. પણ સોએ સો ટકા આ બધું એમના ગળે તો નહીં જ ઉતર્યું હોય ! પણ શું કરે, બીજું ? બીજો કોઈ વિકલ્પ ના તો ગંગા પાસે હતો કે ના તો એ વડીલો પાસે બચ્યો હતો ! એટલે લોકલાજ અને લોકનિંદાને કોરે મૂકીને, દીકરીનું હસતું મોં જોવા અને દીકરીનું હિત, એનાં ભાણિયાનું હિત વિચારીને, મુંગે મોઢે એમણે પણ આ પરિસ્થિતિ ચલાવી લીધી હશે, સ્વીકારી લીધી હશે અને એનો માનસિક આઘાત પણ એમના ટુંક સમયમાં જ થયેલા નિધન માટે કારણભૂત પણ હોઈ શકે !

મોટાભાઈના કુટુંબ સાથેનો નાતો તો ક્યારનો યે તૂટી ગયેલો. એટલે વૃદ્ધાવસ્થામાં એમની હુંફ મદદ મલે એવી ગાંડી આશા રાખું એટલો તો હું ના સમજ નથી જ ! બેન-ભાણીયાં ગામમાં જ છે. ઘણીવાર બેનને મળવા હું લાકડીના ટેકે ટેકે એના ઘર સુધી જાઉં પણ ખરો ! ભાણિયાં મને મળવા અહીં પણ આવતાં. પણ મનમાં એક ખટકો હજીયે રહી ગયેલો છે કે બેનનાં સાસરીયાં એ બાની સાથે નક્કી થયા મુજબ મારા લગ્ન માટે કાંઈ જ પ્રયત્ન ના કર્યો અને છેલ્લે તો સાવ હાથ ઉંચા કરી દીધા ! બેન એ પણ ક્યાં કશું કરી બતાવ્યું ? ઉપરથી મારા માટે બહાર ચાલતી બે આની ઉણપવાળી વાતો સાંભળીને, પોતે ના વગોવાય એટલે એનાં ભાણિયાંને પણ મંદિરથી અને મારાથી દૂર રાખતી હોય એવો મને ભાસ થતો !

આ સંજોગોમાં બોલતી બાઝતી, ચીડાતી, છણકા કરતી મારા હૈયામાં વસેલી એક વખતની મેના શું ખોટી ? એમ ગણીને આ ડોસલો આ મંદિરમાં શિવલિંગ સામેના ખુલ્લા ચોકમાં, પાછળની વંડી પડાળી બાજુના બારણા પાસે, ખાટલીમાં પડી રહ્યો છે. એ આખા દિવસમાં એકાદ વાર તો મારી પાસે આવીને બેસતી.

"જુઓ, થાય એટલી અને થાય છે એવી તમારી ચાકરી કરું છું. મારા ઉપર તમારું દેવું છે. એવું ગણીને આ ઉંમરે પણ ઢસરડા કર્યે જાઉં છું. છોકરાંના બોલ્યા સામું જોતા નહીં. કાંઈક કામમાં હોઉ તો વહેલી-મોડી આવું એટલું જ બાકી આવું તો ખરી જ ! સ્હેજેય મનમાં ઓછું ના લાવતા" આમ બોલતી જાય, ખાટલાની ગોદડી, ઓશીકુ, ચાદર, ધાબળો-બધું ખંખેરતી જાય, સરખું મુકતી જાય, કપડાં સરખાં કરતીં જાય. પછી ઘડીભર મારી સામે જોઈ રહેતી.

"ગંગા, ઘડપણમાં હું તારા માથે પડ્યો છું."

"તમારી જુવાનીમાં હાથપગ ચાલતા હતા ત્યારે હું અને મારાં છોકરાં તમારા ગોગળે નહોતાં ચોંટી પડ્યાં ? એ તો એક બીજાનું કરવું પડે. એમાં હું કાંઈ નવાઈ નથી કરતી."

"પણ લોક મારા ભેગું તને પણ વગોવે છે અને એ સાંભળીને તારા પેટનાં જણ્યાં પણ તારા માટે કેવું વિચારતાં હશે ?"

"હવે આવી બધી લવરી બંધ કરો. આવું બધું બોલવું તમને શોભતું નથી." કહીને ગંગા મને છણકો કરતી અને જતી રહેતી.

સવારે નાહી ધોઈને તૈયાર થાઉં એટલે મને ચા આપવા ગંગા અચુક આવી જતી. પછી વંડીમાંથી ફૂલ-બીલી લઈ આવતી. ત્યારબાદ હું પૂજા જાપમાંથી પરવારું. ગામમાંથી કોઈ આવ્યું હોય તો વાતે વળગું અને અગિયાર ના ટકોરા ભીંતે લગાવેલી લોલક ઘડીયાળમાં થાય એટલે થોડીવારમાં જ ગંગા થાળી પીરસીને લાવતી, તુલસીપત્ર મુકી મંદિરમાં થાળ ધરાવતી અને પછી એ થાળ જ જમવા માટે મારી પાસે મુકી જતી. બપોરે આરામ કરતો. સાંજે મંદિરમાં કોઈ આવ્યું હોય તો વાતો થતી, નહીંતર કોઈ ધાર્મિક પુસ્તક વાંચતો, કે પછી ગંગા નવરી હોય તો એની જોડે ગપાટે ચઢી જતો. વળી સાંજે ગંગા મને જમાડીને જ જમતી અને રાત્રે શિવજીનું નામ રટતાં રટતાં હું નિદ્રાધીન થઈ જતો.

ગંગા બધી વાતે મારી ખૂબ કાળજી રાખતી. છતાંય મને મનમાં એમ થયા કરતું કે હું મારું ઘડપણ-વૃદ્ધત્વ લાચારીમાં વીતાવી રહ્યો છું !

• • •

# 21. તિમિરની ગર્તા

અસત્યો માંહેથી પ્રભુ ! પરમ સત્યે તું લઈજા,
ઉંડા અંધારેથી, પ્રભુ ! પરમ તેજે તું લઈ જા;
મહામૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ ! લઈ જા,
તું હીણો હું છું તોયે તું જ દરશનનાં દાન દઈ જા.

હું ડાયો પંડ્યો, મારા રસોઈના ધંધામાં સર્વશ્રેષ્ઠ અને કાર્યકુશલ રસોઈયો ગણાયો છું. નાનપણથી જ મારો ચહેરો જોઈને, એમાં છુપાયેલી તેજસ્વીતા જોઈને સૌ કોઈ કહેતું કે છોકરો પાણીદાર છે. પુરાણો, ઉપનિષદો, કથાઓનું આવડ્યું એટલું, મલ્યું એટલું વાચનું કર્યું છે, તેનું મનન-ચિંતન પણ કર્યું છે, એ બધા જ્ઞાનની સાથે સાથે વહેવારિક જ્ઞાન પણ મળતું રહ્યું છે. પહેલી નજરે મને સાંભળનાર એટલું તો કબુલ કરી લેતો કે ના, ભાઈ, ના, ભાયડો છે જાણકાર ! સમજણમાં આવ્યો ત્યારથી તે છેક આજે નથી હાથ પગ કામ કરતા, નથી આંખો બરાબર ભાળતી, નથી કાન સાંભળતા, અશક્તિવાળી અવસ્થામાં ખાટલીમાં પડી રહ્યો છું, તે દિવસ સુધી મનમાં રટણ શિવજીનું જ ચાલતું રહે છે. ''ૐ નમઃશિવાય''ના જાપથી સવાર ઉગે છે અને સાંજ આથમે છે. ભરોસો મુકાય એવો એ એક જ ધણી હવે હાથ વગો બાકી રહ્યો છે. એનું એકમાત્ર શરણું છે મારા જીવનમાં જે કાંઈ બન્યું તે બધી લીલા ગણું છું. અરે, હું એક માત્ર શું કામ, આખાય સચરાચરના જીવ માત્રનું સંચાલન એ ભોળા શંભુની જ લીલા છે ને !

આ તો ઉંમર થઈ એટલે બાકી જુવાનીમાં બે-ચાર જણ સામે આવી ગયા હોય ત્યાં સુધી હું એકલો પુરતો ગણાતો. ગમે તેટલું ગરમ, મોટું દાળ-શાકનું તપેલું એકલા હાથે ચુલા ઉપરથી ઉતારી દેતો કે ચઢાવી દેતો. હા ! કોઈ વાર

માથું દુઃખે કે કોઈ વાર ઝાડા થઈ જાય, બાકી તાવ-તળીયો, ઉધરસ-શરદી કદી મને વળગ્યાં નથી. આટલી ઉંમરે કદી દવાખાનેથી ઈંજેક્શન લીધું નથી. બહું થઈ ગયું હોય તો એકાદ ટંક દવા-ગોળી લઈએ અને રોગ મટી જાય એટલે બધું નાખી દેવાનું ખાળમાં !

હું ડાયો પંડ્યો એક જમાનામાં વટનો કટકો ગણાતો. આપણે જે બોલ્યા એ બ્રહ્મવાક્ય ! આપણો બોલ ઉથાપે એ આપણી સાથે ના રહી શકે. આપણી વાતમાં હાજીયો પુરે અને જોડે બેસી મજા કરે. જો 'ના, જી' ભણે તો એને રસ્તો જ મપાવી દઉં. આપણને કોઈ એલફેલ બોલી જાય તો તેને બરાબર મેથીપાક આપવો જ પડે. આપણું બે આની ઓછું બબડે એને તો લબડતો જ મુકવો પડે. અને જ્યાં આપણું અપમાન થાય, જ્યાં આપણી કદર ના થાય, જ્યાં આપણું માન-સન્માન-મોભો ના જળવાય ત્યાં ઘડીભર પણ આપણે ઉભા રહેતા નથી.

જુઓ, ભાઈ, આ મનખો દેહ મળ્યો છે તે સાવ વેડફી નાખવાનો ? જીવનભર દિવેલીયું મોઢું રાખીને બધાં સામે ફર્યા કરવાનું ? ના, હોં ભાઈ, આપણને એ ના ફાવે. બે ઘડી હસો, સામાવાળાને હસાવો, કાંઈક મોજ-મસ્તીથી, હળવા ફુલ થઈને જીવોને ! શું કામ મનને રોકો છો ? શું કામ જીવને. આટા-પાટા જેવા નિયમો બનાવી, સાંભળી, લોકોથી ડરીને, બંધનમાં રાખો છો ? મારી જીંદગી છે, મને ગમે તેમ હું તો જીવ્યો છું. જે ઇચ્છયું તે ભોગવ્યું, જ્યાંથી મલ્યો તે ફુલમાંથી ભ્રમરની માફક રસ ચુસ્યો !

આ લાગણીનાં ધાડાંએ તો મને સાવ ગાંડો કરી મુક્યો છે. નાનપણમાં બેન ઉપર લાગણી ઉભરાઈ, સ્હેજ મોટો થયો એટલે આ ગંગા ગમી ગઈ, ધંધા ઉપર ગયો ત્યાં મોટાભાઈ ઉપર લાગણી રહેતી, પછી બા મારા માટે જીવ બાળતી એ જોઈને એના તરફ લાગણીના પુરમાં તણાઈ જતો, ભાણિયાં તરફ લાગણી વધતી ગઈ, પછી તો પાછી આવેલી ગંગા અને એનાં છોકરાં સાથે લાગણીના તાંતણે બંધાયો, ક્યાંક ક્યાંક ભત્રીજા તરફ લાગણી ઉભરાઈ આવતી. પણ બધે પત્થર ઉપર પાણી જેવું થતું. હું મારા હૈયાના ઉંડાણમાંથી લાગણીનો રસ જ્યાં ઢોળું તે સપાટી, એ જીવ, એ વ્યક્તિ જાણે એને સ્વીકારે જ નહીં. આવકારે જ નહીં, અરે, ઘણી બધી જગ્યાએ તો એની નોંધ પણ ના લેવાય અને એ લાગણીનો રેલો એ પત્થર સમા પ્રદેશને સ્પર્શ્યા વગર નીચે ઢળી જતો. ઢોળાઈ જતો, હું ભગ્નહૃદયે એ જોઈ રહેતો અને દુખી થતો.

ડાયો પંડ્યો કદી હારીને બેસી ના જાય. એક વાર નક્કી કરે એટલે પત્યું. પાટું મારીને મારગ તો કરે. ટૂંટિયું વાળીને બેસી રહેવું આપણને ના ગમે. કોઈ બોલાવે એમ બોલવું અને કોઈ ચલાવે એટલું ચાલવું એ આપણાથી ના બને. માણસના મનમાં હોંશ, જુસ્સો આગળ વધવાની ખેવના તો હોવી જ જોઈએ ને ! આ શાસ્ત્રો, આ વડીલો, આ સમાજના બધા નિયમો પાળીએ તો તો આપણી હાલત પટ્ટો બાંધીને ફરતા પાળેલા કૂતરા જેવી થઈ જાય. આપણને એવી ગુલામી કદી માફક નથી આવી. બધા કરતા હોય એમ જીવ્યા જવું એ તો ઘેટાં જેવી અવસ્થા ના કહેવાય ? જીવનમાં કાંઈક ઉમંગ હોય, પોતાનું આગવું લક્ષ્ય હોય, બધાંનાથી જુદો મારગ ચાતરીને જાતે બનાવેલા રસ્તે ચાલવાની હોંશ તો હૈયે હોવી જ જોઈએ ને ! ભાઈ, એટલે તો બધા મને હોંશીલો કહેતા હતા ને !

ડાયા પંડ્યા એ નક્કી કર્યું કે ભાઈબંધો બનાવી ગામ આખામાં રખડવું તો એ નાનપણમાં કરી બતાવ્યું ને ! ધંધામાં અલગ ધંધો કરી વધારે કમાણી કરવી અને ખડુસોની ગુલામી નહીં કરવાનું નક્કી કર્યું પછી મને કોઈ રોકી શક્યું ? એય આગવો ધંધોય કર્યો ધરાઈને રોકડા-કલદાર પણ કમાયો અને પોતાની જાતના રાજા થઈને રહ્યો કે નહીં ? આ તો મોટાભાઈ એ સાથ ના આપ્યો, નહીંતર એમને પણ બે પાંદડે કરી દેત ! અને એમાંય પાછું નીચું મોં કરીને ક્યાંયથી પણ પાછા આવવું પડ્યું છે ? જુઓ. ભાઈ, આગળ વધવું હોય, આગવું કરવું હોય, જાતનું ધાર્યું કરવું હોય તો સાહસ તો ખેડવું જ, પડે ને ! મનમાં નક્કી કર્યું કે ગંગાડી અને એનો વસ્તાર સાચવવાં, પછી લોકોએ ગમે એટલું ટેં-ટુ કર્યું પણ આપણે બોલેલું પાળી બતાવ્યું ને ! ખાલી એક પાસો સવળો ના પડ્યો, ભાયડા ના લગનનો ! નહીંતર કાંક જુદો જ વટ હોત !

ડાયા પંડ્યાની ધાક ભારે હતી. બોલેલું ગમે તેમ થાય પણ પાળે એવી શાખ હતી. તે જ રીતે સામે વાળો બોલીને ફરી જાય તો ભર્યા બજારમાં એની ફેંટ પકડી એને લાઈનમાં લાવવાની તાકાત પણ ખરી. પણ જીવ બહું ઢીલો. ધંધા ઉપર એવું જ થતું. કોઈ મજુરને આવવામાં વહેલું મોડું થાય, કામમાં ઢીલું પડે, કામ બગાડી બેસે ત્યારે પહેલા તો મારા મોંઢાની બે વાર સાંભળવી જ પડે. જો ગુસ્સો વધી ગયો તો ધોલ-ધપાટ પણ ખમવી પડે. પણ પછી એની આંખનાં આંસુડાં જોઈને જીવ ઢીલો પડી જાય. એની પાસે જઈ ખભે હાથ મુકીને એને

સાંભળું, એને હસાવું, એને ખવડાવું, બીડી વાળાને બીડી ને ગોળ વાળાને ગોળ ધરું - ઘરમાં પણ એવું જ થાય છે ને ! બા હોય, બાપા હોય, મોટાભાઈ હોય, બેન હોય કે આ ગંગાડી હોય, પિત્તો ગયો ત્યારે કોઈનાય નહીં પણ મન ટાઢું પડે એટલે જીવ બળે અને એ બધાં કેમ કરું તો રાજી રહે એમ મન વિચારે ચઢી જાય.

આપણને પેટમાં જુદું અને જીભ ઉપર જુદું એવું કદી ફાવ્યું નથી. વચમાં ગાળો રાખવો, પેટમાં કેટલુંય ઝેર ભર્યું હોય પણ મોઢું હસતું રાખવાનું અને જીભથી સાકર ખેરવવાની અને મીઠું મીઠું બોલતા જવાનું અને પાછળ પગ વાઢતા જવાનું અને આવી બધી રીત-રસમો આપણને કદી ગમી પણ નહીં અને કદી જીવનમાં આચરી પણ નથી. આંહી તો જે મનમાં વિચાર્યું, એ જ જીભથી બોલાય અને એની એ જ વાત મુજબ વર્તન કરવાનું ! સામે મોટો લાટ સાહેબ હોય તોયે એની શેહમાં સ્હેજેય નહી તણાવાનું ! જ્યારે મળે, જ્યાં મળે અને જે મળે તેને આપણે નક્કી કરેલું, વિચારેલું બેધડક કહી દેવાનું ! એટલે તો બધાં મને નાનપણથી જ બોલકો અને વાચાળ કહેતાં હતાં. પછી તો આખા બોલો ગણવા માંડ્યાં અને છેલ્લે તો "એને ક્યાં બોલવાનું ભાન જ છે ?" એમ પણ કહેવાવા મંડાયેલું. પણ તમે જ કહો, એમ બેવડાં ધોરણો સાથે જીવવું ખોટું ના ગણાય ? મારી દૃષ્ટિએ તો એ પ્રમાણે જીવવું એ મોટામાં મોટું પાપ ગણાય.

જે હોય તે છતાં આજેય આ જીવને બધાં તરફ માયા છે. સૌ યાદ આવે છે ત્યારે આ ધરડી આંખો આંસુથી ઉભરાઈ જાય છે. બાપડી બા, મૌનીબાબા જેવા બાપા, સ્થિતપ્રજ્ઞ જેવા મોટાભાઈ, લાડલી નાની બેન, મારા હૈયામાં ઉંડે સુધી ખુપી ગયેલી ગંગા, મારાં ભાણિયાં, મારો ભત્રીજો - બધાં મનમાંથી સ્હેજે વિસારે પડતાં નથી. રોજ બધાંને યાદ કરતાં કરતાં આંસુડાં પાડ્યે જાઉં છું. શું કરું ? મન માયાળું છે અને એ બધાં તરફની માયામાંથી મન મુક્ત થતું નથી.

આવો હું ડાયો પંડ્યો, કાર્યકુશળ, તેજસ્વી, જ્ઞાની, શિવભક્ત, તંદુરસ્ત, સ્વાભિમાની, રસિકજન, લાગણીશીલ, હોંશીલો, સાહસિક, ઋજુહૃદયી, બોલકો, માયાળુ હોવા છતાં સર્વતોભિમુખી વિનિપાત પામ્યો. વાસ્તવિકતા ના પ્રહારો ના ખમી શક્યો. મારા લગ્નનો મેળ ના પડ્યો તે ના જ પડ્યો. નાનપણથી જ સગાં-સંબંધીઓ, મિત્રો, નાતીલાં આડોશી-પાડોશી, ઘરનાં કે બહારનાં, બધાંયે

મને વગોવી નાખ્યો, બદનામ કરી દીધો, ક્યાંયનો યે ના છોડ્યો. અને આ બંને પ્રહારો ને લઈને હું પછડાયો. માનવસહજ પ્રેરણાઓ, લાગણીઓ મારામાં પણ ઉદ્ભવેલી. માનવીય મનોવ્યાપારોનો સહજ ઉદ્ભવ, ઉદય અને વિકાસ મારા મનમાં પણ થયેલો. જેનું કોઈ માર્ગદર્શક નિંદામણ ના કર્યું અને એ વકર્યાં, વિકસ્યાં, બેફામ, બેલગામ બની મહાકાય, વિરાટ સ્વરૂપે મારા જીવનમાં પ્રગટ્યાં અને જીવનપર્યંત સાદશ્ય રહ્યાં. મારા મનોભાવો મનોવિકારોમાં પરિણમ્યા. મારી ખાસિયતોની હવે દોષોમાં ગણના થવા માંડી. મનોભાવોનું આમ સ્ખલન થતું ગયું અને એમાં હું, મારો મનોપ્રદેશ, મારી યુવાની, મારું ચારિત્ર્ય, મારાં વર્તુળો, મારું સમગ્ર જીવન અટવાતાં ગયાં, ગુંચવાતાં ગયાં, ગુંથાતાં ગયાં, લપેટાતાં ગયાં. અને એનો અંત શું ? હું મહાવીર સમો ડાયો પંડ્યો, વૃદ્ધત્વના આરે પહોંચીને, નજર સામે ધુધવાતા તિમિરના મહાસાગરમાં વિલિન થવાની પ્રતીક્ષા કરી રહ્યો છું.

ગમે તેવા દુઃખો વચ્ચે પણ સત્ય નહીં છોડનાર સંયમી રાજા હરિશ્ચદ્રનું નાટક મેં જોયેલું ત્યારે મને રાજા હરિશ્ચન્દ્ર ઉપર ગુસ્સો આવેલો. આવી મૂર્ખતા કરાય ? પિતાના વચનને માથે ચઢાવી ચૌદવરસનો વનવાસ ભોગવવા તૈયાર થયેલા રામની રામાયણ વાંચતાં વાંચતાં મને રામની નાદાનિયત ઉપર હસવું આવતું. રામને મોટાભાઈ ગણીને નાના ભાઈ લક્ષ્મણે પણ રાજમહેલ, પત્નીનો ત્યાગ કર્યો અને ભાઈ-ભાભીની સેવા માટે સ્વેચ્છાએ વનવાસ સ્વીકાર્યો એ વાત વાંચીને તો આગમાં આકર્ષાઈ બળી મળતાં પતંગિયાં જેવું એનું જીવન મને લાગેલું. બહાદુર, બળિયો દુર્યોધન લોકપ્રિય નહોતો થઈ શક્યો અને લાગણીશીલ, ઉદાર, સંયમી યુધિષ્ઠિર યુવરાજપદ માટે યોગ્ય લેખાયો તે વાંચીને મન ખાટું થઈ જતું. કર્ણની શી ભૂલ ? પાંડવો એ સૂતપુત્ર કહીને ધુત્કાર્યો ત્યારે દુર્યોધને હાથ પકડ્યો, એને રાજા બનાવ્યો એટલે તેણે એને મિત્ર બનાવ્યો. દાનેશ્વરી, તેજસ્વી, સુર્યપુત્ર કુંતિપુત્ર કર્ણે દુર્યોધનની મિત્રતા નિભાવી એમાં શું ખોટું કર્યું ? છતાં એને અધર્મી ગણ્યો, અધર્મના પક્ષે ગણ્યો અને ભગવાન કહેવાતા શ્રીકૃષ્ણના સૂચનથી હણાયો, પછડાયો, મર્યો, રણમાં રોળાયો.

કર્ણ તિમિરમાં વિલન થયો, દુર્યોધન નામશેષ થયો જ્યારે રામ, યુધિષ્ઠિર અને રાજા હરિશ્ચન્દ્ર જેવા પ્રકાશમાન ઇતિહાસમાં જવલંત તારા બનીને સદાને

માટે ટમટમતા રહ્યા. એને ધ્રુવના તારાની જેમ અટલ રહ્યા.

મારી ભૂલ શી ? મિત્રો બનાવ્યા, નિર્દોષ બાળપણ ગુજાર્યું. નાનીબેન તરફ લાગણી રાખી, ગંગા મને ગમી અને મેં ગંગાને ગમાડી, ધંધામાં શોષણ કરતા વડીલોનો વિરોધ કર્યો, કમાવાના સમયે મોટાભાઈ સાથે ના રહ્યો, બાપાના મૌનથી અકળાયો, મોટાભાઈની આંધળી આજ્ઞાંકિતતા તરફ અમગમો બતાવ્યો, આશાવાદી, ભોળી બાના પક્ષે રહ્યો, પૈસા કમાવાની ધૂન લાગી, નિરાધાર ગંગા અને એના છોકરાંને શરણું આપ્યું, જાત માટે કમાયો અને જાત માટે ખર્ચતો રહ્યો, કોઈ કહે તેમ નહીં પણ મને ગમે તેમ જીવતો રહ્યો - આ બધી મારી ભૂલો હતી ?

હું કેમ અંધારી રાતના આભલાનો અવિરત ટમટમતો તારલો ના બની શક્યો ? ભાભીનાં પિયરિયાં, બેનનાં સાસરિયાં, નજીકનાં સંબંધીઓ અને નાતીલાંએ મારાં લગ્ન ગોઠવાય એમાં રસના લીધો એમાં મારો શો વાંક ? એમાં મારી કઈ ભૂલ ?

બસ, આ એક જ શૂળ હૈયામાં વેદના આપી રહ્યું છે

હે વાચક ! અને એ સિતારો એક દિવસ ખરી પડ્યો ! 'ડાયો પંડ્યો' તિમિરની ગર્તામાં સરી પડ્યા.

• • •